સર્વ પ્રશંસા હકીકી માલિકથી મખ્સુસ છે. અને સલવાત તેના નબી સ. ઉપર, ઇમામો અ. ઉપર અને ઉમ્મતના અવલીયાઓ ઉપર ''અમારૂં આ પુસ્તક તમારી સાથે સત્યની સાથે બોલે છે.'

ગદીરે ખુમ વિષે સૌથી મહત્વની વાત તે અલ્લાહના સંદેશાની વાત છે. અલ્લાહના મહાન વલીની વાત છે. દીનની પૂર્ણતા. નેઅતમની પૂર્ણતા અને પરવરદિગારની ખુશ્નુદીની વાત છે. આ આયત મુજબ જેની ઉપર કુરઆન ઉતર્યું, રસુલ સ.ની એક પછી એક હદીસોએ સ્પષ્ટતા કરી. તેના પ્રમાણભૂતતાને ક્રમબદ્ધ વર્તુળો, સાંકળની જેમ અસહાબો ને તાબેઇન (મુસલમાનોનો એ સમૂહ જેણે રસુલ સ.ના અસહાબોને જોયા હોય) ના સમયથી લઇને વર્તમાન સમય સુધી સતત રીતે સ્વિકારવામાં આવી છે.

આ પુસ્તકમાં ગદીરની હદીસના હેતુઓની આસપાસ સ્પષ્ટ, સત્યો ઉપર આધારિત, મજકુત હદીસો અને સંબંધિત સનદો-પ્રમાણોને સાંકળી લેવામાં આવ્યા છે.

આ લખાણોનો ક્રમ એ રીતે દર્શાવવામાં આવ્યો છે કે ગોળ ગોળ અર્થો અને મોં-માથા વગરની વાતોની કાપકૂપ કરીને વાંચકોની સામે સત્ય હકીકતોને ધરી દેવામાં આવી છે. તે પછી ગદીરની ઘટનાઓની નઝમ બનાવનાર કવિઓની સ્થિતિઓ, તેઓના કસીદાઓ અને શેરોના અર્થઘટનો વિગતવાર રજૂ કરવામાં આવે છે. પહેલી સદીથી વર્તમાન યુગ સુધીના ગદીર પરત્વેના સમગ્ર મંતવ્યોને આ પુસ્તકમાં સમાવી લેવામાં આવ્યા છે. આથી અમારો સૌથી મહત્વનો હેતુ એ છે કે આ વિષયને ક્રમાનુક્રમે મળેલી સિદ્ધીને સાબિત કરી શકાય કે ગદીરની ઘટના દરેક સદીમાં, દરેક કાળમાં સાહિત્યકારો, કવિઓ અને વિદ્વાનોના સ્વમુખે અસ્ખલિત રીતે વહેતી રહી અને ગદ્ય અને પદ્યમાં તેની વિશિષ્ટતાઓને રજૂ કરવામાં આવતી રહી.

આ પુસ્તકને વિશેષ સ્વરૂપે સંગઠિત રીતે સોળ ભાગમાં આવરી લેવામાં આવ્યું છે. આ બધું માત્ર દીનની ખીદમત, સત્ય વાતની ઉચ્ચતા, ઇસ્લામી સંગઠન, અલી આની શ્રેષ્ઠતા, ફુલંદ અવાજ અને અલ્લાહના મહાન વલીની મોહબ્બતના કારણે કરવામાં આવ્યું છે. આ હેતુની પરીપૂર્ણતા માટે ખુદાની મદદ માગું છું કે મને આ સૌથી પવિત્ર જવાબદારીની પરીપૂર્ણતા માટે પ્રેરણા અને મદદ કરે.

પ્રથમ અને અંતિમ સમગ્ર પ્રશંસા તેના જ માટે નિર્ધારીત છે.

# ગદીર

## ગદીરનો પ્રસંગ

હિજરતના દસમા વરસે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ હજનો ઇરાદો કર્યો. લોકોમાં તેની જાહેરાત પણ કરાવી દીધી.

આ સાંભળીને ઘણા લોકો મદીના આવી ગયા. જેથી આં હઝરત (સ.અ.વ.) સાથે આ હજનો લાભ મેળવે. આ હજને હજ્જે ઇસ્લામ, હજ્જે બલાગ, હજ્જે કમાલ, હજ્જે તમામ અને હજ્જતુલ વિદા કહેવામાં આવે છે. હિજરતની પછી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ગુસ્લ કરીને તેલનો ઉપયોગ કર્યો અને પગે ચાલીને મદીનાથી મક્કા જવા રવાના થઇ ગયા. આપે રણમાં પહેરવા લાયક બે કપડાં ઇજાર અને ખમીસ પહેરેલા હતા. શનિવારનો દિવસ હતો. ઝીલ્કાદ મહિનાની પાંચ કે છ રાતો બાકી રહી ગઇ હતી. આપની સાથે આપની પત્નિઓ પણ મહેમીલોમાં હતી. આ ઉપરાંત આપની અહલેબયત, અન્સાર અને મોહાજીરોની મોટી સંખ્યા હતી અન્ય લોકો અને અરબના કબીલાઓ પણ તેઓની હેસીયત મુજબ સાથે હતા.

રવાનગીના સમયે ઘણા લોકો શીતળા કે ઓરીની બિમારી ફેલાઇ જવાના કારણે આપની સાથે હજ ન કરી શક્યા. તેમ છતાં પૂરની જેમ લોકોના ઘોડાઓ ઉમટી પડ્યા હતા. તેઅ અલ્લાહ જ જાણતો હતો. અમૂક લોકોના અનુમાન પ્રમાણે આપની સાથે નેવું હજાર માણસો હતા. એ પણ કહેવામાં આવ્યું છે કે એક લાખ ચૌદ હજાર એક લાખ વીશ હજાર, એક લાખ ચોવીશ હજાર અથવા તેથી પણ વધુ લોકો હતા. આ તો તે લોકો હતા જે આપની સાથે હતા. જે લોકોએ મક્કામાં આપની સાથે હજ કરી તે તો આથી ઘણા વધુ હતા. જેમ કે મક્કા શહેરના રહેવાસીઓ, યમનથી અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) અને અબુ મુસાની સાથે આવેલા લોકો આં હઝરત (સ.અ.વ.)એ રવિવારે સવારે યલમલમમાં પસાર કરી. ત્યાંથી સાંજે શરફુલ આલયાલા પહોંચ્યા ત્યાં મગરિબ અને ઇશાની નમાઝ અદા કરી. નમાઝે સુબ્હ ગરકુન નતબીયામાં પડ્યા. તે પછી રવાહામાં રોકાણ કર્યું. ત્યાંથી કૂચ કરીને અસ્રની નમાઝ મુન્સરફ અને મગરેબયનની નમાઝ મુતઅસનમાં પડ્યા. ત્યાંજ જમ્યા. સુબ્હની નમાઝ

આસાબામાં પડ્યા. મંગળની સવાર ઉરજમાં કરી અને મકીજમલ, ઉકબાની ઘાટીમાં રહ્યા. તે પછી સકીય્યામાં ઉતરી પડ્યા.

બુધનો દિવસ આવ્યો ત્યારે સુબ્હની નમાઝ આલુવાસમાં પડ્યા. પછી ત્યાંથી આગળ વધીને જુમ્આના દિવસે હોજફામાં ઉતરી પડ્યા. ત્યાંથી કદીર માટે રવાના થયા અને શવિનારે ત્યાં રોકાયા. ત્યાંથી રવાના થઇને ગમીમ પહોંચ્યા. ત્યારે પગે ચાલતા હાજીઓની મુલાકાત થઇ. તેઓ લાઇનમાં ઉભા રહ્યા અને પગે ચાલીને સફર કરવાની મુશ્કેલીઓની આપને ફરિયાદ કરી. આપે કહ્યું. ઝડપથી કૂદીને ચાલો. જ્યારે તેઓને તેમ કર્યું ત્યારે રાહત થઇ. સોમવારે હઝુર મરા ઝહરાન પહોંચ્યા. સાંજ સુધી ત્યાં રહ્યા. સૂર્યાસ્તના સમયે સર્રફ પહોંચી ગયા. તો રાત્રે આ બન્નેની વચ્ચે રહ્યા. આ રીતે આમ મંગળવારે મક્કામાં ઉતર્યા.

હજના અરકાનો પૂરા કરીને મદીનાની તરફ પાછા ફર્યા. આપની સાથે ઉપર દર્શાવેલી બધા લોકો હતા. આપ હોજફા થઇને ગદીરે ખૂમ પહોંચી ગયા. આ સ્થળેથી મદીના, ઇરાક અને મીસરના રસ્તાઓ જુદા પડે છે. જુમેરાતનો દિવસ હતો અને ઝીલ્હજની અઢારમી તારીખ હતી. આ સ્થળે જીબ્રઇલ અમીન પરવરદિગારે આલમની તરફથી આ આયત લઇને ઉતર્યા

يَآ اَيُّهَا الرَّسُوْلُ بَلِّغْ مَآ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ

*અય રસુલ આપ પહોંચાડી આપો જે હુકમ આપના પરવરદિગારની તરફથી ઉતરી ચૂકી છે.*

(સુરએ માએદહ : ૬૭)

જીબ્રઇલે આપને ખુદાના હુકમની જાણ કરી કે હઝરત અલી (અ.સ.)ને લોકોના માટે હિદાયતની નિશાની જાહેર કેર અને અલી (અ.સ.)ની વિલાયતની વાત તમામ લોકો સુધી પહોંચાડી દે અને એ કે તમામ લોકો ઉપર આપની તાબેદારી ફરજ છે. આ સમયે કાફલાનો આગળનો સમૂહ હોજફાના સ્થળની નજીક પહોંચી ચૂક્યો હતો આ હઝરત (સ.અ.વ.)એ હુકમ આપ્યો કે આગળ વધી ગએલા પાછા ફરે. જે પાછળ રહી ગયા છે તેઓની રાહ જોવામાં આવે. આપે પાંચ ઝાડોની મોટી ડાળીઓના છાયામાં બેસવાની લોકોને મનાઇ કરી. તેથી બધા લોકો પોત પોતાની જગ્યાએ શાંતિથી બેસી ગયા. પછી તે ઝાડોની નીચે સફાઇ કરવામાં આવી અને ઝોહરની નમાઝનું એલાન થયું. આં હઝરત

(સ.અ.વ.) તે ઝાડોના છાયામાં ગયા. અને લોકોને નમાઝ પડાવી. આ સખત ગરમીનો દિવસ હતો. સખત ગરીમના કારણે લોકોએ પોતાની રદાહો પગની નીચે રાખી હતી. અમૂક પોતાના માથું છુપાવેલુ હતું. આં હઝરત (સ.અ.વ.)ને તડકાથી બચાવવા માટે ઝાડ ઉપર કપડું બાંધવામાં આવ્યું. નમાઝ પૂરી થયા પછી લોકોની વચ્ચે ઊંટની પલાણ ઉપર ખુત્બો પડવા ઊભા થયા અને મોટા અવાજે ખુત્બો પડ્યા.

તમામ તારીફ ખુદા માટે જ મખ્સુસ છે આપણે તેની પાસે જ મદદ માગીએ છીએ. તેની ઉપર ઈમાન લાવ્યા અને તેની ઉપર ભરોસા કરીએ છીએ. આપણે આપણા નફસની શરારતો અને બુરા આમાલથી ખુદાની પનાહ માગીએ છીએ. તે ખુદા જે ગુમરાહને હિદાયત નથી કરતો અને હિદાયત પસંદને ગુમરાહ નથી કરતો. હું ગવાહી આપું છું કે મઅબુદે બરહકની સિવાય કોઇ ખુદા નથી અને મોહમ્મદ તેના બંદા અને રસુલ છે.

અમ્મા બઅદ – એ લોકો મને પાક અને ખબર આપનાર પરવરદિગારે ખબર આપીછે કે દરેક નબીની ઉમ્ર તેના અગાઉના નબીથી અડધી હોય છે. મને જલ્દી બોલાવવામાં આવશે અને હું લબ્બયક કહીશ. મને અને તમને સવાલ કરવામાં આવશે તમે શું જવાબ આપશો?

લોકોએ કહ્યું, અમે કહેશું કે આપે ખુદાનો સંદેશો પહોંચાડી દીધો અને નસીહત અને રિસાલતની તબ્લીગ માટે સંઘર્ષ કર્યો. ખુદા આપને નેક કામોનો બદલો આપે.

આં હઝરત (સ.અ.વ.)એ પુછયું : શું તમે ગવાહી નથી આપતા કે ખુદાની સિવાય કોઇ મઅબુદ નથી અને મોહમ્મદ તેના રસુલ છે. જન્નત અને જહન્નમ બરહક છે. મોત હક છે અને કયામત આવવાની છે. ખુદા લોકોને કબરોમાંથી ઉઠાડશે? તેઓએ કહ્યું : હા, અમે ગવાહી આપીએ છીએ.

આપે ફરમાવ્યું : ખુદા! તું ગવાહ રહેજે.

પછી આપે પુછયું : લોકોશ શું તમે સાંભળતા નથી?

સૌએ કહ્યું : હા, અમે સાંભળીએ છીએ.

આપે કહ્યું : હું હવ્ઝે કવસર ઉપર પહેલો પહોંચનાર છું. તમે મારી પાસે ત્યાં પહોંચશો. તેનો ફેલાવો સનઆ અને બસરાની વચ્ચે આવેલી જમીનની બરાબર

છે. તેમાં સિતારાઓની સંખ્યાની બરાબર ચાંદીના પ્યાલાઓ છે. જરા વિચાર કરો. તમે મારી પાછી સકલૈનની બાબત મારૂં કેવું માન જાળવશો?

કોઇએ પુછયું : ખુદાના રસુલ! સકલૈનનો અર્થ શું છે?

આપે ફરમાવ્યું : સકલે અકબર, ખુદાની કિાબ છે. જેનો એક છેડો ખુદાના હાથમાં છે અને બીજો તમારા લોકોના હાથમાં છે તમે તેનીસાથે જોડાએલા રહેશો તો ક્યારે પણ ગુમરાહ નહી થાવ. સકલે અસગર મારી અહલેબયત છે દયાળુ અને ખબર આપનાર ખુદાએ મને ખબર આપી છે કે આ બન્ને એક બીજાથી ક્યારે પણ જુદા નહિ થાય. ત્યાં સુધી કે હવ્ઝે કવસર ઉપર મારી સાથે આવશે આ બન્નેથી આગળ વધવું અથવા શસેનપોશી કરવી હલાકતનો સજાવર છે.

તે પછી આં હઝરત (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.)નો હાથ પકડીને એ રીતે ઉંચા કર્યા કે બન્ને બગલની સફેદી લોકોએ જોઇ. આપે કહ્યુંઃ લોકો! મોમીનોના નફસો ઉપર આનાથી વધુ કોનો હક છે?

સૌએ કહ્યુ : ખુદા અને રસુલ વધુ જાણે છે.

આપે કહ્યું : બેશક! અલ્લાહ મારા મૌલા છે. અને હું મોમીનોનો મૌલા છું. તેઓના નફસો ઉપર તેમનાથી વધુ અખત્યાર ધરાવું છું. બસ જેનો હું મૌલા છું તેના આ અલી મૌલા છે.

(હઝુર (સ.અ.વ.)એ આ ત્રણ વખત કહ્યું : અહમદ બીન હમ્બલ મુજબ ચાર વખત કહ્યું.)

પછી કહ્યું : અય ખુદા! તું દોસ્ત રાખ તેને જે અલીને દોસ્ત રાખે તેને દુશ્મન રાખ જે આને દુશ્મન રાખે, તેની સાથે મોહબ્બત કર જે આની સાથે મોહબ્બત કરે, તેની સાથે દુશ્મની રાખ જે આની સાથે દુશ્મની રાખે. તેને છોડી દે જે આને છોડી દે, તેને હકની તરફ ફેરવી નાખ જ્યાં આ ફરે પૂરેપૂરી રીતે સાંભળી લો. આ સંદેશો હાજર રહેલા લોકોએ ગેરહાજર લોકો સુધી પહોંચાડવો જોઇએ. હજી લોકો છૂટા પણ નહોતા પડ્યા ત્યાં જીબ્રઇલ અમીન વહી લાવ્યા.

આજે મેં તમારા માટે દીનને સંપૂર્ણ કરી દીધો. તમારા ઉપર પોતાની નેઅમતો પૂરી કરી દીધી.

હઝરત રસુલ (સ.અ.વ.)એ ફરમાવ્યું : અલ્લાહની શાન કે તેણે દીનને સંપૂર્ણ અને નેઅમતોને પૂરી કરી દીધી. પરવરદિગાર મારી તબલીગ, અલી

(અ.સ.)ની વિલાયતથી રાજી થઇ ગયો.

પછી તો લોકો અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને મુબારકબાદ આપવા માટે ઉમટી પડ્યા. અસહાબોમાં સૌથી પહેલા શયખૈન (અબુ બક્ર અને ઉમર)એ મુબારકબાદ આપી. બન્નેએ મોટેથી કહ્યું : મુબારક થાય એ અબુ તાલિબના પુત્ર! આપ મારા અને બધા મોમીન સ્ત્રી પુરૂષોના મૌલા બની ગયા.

ઇબ્ને અબ્બાસ પોકાર્યા, ખુદાની કસમ, કોમની ગરદન ઉપર વિલાયત ફરજ બની ગઇ. હિસ્સાને હઝરત રસુલ (સ.અ.વ.) પાસે થોડી રૂબાઇઓ પડવાની રજા માગી. હઝરત (સ.અ.વ.)એ કહ્યું, ખુદાની બરકતથી પડો. હિસ્સાને ઉભા થઇને કહ્યું, કુરયશના બુઝુર્ગો વિલાયતની ગવાહના બારામાં રસુલ (સ.અ.વ.)ના પગલે પગલે હું પણ કાંઇક કહેવા માગુ છું. તે પછી (નગ્મા સરા) આલાયથી પડ્યા.

يناديهم يوم الغدير نَبِيُّهُمْ
بخم فاسمع بالرسول مناديا

આ છે ગદીરની સુંદર ઘટના આ શબ્દોનું વર્ણન આગળ ઉપર રજુ કરવામાં આવશે. આ ઘટના ઉપર બધી ઉમ્મતો એકમત છે. દુનિયામાં કોઇ એવા પ્રસંગ નથી જે ગદીરના નામે પ્રચલિત હોય.

ગદીર શબ્દ આજ ઘટનાની તરફ ધ્યાન દોરે છે. જ્યારે મકામે ગદીર કહેવામાં આવે છે. ત્યારે એ જ જગ્યા ઉપર ધ્યાન કેન્દ્રિત થાય છે જે ઘટના મશહૂર અને હોજફાની ઉંચાઇઓ ઉપર ઘટી હતી. આ સિવાય બીજા કોઇ પણ સંશોધકે આ નામની બીજી જગ્યા શોધી નથી. અલબત્ત માત્ર ડોક્ટર મલહુમ ઇબ્રાહીમ અલ અસવદે દિવાને અલી તમામ પ્રસ્તાવનામાં લખ્યું છે કે ગદીરની ઘટના એક મશહૂર જંગનો પ્રસંગ છે.

આના અનુસંધાનમાં અમારી વિગતવાર ચર્ચા આ પુસ્તકના બીજી ભાગમાં અબી તમામની ચર્ચામાં આવશે.

# હદીસે ગદીર ઉપર ખાસ દ્રષ્ટિપાત

ખુદાવંદે આલમની ખાસ મદદથી ગદીરની હદીસ ખાસ અને સામાન્ય લોકોની જીભ ઉપર રાવીઓની ભરપૂર રિવાયતોથી સમગ્ર જગતમાં મશહૂર થઇ ચૂકી છે. જેના પરિણામે દીનની મદદ કરના રઇમામે મુકદ્દસ હઝરત અલી (અ.સ.) માટે એક જબરદસ્ત હુજ્જત (દલીલ) બની ગઇ.

આ હુજ્જતની વ્યવસ્થાના આયોજન માટે આં હઝરત (સ.અ.વ.)ને એ સમયે વિલાયતની તબ્લીગનો હુકમ થયો જ્યારે લોકોનો ભવ્ય મેળાવડો હતો અને આપ હજ્જે અકબરથી પાછા ફરી રહ્યા હતાં. જુદા જુદા કબીલાઓ આપની આજુબાજુમાં હતા. તે સમયે આપે આગળ જનારને પાછા બોલાવી લીધા. પાછળનાઓ માટે રાહ જોઇએ સંદેશો સંભળાવીને હાજર રહેનારને ગેરહાજર રહેનાર સુધી તે સંદેશો પહોંચાડવાની તાકીદ કરી. તેથી તે સૌ હળીમળીને આ હદીસના રાવી બની જાય. જો કે ખુદ ત્યાં હાજર રહેનારાઓની સંખ્યા એક લાખથી વધુ હતી. આ ઉપરાં પણ ખુદાએ આ અંગેની આયત ઉતારી તેથી પસા રથતા સમયની સાથે લોકો તેની તિલાવત કરતા રહે. અને આ ઘટનાને દિલ અને દ્રષ્ટિ સમક્ષ તાજી રાખે. કારણકે આ જ કારણથી મૂળભૂત હિદાયતની મઅરેફત પ્રાપ્ત થાય છે. અને તેના વડે દિની એહકામો મેળવવાની ફરજ પાડવામાં આવી છે.

હદીસે ગદીરના કારણે આં હઝરત (સ.અ.વ.)નો પણ એજ રવૈયો રહ્યો. આપે હજ્જતુલ વિદાઅમાં લોકોને પોતાની સાથે લીધા. આપ જાણતા હતા કે સફરના અંતે તે મહાન સંદેશો મળશે જેથી દીનની ઇમારતનો પાયો મજબુત થશે. ઉમ્મતને સરદાર મળશે અને પૂર્વથી પશ્ચિમ સુધી સમગ્ર જગતમાં તેની હુકુમત ફેલાઇ જશે. શરત એ કે તે નેકી, ભલાઇ અને હિદાયતના માર્ગ ઉપર પણ લાગી જશે. પરઃતુ આ હેતુ દ્રષ્ટિ સમક્ષ રાખીને અહલેબયતના ઇમામો (અ.સ.) પણ હંમેશે આ અવાજને આગળ વધારતા રહે અને પોતાના મહાન આગેવાન હઝરત અલી (અ.સ.)ની ઇમામતની સાબિતીની દલીલ સ્થાપિત કરતા રહે.જેવીરીતે ખુદ હઝરત અલી (અ.સ.) તેમની આખી જીંદગી આ થકી ઇમામતનો દાવો કરતા રહ્યા. અને અનેક મહેફીલોમાં હજ્જતુલ વિદાઅના આંખે દેખ્યા ગવાહો પાસે કબુલાત કરાવતા રહ્યા. આ બધું માત્ર એટલા માટે હતું કે જમાનાના

પરિવર્તનની અરસ આ ઘટનાને ભુલાવી ન દે. ખાસ આ જ હેતુ માટે ઈમામોએ પોતાના શીઆઓને ઈદે ગદીરના પ્રસંગે જશ્ન અને મેળવડામાં એક બીજાને મુબારકબાદની આપલે કરવાની તાકીદ કરી છે. જેથી આ મહાન ઘટના વારંવાર દિલોમાં તરો તાજા થતી રહે. વિગતથી ચર્ચા આગળ ઉપર કરવામાં આવશે.

ઈદે ગદીરના દિવગસે શીઆ ઈમામીયા નજફે અશરફ હઝરત અમીરૂલ મોઅમેનીનની પવિત્ર કબર ઉપર શાનદાર મેળાવડો થાય છે. તેમાં જુદા જુદા દેશના સમૂહો ઝિયારત કરવા આવે . આ યાદગાર દિવસે તેઓ પોતાના ઈમામોને સ્વિકારાએલી ઝિયાતોમાં એવા વાક્યો દોહરાવે છે. જેમાં ઈમામોની સંખ્યા અને ગદીરની રિવાયતનું વર્ણન કરવામાં આવે છે. ઝિયારત કરનારાઓનો દરિયાના મોજાની જેમ ઉમટી પડેલો સમૂદાય આ વાક્યોને ઉંચા અવાજે બોલીને ખુદાનો શુકર બજાવી લાવે છે કે તેઓને વિલાયતની નેઅમત મળી, સીધા રસ્તાની હિદાયત મળી. આ રીતે દરેક પોતાને ખુદને આ ફઝીલતનો પ્રણેતા સમજીને મક્કમ રીતે આ હેતુ ઉપર ઈમાનની જાહેરાત કરે છે.

જે લોકો આ દિવસે પવિત્ર કબર ઉપર હાજર નથી થઈ શકતા તેઓ પોતાના દૂર દૂરના શહેરોમાં જ આ પ્રકારનું આયોજન કરે છે. ગદીરના દિવસના ઘણા આમાલ સૂચવવામાં આવ્યા છે. જેમ કે નમાઝ, રોઝા કબુલ થએલી દોઆઓ તેમાં પણ હદીસે ગદીર ગૂંજી ઉઠે છે શીયાઓ આ અમલોને દુનિયાના મોટા મોટા શહેરો, ગામો પાબંદીથી અદા કરે છે. આ તબક્કો ઈસ્લામી જગતનો ત્રીજો ભાગ છે. આ બધા હદીસે ગદીરના રાવી છે. તેની સચ્ચાઈની સામે માથું નમાવીને દીનિ હેસીયતથી ઈમાન લાવી ચૂક્યા છે.

શીયાઓની આ રીત રસમો ઉપરાંત તેઓની કિતાબોમાં પછી તે કિતાબો તફસીરની હોય, હદીસની હોય કે ઈતિહાસ અને સાહિત્યની હોય આ બધી કિતાબો ગદીરની હદીસના બયાનથી ભરી પડી છે. તેમજ આ હેતુની સાબિતિઓના અનુસંધાનમાં વિરોધાભાસ કરતી દેખાય છે. આ સિલસિલો નબુવ્વતના કેન્દ્રની સાબિતિ સુધી પહોંચે છે. સાબિતીઓને પ્રાપ્ત કર્યા પછી પણ આ વિષય ઉપર હદીસો જોવા મળે છે. સાબિતીઓનો સિલસિલો એટલા માટે જુદો પાડવામાં આવ્યો છે કે આ હદીસની સચ્ચાઈ ઉપર સૌ એક મતે સ્વિકાર કરે છે. મારી જાણ મુજબ હદીસે ગદીર સાબિત કરવામાં સુનની હદીસકારો પણ કોઈ રીતે શીયાઓથી પાછળ નથી. તેઓ આ હદીસની સચ્ચાઈને સ્વિકારે છે. તેની

તરફ રજૂ થાય છે. તેની સનદોને સાચી અને ક્રમબદ્ધ માને છે. એવા બહુ ઓછા જોવા મળે છે જે સત્યના માર્ગથી ભટકી ગયા હોય. તેમજ ઈર્ષ્યા અને દુશ્મનીના કારણે તેની સચ્ચાઇ ઉપર શંકા સેવતા હોય. આલીમોના આજ સમૂહે સાચા ખોટાનું નિશાન બનાવ્યું. નહિ તો સંશોધન કરનારાઓએ ક્યારે પણ તેની ઉપર શંકા કુશંકા જાહેર નથી કરી. કારણકે સનદના મજબૂત સિલસિલાને ક્રમબદ્ધ રીતે સાબિત કરી ચૂક્યા છે. અને તેને અસ્હાબો અને તાબેઇન (મુસલમાનોનો એ સમૂહ જેણે રસુલ (સ.અ.વ.)ના અસ્હાબોને જોવા હોય) સુધી પહોંચાડી છે. તેનું વર્ણન શબ્દશઃ રીતે આપની સેવામાં હવે પછી રજૂ કરવામાં આવશે.

મનાશેદહ અને એહતેજાજ મનાશેદહનો અર્થ છે કે કસમ આપવી, હુજ્જત સાબિત કરવા માટે પક્ષકારોની ગવાહી માગવી. દલીલ કાયમ કરવા માટે હરીફની સમજ શક્તિ, દિલ અને દિમાગને જાગૃત કરવું, મોટા અવાજે પુછવું, ખોવાઇ ગએલી વસ્તુને શોધવી, ભુલાએલી ચીજોને જાહેર કરવી. (અનુવાદક)

# મનાશેદહ અને દલીલ

ગદીરે ખુમની ઘટનાને શરૂઆતથી લઇને પસાર થતી સદીઓને સાથે વર્તમાન યુગ સુધી એક સ્વિકારેલી હકીકત અને રદ ન કરી શકાય તેવી દાસ્તાનની જેમ છે. નજીકની અને સંકળાએલી વ્યક્તિઓ વાંધ વિરોધ સિવાય માનતી રહી અને વિરોધીઓએ ઇન્કાર કર્યા વગર તેની રિવાયત કરી. જ્યારે પણ હરીફો સાથે ચર્ચા અને દલીલો થઇ ત્યારે ઇન્કાર કરનારાઓએ છેવટે માનવું જ પડ્યું છે. આ મજબુતી ઉપર અસંખ્ય વિવાદો થયા અને અસ્હાબો અને તાબેઇનો વચ્ચે મનાશેદાઓની લલકાર ગુંજતી રહી. અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની જાહેરી ખિલાફતના જમાનામાં પણ અને તેની પહેલાં પણ આ સિલસિલામાં સૌ પ્રથમ ચર્ચા ખુદ હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ મસ્જીદે નબવીમાં કરી. જેની વિગત કિતાબે સલીમ બીન ક્યસમાં મોજુદ છે. રસ ધરાવનારાએ તેની તરફ રજુ થવું જોઇએ.

અહિં અમે તે પછની પક્ષકારોની દલીલો સહિતના પૂરાવાઓ રજુ કરી રહ્યા છીએ.

# શુરાના દિવસે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)નો મનાશેદાઅ

અખ્તબુલ ખિતાબ, ખ્વારઝમીએ મનાકીબમાં બે રીતે આ મનાશેદાની નોંધ કરી છે.

૧. શેખ ઇમામ શહાબુદ્દીન અફઝલુલ હફાઝ અબુ નજીબ સઇદ બીન અબ્દુલ્લા મરૂમીએ હમદાનથી એક પત્રમાં લખ્યું. અમોએ હાફીઝ અબુ અલી હુસયન બીન અહમદે રિવાયતની પરવાનગીમાં જણાવ્યું કે મને શેખ અદીબ અબ્દુર્રઝ્ઝાક બીન ઉમર બીન ઇબ્રાહીમ હમદાનીથી હિ.સ. ૪૩૮માં રિવાયત કરી. તેમણે ઇબ્ન મરદુવીયાથી.

૨. શેખ ઇમામ શહાબુદ્દીન સઅદ બીન અબ્દુલ્લા સુલયમાન બીન મોહમ્મદ બીન અહમદ યઅલી બીન બીન સઅદ રાઝી - મોહમ્મદ બીન હમીદ ઝાફર બીન સુલયમાન - હારીસ બીન મોહમ્મદ, અબુ તફીલ આમીર બીન વાસેલા સહાબીથી.

હું શુરાના દિવસે હઝરત અલી (અ.સ.) સાથે ઘરે હતો મેં તેમને એવી દલીલ કરીશ કે કોઇ અરબ કે બિન અરબ વ્યક્તિને તેમાં સુધારા વધારા કરવાનો અવકાશ ન રહે. પછી કહ્યુ :

તમને ખુદાની કસમ છે, કહો, તમારામાંથી કોઇ પણ મારા સિવાય એવો છે જેણે મારી પહેલા વહદાનિય્યતનો (અલ્લાહ એક હોવાનો) સ્વિકાર કર્યો હોય?

સૌએ કહ્યુ : નહિ.

પછી કહ્યું : તમને ખુદાની કસમ છે કહો, તમારામાંથી કોઇ છે જેનો ભાઇ મારા ભાઇ જઅફરે તૈયાર જેવો જનનતના ફરિશ્તાઓ સાથે ઉડતો હોય?

સૌએ કહ્યુ : નહિ.

પછી કહ્યું : તમને ખુદાની કસમ છે, કહો, તમારામાંથી કોઇના કાકા હમઝા જેવા શહીદોના સરદાર, ખુદા અને રસુલના શેર (સિંહ) છે?

સૌએ કહ્યુ : નહિ.

આપે કહ્યુ : તમનેખુદાની કસમ છે, શું તમારામાંથી કોઇની પત્નિ, મારી પત્નિ ફાતેમા (સ.અ.)ની જેવી છે. જન્નતની સ્ત્રીઓની સરદાર?

સૌએ કહ્યુ : નહિ.

પછી કહ્યું : તમને ખુદાની કસમ છે, કહો, તમારામાં મારા સિવાય કોઇ બીજો છે જેના બે પુત્રો હોય, હસન અને હુસૈન (અ.સ.). જન્નતના જવાનોના સરદાર જેવા.

સૌએ કહ્યું : નહિ.

આપે કહ્યું : હું તમને ખુદાની કસમ આપું છું, કહો તો ખરા, તમારામાં મારા સિવાય બીજો કોઇ છે જેણે રસુલે ખુદા (સ.અ.વ.)ની સાથે અનેક વખત સદકો આપીને એકાંતમાં વાત કરી હોય?

સૌએ કહ્યું : નહિ.

પછી કહ્યું : તમને ખુદાની કસમ છે. કહો, મારા સિવાય તમારામાંથી એવો કોઇ છે જેના માટે રસુલે ખુદા (સ.અ.વ.)એ કહ્યું હોય.

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اللَّهُمَّ وَالِ
مَنْ وَالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ وَانْصُرْ مَنْ نَصَرَهُ

અને આ સંદેશા વિષે હાજર રહેલાઓને ગેરહાજર રહેનારા સુધી પહોંચાડવીન તાકીદ કરી હોય?

સૌએ કહ્યું : ખુદા ગવાહ છે. આપના માટે જ કહેવામાં આવ્યું.

છેલ્લી હદીસ સુધી : ફરાએદે હમવીનીમાં આ સિલસિલો છે.

મને ખબર આપી શેખ ઇમામ અલી બીન હબ બીન અબ્દુલ્લા ખાઝીન બગદાદી અલ્ફ ઇબ્ને સાઇએ, અલુ અલ મુઝફ્ફર નાસીર બીન અબી મકરીમ મુતરઝી ખ્વારઝમી, મોવફ્ફક બીન અહમદ મક્કીએ....

ઇબ્ને હાતીમ શામીએ વરૂલ નઝીમમાં હાફીઝ બીન મરદવીયા મુજબ બીજી સનદમાં અબુલ મુઝફ્ફર અબ્દુલ વાહેદ બીન હમ્દ મકરી, અબ્દુલ રઝ્ઝાક બીન ઉમર તેહરાની, અબુ બક્ર અહમદ બીન મુસા હાફીઝ (ઇબ્ને મરદવીયા) એહમદ બીન મોહમ્મદ અબી દામ (સાચું અબી દારીમ છે.) મુનઝર બીન મોહમ્મદ, તેમના કાકા અને તેમણે તેમના પિતા પાસેથી અબાન બીન તગ લીબ, આમીર બીન વાસેલા.....

તેની રિવાયત દાર કતની એ પણ કરી છે. તેના કેટલાય ટૂકડાઓ ઇબ્ને હજરે સવાએક પાનાન નં. ૭૫માં નકલ કર્યા પછી કહ્યું છે.

દાર કતનીએ રિવાયત કરી છે કે હ. ઉમરે જે છ વ્યક્તિઓને શુરાનો મામલો સોંપ્યો હતો, હઝરત અલી (અ.સ.) એ પોતાની ઉપર દર્શાવિલ હુજ્જત પૂરી કરી હતી. પાના નં. ૯૩ ઉપર પણ આજ લખ્યું છે. ઇબ્ને ઉકદા કહે છે અલી બીન મોહમ્મદ બીન હબીબા કુન્દીએ મને નકલ કરી છે. બીજી ઘણી સનદો છે. અહમદ બીન ઝકરીયા અઝદી સુફી, અમરૂ બીન હોમાદ બીન તલ્હા કનાદ, ઇસ્હાક બીન ઇબ્રાહીમ, મઅરૂફ બીન ખરબુઝ, ઝીયાદ બીન મનઝુર અને સઇદ બીન મોહમ્મદ અસલમી – તેઓએ અબુ તફીલથી રિવાયત કરી.

હઝરત ઉમરે મૃત્યુના સમયે છ વ્યક્તિઓ, હઝરત અલી, ઉસ્માન, તલ્હા, ઝુબયર, સઇદ બીન અબી વકાસ, અબ્દુર્રહમાન બીન અવ્ફ અને વધારાની વ્યક્તિ તરીકે અબ્દુલ્લા બિન ઉમરને પણ શુરાની કાર્યવાહી માટે નિમણુંક કરી. જ્યોર તે લોકો ભેગા થઇ ગયા ત્યારે તેઓએ મને દરવાજા ઉપર બેસવાની તાકીદ કરી. જેથી બીજા લોકો અંદર જઇ ન શકે. તે પછી હઝરત અલી (અ.સ.)એ નીચે મુજબની વાત કહી.

હાફીઝ અકીલીની સનદો છે. મોહમ્મદ બીન અહમદ, યહ્યા બીન મોગીશ, ઝાફર, એક અજાણ્યો માણસ હારીસ, તેઓએ અબ્દુલ ફઝલથી તે પછી હદીસે શુરાનું વર્ણન કરેલ છે.

ઇબ્ને અબી અલ હદીદ નહજુલ બલાગાહની તફસીરમાં લખે છે.

અહિં અમે શુરાના મનાશેદાની નકલ કરશું. જે રિવાયતથી સંપૂર્ણ રીતે સાબિત છે અને જેમાં હઝરત અલી (અ.સ.)એ પોતાના ફઝાએલ ગણાવ્યા છે. અને તે ખાસ બાબતોને પણ કહી છે જેના કારણે આપ શુરાવાળાઓમાં મશહૂર હતા. લોકોએ આ ઘટનાને વિસ્તારપૂર્વક રજુ કરી છે. પરંતુ મારી દ્રષ્ટિઓ સાચી વાત એ છે કે મામલો કંઇ એવો ન હતો કે હઝરત અલી (અ.સ.) પોતાના ફઝાએલ વિસ્તૃત રીતે કહે બલ્કે જ્યારે અબ્દુલ રહેમાન અને બાકીના લોકોએ ઉસ્માનના હાથ ઉપર બયઅત કરી અને આપે વિચાર કર્યો અને કહ્યું : ખિલાફત તો અમારો હક છે. જો અમને મળ્યો તો લઇ લેશું ન મળ્યો. તો ઊંટોની પીઠ ઉપર સવાર થશું પછી સફર લાંબી પણ હોય. તે પછી મુનાશેદામાં ભાઇચારાની અને હદીસે ગદીરની વાત કરી.

અબ્દુલ બરની ઈસ્તેયાબના હાશીયા (માર્જીન) ઉપર આ રીતે છે : અબ્દુલ વારીસ, કાસીમ, અહમદ બીન ઝુબયર, અમરૂ બીન હોનાદ, ઈસ્હાક બીન ઈબ્રાહીમ અઝદી, મઅરૂફ ખુરબુઝ, ઝીયાદ બીન મુન્ઝર, સઈદ બીન મોહમ્મદ અઝદી, તેઓએ અબુ તફીલથી તબરીએ તફસીરના ત્રીજા ભાગમાં વિલાયતની આયતની તફસીર કરતા કરતા લખ્યું છે :

હઝરત અલી (અ.સ.) તે રાફઝીઓ (હઝરત અલી (અ.સ.)ના તે સાથીદારો જેમણે જંગે જમલમાં આપનો સાથ છોડી દીધો હતો)થી કુરઆનની તફસીર વધુ જાણે છે. આ આયત આપની ઈમામત ઉપર દલીલ કરતી તો તેના આધારે કોઈ મજમામાં તો દલીલ કરતા. પછી તે કૌમને તે કહેવાનો અવકાશ ન રહેતો કે આપે દલીલોને તકય્યાના કારણે છોડીદીધી. કારણકે તે લોકો (રાફઝીઓ) કહેવ છે કે હઝરત અલી (અ.સ.)એ શુરાના દિવસે હદીસે ગદરી અને મુબાહેલાની આયતની જોડીને દલીલો કરી છે. અને પોતાના ફઝાએલ ગણાવ્યા છે. પરંતુ ત્યાં આ આયતથી દલીલ નથી કરી.

તબરીએ હદીસે ગદીર વિગેરેની દલીલની જે રિવાયત કરી છે તે રાફઝીઓ પ્રેરિત છે. આ તે લોકોની દુશ્મની અને ઈર્ષ્યા છે. નહિ તો હમણા અમે ખ્વારઝમીની મશએખે હફ્ફાઝથી રિવાયત – ઈબ્ને મરદવીયા, દારકતની ઈબ્ને હજર વિગેરેની સમજૂતી રજુ કરી છે. ઈબ્ને અકીલની રિવાયતના સિલસિલામાં ઝાફર અને એક અજાણમાં માણસ આવ્યો છે તેથી સોયુતીએ અલ આલીત મસનૂઆહમાં પહેલેથી હદીસે મનાશેદાને મનઘડત ગણી છે. પરંતુ અમે જે રિવાયતો રજુ કીર છે તેનાથી સોયુતીનો ખુદ વિચારજ અર્થહીન બની જાય છે. આ સિલસિલામાં તે પણ છે જેમાં ન ઝાફર છે ન અજાણ્યો માણસ. છતાં માની લો કે જો જનાબે ઝાફર ઝઈફ પણ છે તો તેથી એ નિષ્કર્શ ક્યાં નીકળે છે કે વિરાયત બનાવટી છે કારણકે આ રિવાયત લેખકોના કરી ચૂકેલ અમલથી ઉલ્ટી છે આ રીતે બેધડક વાત કહીને સોયુતીએ બુદ્ધિવગરનું પ્રદર્શન કર્યું છે.

સાચું એ છે કે નબળી રિવાયતથી કરે દલીલ સાચી નથી પરંતુ બીજી વિશ્વાસનીય રિવાયતથી ટેકો લેવામાં પણ કોઈ વાંધો નથી. અમે વિશ્વાસપાત્ર હાફીઝોની આ જ રીત જોઈ છે કે તેઓ વિશ્વાસપાત્ર ન હોય તેવા નબળા રાવીઓની રિવાયત પણ કુરઆનના આધારે કરી લે છે. જેમ કે કોઈ મહત્ત્વની વ્યક્તિની લખેલી રિવાયતને વિશ્વાસપાત્ર છે. જો કે બીજા કાર્યોમાં તેનું ચલણ

શંકાસ્પદ છે. આ જ દ્રષ્ટિએ સહીહયનમાં ખ્વારીજ અને નવાસીબની રિવાયતો લેવામાં આવી છે. જો કે દુશ્મનીની વાત જુદી છે. નહિ તો ઝાફરને અહમદ અને ઇબ્ને મઇને વિશ્વાસપાત્ર ગણ્યા છે. અબુ દાઉદ અને અબુ હાતીમે નેક વ્યક્તિ, વિશ્વાસપાત્ર અને સચ્ચાઇનું ચલણ કહેવામાં આવ્યું છે. રિવાયતી ટીકાનું આજ ચલણ સોયુતીની જેમ ઝહબીની મીઝાનમાં પણ છે. ઇબ્ને હજર લીસાનુલ મીઝાનમાં ઝાફરને બનાવટી રિવાયત બનાવનાર કહેવામાં આવ્યો છે. આ બધું વ્યક્તિગત સ્વાર્થના કારણે છે કે થોડા ખોટા લોકોની પ્રશંસા અને વખાણ કરવામાં આવે અને સારા લોકોને શંકાસ્પદ બનાવવામાં આવે ઝહબીએ મુસ્તદરકના ખુલાસમાં પણ ખુદાના ખાસ લોકો અને અહલેબૈત (અ.સ.)ની પ્રશંસામાં અને વખાણમાં આવેલી હદીસોને ટીકાત્મક બનાવી છે અને ઇબ્ને હજરના પણ આ બધા દુશ્મનાવટ અને ઈર્ષ્યાના ખેલ છે.

# ઉસ્માનના જમાનામાં

ઈસ્લામ ઈસ્લામ હમવીનીએ ફરાએદુલ સમતયનના પ્રકરણ ૫૮માં સલીમ બીન ક્યસની રિવાયત નકલ કરી છે.

ઉસ્માનની ખિલાફતના જમાનામાં મસ્જીદે નબવીમાં મેં હઝરત અલી (અ.સ.)ને અમુક લોકો સાથે ઇલ્મ અને ચારિત્ર્ય ઉપર ચર્ચા કરતા જોયા. દરમ્યાનમાં કુરેશીઓની કારકિર્દી, ઈસ્લામી પ્રગતિ અને હિજરતની વાત છેડાઇ ગઇ. તેના વિષે ફઝાએલોની હદીસ, જેમ કે ઇમામો કુરેશમાંથી થશે કે લોકો કુરૈશને તાબે છે અથવા કુરેશ અરબના ઇમામ છે ની વાતો થવા લાગી. દરેક કબીલાની વિશેષતાઓ કહેવામાં આવી. ત્યાં લગભગ બસ્સો માણસો ભેગા થએલા હતાં. તેમાં જેમાં હઝરત અલી (અ.સ.), સઅદ બીન અબી વકાસ, અબ્દુલ રહેમાન બીન અવ્ફ, તલ્હા, ઝુબયહ, મિકદાદ, હાશીમ બીન ઉત્બા, ઇબ્ને ઉમર, હસન (અ.સ.), હુસૈન (અ.સ.) ઇબ્ને અબ્બાસ, મોહમ્મદ બીન અબી બક્ર, અબ્દુલ્લાહ બીન જઅફર, અને અન્સારોમાં અબી બીન કઅબ, ઝયદ બીન સાબિત, અબુ અય્યુબ અન્સારી અબુલ હશીમ બીન તયહાન, મોહમ્મદ બિન સલમા, કયસ બીન સઅદ, જાબીર બીન અબ્દુલ્લા, અનસ બીન માલિક, ઝયદ બીન અરકમ, અબ્દુલ્લા બીન અબી અવફઅ, અબુ લયલા અને તેના દિકરાઓ અબ્દુલ રહમાન બાપના પગ પાસે બેઠા હતા. આ નવ જવાનો

ખુબસુરત અને દાઢી મુછ વગરના હતા. દેખાવડા અને મધ્યમ બાંધાના હતા. હસન બસરી અને અબ્દુલ રહેમાનમાં હસનની સરખામણી મુશ્કેલ હતી. પરંતુ હસન જરા લાંબા હતા. હાજર રહેલાઓની વાતચીતનો દોર સવારથી બપોર (ઝવાલ) સુધી ચાલ્યો. ઉસ્માન પોતાના ઘરમાં હતા. તેને વાતચીતની કાંઇ ખબર ન હતી.

હઝરત અલી (અ.સ.) અને આપની અહલેબયત ચૂપ બેઠા હતા. એટલામાં અમૂક લોકોએ હઝરત અલી (અ.સ.)ની સામે જોઇને કહ્યું.

આપ ચર્ચામાં ભાગ નથી લઇ રહ્યા ન તો આપની અહલેબયત કાંઇ બોલી રહી છે.

આપે કહ્યું : બન્ને કબીલાઓ – કુરેશ અને અન્સારે પોતાની શ્રેષ્ઠતાઓ કહી અને જે કાંઇ કહ્યું તે સાચું કહ્યું. પરંતુ હું અન્સાર અને કુરેશના લોકોને પુછવા માગુ છું કે તમને આ શ્રેષ્ઠતા ખુદાએ ક્યા કારણથી આપી છે. તમારી જાત, કબીલા અને પૂર્વજોના કારણે કે બીજા કોઇ કારણે?

સૌએ કહ્યું : આ શ્રેષ્ઠતા ખુદાવંદે આલમે હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ના વાસ્તાથી આપી છે અમારી જાત, કબીલા કે પૂર્વજોના કારણે નહિ.

હઝરતે કહ્યું : તમે સાચું કહ્યું. શું તમે નથી જાણતા કે તમને દુનિયા અને આખેરતની બધી ભલાઇઓ અમે અહલેબયતની બરકતથીજ નસીબ થઇ. બીજા કોઇ કારણથી નહિ. મારા કાકાના દિકરા ભાઇ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ કહ્યું છે. હું અને મારી અહલબૈત આદમના જન્મથી ચૌદ હજાર વરસ પહેલાં નૂરના સ્વરૂપે ખુદાની સામે ચાલતા ફરતા હતા. જ્યારે ખુદાએ આદમને પેદા કર્યા. ત્યારે આ નૂર તેમની કૂખમાં રાખીને જમીન ઉપર ઉતાર્યા. તે પછી આ નૂર નૂહની કૂખમાં કશ્તી ઉપર આવ્યું. પછી ઇબ્રાહીમ (અ.સ.)ની કૂખમાં નમરૂદની આગનો સામનો કર્યો. તે પછી આજ રીતે ખુદા અમને શરફ કૂખોમાં અને પાક રહેમતોમાં ફેરવતો રહ્યો. અમારૂં પરિવર્તન ક્યારે પણ બદકારીઓથી નજીસ નથી થયું. આ સાંભળીને અગાઉના બદ્ર અને ઓહદના અસ્હાબોએ કહ્યું : હા, અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)થી આ જ સાંભળ્યું છે. તે પછી આપે કહ્યું : હું તમને ખુદાની કસમ આપું છું ખુદાએ અગાઉનાઓને પાછળના ઉપર ઘણા આયતોમાં ફઝીલત આપી છે. અને હું તમામ ઉમ્મતમાં ઇસ્લામમાં સૌથી આગળ

છું.

સૌએ કહ્યું : ખુદા ગવાહ છે, હા.

પછી કહ્યું : હું તમને ખુદાની કસમ આપું છું કે શું તમે જાણો છો કે જ્યારે

وَالسّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ

وَالسّٰبِقُوْنَ السّٰبِقُوْنَ ﴿۱۰﴾ اُولٰٓئِكَ الْمُقَرَّبُوْنَ ﴿۱۱﴾

ની આયત ઉતરી ત્યારે લોકોએ તેઓને વિષે પુછયું : હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું : તેમાં ખુદાના નબીઓ અને વસીઓની વાત છે. અને હું નબીઓમાં શ્રેષ્ઠ અને અલી બીન અબી તાલિબ શ્રેષ્ઠ વસી છે. સૌએ કહ્યુંઃ ખુદા ગવાહ છે, હા.

પછી કહ્યું : હું તમને ખુદાની કસમ આપું છું કે જ્યારે આયત ઉલીલ અમ્ર અને આયત વલીના ઉતરી ત્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને પુછવામાં આવ્યું કે આ આયત ખાસ મોમીનો માટે છે કે આમ મોમીનો માટે. ત્યારે ખુદાએ પોતાના રસુલને વાલીયાને અમ્રની નિશાની આપવાનો હુકમ કર્યો અને વિલાયતની તફસીર અને તબલીગ એ રીતે કરે. જેવી રીતે નમાઝ, ઝકાત અને હજની કરી ચુકયા છે. અને ખુદાએ હુકમ આપ્યો કે તે મને ગદીરને ખુમમાં પોતાની વારસદાર જાહેર કરે. આપે ખુત્બો આપ્યો.

લોકો! ખુદા એ મને એવા સંદેશાની તબ્લીગ માટે મુકર્રર કર્યો છે કે મારૂં દિલ તંગી મહસુસ કરી રહ્યું છે મને આ સંદેશાની તબ્લીગમાં લોકોનો જૂઠલાવવાનો ડર હતો. ખુદોઅ મને દબાણ કર્યું કે તે જરૂર પહોંચાડો નહિ તો અઝાબ કરવામાં આવશે.

પછી હઝરત રસુલલ્લાહે નમાઝે જમાઅતની જોહરાત કરી અને ખુત્બો આપ્યો.

એ લોકો! શું તમે જાણો છો કેખુદાએ અઝઝ વ જલ્લ મારા મૌલા છે અને હું મોમીનોનો મૌલા છું તેઓના નફસ ઉપર તેઓના થી વધુ અખત્યાર ધરાવું છું.

સૌએ કહ્યું : હા, એ ખુદાના રસુલ!

ફરમાવ્યું : એ અલી, ઉભા થઇ જાવ. પછી હું ઉભો થઇ ગયો. ત્યારે કહ્યું:

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اللّٰهُمَّ وَالِ
مَنْ وَالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ

તે સમયે સલમાન ઉભા થયા અને પુછયું : યા રસુલલ્લાહ! આ મૌલા થવું ક્યા પ્રકારનું છે?

આપે કહ્યું : મારૂં એવું મૌલા હોવું, જેના નફસ ઉપર હું અખત્યાર ધરાવતો હોવ. તે સમયે ખુદાવંદે આલમે આયત ઉતારી. આજે મેં તમારા માટે દીનને પરીપૂર્ણ કરી દીધો. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ઉંચા અવાજે તકબીર ફરમાવી અને કહ્યું : ખુદાની શાન! મારી નબુવ્વત પૂરી થઇ અને મારી પછી અલીની વિલાયત અને ઇમામતથી દીનનું કામ પુરૂં થયું.

તે સમયે અબુ બક્ર અને ઉમરે ઉભા થઇને પુછયું : શું આ આયત ખાસ અલીની જ શાનમાં છે?

આપે કહ્યું : હા, અલીના બારમાં અને મારા તે વસીઓના બારામાં જે કયામત સુધી થશે.

બન્નેએ અરજ કરી : તેઓના નામ પણ બતાવી આપો.

આપે કહ્યું : મારા ભાઇ અલી, જે મારા વઝરિ, વારસદાર, મારી ઉમ્મત ઉપર મારા પ્રતિનિધિ – મારી પછી તમામ મોમીનોના વલી છે. તે પછી મારા પુત્ર હસન અને હુસૈન, પછી હુસૈનના વંશમાંથી નવ એક પછી એક થશે. કુરઆન તેઓની સાથે અને તેઓ કુરઆનની સાથે હશે. આ બન્ને ક્યારે પણ જુદા ન થશે. એટલે સુધી કે મારી પાસે હવ્ઝે કવસર ઉપર આવશે.

સૌએ કહ્યું કે અમે સાંભળ્યું છે અને આપના કહેવા ઉપર ગવાહ છીએ.

હાજર રહેલ અમૂકે અરજ કરી : આપના કહેવાનો અમુક ભાગ અમારા મગજમાં છે. પરંતુ બધી વાતો આમારી યાદ શક્તિમાં નથી. જે લોકોને પૂરી વાત યાદ છે. તેઓ અમારાથી બહેતર છે.

હઝરતે કહ્યું : ઠીક છે. બધાની યાદ શક્તિ બરાબર નથી હોતી. હું તે લોકોને ખુદાની કસમ આપું છું જેમણે હઝરત રસુલ (સ.અ.વ.)ના કથનને યાદ

રાખ્યું છે, કે તેને જાહેર કરે.

આ સાંભળીને ઝયદ બીન અકરમ, બરાઅ બીને આઝીબ, સલમાન, અબુઝર, મીકદાર, અને અમ્માર ઉભા થયા અને કહ્યું કે અમે ગવાહી આપીએ છીએ કે અમે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના કથનને યાદ રાખ્યું છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) મીમ્બર ઉપર હતા અને અમે તેમની બાજુમાં હતા રસુલલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું હતું.

ખુદાએ મને હુકમ આપ્યો છે કે હું તમારા માટે ઇમામની નિમણુંક કરૂં. જે મારી પછી તમારી વચ્ચે મારા વારસદાર, વસી અને ખલીફા હોય. તેમની તાબેદારી મોમીનો માટે મારી તાબેદારીની નજીક અને તમને તેમની વિલાયત કબુલ કરવાનો હુકુમ આપ્યો છે. મેં ખુદા તરફ રજુ થઇને મુનાફીકોના વ્યંગ અને જુઠલાવવાનું કારણ દર્શાવ્યું તો તેણે તબલીગથી મોઢું ફેરવી લેવા મો અઝાબ કરવાની ચેતવણી આપી. એ લોકો! ખુદાએ નમાઝ, ઝકાત, રોઝા અને હજનો હુકમ આપ્યો ત્યારે તેની સ્પષ્ટતા કરી. મેં તેનું અર્થઘટન કર્યું, તેણે તમને વિલાયત કબુલ કરવાનો પણ હુકમ આપ્યો છે. હું તમને ગવાહ બનાવીને કહું છું કે તે ખાસ વિલાયત આના માટે છે. અને હઝરત અલી (અ.સ.) ઉપર હાથ રાખ્યો. તે પછી આ મરતબો તેમના ફરઝન્દો માટે છે તેના પછી તેમના વસીઓ માટે જે તેની અવાલદમાંથી હશે ન તેઓ કુરઆનથી જુદા થશે ન કુરઆન તેમનાથી જુદુ થશે. એટલે સુધી કે મારી પાસે હવ્ઝે કવસર ઉપર આવશે લોકો મારી પછીના માટે તમારી થનાર ઇમામ હાદી, વલીની નિશાની કરી દીધી. તે અલીની જાત છે તમારી દરમ્યાન તેની હયસીયત મારા જેવી છે. દીનના મામલામાં તેની તાબેદારીની બેડી નાખી દો અને તમારા બધા મામલાઓમાં તેની તોબદારી કરો. કારણે ખુદાએ જે કાંઇ ઇલ્મ અને હિકમત મને આપીછે. તે બધી તેની પાસે છે. તેને સવાલ કરો તેની અને તેની પછી આવનારા વસીઓ પાસેથી શીખો. અને તેઓના શીખવાડ્યા વગર તેમનાથી આગળ ન વધો અને ન તો તેમનાથી પાછળ રહો તેઓ હકની સાથે છે અને હક તેમની સાથે છે. હંમેશા હકના સાથી રહો. હક દરેક સ્થિતિમાં તેઓની સાથે હશે.

તે બધી બધા લોકો બેસી ગયા.

# રહબાના દિવસે

હઝરત અલી (અ.સ.)નો દાવો કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) તેમને બીજાઓ ઉપર શ્રેષ્ઠતા આપ્યા કરતા હતા. લોકોએ આપના ઉપર તહોમત મૂકવાનું શરૂ કરીદીધું આપની ખિલાફતના અનુસંધાનમાં પણ ઝઘડા ફીસાદ અને વિરોધોએ માથું ઉંચક્યું. તે સમયે આપ રહબાના સ્થળે આવ્યા અને લોકોની બહોળી હાજરીમાં હદીસે ગદીરના આધારે મુનાશેદાહ કરીને તેમના દરેક વિરોધીને સાચી સમજણ આપી. આ મુનાશેદાહનું રિવાયતી મહત્ત્વ એટલું વધી ગયું કે તાબેઇન અને આલીમોની કિતાબો તેની સચ્ચાઇની સનદોથી ભરાઇ ગઇ. અમે અહિં માત્ર ચાર અસ્હાબો અને ચાર તાબેઇનની રિવાયતો રજુ કરીએ છીએ.

## (૧) અબુ સુલયમાન મોઅઝઝન

ઇબ્ને અબી અલ હદીદ નહજુલ બલાગાહની તફસીરમાં લખે છે :

અબુ ઇસરાઇલે હકમ અને તેમણે અબુ સુલયમાન મોઅઝઝનથી રિવાયત કરી છે કે હઝરત અલી (અ.સ..)એ હદીસે ગદીર સાંભળનારાઓને કસમ આપી કે તેઓ ગવાહી આપે. ઘણા લોકોએ ગવાહી આપી. પરંતુ ઝૈદ બીન અકરમ જાણતા હોવા છતાં પણ ગવાહી ન આપી. હઝરત અલી (અ.સ.)એ તેને આંધળા થવાની બદદોઆ આપી અને તેની દ્રષ્ટિ જતી રહી. તે આંધળાની સ્થિતિમાં લોકોને હદીસ કહેતા. આની જ એક બીજી સનદ પણ આગળ રજુ થશે.

## (૨) અબુલ કાસિમ અસબગ બીન નબાતા.

ઇબ્ને અસીરે અસદુલ અનાબામાં હાફીઝ બીન ઉકદાથી રિવાયત કરી છે. મોહમ્મદ બીન ઇસ્માઇલ બીન ઇસ્હાક રાશેદી, મોહમ્મદ બીન ખલીફ નઝીરી, અલી બીન હુસૈન અબદી, અસબગ બીન નબાતાથી રિવાયત કરે છે. હઝરત અલી (અ.સ.)એ રહબામાં હદીસે ગદીર સાંભળનારાઓને ઉભા થઇને ગવાહી આપવાની કસમ આપી. હાજર રહેલાઓમાંથી દસ વ્યક્તિઓ ઉભી થઇ. તેમાં અબુ અય્યુબ અન્સારી, અબુ ઉમરા બીન અમરૂ બીન મોહસીન, અબુ ઝયનબ બીન અરફ અન્સારી, સહલ બીન હનીફ, ખઝીમા બીન સાબિત અન્સારી,

હબશી બીન જોનાદા સલુલી, અબીદ બીન આઝબ અન્સારી, નોઅમાન બીન અજલાન અન્સારી, સાબિત બીન વરીઆ અન્સારી, અબ્દુલ રહેમાન બીન અબ્દેરબ અન્સારી હતા. સૌએ કહ્યું કે અમે ગવાહી આપીએ છીએ કે અમે ખુદ હઝરત રસુલ (સ.અ.વ.) પાસેથી હદીસે ગદીર સાંભળી હતી.

અસદુલ ગાબામાં ઇસ્બગથી રિવાયત છે કે હઝરત અલી (અ.સ.)એ લોકોને ઉભા થઇને હદીસે ગદીરની ગવાહી દેવાની કસમ આપી ત્યારે સત્તર માણસો અબુ અય્યુબ અને અબુ ઝયનબે ગવાહી આપી કે અમે ખુદ રસુલ (સ.અ.વ.) પાસેથી સાંભળ્યું છે કે આપનો હાથ ઉંભો કરીને કહ્યું :

લોકો! શું તમે ગવાહી નથી આપતાકે મેં તબલીગ અને નસીહત કરી દીધી. ફરમાવ્યું કે ખબરદાર થઇ જાવ, ખુદા મારા વલી અને હું મોમીનોનો વલી છું અને જેનો હું મૌલા છું તેના અલી મૌલા છે. એ ખુદા! તેના દોસ્તને દોસ્તી અને દુશ્મનને દુશ્મન રાખ. તેના મોહિબ સાથે મોહબ્બત કર. તેના મદદગારની મદદ કર. તેની સાથે વેર રાખનારા સાથે વેર રાખ.

આ દર્શાવવા અબુ મુસાએ અને તેની રિવાયત ઇબ્ને હજર અસ્કલાનીએ અસાબામાં કરી છે. તેમાં એક અસ્હાબ અબ્દુલ રહેમાન બીન અબ્દુલ.......... નામનો વધારો છે.

### (૩) હેબા બીન જવીન અરફી અબુ કદામહ બજલી સહાબી :

મનાકીબે ઇબ્ને મગાઝલી શાફઇમાં અબુ તાલીબ મોહમ્મદ બીન અહમદ બીન ઉસ્માન, અબુ ઇસા હાફીઝ અને તે હબા અરની સાથે હઝરત અલી (અ.સ.)ના મનાશેદાની ચર્ચા કરે છે. તે સમયે બદરના બાર માણસો હતા. જેમાં ઝયાદ બીન અરકમ પણ હતા. તેઓ ઉભા થયા. તે સૌએ ગવાહી આપી.

દવલાનીની રિવાયત અબુ કદામાની સનદથી આવી ચૂકી છે. જેમાં હઝરત અલી (અ.સ.)ના રહબાના મનોશેદામાં દસ માણસોની ગવાહીની વાત છે. તેમાંનો એક માણસ જબ્બા અને હઝરમી સલવાર પહેરેલા હતા.

### (૪) ઝાદાન બની અમ્ર

ઇમામ અહમદ બીન હમ્બલે મસનદમાં ઇબ્ને નમીર, અબ્દુલ મલિક, અબુ અબ્દુર્રહમાન, કન્દી, અને તેઓએ ઝાદાન બીન અમ્રથી, આ રિવાયતમાં તેર

માણસોએ ઉભા થઈને હદીસે ગદીરની ગવાહી આપવાની વાત છે.

હાફીઝ હશીમીએ મજમઅમાં એહમદના ચર્ચાના સિલસિલાની સનદથી.

અબુલ ફરહ ઈબ્ને જુઝીએ સફવતુલ સફવતમાં ઈબ્ને કશીર શામીએ અલ બદાયા વલ નહાયામાં ઈબ્ને તલ્હા શાફેઈએ મતાલેબુલ સવ્લમાં સિબ્ત બીન જુઝીએ તઝકેરામાં, સોયુતીએ જમઉલ જવામેઅમાં, ઈબ્ને અબી આસીમે અલ સનામાં કન્ઝુલ અમાલના હવાલાથી

## (૫) ઝરદન હબીશ અસદી :

ઝરકાનીએ શરહે મવાહેબમાં ઈબ્ને ઉકદાથી રિવાયત કરી છે અને તેમણે ઝર બીન હબીશથી તેમાં બાર માણસોની ગવાહી છે.

## (૬) ઝીયાદ બીન અબી ઝીયાદ

મસનદે એહમદ બીન અબ્દુલ્લા, રબીઅ બીન અબી સાલેહ અસલમી, તમેણે ઝીયાદ બીન અબી ઝિયાદથી. તેમાં પણ અસહાબે બદરની સાત વ્યક્તઓએ ગવાહી આપી. નીચે દર્શાવેલા આલીમોએ રિવાયત કરીછે : હાફીઝ હશમી મજમઅ ઈબ્ને કસીમ બદાયા વ નહાયા મોહિબુદ્દીન તબરી રીયાઝ વ ઝબાએરૂલ ઉકબા.

## (૭) ઝયદ અરકમ અન્સારી સહાબી

એહમદે અસુદ બીન આમીર, અબુ ઈસરાઈલ, હકમ, અબી સુલયમાન અને તેમણે ઝયદ બીન અરકમથી તેમાં પણ બાર બદરી સહાબીઓની ગવાહી છે. ઝયદ કહે છે કે મેં ઈન્કર કર્યો તો મારી આંખો જતી રહી.

હાફીઝ હાશીમી એ મજમઅમાં તબરાની કબીરના હલાવાલથી વિશ્વાસપાત્ર રિવાયતમાં ઝયદે કહ્યું :

હઝરતે ગવાહીથી ઈન્કાર કરનારને બદદોઆ આપી હતી.

ઈબ્ને મઆઝલાએ મનાકીબમાં અબુલ હુસૈન અલી બીન ઉમર બીન શવઝબ, તેમણે પોતાના પિતા અને તેમણે મોહમ્મદ બીન હુસૈન ઝઅફરાની, અહમદ બીન યહ્યા, અબુ ઈસ્રાઈલ, હકમ, અબુ સુલયમાન અને તેમણે ઝયદ બીન અકરમથી. હું તે લોકોમાં હતો જેમણે ગવાહીનો ઈન્કાર કર્યા હતો. તો

બદદોઆના કારણે આંધળો થઇ ગયો.

શેખ ઇબ્રાહીમ વસાબીએ ઇકતેફામાં કબીર તબરાનીના મજમઅ ના હવાલાથી તબરાનીથી સોળ માણસોની નિશાનીઓ આપી છે. એ જ શબ્દોમાં હાશીમીએ મજમઅ, સોયુતીએ જમઉલ જવામેઅમાં મોઅજજમ તબરાનીના હવાલાથી. આજ સનદથી કન્ઝુલ મઆલામાં બાર માણસોની ગવાહી છે.

હાફીઝ મોહમ્મદ બીન અબ્દુલ્લાએ ફવાએદમાં (આ કિતાબ મક્કાની લાઇબ્રેરીમાં મૌજુદ છે.) મોહમ્મદ બીન સુલયમાન બીન હરીસ, અબ્દુલ્લા બીન મુસા, અબુ ઇસરાઇલ મોલાઇ, અબુ સુલયમાન મોઅઝઝમ અને તેમણે ઝૈદથી.

હઝરત અલી (અ.સ.)એ જેમણે હદીસે ગદીર સાંભળી હોય તે લોકો પાસે કસમ આપીને ગવાહી માગી. આ સાંભળીને સોળ માણસો ઉભા થયા. હું પણ તેમાં હતો. આ હદીસને ઇબ્ને કસીર બદાયામાં નકલ કરી છે.

## (૮) ઝયદ બીન યુશીઅ :

મસનદે એહમદમાં અલી બીન હકમ ઉદી, શરીક અબુ ઇસ્હાક સઅદ બીન વહબ અને ઝયદ બીન યુશીઅથી આ બન્નેનું બયાન છે કે હઝરત રહબાના સ્થળે મનાશેદાહ કર્યો અને ખુજરીએ આજ અર્થમાં તે લખ્યું છે.

નેસાઇની સનદમાં : કાઝી અલી બીન મોહમ્મદ, ખલફ બીન તમીમ, શોઅબા, અબુ ઇસ્હાક અને તેમને સઇદ અને ઝયદથી બીજી જગ્યાની સનદ છે. અબુદાઉદ સુલયમાન હર્રાની ઇમરાન બીન અબાન, શરીક, અબુ ઇસ્હાક ઝયદથી.

તબરીએ અહમદ બીન મનસુરથી રિવાયત કરી છે. અબ્દુલ્લા બીન મુસા, ફતર બીન ખલીફા, અબુ ઇસ્હાક, સઇદ બીન વહબ, ઝયદ બીન યુશીઅ અને અમરૂ મીર મીરથી તેનો હવાલો તારીખે ઇબ્ને કસીરમાં પણ છે.

ઇબ્ને ઉકદાએ હસન બીન અફફાન આમરીથી રિવાયત કરી છે. અબ્દુલ્લા બીન મુસા, ફતીર, અબુ ઇસ્હાકે કહ્યું, એ અબુ બક્ર, કેવા શેખો હતા તેઓ ઇબ્ને ઉકદાથી ઇબ્ને કસીરે પણ આ જ રિવાયત કરી છે. હાફીઝ મશીખીએ મજમઅમાં બઝાઝના તરીકાથી સાચી સનદની સાથે કન્ઝુલ અમાલની મુજબ જમઉલ જવામેઅમાં સોયુતીએ નીઝ ઇબ્ને જરીર અને ખલઇએ ખુલખયાતમાં પણ તે લખ્યું છે. હશીમીની રેજાલ વિશ્ર્વસનીય નથી શેખ યુસુફ નબહાનીએ અશરફુલ

મોવય્યદમાં પણ આ રીતેજ લખ્યું છે.

## (૯) સઈદ બીન અબી હદાન

હમવીનીએ ફરાયદના દસમાં પ્રકરણમાં શેખ એમાદુદ્દીન અબ્દુલ હાફીઝ બીન બદરાનથી દર્સની રીતે, કાઝી મોહમ્મદ બીન અબ્દુસ્સમદ ખુઝીસ્તાની એ ઈજાઝાહની રીતે, અબુ અબ્દુલ્લા મોહમ્મદ બીન ફઝલ અરાવીએ ઈજાઝા તરીકે, અબુ બક્ર અહમદ બીન હુસૈન કાઝી, અબુ જઅફર મોહમ્મદ અલી અને નઈમ, અહમદ બીન હાઝીમ બીન અઝીઝહ, અબુ ઈશાન માલિક, ફઝીલ બીન મરઝુક, અબુ ઈસ્હાક, તેમણે સઈદ બીન અબી હદાન અને અમરોઝી મીરથી હઝરત અલી (અ.સ.)એ રહબામાં ફક્ત રસુલ (સ.અ.વ.)ના અસહાબો પાસેથી કસમ ઉપર ગવાહી માગી હતી ત્યારે છ સઈદની બાજુમાંથી અને છ અમરૂઝી મીરની બાજુમાંથી ઉભા થયા અને હદીસે ગદીરની ગવાહી આપી.

## (૧૦) સઈદ બીન વહબ :

મસનદે એહમદમાં અલી બીન હકીમ રૂદી, શરીક અબુ ઈસ્હાક તેમણે સઈદ બીન વહબ અને ઝયદ બીન યુશીઅ પાસેથી ઉપરોક્ત રિવાયત કરી છે પાંચમાં ભાગમાં મોહમ્મદ બીન જઅફર, શોઅબા અને અબુ ઈસ્હાકથી રિવાયત કરી છે કે સઈદે કહ્યું કે હઝરત અલી (અ.સ.)ના રહબાના મુનાશેદામાં પાંચ કે છ માણસો ઉભા થયા.

ખસાએસે નેસાઈમાં હુસૈન બીન હરીસ મરૂઝી, ફઝલ બીન મુસા, અઅમશ, તેઓએ અબુ ઈસ્હાકથી અને તેમણે સઈદથી કે તેમાં સઈદ વઝીરની બાજુમાંથી છ છ માણસો ઉભા થયા અને અમરૂઝી મીરે ગવાહી આપી. આ જ ખસાએસમાં મોહમ્મદ બીન મીસની, મોહમ્મદ બીન જઅફર ગન્દર, શોઅબા અબુ ઈસ્હાક તેમણે સઈદથી કે અમુક માણસો ઉભા થયા. આસમીએ ઝયનુલ ફાતેમા અબુ બક્ર જનદબ, અબુ સઈદ રાઝી, અબુ અહમદ ઈબ્ને મેના નિશાપુરી, અબુ જઅફર હુઝરમી, અલી બીન સઈદ કુન્દી, જરીર બીન સરી હમદાની, તેમણે સઈદથી કે બાર માણસો ઉભા થયા. આસમીએ ઝયનુલ ફતામાં, અબુ બક્ર જનદબ, અબુ સઈદ રાઝી, અબુ અહમદ ઈબ્ને મેના નિશાપુરી, અબુ જઅફર હુઝરમી, અલી બીન સઈદ કુન્દી, જરીર બીન સરી હમદાની, તેમણે સઈદથી કે

બાર માણસો ઉભા થયા. ઇબ્ને અસીરે અસદુલ ગાબામાં ઇબ્ને ઉકદાએ મુસા બીન નસીરથી, ઇબ્ને જયાના અબુ ઇસ્હાક, સઇદ બીન વહબા અમરૂઝી મીર, ઝયદ બીન યુશીઅ અને હાની બીન હાની સિવાય ઘણા લોકો રિવાયત કરી છે.

હઝરત અલી (અ.સ.)એ રહબામાં મનાશેદા કર્યો. ત્યારે એક સમૂહે ગવાહી આપી અને એક સમૂહે ગવાહી છુપાવી. છુપાવનારા મૃત્યુ પહેલાં આફતમાં સપડાઇ ગયા અથવા આંધળા થયા. તેમાં યઝીદ બીન દરીઆ, અબ્દુલ રહેમાન બીન મુદલીજ, ખાસ કરીને ચર્ચાને લાયક છે. તેની ઇબ્ને હજરે અસાબમાં નકલ કરી છે. અબ્દુલ રહેમાન બીન મુદલીજની ચર્ચામાં લખ્યું છે કે તેની ચર્ચા ઇબ્ને અકદાઅ કિતાબ અલ મવાલાતમાં કરી છે. મુસા બીન નઝીર બીન રબીઅના સિલસિલામાં રિવાયત કરી છે. તેમણે સઅદ બીન તાલિબ અબુ ગયલાનથી તેમણે અબુ ઇસ્હાકથી કે મને અસંખ્ય લોકો હદીસ બતાવી કે હઝરત અલી આસાએ રહબાના સ્થળે હદીસે ગદીરની કસામ પૂર્વક ગવાહી માગી તો એક સમૂહે જેમાં અબ્દુલ રહેમાન મુદલીજ પણ હાજર હતા. તેઓએ ગવાહી આપી. આ રિવાયતને ઇબ્ને શાહીન અને ઇબ્ને ઉકદાએ રજુ કરી છે. અને અબુ મુસાએ તે જોડી દીધી છે.

વિચાર કરવાથી જણાય આવશે કે ઇબ્ને હજરે સનદ અને મૂળ લખાત સાથે ચેડાં કરીને મજાક કરી છે. તેમાંથી ચાર રિવાયત કરનારના નામો ઉડાવી દીધા છે. ગવાહી છુપાવનારના પ્રસંગો અને તેના અમલને રદ કરવાની બાબત કાઢી નાખી છે. જોવાની વાત એ છે કે ઇબ્ને મુદલીજ જે છુપાવનારાઓમાં હતો તેને રાવી બનાવી દીધો છે. હદીસની નકલની આ અમાનતનું શું કહેવું. ઇબ્ને હજરની અસાબામાં આવા નમૂના ઘણા મળે છે.

આ ઉપરાંત હાફીઝ હશીમીએ મજમઅમાં ઇબ્ને કસીરે તારીખમાં અને ખ્વારઝમીએ મનાકેબમાં લખ્યું છે.

## (૧૧) અબુ તફીલ આમીર બીન વાસેલા લયસી સહાબી.

મસનદ બીન અમદમા હુસૈન બીન મોહમ્મદ અને અબુ નઇમ મઅનીથી રિવાયત કરી છે. તેમણે અબુ તફીલનું બયાન નકલ કર્યું છે કે :

હઝરત અલી (અ.સ.)એ રહબામાં દરેક મુસલમાનને કસમ આપી જેણે હદીસે ગદીર સાંભળી હોય. લોકોમાં ત્રીસ માણસો ઉભા થયા. રિવાયત કરનાર

લખે છે કે હું રહબાના સ્થળે ઉભો થયો ત્યારે મારા દિલમાં શંકા હતી. હું ઝયદ બીન અરકમને મળ્યો અને તેમને પુછયું કે હઝરત અલી (અ.સ.) આમ કહેતા હતા? તેમણે જવાબ આપ્યો કે તેમાં ઇન્કાર કરવા જેવી ક્યાં વાત છે મેં ખુદે પણ રસુલ (સ.અ.વ.) પાસેથી સાંભળ્યું છે.

તેની રિવાયત હશીમીએ મજમઅમાં ઇમામ અહમદ બીન હમ્બલની સનદથી કરી છે. અને કહ્યું છે કે સનદના બધા રાવી સાચા અને વિશ્વાસપાત્ર છે.

ખસાએસે નેસાઇમાં હારૂન બીન અબ્દુલ્લા બગદાદી હોમાલ, મસનબ બીન મીકદામ, ફીતર બીન ખલીફા તેમણે અબુ તફીલથી આસમીએ ઝયનુલ ફતમામા ઇસ્તાઝ ઇબ્ને જેલાબથી આ જ રિવાયત કરી છે. બીજા ઇસ્તાઝથી મોહમ્મદ બીન એહમદ અલી બીન ઇબ્રાહીમ, મોહમ્મદ બીન અબ્દુલ્લા, એહમદ બીન મોહમ્મદ લેબાદ, અબુ નઇમ ફીત્ર અબુલ તફીલ.

આજ શબ્દોમાં ગનજીએ કફાયામાં પોતાના ઉસ્તાદ યહ્યા બીન અબી મઆલી, મોહમ્મદ બીન અલી કરશી, અબુ અલી હમ્બલ બીન અબ્દુલ્લા બગદાદી, અબુ કાસીમ બીન હસીન, અબુ અલી બીન મઝહબ, અબુ બક્ર કતીઇ, અબ્દુલ્લા બીન એહમદ અને તેમણે પોતાના બાપથી.

મોહિબ્બુદીન તબરીએ રીયાઝમાં પણ આજ રિવાયત કરી છે અને કહ્યું છે કે મેં ફીતરને પુછયું આ કોલ અને મૃત્યુની વચ્ચે કેટલો ગાળો હતો. તેમણે કહ્યું સો દિવસ હાતિમે ખુલાસો કર્યો કે આ હઝરત (અ.સ.)ના મૃત્યુ વિષે છે. ઇબ્ને કસીરે બદાયામાં અને બદખ્શીએ નોઝુલુલ અબરારમાં આ જ રીતે લખ્યું છે.

ઇબ્ને અસીરે અસદુલ ગાબામાં પોતાના ઉસ્તાદ અબુ મુસાથી, શરીફ અબુ મોહમ્મદ હમઝા અલવી, અહમદ બાતરકાની, અબુ મુસ્લિમ બીન શહદલ, ઇબ્ને ઉકદા, મોહમ્મદ અશઅરી, રેજા બીન અબ્દુલ્લા, મોહમ્મદ બીન કસીર, ફીતર અને ઇબ્ને જારવ દાવર તેઓએ અબુ તફીલથી આ રિવાયતમાં સિત્તેર માણસોની નિશાની આપવામાં આવી છે. અબુ કદામાએ ગવાહી આપી કે ઝોહરનો સમય હતો. થોડાં ઝાડોને ભેગા કરવા માટે કપડું નાખવામાં આવ્યું. નમાઝ પછી અલીની વિલાયતનું એલાન ત્રણ વખત કરવામાં આવ્યું. તેની રિવાયત અબુ મુસાએ કરી છે.

ઇબ્ને હજર અસાબામાં ઇબ્ને ઉકદાના હવાલાથી, સહુદીએ જવાહેરૂલ અકદયનમાં હાફીઝ અબુ નઇમના હવાલાથી નકલ કરી છે કે અબુ તફીલે કહ્યું કે

હઝરત અલી (અ.સ.)એ રહબાના સ્થળે લોકોને કસમ આપીને ગવાહી માગી સત્તર માણસો જેમા ખોઝયમાં બીન સોબાત, સહલ બીન સઅદ, અદી બીન હાતીમ, ઉકબા બીન આમીર, અબુ અય્યુબ અન્સારી, અબુ અય્યુબ હુઝરી, અબુ શરહ ખઝાઇ, અબુ કદામા અન્સારી અબુ લયલા (અથવા અબુ લયલી નયાબીઉલ મોદ્દત) અબુલ હશીમ બીન યતહાન અને કુરયશન ઘણા માણસો ઉભા થયા. હઝરત અલી (અ.સ.)એ તેમની પાસેથી ગવાહી માગી તો તેઓએ ખુત્બાનું વર્ણન અને દરમ્યાનમાં હદીસે સકલયન પણ સંકળાએલી છે. તેની ગવાહી આપી. નયા બીઉલ મોવદ્દતમાં સમહુદ્દીનના હવાલાથી અને શેખ એહમદ બીન મોહમ્મદ બાકસીરે વસીલતુન આમાલમાં પણ લખ્યું છે.

## (૧૨) અબુ અમ્મારા અબ્દ ખેયર બીન યઝીદ હમદાની કુફી તાબેઇન :

ખ્વારઝમીએ મનાકેબમાં હાફીઝ અહમદ બીન હુસૈન બહીકી, અબુ મોહમ્મદ અબુલ્લા બીન યહ્યા બીન હારૂન અબ્દુલ જબ્બાર સકરી, ઈસ્માઇલ બીન મોહમ્મદ સફર, અહમદબ બીન મનસુર માદી, અબ્દુલ રઝાક, સઈદ બીન વહબ અને અબ્દે ખ્યરથી ઉપરોક્ત હદીસ નકલ કરી છે.

## (૧૩) અબ્દુલ રહેમાન બીન અબી લયલા :

મસનદે અહમદ બીન હમ્બલ બીન ઉમર, યુનુસ બીન અરકમ, યઝીદ બીન અબી ઝયાદ, અબ્દુલ રહેમાન બીન અબી લયલાથી રિવાયત છે કે રહબાના મનાશેદામાં બાર વ્યક્તિ ઉભી થઇ. મસનદમાં બીજી જગ્યાએ પણ બાર માણસો ઉભા થવાનું લખ્યું છે. પરંતુ ત્રણ માણસો ઉભા ન થયા. તેથી હઝરતે બદદોઆ કરી જે તેમના લાગી ગઇ.

અહમદ બીન આસમીએ ઝયનુલ ફતામાં શેખ ઝાહેદ અબી અબ્દુલ્લા અહમદ બીન મોહાજીર, અબુ અલી હીરવી અબ્દુલ્લા બીન ઉરવહ, યુસુફ બીન મુસા, કતાની માલિક બીન ઇસ્માઇલ, જઅફર બીન ઝેયાદ અહમદ, યઝીદ બીન અબી ઝેયાદ અને મુસ્લીમ બીન સાલેમથી. તેઓએ અબ્દુલ રહેમાનથી ઉપરોક્ત હદીસ નકલ કરીછે. તેમણે અલફાઝમાં તારીખે ખતીબ બગદાદીમાં મોહમ્મદ બીન ઉમર બીન બકીર, અબુ ઉમર યહ્યા બીન મોહમ્મદ બીન ઉમર અખબારીથી હિ.સ. ૩૬૩માં, અબુ જઅફર અહમદ બીન મોહમ્મદ બીન સૈફી, અબ્દુલ્લા

બીન અબી સદદ કુન્દી અબુ સઇદ ઇશબહ, અલાઅ બીન સલામ અતાર, યઝીદ બીન અબી ઝેયાદ, તેઓએ અબ્દુલ રહેમાન અલી લયલાથી.

તહાબીએ મુશ્કેલુલ આસારમાં અબ્દુલ રહેમાનથી રિવાયત કરી છે. ઇબ્ને અસીરને અબુલ ફઝલ અબ્દુલ્લા ફકીહથી. અબુ યઅલા અહમદ બીન અલી કવારીહી, યુનુસ બીન અરકમ, યઝીદ બીન અબી ઝીયાદે અબ્દુલ રહેમાનથી. તેમાં બાર બદરી સહાબીઓની ગવાહી લખેલી છે. ઇબ્ને અસીરે કહ્યુ છે કે આવી જ રીતે બરાઅથી રિવાયત છે તેમાં હઝરત ઉમરની મુબારદીનું પણ લખાણ છે.

હમવાનીએ ફરાયદના દસમાં પ્રકરણમાં અબુ ફઝલ ઇસ્માઇલ બીન અબી અબ્દુલ્લા બીન હેમાદ કસફલાનીની કિતાબના હવાલાથી રિવાયત કરીછે. તેમણે શેખ હમ્બલ બીન અબ્દુલ્લા બીન સઆદહ મક્કી રેસાનીના મોઢેથી સાંભળ્યું. તેમણે અબુલ કાસીમ મોહતયલ્લા બીન મોહમ્મદ બીન અબ્દુલ વાહીદ બીન હુસૈનના મોઢેથી, તેમણે અબુ અલી બીન મોઝહહબના મોઢેથી તેમણે અબુ બક્ર કતીનીથી તેમણે અબ્દુલ્લા બીન અહમદ બીન હમ્બલથી.

આજ રિવાયતને જુઝરીએ ઇસનીલ મતાલીબમાં અબુ હફસ ઉમર બીન હુસૈન બીન મરાગીના મોઢેથી નકલ કરી છે. અબુ બક્ર હશીમીએ મજમઅમાં તેમનાજ શબ્દોમાં લખ્યું છે. ઇબ્ને કસીર તારીખમાં બન્ને રીતે લખ્યું છે. અને કહ્યું છે કે આવીજ રિવાયત અબુ દાઉદ અને ઝહુરીએ ઉમર બીન અબ્દુલ્લા બીન હન્દ જમલી અને અબ્દુલ અઅલા બીન આમીર શોઅબલી આ બન્ને એ અબ્દુલ રહેમાનથી કરી છે. સોયુતીએ જમઉલ જવામેઅમાં કન્ઝુલ અમાલ દારકતનીથી રિવાયત કરીછે. તેમાં દસ માણસોએ ગવાહી આપી. એક સમૂહે છુપાવી રાખ્યું. આ સમૂહના લોકો યા તો કોઢની બિમારીમાં સપડાયા યા તો આંધળા થાય.

વધુમાં આ રિવાયત કન્ઝુલ અમાલમાં ઇમામ અહમદ અબુ યઅલી મુસલી, ઇબ્ને જરીર તબરી, ખતીબે બગદાદી અને ઝેયાર મુકદ્દસીન તરીકે મસનદમાં છે. વસાબીએ અલ ઇકતેફામાં ઇમામ અહમદના શબ્દોમાં ઝવાએરૂલ મસનદ, અબ્દુલ્લા બીન અહમદ અને અબુ યઅલાની તરીકે સનદથી તેમની મસનદમાં છે. તહઝીબુલ આસાર ઇબ્ને જરીર તબરી, તારીખુલ ખતીબ બગદાદી અને અલ મુખ્તાર ઝીયાદ મુકદ્દસીમાં પણ આ રિવાયત છે.

**(૧૪) અમરૂઝી મર્રહ તાબેઇ**

મસનદે એહમદમાં અલી બીન હકીમ, શરીક, અબુ ઇસ્હાક, તેઓએ અમરૂથી નેસાઇએ ખસાએસમાં અલી બીન મોહમ્મદ બીન અલીથી તેમણે ખલીફ બીન તમીમ, ઇસરાઇલ, અબુ ઇસ્હાકથી ખાસએસ નેસાઇમાં એક બીજી સનદ પણ છે.

હમવીનીએ ફરાએદમાં અમરૂઝી મીરથી, હાફેઝ હશમીએ મજમઅમાંથી અને ગુન્જીએ કેફાયામાં ઝહબીએ મીઝાનમાં સોયુતીએ તારીખે ખોલફા જમઉલ જવામેઅમાં કન્ઝુલ મઆલ ના હવાલાથી અને જુઝરીએ ઇસ્ને મતાલીબમાં અમરૂથી રહબાના મશાએદાની રિવાયત કરી છે.

## (૧૫) અમીરહ બીન સઅદ તાબેઇ :

અબુ નઇમે હલીયામા સુલેમાન બીન અહમદ તબરાની અહમદ બીન ઇબ્રાહીમ બીન કયાન, ઇસ્માઇલ બીન અમરૂ (અથવા ઉમર ઇબ્ને હજર), મસઅર બીન કદાચ તલ્હા બીન મુસરફ, તેણે અમીરાથી કે :

મેં હઝરત અલી (અ.સ.)ને મીમ્બર ઉપર મનાશેદા કરતા જોયાં. આજુ બાજુમાં અબુ સઇદ, અબુ હુરયરા અને અનીસે બીન માલિક હતા. આપે લોકોને કસમ આપી. બધા મળીને બાર માણસો હતા. સૌએ ગવાહી આપી. એક માણસ બેસી રહ્યો. હઝરતે તેને છુપાવવાનું કારણ પુછયું ત્યારે તેણે કહ્યું કે એ અમીરૂલ મોઅમેનીન! હું બુઢ્ઢો થવાના કારણે ભૂલી ગયો છું આપે બદદોઆ કરી. એ ખુદા જો આ ખોટું બોલી રહ્યો તો તેને મોટી મુશ્કેલીમાં સપડાવી દે.

રાવી કહે છે કે મરવાની પહેલા તેના કપાળ ઉપર કોઢના નિશાન દેખાતા હતા. અને તે તેની પાઘડી પણ નહોતી. છુપાવી શકતી. તલ્હાની આ હદીસ નબળી છે. માત્ર મસઅરે રિવાયત કરી છે. ઇસ્માઇલે ઇબ્ને આયેશાથી વધુમાં ઇજલઅ અને હાની બીન અય્યુબે તેની રિવાયત તલ્હાથી કરી છે.

ખસાએસે નેસાઇમાં મોહમ્મદ બીન યહ્યા નીશાપુરી અને અહમદ બીન ઉસ્માન બીન હકીમ, અબ્દુલ્લા બીન મુસા, હીન બીન અય્યુબ, તલ્હા, અમીરા બીન સઅદથી રહબાના મનાશેદહની વાત કરી છે કે છ માણસોએ ઉભા થઇને ગવાહી આપી.

ઇબ્ને મગાઝલીએ મનાકીબમાં અબુલ કાસીમ ફઝલ બીન મોહમ્મદ બીન અબ્દુલ્લા ઇસફહાનીથી રિવાયત કરી છે. તેઓ હિ.સ. ૪૩૪માં વાસેતાના સ્થળે

મારા ઘરે રમઝાનની વીશ તારીખે આવ્યા. તેમણે પોતાની કિતાબથી યાદ કરાવ્યું અને લખ્યું કે તેમણે મોહમ્મદ બીન અલી બીન ઉમર બીન મહદીથી રિવાયત કરી છે. તેમણે અહમદ બીન અય્યુબ તબરાનીથી તેમણે અહમદ બીન ઇબ્રાહીમ બીન કયસાની સકફી ઇસફહાનીથી તેમણે ઇસ્માઇલ બીન ઉમર બજલીથી, તેમણે મસઅર બીન કુદામ, તેમણે તલ્હા બીન મસરફથી અને તેમણે અમીરા બીન સઅદથી મેં હઝરતને મીમ્બર ઉપર મનાશેદા કરતા જોયા. બાર માણસોએ ઉભા થઇને હદીસે ગદીરની ગવાહી આપી. તેમાં અબુ સઇદ ખુઝરી, અબુ હુરયરા અને અનસ બીન માલિક પણ હતા તેની રિવાયત તારીખ બીન કસીર અને સોયુતીએ જમઉલ જવામેઅમાં કન્ઝુલ અમાલના હવાલથી લખી છે. શેખ વસાબીએ અલ ઇકતેફારમાં તબરાનીની કિતાબ અલ વુસ્તાથી નકલ કરી છે.

ફાએદા : હાફીઝ હશમીએ મજમઅ તબરાનીની રીતે સનદમાં જે તેમની કિતાબ આલ વુસ્તા અને સગીરમાંજ છે. અમીરહ બિન્તે સઅદના રહબાના મુનાશેદા અમીરા બીન સઅદના શબ્દોમાં કહ્યો છે. જે ઇબ્ને મગાઝલીથી છે. અમૂક ઇતિહાસકારોએ આ તબક્કે અમીરા બિન્તે સઅદથીજ રિવાયત કરતા આવ્યા છે. જો કે આ જાણી જોઇને કરેલી ભૂલ હતી. ખરેખર તો આ એજ હદીસ છે જે હફ્ફાઝે તબરાનીના સિલસિલાથી અમીરાથી રિવાયત કરી છે.

## (૧૬) યઅલી બીન મર્રહ બીન વહબ સકફી સહાબી :

ઇબ્ને અસીરે અસદુલ ગાબામાં અબુ નઇમ અને અબુ મુસાથી રિવાયત કરી છે. તેઓએ ઇબ્ને ઉકદાથી, તેઓએ અબ્દુલ્લા બીન ઇબ્રાહીમ બીન કયતબા, હસન બીન ઝીયાદ અમરૂ બીન સઇદ બસરી, તેઓએ યઅલી બીન મર્રહથી, તેઓએ દસ માણસોની નિશાની આપી છે. જેમાં અબુ અય્યુબ અન્સારી અને નાજેમા બીન અમરૂ ખઝાઇ પણ છે. તેની રિવાયત ઇબ્ને હજરે અસાબા અને અસદુલ ગાબામાં ચાર રીતે કરી છે. તેના શબ્દો છે.

પછી આશરે દસ માણસોએ કસમપૂર્વક ગવાહી આપી. તેમાં આમીર બીન લયલા ગફ્ફારી પણ હતા.

## (૧૭) હાની બીન હાની હમદાની કૂફી તાબેઇઃ

ઇબ્ને અસીરે અસદુલ ગાબામાં ઇબ્ને ઉકદા અબુ મુસાની સનદથી અબુ

ગમલાન, અબુ ઇસ્હાક, અમરૂદ બીન ઝીમર, ઝયદ બીન યશીઅ, સઇદ બીન વહબ અને હાની બીન હાનીથી ઇબ્ને હજરે જાણી કરીને ભૂલ ભરેલી હદીસ નકલ કરી છે જેની ખુલાસો અગાઉ આવી ગયો છે.

**(૧૮) હારેસા બીન નસીર તાબેઇ :**

ખસાએસે નેસાઇમાં યુસુફ બીન ઇસા, ફઝલ બીન મુસા, અઅમશ, તેઓએ અબુ ઇસ્હાકથી સઇદ બીન વહબનું બયાન નકલ કર્યું છે. હઝરત અલી (અ.સ.)એ રહબાના સ્થળે કસમ આપીને લોકો પાસે હદીસે ગદીરની ગવાહી માગી. મારી બાજુમાંથી છ માણસો અને હારેસા બીન નસીરે કહ્યું કે છ માણસો ઉભા થયા. ઝયદ બીન યુશીઅએ કહ્યું કે મારી પાસેથી છ માણસો ઉભા થયા અને અમરૂ બીન ઝીમરે વધુમાં કહ્યું કે રસુલ (સ.અ.વ.)એ

أَحِبَّ مَنْ أَحَبَّهُ وَ أَبْغِضْ مَنْ أَبْغَضَهُ કહ્યું હતું.

ઇબ્ને અબી અલ હદીદ શરહે નહજુલ બલાગામાં ઉસ્માન બીન સઇદથી શરીક બીન અબ્દુલ્લાનું બયાન નકલ કર્યું છે કે જ્યારે હઝરત અલી (અ.સ.)ને જાણ થઇ કે આપના તે દાવામાં કે રસુલ (સ.અ.વ.) આપને દરેક બાબતમાં સૌપ્રથમ ગણે છે અને વિશેષતા આપે છે. તેથી આપના ઉપર આક્ષેપ મૂકે છે, તો આપે રસુલ (સ.અ.વ.)ના અસ્હાબોને હદીસે ગદીરની ગવાહી આપવાની કસમ આપી ત્યારે આપની જમણી - ડાબી બાજુએથી છ છ માણસો ઉભા થયા અને ગવાહી આપી.

બુરહાનુદ્દીન જલસીએ સીરતમાં લખ્યું છે કે હઝરત અલી (અ.સ.)એ ખુત્બામાં કહ્યું કે જે માણસો ગદીરે ખુમમાં હાજર હતા તેઓએ ખુદાની કસમ આપું છું કે તેની ગવાહી આપે. તે લોકો ઉભા ન થયા જેમણે એ કહ્યું કે મને આ ખબરની જાણ થઇ છે. (માત્ર આંખે જોએલા ગવાહોજ ઉભા થઇને ગવાહી આપી.) તે સમયે સત્તર અસ્હાબો ઉભા થયા. એક રિવાયતમાં છે કે ત્રીશ અસ્હાબો ઉભા થયા. મોઅજ્જમે કબીરમાં છે કે સોળ માણસો, એક બીજી રિવાયતમાં છે કે બાર માણસો ઉભા થયા. હઝરત તેઓએ કહ્યું કે તમે જે કાંઇ સાંભળ્યું છે તે કહો. તે લોકોએ કહ્યું કે અમે

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ

અથવા

فَهٰذَا عَلِيٌّ مَوْلَاه

ઝીયાદનું બયાન છે કે મે તે પ્રસંગે ગવાહી છુપાવી તો ખુદાએ મને આંધળો કરી દીધો. કારણકે હઝરત અલી (અ.સ.)એ બદદોઆ આપી હતી.

આ રિવાયતો ઉપરાંત ઇતિહાસકારો અને હદીસકારોએ પણ આ મનાશેદાની રિવાયત કરી છે. અમે લંબાણના કારણે છોડી દઇએ છીએ.

રહબાના મનાશેદાના ગવાહોના નામો

આ ૨૪ નામો પરિશિષ્ટમાં દર્શાવવામાં આવ્યા છે.

## ખાસ નોંધ :

આપ સારી રીતે જાણો છો કે રહબાનો મુનાશેદા હિ.સ.ન ૩૫માં થયો. ગદીરે ખુમની ઘટના પછી ૨૫ વરસનો સાય વિતી ચૂક્યો હતો. તે દરમ્યાન ઘણા અસ્હાબો મૃત્યુ પામી ચૂક્યા હતા. થોડા લડાઇમાં માર્યા ગયા હતા. મોટા ભાગના જુદા જુદા શહેરોમાં વિખરાઇ ચૂક્યા હતા. ખુદ કુફા રસુલ (સ.અ.વ.)ના અસહાબોનું કેન્દ્રીય શહેર મદીનાથી ઘણું દૂર આવેલું હતું. માત્ર થોડા અસ્હાબો અમીરૂલ મોઅમેનીનની ખિલાફતના જમાનામાં હિજરત કરીને અહિં આવીને વસ્યા હતા. તેથી આ મનાશેદા એક આકસ્મિક ઘટના હતી. અગાઉથી તેની જાહેર કરવામાં આવતી તો અસંખ્ય થવાહોની ભીડ લાગી જાત. સમૂહમાં થજોડા એવા પણ હતા જેઓએ ઇર્ષ્યા અને દુશ્મનીના કારણે ગવાહી છુપાવી. આ કારણો હોવા પછી પણ અવી રીતે ગવાહીઓ આવી કે હદીસના સાતત્ય ઉપર ઘણો પ્રકાશ પડે છે. ગવાહોની સંખ્યામાં મતભેદનું કારણ એ છે કે રાવીઓએ માત્ર એ લોકોનાજ નામ આપ્યા. જેમને તેઓએ ઓળખતા હતા અથવા તેઓની તરફ ધ્યાન આપ્યું. અથવા તેઓની નજીક કે મીમ્બરની આસપાસ હતા. બાકીના તરફ ધ્યાન ન આપ્યું અથવા તો પછી માત્ર બદરી અને અનસ્તરીનેજ ગણતરીને લાયક માન્યતા. લોકોના સમૂહના શોરબકોરમાં ગવાહોનો અંદાજ કાઢવો તે

મુશ્કેલ કામ છે. અમૂક લોકોએ અમૂકની તરફ શરતચૂક કરી અને દરેકે એજ ગવાહી આપી જે તેણે જોઇ.

## અમીરૂલ મોઅમેનીન (અ.સ.)નો તલ્હા સાથે મુનાશેદા

હાફીઝ અબુ અબ્દુલ્લા હાકીમે મુસ્તદરકમાં વલીદ અને અબુ બક્ર બીન કુરયશ, હસન બીન સુફયાન, નઝીર કુફીની રિવાયત નકલ કરી છે. તે કહે છે કે અમે જમલના જંગમાં હઝરત અલી (અ.સ.)ની સાથે હતા. આપે માણસ મોકલીને તલ્હાને બોલાવ્યા અને કહ્યું : હું તમને ખુદાની કસમ આપીને પુછું છું. શું તમે રસુલ (સ.અ.વ.)નું કથન

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اللّٰهُمَّ وَالِ
مَنْ وَالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ

સાંભળ્યું છે?

તલ્હાએ કહ્યું : હા, મેં સાંભળ્યું છે.

હઝરત પુછયું : પછી મારા સાથે લડાઇ કરવા કેમ તૈયાર થઇ ગયા છો?

તલ્હા બોલ્યા : હું ભૂલી ગયો હતો. પછી લડાઇના મેદાનમાંથી ચાલ્યા ગયા.

આ જ બાબતને મસઉદીએ મરજુલ ઝહબમાં લખી છે. તેમના શબ્દો આ છે.

ઝુબયર પાછા ગયા ત્યારે અલીએ તલ્હાને મોટેથી કહ્યું : એ અબુ મોહમ્મદ! તમે કેમ લડવા માટે તૈયાર થઇ ગયા છો?

તલ્હા બોલ્યા : ઉસ્માનના ખૂનનો બદલો.

હઝરતે કહ્યું : ઉસ્માનના ખૂન માટે તો અમારાથી અને તમારાથી વધુ સઝાવાર ખુદાવંદે આલમછે. શું તમે રસુલ (સ.અ.વ.)ને કહેતા નથી સાંભળ્યા?

اَللّٰهُمَّ وَالِ مَنْ وَالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ

તમે તો સૌથી પહેલા મારી બયઅત કરી. પછી બયઅત તોડી. જો કે ખુદાવંદે આલમનું કથન છે............... અરબી............ (હવે જે આ અહદને તોડશે તો તેનો અહદ તોડવાનો વબાલ તેના શીરે રહેશે.)

તલ્હાએ કહયું : હું ખુદાની બારગાહમાં તૌબા કરૂં છું. અને પાછા ચાલ્યા ગયા.

મનાકેબે ખ્વારઝમીમાં હાકીમનીસદનથી રફાઆની તેના બાપ દાદાથી આ જ રિવાયત નકલ છે. તેમાં છે કે તલ્હા કોઇ જવાબ આપ્યા વગર મેદાનમાંથી પાછા ચાલ્યા ગયા.

આ બનાવને વધુ જ લોકોએ લખ્યો છે તે છે.

| | |
|---|---|
| તારીખે શામ | – ઇબ્ને અસાકર |
| મજમઉલ જવાએદ | – હશીમી |
| કન્ઝુલ અમા | – અલી મુત્તકી |
| અલ ઇકતેફા | – વસાબી |
| તઝકેરા | – સિબ્ત બીન ખૂજી |
| તહઝીબ | – ઇબ્ને હજર |
| જમઉલ મવાજેલ | – સોયુતી |
| શરહે મુસ્લિમ | – દશ્નાતી માલિકી |

## હદીસે રૂકબાન :

ઇમામ હનાબલા, અહમદ બીન હમ્બલ, યહ્યા બીન આદમ, હનીશ બીન હારીસ બીન લકીત નહફી, રેયાહ બીન હારીસની રિવાયત નકલ કરી છે. રહબામાં એક પ્રતિનિધિઓની જમાત હઝરત અલી (અ.સ.)ની બારગાહમાં હાજર થઇ. સૌએ કહ્યું :

السَّلام عليك يا مولانا

હઝરત કહ્યું : હું તમારો મૌલા કેવી રીતે? તમે તો અરબી છો.

તેઓએ કહ્યું : અમે ગદીરે ખુમના દિવસ રસુલ (સ.અ.વ.)નું કથન

સાંભળ્યું છે.

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ

રેયાહ કહે છે કે જ્યારે તે લોકો પાછા ચાલ્યા ગયા મેં પાછળ જઇને પુછયું: કોણ છે?. આ સદ્ગ્રસ્થો?

જવાબ મળ્યો : આ અન્સારના કબીલાના લોકો છે. તેમાં અબુ અય્યુબ અન્સારી પણ છે.

આ જ સનદથી રીયાહની રિવાયત છે. મેં હઝરત અલી (અ.સ.) પાસે અન્સારના અમુક લોકોને રહબાના સ્થળે જોયા. હઝરતે પુછયું : તમારી ઓળખ? તેઓએ જવાબ આપ્યો : અમે આપના ગુલામ છીએ.

એક બીજી રિવાયતમાં છે કે હઝરત અલી (અ.સ.) બેઠા હતા. ત્યારે એક માણસ આવ્યો ધૂળથી ભરેલો હતો તેણે હઝરતને સલામ કરી.

السَّلام عليك يا مولاي

આપે પુછયું : આ કોણ છે? જવાબ મળ્યો : હઝરત અબુ અય્યુબ અન્સારી. આપે લોકોને કહ્યું : તેઓએ જગ્યા આપો. જ્યારે તેઓએ બેસી ગયા ત્યારે અબુ અય્યુબ અન્સારીએ કહ્યું મેં ખુદ રસુલે અકરમ (સ.અ.વ.)નું કથન સાંભળ્યું છે.

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ

ઇબ્રાહીમ બીન હુસયન બીન અલી કસાઇ જે ઇબ્ને વીઝીલથી ઓળખાય છે. તેણે સીફફીનમાં યહ્યા બીન સુલયમાન જઅફી, ઇબ્ને ફઝીલ, હુસૈન બીન હકમ નખઇથી રીયાહ બની હારીસ નખઇનું બયાન નકલ કર્યું છે.

અમે લોકો હઝરત અલી (અ.સ.)ની પાસે હાજર હતા. એટલામાં અમુક લોકો ગરમીમાં લથબથ થએલા આવ્યા અને કહ્યું :

السَّلام عليك يا مولانا

આપે તેઓએ કહ્યું : શું તમે લોકો અરબ નથી? (કે તમારા મોલા હોવાનો

સ્વિકાર કરી રહ્યા છો.) તેઓએ કહ્યું : હા, અમે અરબ છીએ. પરંતુ અમે હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) પાસેથી ગદીરે ખુમના દિવસે સાંભળ્યું છે.

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اللّٰهُمَّ وَالِ مَنْ وَالَاهُ
وَعَادِ مَنْ عَادَاهُ وَانْصُرْ مَنْ نَصَرَهُ وَاخْذُلْ مَنْ خَذَلَهُ

મેં હઝરતની સામે જોયું આપ એવી રીતે હસ્યા કે દાલ દેખાઇ ગયા. પછી કહ્યું : તમે લોકો ગવાહ રહેજો. જ્યારે તે લોકો ચાલ્યા ગયા.

મેં તેઓનો પીછો કરીને એક વ્યક્તિને પૂછયું : આપ લોકો કોણ છો? તેઓએ કહ્યું : અમે અન્સાર છીએ.... અને એક સદ્ગ્રહસ્થની તરફ ઇશારો કરીને કહ્યું : આ રસુલ (સ.અ.વ.)ના સહાબી અબુ અય્યુબ અન્સારી છે. જેના ઘરમાં હિજરતના મોકા ઉપર રહ્યા હતા. મેં તેમની સાથે મુસાફેહા કર્યો.

હાફીઝ અબુ બક્ર બીન મરદવીઆએ પણ રીયાહની આજ રિવાયાત નકલ કરી છે. તેમાં એક ઉચ્ચ વ્યક્તિત્વ ધરાવતા સવારનું રહબામાં ઊંટને બેસાડીને હઝરતની સામે ચાલીને આવવું. આપને السَّلام عليك يا امير المومنين કહીને સામ કરવી અને ઉપરોક્ત સવાલ જવાબ નકલ કર્યા છે. તેમાં વધારામાં એટલું છે કે અમે રસુલ અકરમ પાસેથી સાંભળ્યું હતું કે તેઓ આપના બાવળાઓ ઉંચા કરીને કહી રહ્યા હતા.

એ લોકો! શું હું મોમીનો ઉપર તેઓના નફસોથી વધુ અખત્યાર નથી ધરાવતો? સૌએ જવાબ આપ્યો : હા, એ અલ્લાહના રસુલ! પછી આપે કહ્યું હતુંઃ યકીનથી ખુદા અમારો વલી છે અને હું તમામ મોમીનોનો વલી છું. અને અલી તે સૌના મોલ છે જેનો હું મૌલા છું. એ ખુદા! જે તેને દોસ્ત રાખે તું તેને દોસ્ત રાખજે જે તેને દુશ્મન રાખે તું તેને દુશ્મન રાખજે. તે પછીની બધી વાતો અગાઉની રિવાયતોમાં લખાઇ ચૂકી છે.

આ ઉપરાંત હબીબ બીન યસારની રિવાયત અબી રમીણાથી ચાર સવારોનું આવી જ રીતે હઝરત અલી (અ.સ.) પાસે આવ્યાનું લખ્યું છે.

ઇબ્ને અસીરે અસદુલ ગાબામાં ઇબ્ને ઉકદાની કિતાબ અલ મવાલાતના હવાલાથી અબુ મરયમ ઝર બીન હલીશની રિવાયત નકલ કરી છે કે હઝરત

અલી જેવા તેમના રૂમમાંથી બહાર આવ્યા ત્યારે થોડા સવારે તલવારોને ગળામાં પહેરીને આપની પાસે આવ્યા. તેઓએ કહ્યું :

السَّلام عليك يا امير المومنين اسلام عليك
يا مولانا رحمة الله و بركاته

હઝરતે કહ્યું : અહિં રસુલ (સ.અ.વ.)ના અસ્હાબો કેટલા છે. આ સાંભળીને બાર માણસો ઉભા થયા. જેમાં કયસ બીન સાબત બીન શમાસ. હાશીમ બીન ઉત્બાઅ, હબીબ બીન બદીલ બીન વરકા હતા. તેઓએ ઉભા થઇને. ગવાહી આપી કે રસુલ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ

તેની રિવાયત અબુ મુસા મદીનીએ પણ કરી છે. ઇબ્ને હજરે અસાબામાં ઇબ્ને ઉકદાના હવાલાથી આજ રિવાયત નકલ કરી છે. પરંતુ ગવાહોમાં હાશીમ બીન ઉત્બાનું નામ ઉડાવી દીધું છે. ખુદાના ખાસ લોકોની ઘટાડી દેવાની જુની આદત છે.

મોહિબ્બુદ્દીન તબરીએ રિયાઝુલ નફરહમાં અહમદના તરિકાથી અને હાફીઝ બગવીએ મોઅજમમાં અહમદના બીજા લખાણ મુજબ.

ઇબ્ને કસીરે તારીખમાં બે રીતથી. બે શબ્દોમાં અને સાતમાં ભાગમાં અહમદની રિવાયત શબ્દશઃ નકલ કરી છે. વધુમાં કહે કે અબુ બક્ર બીન શયબાએ હનશ અને રીયાહની રહબાવાળી રિવાયત અબુ અય્યુબ અન્સારીએ લખી છે.

આ રિવાયતને હાફીઝ હશમીએ મજમઅમાં અહમદ અવ્વલના શબ્દોમાં સાથે લખી છે. પછી કહે છે કે તેની રિવાયત અહમદ અને તબરાનીએ પણ કરી છે. તેમાં તે લોકો આ રીતે કહે છે. અમે રસુલે ખુદાને કહેતા સાંભળ્યા છે. અમે રસુલે ખુદા (સ.અ.વ.)ને કહેતા સાંભળ્યા છે

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ

અને આ રસુલ (સ.અ.વ.)ના સહાબી અબુ અય્યુબ અન્સારી આપણા લોકો વચ્ચે મૌજુદ છે. આ સાંભળીને અબુ અય્યુબ અન્સારીએ પોતાની ચહેરા ઉપરથી અમામો સરકાવ્યો અને કહ્યું : મેં રસુલ (સ.અ.વ.)ને કહેતા સાંભળ્યા છે.

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اللّٰهُمَّ وَالِ
مَنْ وَالَاهُ وَ عَادِ مَنْ عَادَاهُ

અહમદના બધા રાવીઓ વિશ્વાસનીય છે.

જમાલુદ્દીન અતાઉલ્લાહ બીન ફઝલુલલ્લાહ શીરામી અલ અરબઇન ફી મનાકેબે અમીરૂલ મોઅમેનીનમાં હદીસે ગદીરની ચર્ચા કરતા ઝર બીન હબીશની રિવાયત લખે છે.

હઝરત અલી (અ.સ.) પોતાના રૂમમાંથી બહાર આવ્યા ત્યારે થોડા સવારો ગળામાં તલવારો રાખીને નકાબ નાખીને મુસાફરીની ધૂળમાં રગદોળાએલા આપની ખિદમતમાં આવ્યા અને કહ્યું :

السّلام عليك يا امير المومنين و رحمة الله و
بركاته يا مولانا

હઝરતે સલામનો જવાબ આપીને કહ્યું : આમાંથી રસુલ (સ.અ.વ.)ના અસ્હાબ કેટલા છે? આ સાંભળીને બાર માણસો ઉભા થઇ ગયા. ખાલીદ બીન ઝયદ, અબુ અય્યુબ અન્સારી, ખુઝયના બીન સાબિત, ઝુલ શહાદતે, ક્યસ બીન સાબિત બીન શમાસ, અમ્માર બીન યાસીર અબુ હશમ બીન યતહાન, હાશીમ બીન ઉતબા બીન અબી વકાસ, હબીબ બીન બદીલ બીન વર્ફતા.

આ સૌએ ગવાહી આપી કે અમે ગદીરે ખુમના દિવસે રસુલ (સ.અ.વ.)નું કથન સાંભળ્યું છે.

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ

હઝરત અલી (અ.સ.)એ અનીસ બીન માલિક અને બર્રાઅ બીન આઝબને પુછયું : તમને લોકોને ઉભા થઇને ગવાહી આપવામાં શું વાંધો પડ્યો. તમે પણ આ લોકોની જેમ આ હદીસ સાંભળી છે. પછી હઝરતે બદદોઆ કરી : એ ખુદા! જો આ લોકોએ દુશ્મનીમાં આ ગવાહી છુપાવી છે તો તેને ઇજા આપીને પરેશાન કરી દે. તે પછી બર્રાઅની હાલત એ હતી કે જ્યારે કોઇ તેના ઘરે ખબર પૂછતા ત્યારે જવાબ આપતા કે તેના માટે ભલાઇ ક્યાં છે જેને બદદોઆએ પોતાના શકંજામાં લઇ લીધો હોય. અનસના બન્ને પગ કોઢીયા થઇ ગયા. તેના વિષે એ પણ કહેવામાં આવ્યું છે કે ગવાહી માગવાથી તેણે ભૂલી જવાનું બહાનું કાઢયું હતું. હઝરતે બદદોઆ આપી કે એ ખુદા! જો આ જુઠ્ઠો હોય તો તેને અવી સફેદીથી પરેશાન કરી દે કે તેનો અમામો પણ એ છુપાવી ન શકે. પછી તો તેના મોઢા ઉપર કોઢના ડાઘ દેખાતા હતા તે છુપાવવા માટે મોઢા ઉપર નકાબ રાખતા હતા.

અબુ ઉમર વકશીએ યાદીમાં હદીસે ગદીરના સુન્ની રાવીઓના નામો લખ્યા છે. ઉપરોક્ત હદીસે રૂકબાનની નીચે જે લોકો હઝરત અલી (અ.સ.)ના કહેવાથી ઉભા થઇ ગયા હતા તેમાં નીચે દર્શાવેલ ગવાહોના નામ છે. હઝરત બર્રાઅ અને અનસને ગવાહી ન આપવાના કારણે પૂછયા પછી બદદોઆ આપી તો બર્રાઅ આંધળા થઇ ગયા અને અનસને બનને પગામાં કોઢ થઇ ગયા. તે પછી અનસ બીન માલિકે કસમ ખાઇ લીધી હતી કે હઝરતની ફઝીલત ક્યારે પણ નહિ છુપાવું બર્રાઅને જ્યારે કોઇ તેન ઘરે ખયરીયત પૂછતા તો કહેતા : જેને બદદોઆ લાગી ગઇ હોય તેના માટે ભલાઇ કેવી?

પાછળની રિવાયતના પ્રકાશમાં રૂકબાનના દિવસે હદીસે ગદીરના ગવાહોના નામ :

૧. અબુ હશીમ યતહાન બદરી
૨. અબુ અય્યુબ ખાલિદ બીન ઝીયાદ અન્સારી
૩. હબીબ બીન બદીલ બીન ખુઝરજી
૪. ખુઝયમા બીન સાબિત ઝુલ શહાદતૈન
૫. અબ્દુલ્લા બીન બદીલ બીન વરકા (જંગે સિફ્ફીનમાં શહી થયા.)
૬. અમ્માર બીન યાસીર – વિદ્રોહીઓને કતલ કરનારા, જંગે સિફ્ફીનમાં શહીદ થયા.

૭. કયસ બીન સાબિત બીન સમાસ અન્સારી
૮. કૈસ બીન સઅદ બીન એબાદહ ખુઝરજી બદરી
૯. હાશીમ બીન મરકાલ - પરચમે બરદારે અલી (અ.સ.) - જંગે સિફ્ફીનમાં શહીદ થયા.

## ગદીરનો માર :

પાછળની હદીસે મુનાશેદામાં કેટલીય જગ્યાએ દર્શાવ્યું છે કે રહબા અને રૂકબાન બન્નેમાં થોડા રસુલ (સ.અ.વ.)ના અસ્હાબોએ ગદીરના દિવસે હાજર હોવા પછી પણ હદીસે ગદીરને ગુનેહગાર તરીકે છુપાવી. અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ તેઓને. બદદોઆ આપી. જેના ઉપર ખુદાનો માર પડ્યો તેઓના નામ આ છે.

૧. અબુ હમઝા અનસ બીન મલીક, મૃત્યુ : હિ. ૯૦ - ૯૧ - ૯૩
૨. બર્રાઅ બીન આઝાબ અનસારી, મૃત્યુ : હિ. ૭૧-૭૨
૩. જરીર બીન અબ્દુલ્લા બજલ્લી, મૃત્યુ : હિ. ૫૧-૫૪
૪. ઝયદ બીન અરકમ ખુઝરજી, મૃત્યુ : ૬૬ - ૬૭
૫. અબ્દુર્રહમાન બીન મુદલીજ
૬. યઝીદ બીન વરીઅ

## નફરીનની રિવાયત ઉપર એક નજર :

ઘણી રિવાયતોમાં અનસ બીન માલિકે ગવાહી છુપાવવાથી અઝાબમાં સપડાય જવા અને ગવાહી આપનારી રિવાયતોથી વાંચક શંકામાં પડી જાય છે. પરંતુ જો ધ્યાન આપવામાં આવે તો જણાશે કે અનસની ગવાહીવાળી રિવાયતોમાં ફેરફાર અને ખયાનત કરવામાં આવી હોય. માની લઈએ કે ફેરફાર ન પણ હોય તો તેમણે ગવાહી છુપાવવાના કારણે અઝાબમાં સપડાવવાની રિવાયતો એટલી બધી સરળતાથી અને અસંખ્ય છે કે આ ફેરફારો તેઓના ન હોઈ શકે. પછી એ કે આ બારામાં બીજા પૂરે પૂરી ગવાહીઓ પણ મૌજુદ છે.

અબુ મોહમ્મદ ઈબ્ને કયતબા મઆરેફના પાના નં. ૨૫૧ ઉપર લખે છે કે અનસ બીન માલિકના મોઢા ઉપર કોઢના ડાઘ દેખાતા હતા એક સમૂહના કહેવા મુજબ તેમને હઝરત અલી (અ.સ.)એગવાહી આપવા માટે કહ્યું. તેમણે

જવાબમાં કહ્યુ કે મારી ઉમર વધુછે. હું ભૂલી ગયો છું. હઝરત અલી (અ.સ.)એ બદદોઆ કરી. જો જૂઠ બોલો છો તો ખુદા તમને સફેદીના ડાઘમાં સપડાવી દેશે જે અમામો પણ નહિ છુપાવી શકે.

અલ્લામા અમીની ફરમાવે છે : આ છે ઇબ્ને કયતબાનું વિવરણ આ તે બુઝુર્ગ છે. જેના ઉપર ઇબ્ને અબી અલ હદીદે વિશ્વાસ મૂકીને શરહુલ નહ્જુલ બલાગાહમાં લખ્યું છે કે ઇબ્ને કયતબાએ કોઢની વાત અને હઝરત અલી (અ.સ.)ની અનસ બીન માલિક ઉપરના ફીટકારને કિતાબ મઆરૂફના બાબુલ બરસ મીન અઅયાનુલ રેજાલ માં લખ્યું છે કે ઇબ્ને કતીબાની હઝરત અલી (અ.સ.) સાથેની દુશ્મની મશહૂર છે. તેમને શીય્યત સાથે ગણતરીમાં લઇસ શકાય નહિ. આ લખાણ પૂરતી સાબિતી સૂચવે છે કે ઇબ્ને અલી અલ હદીદને લખાણની સચ્ચાઇ ઉપર વિશ્વાસ હતો. તેમણે બરસલ લખાણ સાથે સરખાવી લીધી હશે. આવી જ રીતે ઘણી વ્યક્તિઓએ મઆરૂફમાંથી આ લખાણને પોતાની કિતાબોમાં નકલ કર્યું છે. પરંતુ મીસરી પ્રકાશન, જેના વિષે આપણે સારો અભિપ્રાય ધરાવતા હતા, તેઓ શરમજનક ખયાનતથી ભરેલા જોવા મળે છે. તેઓએ તેમા આ વાક્યો પણ વધારી દીધા છે જે ઇબ્ને કતીબાએ નથી લખ્યા. અનસનો બનાવ લખ્યા પછી આ વાક્યો પણ લખ્યા છે કે અબુ મોહમ્મદ ઇબ્ને કતીબા કહે છે કે આ બનાવની કોઇ અસલીયત નથી. તે આ વાતને ભૂલી ગયા કે અસલ કિતાબ આ ખયાનતની ચાડી ખાશે અને ખયાનતનું રહસ્ય અતિશયોક્તિને હજમ નહિ કરી શકે. મઆરૂફ કિતાબના લેખકે વિષયના આજ લખાણને નકલ કર્યું છે જેને તે સાચું માનતા હતા. કિતાબમાં શરૂઆતથી અંત સુધીમાં ક્યાંય પણ એવું જોવામાં નથી આવ્યું કે એક વિષયનું શિર્ષક નક્કી કરીને તેની સચ્ચાઇની વાત કરે. અનેપછી તેને રદ કરે. આ વિચિત્રતા માત્ર આ જ બાબતમાં જોવા મળે છે. કારણકે કોઢથી પિડીત પહેલા માણનસે દર્શાવવામાં માત્ર અનસનું નામજ લખ્યું છે. પછી બીજી વ્યક્તિઓના નામો છે. આ રીતે જોતાં શું એ શક્ય છે કે લેખક કોઇ મામલાની સાબિતીમાં જેની સચ્ચાઇને જાણીને તેનું વર્ણન કરે પછી તેનો ઇન્કાર કરીને કહે છેક આ બનાવની કોઇ અસલીયત નથી?

એહમદ બીન જાબીર બલાઝરી (મૃત્યુ : હી. ૩૭૯) ઇનસાબુલ અશરાફમાં લખે છે : હઝરત અલી (અ.સ.) એ મીમ્બર ઉપર તે માણસને કે જેણે હદીસે ગદરી સાંભળી હોય તેને ઉભા થઇને ગવાહી આપવાની કસમ

આપી. અનસ બીન માલિક, બર્રાઅ બીન આઝબ, અને જરીર બીન અબ્દુલ્લા મીમ્બરની નીચે હતા. હઝરત અલી (અ.સ.)એ પોતાની કસમને ભારપૂર્વક કહી. કોઈએ પણ જવાબ ન આપ્યો. તેસમય હઝરત અલી (અ.સ.)એ બદદોઆ કરી. એ ખુદા! જે કોઇ પણ આ ગવાહીને જાણી જોઇને છુપાવે તેને દુનિયામાંથી તે સમય સુધી ન ઉઠાડતો જ્યાં સુધી કોઇસ નિશાની ન નક્કી કરે. જેનાથી તે ઓળખાઇ જાય. પરિણામે અનસ કોઢીયા બની ગયા. બર્રાઅ આંધળા થઇ ગયા જરીર ઇસ્લામની પછી અજ્ઞાનતાના મેદાનમાં ભટકતા રહ્યા. છેવટે માના ઘરમાં જહન્નમવાસી ગયા.

ઇબ્ને અલી અલ હદીદ લખે છે : મશહૂર છે કે હઝરત અલી (અ.સ.) એ રહબા, કુફામાં લોકોને કસમ આપીને જે લોકોએ રસુલ (સ.અ.વ.)ની હજ્જતુલ વિદાઅમાંથી પાછા ફરતી વખતે કહેતા સાંભળ્યા છે કે

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ

તેઓ ઉભા થઇને ગવાહી આપે. મોટા ભાગના લોકો ગવાહી આપી. પછી હઝરત અલી (અ.સ.)એ અનસને પુછયું : તેમ પણ તે દિવસે હાજર હતા. તમને શું થઇ ગયું છે? તે કહેવા લાગ્યા. અમીરૂલ મોઅમેનીન! હું વૃદ્ધ છું તેથી મોટા ભાગે ભૂલી ગયો છું. થોડી જ વાતો યાદ છે. હઝરતે કહ્યુંઃ જો તમે ખોટું બોલતા હોતો ખુદા તમને એવી સફેદી (કોઢ)માં સપડાવશે કે અમામો પણ નહિ છુપાવી શકે. આ રીતે શખ્સ મજકૂર તેના મૃત્યુ પહેલાં કોઢીયા બની ગયા.

શરહુલ નહજુલ બલાગાહના પહેલા ભાગમાં લખે છે કે બગદાદના ઉસ્તાદે મને કહ્યું કે ઘણા અસહાબો તાબેઇન, હદીસકારો હઝરત અલી (અ.સ.)ના વિરોધી હતા. તેમની ટીકા કરતા. દુનિયાના થોડા દિવસોનો લાભ મેળવવા માટે હઝરત અલી (અ.સ.)ની કારકિર્દીને છુપાવતા હતા અને તેમના દુશ્મનોની મદદ કરતા. તેઓમાં અનસ બીન મલિક પણ હતા. હઝરત અલી (અ.સ.)એ રહબામના મહેલમાં કે રહબાની જામેઅ મસ્જીદમાં લોકોને કસમ આપી કે તમારામાંથી જેણે પણ હદીસે ગદરી સાંભળી હોય તેઓ ગવાહી આપે. આ સાંભળીને બાર વ્યક્તિઓએ ઉભા થઇને ગવાહી આપી. અનસ પણ આ જ મજમામાં હતા. તે ઉભા ન થયા. હઝરત અલી (અ.સ.)એ કહ્યું : અય અનસ! તમને ઉભા થઇને ગવાહી આપવાનો શું વાંધો પડ્યો? જો કે તમે પણ ત્યાં હાજર

હતા. અનસ બોલ્યા : અય અમીરૂલ મોઅમેનીન! બુઢાપાના કારણે ભૂલી ગયો છું. હઝરતે કહ્યું : એ ખુદા! જો આ જુઠ્ઠ કહેતા હોય તોતેને સફેદી (કોઢ)માં સપડાવી દે કે અમામો પણ ન છુપાવી શકે. તલ્હા બીન અમીરનું કથન છે કે કસમ ખુદાની મેં સ્પષ્ટ રીતે તેની બન્ને આંખો વચ્ચે કોઢના દાગ જોયા હતા.

ઉસબાન બીન મોતરફ કહે છે : એક માણસે અનસ બીન માલિકને તેની જીંદગીના છેલ્લા દિવસોમાં હઝરત અલી (અ.સ.) વિષે સવાલ પુછયો : તેણે જવાબ આપ્યો : મેં રહબાની ઘટના પછી કસમ ખાધી છે કે અલીના બારામાં કોઇ પણ મને સવાલ કરશે હું તેને છુપાવીશ નહિ. અલી કયામતના દિવસે મુત્તકીએ પરહેઝગારોના ઇમામ છે. ખુદાની કસમ! મેં ખુદ રસુલે અકરમ (સ.અ.વ.)ની મોઢેથી સાંભળ્યું છે. તારીખે ઇબ્ને અસાકીરમાં લખે છે કે અહમદ બીન સાલેહ અજલીએ કહ્યું : રસુલ (સ.અ.વ.)ના અસ્હાબોમાં માત્ર બેની ઉપર અઝાબ થયો. એક તો મોઅયકબ બીન અબી ફાતેમા દવસી અઝદી અને બીજા અનસ બીન માલેક કોઢીયા અને બરસની બિમારીમાં સપડાઇ ગયા.

અબુ જઅફરનું કથન છે કે મેં અનસને જમવામાં મશગુલ જોયા. મોટા મોટા કોળીયા મોઢામાં ઠાંસી રહ્યા હતા. અને કોઢના ડાઘ દેખાતા હતા. ડાઘને છુપાવવા માટે ખલુક (કેસરનું ક્રીમ) લગાડતા હતા. અજલીની આ વાતને અબુલ હજ્જાજ મઝમીએ તેહઝીબમાં લખી છે. સય્યદ હમીરીએ ફીટકારના બનાવને કસીદા લામીયાના બે શેરોમાં અંક્તિ કર્યો છે. બાકીનો કસીદો હવે પછી આવશે.

في رده سيد كل الوري        مولاهم في المحكم المنزل

فصده ذو العرش عن رشده        رشانه بالبرص الانكل

આ અનીસનો જવાબ સરદારે કાએનાત આપ્યો જે કુરઆને કરીમમાંમોલા લકબ છે.

પછી આસમાને વાસીઓએ તેને સીધા રસ્તાથી રોકી લીધા. તેને ધૃણાસ્પદ કોઢ જાહેર થઇ ગયો. ઝાહીએ તેના કસીદામાં આ રીતે બંદીશ કરી છે

ذاك الّذي استوحش منه انس      فبادرالسا الحق فشاهد البرض

اذ قال من يشهد بالغديرلي      في بادرالسا مع و هو قد نكص

فقال انسيت فقال كاذب      سوف تري مالا تواريد القمص

(હઝરત અલી (અ.સ.)નું વ્યક્તિત્વ એ છે) જેનાથી અમસ સત્યની ગવાહીમાં ફરી ગયા. પરિણામે તે કોઢની બિમારીમાં સપડાય ગયા. જ્યારે અલી (અ.સ.)એ પુછયું મારા વિષે કોણ ગદીરની ગવાહી આપશે તે સમયે સાંભળનારા સામે આવી ગયા. પરંતુ અનસ ગવાહી આપવાથી રોકાઇ ગયા. આપે પુછયું : શું તમે ભૂલી ગયા? પછી કહ્યું : તમે જુઠા છો. નજદિકમાંજ તમે એવી બાબત જોશો કે કપડું પણ નહિ છુપાવી શકે. આ ઉપરાંત એક બીજો બનાવ પણ જોઇ લઇએ.

ખ્વારઝમીએ મનાકીબ બીા મરવીયાનું કથન છે કે હઝરત અલી (અ.સ.)એ એક માણસને કોઇ હદીસના બારામાં સવાલ કર્યો. તેણે હઝરતે જુઠલાવ્યા. આપે કહ્યું : તેં મને જેઠલાવ્યો. તેણે જવાબ આપ્યો કે મેં આપને જુઠલાવ્યા નથી. હઝરતે કહ્યું કે હું ખુદા પાસે દોઆ કરૂં છું કે જો તેં મને જુઠલાવ્યો છ તો ખુદા તને આંધળો કરી દેશે. તેણે કહ્યું : દોઆ કરો. તેસમયે હઝરતે ફીટકાર કર્યો. તે હજી રહબાથી બહાર પણ નહોતો નીકળ્યો કે આંધળો થઇ ગયો. આ રિવાયત ખ્વાજા યારસાએ ફસલુલ ખેતાબમાં ઇમામ મુસ્તગફરી ઉપરથી લખી છે આવીજ રીતે નુરૂદ્દીન અબ્દુલ રહેમાન જામીએ મુસ્તગફરીમાંથી રિવાયત કરી છે. ઇબ્ને હજરે સવાએકમાં આ વાતને અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની કરામતોના શિર્ષક હેઠળ કરી છે. વસાફીએ પણ અલ ઇકતેફામાં ઝાઝાના હાફીઝ ઉમર બીન મોહમ્મદ મેલાઇની સીરત ઉપરથી રિવાયત કરી છે. બીજી પણ અનેક વ્યક્તિઓએ તેને નકલ કરી છે.

## અમીરૂલ મોઅમેનીનનો મનાશેદો સિફ્ફિનમાં

બુઝુર્ગ તાબેઇ અબુ સાદિક સલીમ બીન કયસ હિલાલી તેની કિતાબમાં લખે છે : સિફ્ફિનના મોકા ઉપર હઝરત અલી (અ.સ.) પોતાના સિપાહીઓની વચ્ચે

મીમ્બર .પર ગયા. અને બીજા લોકોની ભીડ જામી ગઇ. ત્યાં હાજર રહેલા લોકોમાં મોહાજેરીન અને અનસારના લોકો પણ હતા. આપે ખુદાના હમ્દો સના પછી કહ્યું : લોકો! મારા અંગત ફઝાએલ અને ભલાઇઓ ગણતરી બહાર છે. પછી એ કે ખુદાવંદે આલમે પોતાની કિતાબમાં આયતો ઉતારી. રસુલ (સ.અ.વ.)એ હદીસો ફરમાવી. આ ફઝાએલ અને કારકિર્દી જરૂરતથી વધુ છે. આપ સૌ જાણો છો કે ખુદાવંદે આલમને કુરઆનમાં પહેલાને પાછળના ઉપર ફઝીલત આપવામાં આવી છે અને ઉમ્મતનો કોઇ પણ માણસ આ સિલસિલામાં મારી પાસેથી બાજી નથી લઇ ગયો.

સૌ એ કહ્યું : હા.

આપે કહ્યું : હું આપ સૌને કસમ આપું છું કે જયારે આયત

السَّابقون اولئك المقّربون

વિષે સવાલ કરવામાં આવ્યો તયારે શું રસુલ (સ.અ.વ.)એ આ નહોતું કહ્યું કે ખુદાએ આ આયત નબીઓ અને વસીઓ વિષે ઉતરી છે અને હું તમામ નબીઓથી અફઝલ છું મારા વસી અલી બીન અબી તાલિબ તમામ વસીઓથી અફઝલ છે.

આ સાંભળી લગભગ સિત્તેર મોહાજેરીન અને અનસારોના બુઝુર્ગ અસહાબોએ ઉભા થઇને પોતાના કાનોએ સાંભળવાનો ગવાહી આપી. તેમાં અબ્દુલ હશીમ બીન યતહાન, ખાલીદ બીન ઝયદ, અબુ અય્યુબ અન્સારી અને મોહાજેરીનમાં અમ્માર યાસીર હતા.

હઝરત કહ્યું : હું તમને કસમ આપું છું કે ઉલુલ અમ્રની આયત, વિલાયતની આયત અને વલીજાની આયત વિષે લોકોએ રસુલ (સ.અ.વ.)ને પુછયું કે ખાસ મોમીન માટે ઉતરી છે કે તેનો નિર્દેશ તમામ મોમીન છે. પરિણામે ખુદાએ પયગમ્બરને વિલાયતની તફસીર અને તબ્લીગનો એવી જ રીતે હુકમ આપ્યો જેવી રીતે નમાઝ, રોઝા, હજ, ઝકાતની તબ્લીગનો હુકમ આપ્યો હતો.

પછી આપે મારી વિલાયત નક્કી કરીને ગદીરે ખુમમાં કહ્યુ કે ખુદાએ મને એક એવા સંદેશની તાકીદ કરીછે કે મારી છાતી ભીંસાઇ રહી છે. મને શંકા છે કે લોકો મને જુઠલાવશે. પરંતુ ખુદાની સખત તાકીદ છે કે કોઇપણ સ્થિતિમાં હુકમ

પહોંચાડી દો નહિ તો અઝાબ આપીશ. મને કહ્યું : એ અલી ઉભા થઇ જાવ. પછી લોકોને સામૂહિક સલવાતની બાંગ પોકાવરાવી. અને ઝોહરની નમાઝ અદા કરી. પછી કહ્યું : યકીનથી ખુદા મારા મૌલા છે. અને હું તમામ મોમીનોનો મૌલા છું. તેઓના નફસો ઉપર તેઓનાથી વધુ અખત્યાર ધરાવું છું. જેનો હું મૌલા છું તેના અલી મૌલા છે. એ ખુદા! જે તેમની સાથે મોહબ્બત કરે, તું પણ તેની સાથે મોહબ્બત કર. જે દુશ્મની કરે તું પણ તેનો દુશ્મન થઇ જા. જે મદદ કરે, તું પણ તેની મદદ કર જે તેમને છોડી દે તું પણ તેને છોડી દે. સલમાને ઉભા થઇને પુછયું : એ રસુલુલ્લાહે આ વિલાયત કેવી છે? આપ જવાબ આપ્યો : જેવી વિલાયત મારીછે. જેના નફસો ઉપર હું અખત્યા ધરાવું છું આ અલી પણ તેના નફસ ઉપર અખત્યાર ધરાવે છે. તે સમયે ખુદાએ આયત ઉતારી છે આજે તમારે માટે દીન સંપૂર્ણ (કામીલ) કરી દીધો. તમારા ઉપર નેઅમત પૂરી કરી દીધી. અને દીને ઇસ્લામથી રાજી થઇ ગયો.

આ સાંભળીને બાર બદરી અસ્હાબો ઉભા થયા. તેઓએ ગવાહીઆપી કે અમે રસુલે ખુદા (સ.અ.વ.)ને આવીજ રીતે સાંભળ્યા છે. આપે કહ્યું : આ કિસ્સો લાંબો અને અસંખ્ય ફાયદાઓ ઉપર આધારિત છે.

## સિદ્દીકા ફાતેમા (સ.અ.)ની હુજ્જત :

જુઝરીએ ઇસ્નીયુલ મતાલીબ ફી મનાકેબે અલીમાં લખ્યું છે કે આ હદીસે ગદીર સુંદર અને સૌથીવધુ અજબ સનદ અમારા ઉસ્તાદ ખાતેમુલ હફ્ફાઝ અબુ બક્ર મોહમ્મદ બીન અબ્દુલ્લા બીન મોહિબ બીન મુકદ્દસીની છે. તેમણે ઇમામ મોહમ્મદ ઝયનબ બિન્તે અહમદ બીન અબ્દુલ રહીમ મુકદ્દસીયા, અબુલ મુઝફ્ફર બીન ફતયાન મીસની, અબુ મુસા મોહમ્મદ બીન અબુ બક્ર હાફીઝ ઇબ્ને અમ્મા કાઝી અબુલ કાસીમ અબ્દુલ વાહીદ મદની ઝફર અલી દાઇ અલવી, અબુ અહમદ બીન મુતર્રફ, અબુ સઇદ અદરીસી, મોહમ્મદ બીન મોહમ્મદ બીન હસન, હારૂન રશીદના દિકરા, અબુલ હસન મોહમ્મદ બીન જઅફર હલવાની, અલી બીન મોહમ્મદ બીન જઅફર અહવાઝી હારૂનના ગુલામ, બક્ર બીન અહમદ કસરી, ફાતેમા, ઝયનબ અને ઉમ્મે કુલસુમા, ઇમામ મુસા (અ.સ.) બીન જઅફર, ફાતેમા બિન્તે જઅફર બિન મોહમ્મદ સાદિક (અ.સ.) ફાતેમા બિન્તે મોહમ્મદ બિન અલી, ફાતેમા બિન્તે અલી બીન હુસેન (અ.સ.), ફાતેમા

અને સુકયના હુસૈન (અ.સ.)ની દિકરીઓ, ઉમ્મમે કુલસુમ બિન્તે ફાતેમા બિન્તે નબી (સ.અ.વ.) ફાતેમા બિન્તે રસુલે ખુદા (સ.અ.વ.)એ કહ્યું :

શું તમે ભૂલી ગયા ગદીરે ખુમમાં ઈરશાદે રસુલ

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ

અને આપનું એ કથન કે એ અલી! તમારો મારી સાથે એ જ સંબંધ છે જે હારૂનનો મુસાથી હતો.

બુઝુર્ગ હાફીઝ અબુ મુસા મદનીએ તેની કિતાબ અલ મુસલસલ બીલ અસમાઅ માં આ દર્શાવીને કહ્યું છે કે એક હયસીયતથી આ હદીસ. સિલસિલાબંધ છે. તે એવી રીતે કે પાંચ ખાતૂનો પોતાના ભાઇની બહેન છે. જેમણે પોતાની ફૂઇથી રિવાયત કરી છે.

## સિબ્તે અકબરની લલકાર :

હાફીઝ બિન ઉકદાએ સૂચિત કર્યું છે કે ઈમામ હસન (અ.સ.)એ મોઆવીયા સાથે સુલેહ કર્યા પછી ખુત્બામાં કહ્યું :

અમે અહલેબયતને ખુદાએ ઈસ્લામ થકી નિમણુંક આપી છે. અમારી નિમણુંક અને પસંદગી કરીને અમને દરેક પ્રકારની નજાસતથી દૂર કર્યા અને અમને સારી રીતે પાક કર્યા. આદમથી લઇને અમજદ મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) સુધી જો લોકોના બે સમૂહોમાં પણ થાય તો અમને શ્રેષ્ઠ સમૂહમાં મૂકયા. જ્યારે ખુદાએ મોહમ્મદ (સ.અ.વ.)ને નબુવ્વતના માટે બિરાજમાન અને રિસાલતના માટે ચૂંટી કાઢ્યા ત્યારે તેમના ઉપર કિતાબ ઉતારી અને લોકોને દાવત આપવાનો હુકમ કર્યો. તે સમયે મારા માનનીય પિતાએખુદા અને રસુલ (સ.અ.વ.)ની દાવત ઉપર લબ્બયક કહ્યું સૌથી પહેલા ઈમાન લાવ્યા અને ગવાહી આપી તેમના વિષે કુરઆનમાં આ આયત છે.

اَفَمَنْ كَانَ عَلٰى بَيِّنَةٍ مِّنْ رَّبِّهٖ وَيَتْلُوْهُ شَاهِدٌ مِّنْهُ

આ આયતમાં રબની દલીલ મારા જદ અને તેમના ગવાહ મારા માનનીય પિતા છે. પછી આપે ફરમાવ્યું : આ કોમે મારા નાનાનું આ કથન સાંભળ્યું છે કે

કોઇ પણ કોમે વધુ સારા વિદ્વાનને છોડીને કોઇને પોતાના વલી બનાવ્યા તો તેના કામો પડતીની તરફ ચાલ્યા જશે. એટલે સુધી કે ફરી તે તેનીજ તરફ મોઢું ફેરવે કે જેને છોડી દીધા હતા. આ કોમે મારા જદનું આ કથન પણ સાંભળ્યું છે કે જે મારા પિતા માટે કહ્યું છે. તમને મારી સાથે એજ નિસ્બત છે જે હારૂનને મુસા સાથે હતી. પરંતુ મારા પછી કોઇ નબી ન હશે.

તેઓએ જોયું છે અને સાંભળ્યું છે કેખુદાએ ગદીરે ખુમમાં મારા પિતાનો હાથ પકડીને કહ્યું :

أَنْتَ مِنِّي بِمَنْزِلَةِ هَارُونَ مِنْ مُوسَى

પછી હઝરત રસુલ (સ.અ.વ.)એ લોકોને તાકીદ કરી કે અહિં હાજર રહેલા લોકો ગેરહાજર લોકો સુધી મારો સંદેશો પહોંચાડી દે.

હુજ્જતથી ભરપુર આ ખુત્બો કન્દુઝીની નેયાબેઉલ મોવદ્દતમાં પણ છે.

## ફરઝન્દે રસુલ ઇમામ હુસૈન (અ.સ.)નો મનાશેદા

બુઝુર્ગ તાલેઇ અબુ સાદિક સલીમ બીન કયસ હીલાલીએ તેની કિતાબ અલીના શીયાઓ ઉપર મોઆવીયાની સખ્તાઇ અને તેઓની હુજ્જતની વિસ્તૃત છણાવટ કરી છે. અમીરૂલ મોઅમેનીનની શહાદત પછીની પરિસ્થિતિની વિગત આ રીતે લખી છે.

મોઆવીયાના મૃત્યુના બે વરસ પહેલાં ઇમામ હુસૈન (અ.સ.)એ હજ્જે બયતુલ્લાહનો ઇરાદો કર્યો. આપની સાથે અબ્દુલ્લા બીન અબ્બાસ અને અબ્દુલ્લા બીન જઅફર પણ હતા. આ મોકા ઉપર ઇમામે બની હાશીમના સ્ત્રી પુરૂષો, હાજી અને ગેર હાજી દોસ્તદાર શીયાઓ ઉપરાંત મઅરેફત ધરાવતા અન્સાર જે અસ્હાબો અને તાબેઇનમાં ઇબાદત કરનારા અને નેકીઓથી ભરપુર હતા. સૌનો ભેગા કર્યા. મીનાના મેદાનમાં લગભગ સાતસો માણસોમાં સન્માનનીય તાબેઇનની ખાસ્સી મોટી સંખ્યા હતી. અને આશરે બસ્સો રસુલ (સ.અ.વ.)ના અસ્હાબ પણ હતા. તેઓની વચ્ચે ઉભા થઇને. અલ્લાહની પ્રશંષા અને વખાણ પછી કહ્યું :

અમ્મા બાદ આ બદકાર અને માથા ભારે (મોઆવીયા)એ આપણા

શીયાઓ સાથે જે વરતાવ કર્યો છે તે તેમે જાણો  છો. તમે જોયું છે. અને જાણ્યું છે. તમારી પાસે ખબરો પણ પહોંચે છે. હું તમને થોડાં સવાલો કરવા માગું છું. જો મારી વાત સાચી હોય તો ટેકો આપશો, ખોટું કહું તો જુઠલાવી નાખશો. ધ્યાનથી સાંભળો અને લખી લો. પછી તમે તમારા વતન પાછા જવા અને ત્યાં જેને લાયક અને ભરોસાપાત્ર ગણો તેને અમારા હકોની તરફ દાવત આપો અને જે કાંઇ તમે જાણો તે કહો. કારણકે મને એ ભય છે કે ક્યાંક આ હક પાયમાલ અને હડપ ન થઇ જાય. જો કે ખુદા પોતાના નૂરને પૂરૂં કરીને રહેશે. પછી ભલે કાફરો સ્વિકારે પણ નહિ.

આ પ્રસંગે ઇમામે પોતાના બારામાં ઉતરેલી આયતની તિલાવત અને તેની તફસીર બયાન કરી. રસુલે ખુદા (સ.અ.વ.)એ આપના માનનીય પિતા, માતા અને આપ. વધુમાં આપે અહલેબયતના બારામાં જે કાંઇ કહ્યું હતું તે જણઘાવ્યું આપની તકરીમ દરમ્યાન વારંવાર અસહાબો કહી રહ્યા હતા. ખુદા ગવાહ બિલ્કુલ સાચું છે. છેલ્લી હદીસ

આ તકરીરમાં ફઝાએલની સિલસિલા બંધ સનદો છે. અસલની તરફ રજુ કરવામાં આવે.

## મોઆવીયા સાથે અબ્દુલ્લા બિન જઅફરની હુજ્જત :

અબ્દુલ્લા બીન જઅફર બીન અબી તાલિબનું કથન છે કે હું ઇમામ હસન (અ.સ.) અને ઇમામ હુસૈન (અ.સ.)ની સાથે મોઆવીયાની પાસે હાજર હતો. ત્યાં અબ્દુલ્લા બીન અબબસ અને ફઝલ પણ હતા. મોઆવીયા મારી તરફ જોઇને બોલ્યો :

તમે હસન અને હુસૈનને ઘણું માન આપો છો. જો કે ન તેઓ તમારાથી બહેતર છે ન તેઓના બાપ જો રસુલ (સ.અ.વ.)ની દિકરી ફાતેમા (સ.અ.) નહોતી તો હું કહેતો તમારી મા અસમા બિન્તે અમીથી તે પણ બહેતર નથી.

મેં કહ્યું : ખુદાની કસમ! તમારી જાણકારી આ અને તેઓના માતા પિતાના બારામાં ઘણી ઓછી છે. ખુદાનીકસમ, આ બન્ને મારાથી બહેતર છે. તેઓના માતા પિતા મારા માતા - પિતાજી બહેતર છે. એ મોઆવીયા! જે કાંઇ મેં તેઓના વિશે અને તેઓના માતા - પિતા વિશે રસુલે ખુદા (સ.અ.વ.) પાસેથી સાંભળ્યું છે અને યાદશક્તિમાં સાચવી રાખ્યું છે તેનાથી તમે સંપૂર્ણ રીતે અજાણ છો.

મોઆવીયાએ કહ્યું : સારૂં, તો તે બધું કહો : તમે ન જુઠ્ઠા છે ન તમારી ઉપર તોહમત મૂકી શકાય તેમ છે.

મેં કહ્યું : મારા વિચારો તમારા વિચાર કરતા ઘણા ઉંચા હશે.

મોઆવીયાએ કહ્યું : ઠીક છે. ભલે તે ઓહદ અને હિરાથી પણ ઉંચા હોય. અત્યારે તો ખુદાએ તેમને કતલ કરી નાખ્યા અને તમારી જમાતને પરેશાન કરી દીધ. ખિલાફતને તેના હકદાર સુધી પહોંચાડી. ફઝીલતનું વર્ણન કરવામાં કાંઇ વાંધો નથી. મને નુકશાન નહિ થાય.

મેં કહ્યું : જ્યારે આ આયત

وَمَا جَعَلْنَا الرُّءْيَا الَّتِيْٓ اَرَيْنٰكَ اِلَّا فِتْنَةً لِّلنَّاسِ
وَالشَّجَرَةَ الْمَلْعُوْنَةَ فِي الْقُرْاٰنِ

અને વંશાવળીને જેના ઉપર કુરઆનમાં લઅનત કરવામાં આવી છે. લોકોના માટે ફીત્નો ગણ્યો છે. લોકોએ પૂછવાથી રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું : મેં સપનામાં મારા મીમ્બર ઉપર ગુમરાહીના સરદારોને ચડતા ઉતરતા જોયાં. અને ઉમ્મતને ઉલ્ટા પગે સઇ કરતા જોયા. મેં રસુલલ્લાહ (સ.અ.વ.)ને કહેતા સાંભળ્યા કે તેઓ અબુલ આસના દિકરા છે. જ્યારે તેઓની સંખ્યા પંદર સુધી પહોંચી જશે ત્યારે ખુદાની કિતાબમાં સુધારા વધારા ખુદાની બંદાઓને ગુલામ અનેખુદાના માલને વ્યક્તિગત મિલ્કત ગણવા લાગશે.

એ ઓઆવીયા : મેં રસુલ (સ.અ.વ.)ને કહેતા સાંભળ્યા છે. તે મિમ્બર ઉપર હતા અને હું તેના પગ પાસે હાજર હતા. મિમ્બરની ામે ઉમર બીન અબી સલમા, અસામા બીન ઝયદ, સઅદ બીન અબી વકાસ, સલમાન ફારસી, અબુઝર મીકદાર અને ઝુબયર બીન અલ અવામ પણ હતા. હઝરતે કહ્યું : શું હું મોમીનોના નફસો ઉપર તેમનાથી વધુ અખત્યાર નથી ધરાવતો. સૌએ કહ્યું : યકીનથી છે. પછી કહ્યું : مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ તેના નફસ ઉપર તેનાથી વધુ અખત્યાર છું. અને અલીના બાવળા ઉપર હાથ માર્યો અને કહ્યું اَللّٰهُمَّ وَالِ مَنْ وَالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ એ લોકો! હું મોઅમીનો ઉપર તેઓના નફસો કરતા વધુ અખત્યાર ધરાવું છું. મોમીનો ઉપર માત્ર આજ મારો

હુકુમ છે. તેમના પછી મારા દિકરા હસનનો મોમીનો ઉપર બહેતર અખત્યાર છે. અને મોમીનો ઉપર માત્ર આજ તેનો હુકમ છે.

ફરી વખત લોકોને સંબોધીને કહ્યું : જ્યારે હું દુનિયાથી રૂખસ્ત થગઇ જાવ ત્યારે અલી તમારા નફસો ઉપર કુલ મુખત્યાર હશે. જ્યારે અલી દુનિયાથી રૂખસત થશે ત્યારે મારા દિકરા હસન માલિક અને મુખ્તાર છે. હસનની પછી મારા દિકરા હુસૈન માલિક અને મુખ્તાર છે.

અંતમા અબ્દુલ્લાનું કથન છે. મોઆવીયા કહેવા લાગ્યા કે જઅફરના ફરઝંદ! તમો મોટી વાત કહી દીધી. જો તમારી વાત સાચી છે તો તમારા ખાનદાનવાળાઓની સિવાય બધા હલાક થઇ ગયા ન મોહાજીર બાકી વધ્યા ન અન્સાર. મેં કહ્યું : ખુદાની કસમ! જે કાંઇ મેં કહ્યું તે બનાવની મુજબ અને સાચું છે. મેં ખુદ રસુલ પાસેથી સાંભળ્યું છે.

મોઆવીયાએ ઈમામ હસન, ઈમામે હુસૈન (અ.સ.) ઉપરાંત અબ્દુલ્લા બીન અબ્બાસ તરફ મોઢું ફેરવીને કહ્યું : જઅફરના ફરઝન્દ શું કહી રહ્યા છે.

ઇબ્ને અબ્બાસે જવાબ આપ્યો. જો તમને તેમના કહેવા ઉપર ઈમાનથી તો તેમણેજે લોકોના નામ લીધા છે. તેઓને પૂછી લો.

મોઆવીયાએ ઉમર બીન સલમા અને ઓસામાની પાસે માણસ મોકલ્યો તો તેઓએ ગવાહી આપી કે જઅફરના ફરઝન્દે જે કાંઇ કહ્યું તે અમે લોકોએ ખુદ પણ સાંભળ્યું છે.

અંતમાં અબ્દુલ્લા બીન જઅફરે કહ્યું : આપણા રસુલ (સ.અ.વ.)એ યકીનથી વધુ સારી વ્યક્તિને ગદીરે ખુમમાં અને બીજા પ્રસંગોએ ઉમ્મતની હિદાયત માટે નિમણુંક કરી. તેમના ઉપર હુજ્જત કાયમ કરી. તેઓની તાબેદારી માટે હુકમ આવ્યો. તેઓને સમજાવી દીધા કે અલીની નિસ્બત રસુલ (સ.અ.વ.) સાથે એજ છે જે હારૂનને મુસા સાથે હતો. અને એ કે રસુલ (સ.અ.વ.)ની પછી તમામ મોઅમીનોના વલી છે. ઉચ્ચતર આંધિપત્ય ધરાવે છે. રસુલ (સ.અ.વ.)ની જેમ અલી રસુલ (સ.અ.વ.)ના વારસદાર છે. તેમના વસી છે. તેમની તાબેદારી ખુદાની તાબેદારી તેમની નાફરમાની ખુદાની નાફરમાનીછે. તેમની દોસ્તી ખુદાની દોસ્તી છે. તેમની સાથે દુશ્મની ખુદા સાથે દુશ્મની છે. આખર હદીસ સુધી અસંખ્ય કિમતી ફાયદાઓ ઉપર આધારિત છે. (કિતાબુસ્સલીમ)

## બુર્દ અમરૂ આસને હંફાવ્યો.

ઈબ્ને કતયબાઅ ઈમામતવ સિયાસતમાં લખે છે ઈતિહાસકારોનું કથન છે કે હમદાનનો એક બુદ નામે જવાન મોઆવીયાની પાસે આવ્યો ત્યારે અમરૂ આસ અલીની બુરાઈ કરી રહ્યો હતો ઉમર વ આસને બુર્દે પુછયું. અમારા બુઝુર્ગોએ રસુલે ખુદા (સ.અ.વ.) પાસેથી સાંભળ્યું છે

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ આ હદીસ ખોટી છે કે સાચી?

અમરૂએ કહ્યું : સાચી છે તમે જે સાંભળ્યું છે. તમે જે સાંભળ્યું છે તેનાથી વધુ સાંભળી લો જેટલા ફઝોઅલ અલીના છે તેટલા કો સહાબીના નથી. હાય! તે જવાને ચીસ પાડી.

અમરૂ બોલ્યોઃ પરંતુ અલીને ઉસ્માનને કતલ કરીને બધા ફઝોઅલ માટીમાં મેળવી દીધા.

બુર્દે કહ્યું : અલીએ ઉસમાનના કતલનો હુકમ આપ્યો હતો કે ખુદે કતલ કર્યા હતા?

અમરૂએ કહ્યું : આ બધું કાંઈ નહિ. પરંતુ તેમણે કાતીલોને રક્ષણ આપ્યું હતું અને બદલો લેવામાં રૂકાવટ કરી હતી.

બુર્દે કહ્યું : તેમ છતાં લોકોએ તેમની બયઅત કરી. અમરૂએ કહ્યું : હા.

બુર્દે પુછયું : પછી તમે બયઅત શા માટે તોડી નાખી?

અમરૂએ કહ્યું : હા તેમને ઉસ્માનની કતલમાં તોહમદાર સમજતો હતો.

બુર્દે કહ્યું : તમારા ઉપર પણ એજ તોહમત લાગુ પડે છે.

અમરૂએ કહ્યું : તમે સાચું કહો છો. એટલાજ માટે હું ફીલીસ્તીન ચાલ્યો ગયો હતો.

જ્યારે તે જવાન પોતાના કોમ કબીલામાં પહોંચ્યો. ત્યારે લોકોને કહ્યું :

હું એવા માણસો પાસેથી આવી રહ્યો છું કે ખુદ તેઓની વાતો ઉપરથી હુજ્જત કાયમ થઈ જાય છે કે અલી હક ઉપર છે. તેમની તાબેદારી કરો.

## અમરૂ આસની મોઆવીયા સાથે હુજ્જત

ખાતીબ ખ્વરઝમીએ મનાકીબમાં મોઆવીયા અને અમરૂના પત્રો નકલ કર્યા છે. મોઆવીયાએ અમરૂ આસને જંગે સિફ્ફીનમાં પોતાની મદદ કરવા માટે ઈચ્છા કરી. અમરૂએ જવાબ આ વાક્યો લખ્યા.

તમે અબ્દુલ હસન, બિરાદર અને રસુલ (સ.અ.વ.)ના વસીની સામે જે બગાવત અને હદ (સજા)ની નિસ્બત આપી અને સહાબાને જુઠ્ઠા અને ઉસ્માનના કતલના જવાબદાર ઠરાવ્યા છે. આ બધી વાતો જુઠ્ઠી અને ગુમરાહી ઉપર આધારિત છે. શું તમે નથી જાણતા કે અબુલ હસને રસુલ (સ.અ.વ.) ઉપર જાન ફીદા કરી દીધી. શબે હિજરત રસુલ (સ.અ.વ.)ના બિસ્તર ઉપર સુતા તે હિજરત અને ઈસ્લામમાં પહેલા છે. રસુલ (સ.અ.વ.)એ તેમના માટે કહ્યું છે કે તે મારાથી છે અને હું તેમનાથી છું અને મારી સાથે એજ નિસ્બત છે જે મુસાને હારૂન સાથે હતી. પરંતુ એ કે મારા પછી નબી નથી. તેમના બારામાં ગદીરે ખુમમાં રસુલ (સ.અ.વ.)એ જાહેર કર્યું.

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اللّٰهُمَّ وَالِ
مَنْ وَالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ وَانْصُرْ مَنْ نَصَرَهُ

## અમ્મારે યાસીરની હુજ્જત :

નસર બીન મઝાહીમ કિતાબ સિફ્ફિનમાં અમ્માર યાસીરની એક લાંબી તકરીર લખે છે. આપે સિફ્ફિનના દિવસે અમરૂ આસને આ રીતે સંબોધન કર્યું.

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ મને બયઅત તોડવાવાળાઓ સાથે જંગનો હુકમ આપ્યો, જે અમે કરી ચૂક્યા મને કાસેતીન (હકથી દૂરી જનારા) સાથે જંગ કરવાનો હુકમ આપ્યો. જે તમે લોકો છો. હવે મારેકીન (દીનથી નીકળી જનારા) બાકી રહી ગયા છે. હું નથી જાણતો કે તેઓને મળી શકીશ કે નહિ.

એ મકતુઉલ નસ્લ! (વંશને કાપી નાખનાર) શું તું નથી જાણ તો કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.) માટે ફરમાવ્યું :

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اللّٰهُمَّ وَالِ
مَنْ وَالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ وَانْصُرْ مَنْ نَصَرَهُ

મારા મૌલા તો ખુદા અને રસુલ છે. અને તેમના પછી અલી (અ.સ.) છે. તારો કોઇ મૌલા નથી. અમરૂએ જવાબમાં લખ્યું : એ અબુ યકઝાન (અમ્મારની કુન્નીયત) મને અપમાનિત ન કરો. બાકીની વાતો અમરૂ આસના વર્ણનમાં આવશે. આ શર્હે નહજુલ બલાગાહમાં અબી અલ હદીદે પણ લખ્યું છે.

## ઈસબગ બીન નબાતાની હુજ્જત :

અમીરૂલ મોઅમેનીન (અ.સ.) સિફ્ફિનના જમાનામાં મોઆવીયા પત્ર લખીને અસબગની સાથે રવાના કર્યો. અસબગનું કથન છે કે મોઆવીયા ચામડાના ટૂકડા ઉપર બેઠો હતો. બે લીલા રંગના તકીયા લાગેલા હતા. જમણી બાજુએ અમરૂ આસ, હુશબ અને ઝુલકલામ હતા. ડાબી બાજુએ તેનો ભાઇ ઉતબા, અબ્દુલ્લા બીન આમીર બીન કરીઝ (કુરઆનની નસથી ફાસીક) ઇબ્ને અકલા, અબ્દુલ રહેમાન, ઇબ્ને ખાલીદ, શેરજીલ, ઇબ્ને સમત અને તેની સામે અબુ હુરયરા, અબુ વરદા અને નોઅમાન બીન બશીર અને અબુ અમામા આજુબાજુ બેઠા હતા. મોઆવીયાએ પત્ર વાંચીને કહ્યું : અલી ઉસ્માનના કાતીલોને અમારા હવલો નહિ કરે.

અસબગે કહ્યું : એ મોઆવીયા! ઉસ્માનના ખૂનનું બહાનું ન શોધો. તમે હુકુમત અને સત્તાના ઇચ્છુક છો. જો તમે ચાહતા તો ઉસ્માનની જીંદગીમાં તેને મદદ કરી શકતા હતા. પરંતુ તમે તો તેના કત્લ થવાની રાહ જોઇ રહ્યા હતા. જેથી આ મામલાને હુકુમત મેળવવાનો વસીલો બનાવી શકો. મોઆવીયા મારી વાત સાંભળીને લાલચોળ અંગાર જેવો થઇ ગયો. મેં વિચાર્યું કે તેનો ગુસ્સા વધુ ભડકે તેથી અબુ હુરેસની સામે જોઇને મેં કહ્યું :

એ રસુલના સહાબી! હું તમને એજાતની કસમ આપું છું જેની સિવાય કોઇ ખુદા નથી. તમે મને કહો કે શું તમે ગદીરમાં હાજર હતા?

તેમણે કહ્યું : હા હું હાજર હતો.

મેં પુછયું : પછી તમેઅલી (અ.સ.) વિષે તયાં શું સાંભળ્યું ?

તેમણે કહ્યું : મેં રસુલ (સ.અ.વ.) પાસેથી સાંભળ્યું :

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ

એ ખુદા! જે તેને દોસ્ત રાખે તેનાથી દોસ્તી કર. જે તેન દુશ્મન ગણે તેને દુશ્મન રાખ. જે તેની મદદ કરે તું પણ તેની મદદ કર. જે તેને છોડી દે તું પણ તેને છોડી દે.

મેં કહ્યું : એ અબુ હુરયરા! અત્યારે તો તમારી એ હાલત છે કે તમેના દુશ્મનો સાથે તમે દોસ્તી બાંધી છે. અને તેમના દોસ્તોને દુશ્મન બનાવ્યા છે.

આ સાંભળીને અબુ હુરેરાએ લાંબો નિશ્વાસ નાખીને કહ્યું :

إِنَّا لِلَّهِ وَإِنَّا إِلَيْهِ رَاجِعُونَ

આ રિવાયત હનફીએ મનાકેબ અને ઇબ્ને જુઝીએ તઝકેરામાં લખી છે.

## એક જવાને અબુ હુરયરાને હંફાવ્યો

હાફી અબુ યઅલી મુસલી અને હાફીઝ તબરીએ પોતાની સનદોથી લખ્યું છે કે

અબુ હુરયરા મસ્જીદમાં દાખલ થયા ત્યારે લોકો તેની આજુબાજુમાં ભેગા થઇ ગયા. એક જવાન ઉભો થયો અને બોલ્યો : હું તમને ખુદાની કસમ આપીને પુછું છું કે શું તમે રસુલ (સ.અ.વ.)નું કથન સાંભળ્યું છે

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اللَّهُمَّ وَالِ
مَنْ وَالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ

અબુ હુરયરાએ કહ્યું : હું ગવાહી આપું છું મેં આ કથન સાંભળ્યું છે. તેની રિવાયત અબુ બક્ર હશીમીએ મજમઅમાં બે સનદોની અને સચ્ચાઇ અને વિશ્વસનીય રીતે કરી છે. વધુમાં ઇબ્ને કસીર અને ઇબ્ને જરીર તબરીએ પણ કરી

છે.

ઇબ્ને અલી અલ હદીદે સુફયાન સૂરી, અબ્દુલ રહેમાન બીન કાસીમ, ઉમર બીન અબ્દુલ ગફારની સનદથી લખ્યું છે કે જયારે મોઆવીયા સાથે અબુ હુરયરા કૂફા આવ્યા ત્યારે ઘણી વખતે રાતોમાં બાબે કુન્દહ ઉપર ભટકયા કરતા હતા. લોકો તેઓની આજુ બાજુ ભેગા થઇ જતા હતા. એક દિવસ કુફાના એક જવાને તેઓને પુછયું : હું આપને ખુદાની કસમ આપીને પુછું છું કે હઝરત અલી (અ.સ.) વિષે હઝરત રસુલ (સ.અ.વ.) પાસેથી આ કથન સાંભળ્યું છે?

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اللّٰهُمَّ وَالِ
مَنْ وَالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ

અબુ હુરયરા બોલ્યો : હું ખુદાને ગવાહ રાખીને કહું છું કે મેં આ સાંભળ્યું છે?

તે જવાન કહેવા લાગ્યો : તો હું ખુદાને ગવાહ રાખીને કહું છું કે આપે દુશ્મન સાથે દોસ્તી બાંધી રાખી છે. અને તેમના દુશ્મનથી દોસ્તી કરી રહ્યા છો.

રાવીઓએ આ પણ લખ્યું છે કે અબુ હુરયરા બાળકો સાથે ખાવાનું ખાતા અને તેઓનીસાથે રમતા પણ હતા.

મદીનાની પોતાની ગર્વનરીના જમાનામાં એક દિવસ તેમણે ખુત્બો આપ્યો.

તે ખુદાનો શુકર છે તેણે દીનનો મજબુત અને અબુ હુરયરાને ઇમામ બનાવ્યા.

લોકો તેમની આ વાત ઉપર હસી પડ્યા. પોતાની ગવર્નરીના જમાનામાં મદીનાના રસ્તા ઉપર ચાલતા ચાલતા જો કોઇને પોતાની આગળ ચાલતી જોતા તો પગ પછાડીને ચીસ પાડતા. રસ્તો આપો. ગવર્નર આવી રહ્યો છે. આથી ખુદ પોતાનેગણેછે.ઇબ્ને અબી અલ હદીદ કહે છે કે આ બધી વાતો ઇબ્ને કચ્યબાએ મઆરીફમાં અબુ હુરયરાની પરિસ્થિતિ શિર્ષક હેઠળ લખી છે. જે તેના ઉપર હુજ્જત છે. કારણકે તેમને અબુ હુરયરાના મામલામાં દુશ્મનાવટનો આક્ષેપ નથી મૂકી શકાતો. અલ્લામા અમીનીનું કથન છે કે આ બધી વાતોને મઆરફમાં પ્રકાશન મીસર હિ. ૧૩૫૩મા લખવામાં આવીછે. હાય હેરા ફેરીની રમત આ

પ્રકારની ખયાનતો અસંખ્ય જગ્યાઓએ જોવા મળે છે.

## ઝયદ બીન અરકમનો મનાશેદા :

અબુ અબ્દુલ્લા શયબાની (અથવા બુઝુર્ગ તાબેઈતા અબુ અમરૂ, શયબાન બીન સોઅલબા કુફી) કહે છે કે અમે ઝયદ બીન અરકમની પાસે બેઠા હતા. એટલામાં એક માણસ આવ્યો. તેણે પુછયું : તમારામાંથી ઝયદ બીન અરકમ.

નવા આવનારને ઝયદને કહ્યું : હું તમને ખુદાની કસમ આપું છું કે તમે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને કહેતા સાંભળ્યા છે.

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اللّٰهُمَّ وَالِ
مَنْ وَالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ

ઝયદે જવાબ આપ્યો : હા, મે સાંભળ્યા છે.

(માવદુલ કુબરા નયાબેઉલ મોવદ્દત)

## અરાકીનો જાબીર સાથે મનાશેદી :

અલ્લામા ગન્જી શાફેઇએ કિફાયતુલ મતાલીબમાં ઉચ્ચ સ્થાન ધરાવનાર બુઝુર્ગો પાસેથી નોંધ કરી છે. શરીફ ખતીબ અબુ તમામ અલી બીન અબીલ ફખ્ખાર બીન અબી મનસૂર હાશમી કુર્ખ બગદાદી, અબુ તાલિબ અબ્દુલ લતીફ નહર મોઅલી, ઇબ્રાહીમ બીન ઉસ્માન કાશગરી, આ સૌએ મોહમ્મદ બીન અબ્દુલ બાકી ઇબ્ને બતી ઇબ્ને તામુલ કરાર....

અબ્દુલ્લા બીન મોહમ્મદ બીન અકીલ કહે છે કે અમે લોકો જાબીરના ઘરે હતા. ત્યાં અલી બીન હુસૈન, મોહમ્મદ હનફીયા અને અબુ જઅફર પણ હતા. એક ઇરાકીએ જાબીરને કહ્યું : હું આપને ખુદાની કસમ આપું છું. આપ મને અવી હદીસ કહો જે આપે રસુલ (સ.અ.વ.) પાસેથી જોઇ અને સાંભળી હોય.

જાબીરે કહ્યું : અમ જોજફા ગદીરે ખુમમાં હતા. ત્યાં મારીસાથે જહનીયા, મઝનીયા અને ગુફ્ફારના લોકો હતા. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ખયમામાથી (અથવા ઉનની ચાદર ઓઢીને) નીકળ્યા અને ત્રણ વખત પોતાના હાથોથી ઇશારો કર્યો. તે પછી હઝરતે અલી (અ.સ.)નો હાથ પકડીને કહ્યું :

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ

હમવીનીએ ફરાયદના નવમા પ્રકરણમાં સૌથી શ્રેષ્ઠ સનદથી શેખ મજદુદ્દીન અબ્દુલ્લા બીન મહમૂદ હનફી, મીસમાર બીન ઉમર બીન અવલીસ, મોહમ્મદ બીન અબ્દુલ બાકી, ઇબ્ને બુતી, ઇમામ અબુ ગાલીબ, હેબતુલ્લા સામરી, શેખ મહાસીન બીન ઉમર, અબુ બક્ર મોહમ્મદ બીન અબ્દુલ્લા બાનનસ, ઝઅફરાની, અબુ અબ્દુલ્લા માલિક બીન અહમદ બીન અલી ઇબ્ને ઝાગવાની, અબુલ હસન, અહમદ બીન મોહમ્મદ બીન મુસા બીન સેલત, અબુ ઇસ્હાક ઇબ્રાહીમ બીન અબ્દુલ સમદ, અબુ સઇદ એરાજ, અબુ તાલિબ મુત્તાલીબ બીન ઝીયાદ, અબ્દુલ્લા બીન મોહમ્મદ બીન અકીલે જાબીરનું કથન નકલ કર્યું છે. (આ જ સનદમાં રાવીઓના બયાનની તારીખ પણ લખેલી છે.)

તારીખે ઇબ્ને કસીરની સનદ છે. મુત્તલીબ બીન ઝીયાદ, અબ્દુલ્લા બીન મોહમ્મદ બીન અકીલે જાબીર પાસેથી સાભળ્યું છે કે તે કરી રહ્યા હતા કે હોજફા ગદીરે ખુમમાં હતા કે રસુલે ખુદા (સ.અ.વ.) ચાદર ઓઢીને ખયમામાંથી નીકળ્યા અને હાથ પકડીને કહ્યું :

مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ

અમારા શેખ ઝહબીની નજીક આ હદીસ સાચી છે.

અલ્લામા અમીની કહે છે કે ઇબ્ને કસીરના જાબીર પાસે હાજર રહેલી વ્યક્તિઓ અને ઇરાકીના મનાશેદાને ધ્યાનમાં ન લેવો તે અમારા માટે કોઇ મહત્ત્વ ધરાવતો નથી. કારણ એ છે કે આ બેશરમની તારીખે બદાયા વનહાયામાં અહલેબયત (અ.સ.) અને ખુદાના ખાસ બંદાઓ વિષે રસુલ (સ.અ.વ.)ના કથનની ખયાનતો ઘણી જાહેર રીતે દેખાઇ આવે છે. તે કિતાબમાં ઇબ્ને કસીર અહલેબયતના દોસ્તોનું અપમાન કર્યું છે અને તેઓને ગાળો આપી છે. અહલેબયત (અ.સ.)ના દુશ્મનોના ભરપૂર વખાણ કર્યા છે. અહલેબયત (અ.સ.)ની સાચી અને વિશ્વસનીય રિવાયતોને બનાવટી દેખાડી છે. તેઓની મજબુત રિવાયતોને ઝઇફ બતાવી છે. આ બધી વાતોમાં તેણે દલીલ વગર જબરદસ્તીનું વલણ અપનાવ્યું હતું. અને શરમજનક સુધારા વધારા કરી મૂળ

અર્થને ઉલ્ટાવી નાખવાની હરકતો કરી છે જો આ બધી વાતોની વિગત લખવામાં આવે તો એક દળદાર પુસ્તક પૈયાર થઇ જાય. તેનો ફેરફારનું માત્ર એક ઉદાહરણ હદીસે દઅવત છે. .................. અરબી.............ના ઉતરવાના પ્રસંગે પોતાની કિતાબમાં બહીકીની રીતે લખે છે કે આ હદીસ અબુ જઅફર બીન જરીરે મોહમ્મદ બીન હમીદ અઝદીથી રિવાયત કરી છે. પછી બધી સનદો લખી છે. રસુલ (સ.અ.વ.)ના કથનની પછી કે હું તમામ દુનિયાની ભલાઇ લાવ્યો છું. આ વાક્યમાં વધારો કર્યો છે. મને ખુદાએ હુકમ આપ્યો છે કે હું તમને તેની તરફ દાવત આપું. હવે તમારામાંથી કોણ છે જે આ બાબતમાં મારી મદદ કરે જેથી મારો ભાઇ હોવ અને આમ... તેમ... પછી અલી (અ.સ.)નું કથન નકલ કર્યું છે કે બધા લોકો ભયના કારણે પાછળ રહી ગયા. માત્ર મે જવાબ આપ્યો. જો કે હું તે બધામાં નાની ઉમરનો, અસ્વચ્છ આંખો, વાળ, મોટા પેટવાળા, કમજોર પીડલીવાળા હતા.

મેં કહ્યું : અય ખુદાના રસુલ, હું છું આપને દરેક સંજોગોમાં મદદ કરીશ. રસુલ (સ.અ.વ.)એ મારી ગરદન પકડીને કહ્યું : આ મારો ભાઇ છે અને આમ .... તેમ.... હવે તમે લોકો તેનીવાત સાંભળો અને તાબેદારી કરો. અલી કહે છે કે પછી બધા લોકો હસતા હસતા ઉભા થઇ ગયા. અબુ તાલિબને કહેવા લાગ્યા કે તમને તમારા દિકરાની તાબેદારીનો હુકમ આપ્યો છે.

આજ રિવાયતને પોતાની તફસીર ભાગ - ૩ પાના નં. ૩૫૧ ઉપર અબુ જઅફર ઇબ્ને જરીરની ઉપરોક્ત સનદની સાથે લખી છે. પરંતુ હું તફસીરે તબરીના શબ્દો નકલ કરૂ છું. જેથી હિદાયત ગુમરાહીથી જુદી પડી જાય.

હું તમારી પાસે દુનિયા અને આખેરતની ભલાઇ લઇને આવ્યો છું. ખુદાએ મને તમારી તરફ હકની દાવતનો હુકમ આપ્યો છે. હવે તમારામાંથી કોણ છે કે આ મામલામાં મને મદદ કરે જેથી તમારી વચ્ચે ભાઇ, વસી અને ખલીફા હોય હઝરત અલી કહે છે કે બધા લોકો બીકના માર્યા ચૂપ થઇ ગયા. પરંતુ મેં કહ્યું. જો કે હું કમસીન છું. આંખોમાં દુઃખાવો છે, પેટ મોટું અને પીંડલીયો કમજોર છે. એખુદાના રસુલ! હું છું. આ મામલામાં આપનો બોજો ઉઠાવીશ. રસુલ (સ.અ.વ.)એ મારીગરદન પકડી અને કહ્યું : યકીનથી આ મારો ભાઇ, મારો વસી અને તમારી દરમ્યાન મારા ખલીફા અને વારસદાર છે. તેની વાત સાંભળો અને તેની ઇતાઅત કરો અલી (અ.સ.) કહે છે કે તે સમયે કોમના લોકો હસતા હસતા

અને અબુ તાલિબને આ કહેતા કહેતા ઉભા થાય. (મોહમ્મદ સ.અ.વ.એ) તમારા દિકરાની ઇતાઅતનો તમને હુકમ આપ્યો છે. પછી મારી ફરિયાદ ખુદા પાસેજ છે.

(તારીખે તબરી, ભાગ – ૨, પાના નં. ૨૧૭, પહેલુ પ્રકાશન)

ઇબ્ને કસીરે તબરીના શબ્દોને બદલાવી નાખ્યા છે. શું તેના માટે તે યોગ્ય ન હતું કે અસલ શબ્દોની નકલ કરે. અથવા બીજા હદીસ અને તારીખના શબ્દો નકલ કરત. પરંતુ તે તો પોતાની ઇર્ષ્યા અને દુશ્મનીના કારણે અસલ બાબતને ફેરવી નાખતો. જો કે ખુદા તેની દુશ્મનીને જાણે છે.

કયસ બીન સઅદની હુજ્જત / દલીલ :

ઇમામ હસન (અ.સ.)ની શહાદત પછી મોઆવીયા પોતાની હુકુમતના જમાનામાં હજની પછી મદીના પહોંચ્યા મદીનાના લોકોએ તેનું સ્વાગન કર્યું, આ મોકા ઉપર તેની અને કયસ બીન સઅદની વચ્ચે જે વાટાઘાટ થઇ તેનું વર્ણન કયસની પરિસ્થિતિમાં આવશે. કયસે મોઆવીયાને કહ્યું : મારી જાનની કસમ, કુરયશના અનસાર અને અરબ અને બીન અરબનો કોઇપણ માણસ અલી અને તેની ઔલાદના મુકાબલામાં હકદાર નથી. આ સિલસિલામાં સ્પષ્ટ હુકમો આવેલા છે.

મોઆવીયા ભડકી ગયા. બોલ્યા. સઅદના દિકરા! આ વાત તમે કયાંથી મેળવી. કોની સાથે રિવાયત કરી. કોની પાસેથી સાંભળી? કદાચ તમે તમારા બાપ પાસેથી મેળવી છે.

સઅદ આત્મવિશ્વાસથી જવાબ આપ્યો : મેં જેની પાસે થી સાંભળી છે. તે મારા બાપથી ઘણા વધુ અફઝલ છે. મોઆવીયાએ પુછયું : કોણ?

જવાબ મળ્યો : અલી બીન અબી તાલિબ જે આ ઉમ્મતના આલીમ અને સિદ્દક છે. જેના વિષે ખુદાએ આયત ઉતારી........... અરબી........... (કહી દો કે મારી અને તમારી વચ્ચે ખુદાની ગવાહી પૂરતી છે અને તે કે જે ખુદાની કિતાબના પરીપૂર્ણ છે. (અને ભરપૂર ઇલ્મ ધરાવે છે.)

આવી જ રીતે અલી (અ.સ.)ની શાનમાં ઉતરેલી આયતોને સંભળાવી.

મોઆવીયાએ કહ્યું : આ ઉમ્મતના સાચા (સિદ્દિક) તો અબુ બક્ર અને ઉમ્મતના ફારૂક (સાચા અઅને જુઠ્ઠા વચ્ચે ફરક કરનાર) ઉમર છે. અને જેની પાસે ખુદાની કિતાબનું સંપૂર્ણ ઇલ્મ છે તે અબ્દુલ્લા બીન સલામ છે.

ક્યસ બોલ્યા : આ નામોથી વધુ હકદાર તે છે જેના માટે આયત ઉતરી છે........ અરબી.............. (ભલા એ માણસ જે પોતાના રબની તરફથી સ્પષ્ટ સાક્ષી ધરાવે છે અને એક ગવાહ) અને જેણે રસુલે ખુદા (સ.અ.વ.)એ ગદીરે ખુમમાં નિમણુંક કરીને ફરમાવ્યુ : જેનો હું મૌલા છું તેના નફસથી વધુ તેના ઉપર અખત્યાર ધરાવું છું. તેના આ અલી મૌલા છે. માલિક અને મુખ્તાર છે. અને તબુકની લડાઇમાં ગઝવ એ તબુકમાં કહ્યું : તમારી મારી સાથે એ જ નિસ્બત છે જે હારૂનની મુસા (અ.સ.) સાથે હતી. પરંતુ મારા પછી કોઇ નબી નથી.

(કિતાબે સલીમ)

દારમીયાની હજુનિયા સાથે હુજ્જત / દલીલઃ

ઝમખુશરી રબીઉલ અબરારમાં લખે છે. મોઆવીયા હજના માટે ગયા. ત્યાં તેણે દારમીયા નામે અલીની શીયા ખાતુનને બોલાવ્યા. તે બહુ કાળા હતા. તેને પુછયું : હામની દીકરી, શું ખબર છે?

તેણીએ કહ્યું : સારૂ છે. પરંતુ હું હામી વંશમાંથી નથી.

મોઆવીયા એ કહ્યું : સાચું કહે છે શું તને ખબર છે શા માટે બોલાવી છે?

જવાબ મળ્યો : એ સુબ્હાનલ્લાહ! હું ગૈબ થોડી જ જાણું છું.

મોઆવીયા બોલ્યા : એ પુછવા માટે બોલાવી છે કે તું અલીથી મોહબ્બત અને મારાથી નફરત કેમ કરે છે? અલી (અ.સ.) સાથે સબંધ અને મારી સાથે દુશ્મની કેમ છે?

કહેવા લાગીઃ મને માફ જ રાખો.

મોઆવીયા તાડકયા : હરગીજ નહિ.

દારમીયા એ કહેવાનું શરૂ કર્યું.

નથી માનતા તો સાંભળો. અલી સાથે મોહબ્બત એટલા માટે છે કે તે રૈયતની સાથે ન્યાય કરતા હતા. તેની વહેંચણી સમાન હતી. તમારાથી નફરત એટલા માટે છે કે તમે તેનાથી સંપૂર્ણ રીતે વિરૂદ્ધ રહ્યા. જે ખિલાફતના તમારા કરતા વધુ હકદાર હતા. તમે તે બાજુ દોડ્યા જેના તમે હકદાર ન હતા. મને અલી (અ.સ.) સાથે એટલા માટે મોહબ્બત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ગદીરે ખુમમાં તેમની વિલાયતનો વાયદો લીધો હતો. ત્યાં તમે પણ હાજર હતા. તે

ગરીબો સાથે મોહબ્બત અને દીદારોને માન આપતા હતા. તમારી સાથે નફરત એટલા માટે છે કે તમે ખૂન વહાવ્યું છે. ફાટફૂટ કરી છે અને ન્યાય અને ઇન્સાફમાં અત્યાચાર કર્યો છે. તમારા નિર્ણયો ભૌતિક ઇચ્છાઓના અનુસંધાનમાં થતા હતા.

અમરૂ ઉદીની હુજ્જત / દલીલ :

કુફાના મુફતી અને કાઝી શરીક બીન અબ્દુલ્લા નખઇએ અબુ ઇસ્હાક સબીઇથી રિવાયત કરી છે કે અમરૂ બીન મયમુન ઉદીની સામે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)ની ચર્ચા થઇ. તેમણે કહ્યું કે આ લોકો અલીને માટે જેમ તેમ બોલે છે. તે બધા જહન્નમનું બળપણ છે. મેં હોઝયફા બીન યમાન અને કઅબ બીજ અજરા જેવા રસુલ (સ.અ.વ.)ના અસહાબો પાસેથી સાંભળ્યું છે કે જે કાંઇ અલી (અ.સ.)ને મળ્યું તે બીજા કોઇને પણ ન મળી શક્યું. તે સૌથી પહેલા અને સૌથી છેલ્લા ખાતુનોના સરદાર ફાતેમા (સ.અ.)ના પતિ હતા. સૌથી પહેલાથી સૌથી છેલ્લા સુધીમાં કોઇએ આ ફઝીલત મેળવી કે સાંભળી તે જન્નતના જવાનોના સરદારોના બાપ હતા. આવા બાપ સૌથી પહેલાથી સૌથી છેલ્લા સુધીમાં કોણ છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) તેમના સાસરા હતા અને તે રસુલ (સ.અ.વ.)ના ઘરવાળા અને પત્નિઓના વસી હતા. તેમની સિવાય સૌના દરવાજા મસ્જીદની તરફથી બંધ થઇ ગયા. તે ખયબરના વિજેતા અને પલઅમબરદાર હતા. તેમની દુઃખતી આંખોમાં રસુલ (સ.અ.વ.)એ થૂંક લગાડ્યું કે ક્યારે પણ તેમને શરદી અને ગરમીનો એહસાસ નથી થયો. તે ગદીરના દિવસના માલિક હતા. રસુલ (સ.અ.વ.)એ તેમનું નામ લઇને ઉમ્મત ઉપર વિલાયત ફરજ કરી અને તેમનું ઉચ્ચ સ્થાન દર્શાવ્યું :.............. અરબી..........

ઉમર બીન અબ્દુલ અઝીઝની હુજ્જત / દલીલ :

હાફીઝ અબુ નઇમે હલીયામાં સનદની સાથે ઉમર બીન મવરિકનું કથન નકલ કર્યું છે. હું શામમાં હતો. ઉમર બીન અબ્દુલ અઝીઝ લોકોને બક્ષીશ આપી રહ્યા હતા. હું સામે ગયો તો પુછયું તમે કોણ છો? મેં કહ્યું : કુરયશ

પુછયું : કુરયશની કઇ શાખ? મેં કહ્યું : બની હાશીમ.

થોડવાર ચૂપ રહીને ફરી પુછયું : બની હાશીમની કઇ શાખ?

મેં જવાબ આપ્યો : અલીનો ગુલામ છું. તેમનો દોસ્તદાર,

પુછયું : કોણ અલી?

કહ્યું : અલી બની અબી તાલિબ.

પછી થોડીવાર ચૂપ રહ્યા : પછી પોતાની છાતી ઉપર હાથ રાખીને કહ્યું : ખુદાની કસમ! હું પણ અલી બીન અબી તાલિબનો ગુલામ છું. પછી કહ્યું : મને ઘણા લોકોએ હદીસ કહી છે. તેઓએ રસુલ (સ.અ.વ.)નું કથન સાંભળ્યું છે. .................... પછી ગુલામને બુમ પાડી. એ મઝાહીમ! આવા લોકોને તમે કેટલું આપી શકો છો?

તે બોલ્યા : સો અથવા બસ્સો દિરહમ.

હુકમ આપ્યો : તેમને પચાસ દીનાર આપી દો.

ઈબ્ને દાઉદના કહેવા મુજબ સાઇઠ દીનાર અલીની વિલાયતના સિલસિલામાં આપ્યા પછી કહ્યું : તમારા વતન પાછા જાવ. જેવી રીતે તમારા વતનના નિવાસીઓને આપવામાં આવે છે. તેમને પણ આપવામાં આવશે.

આ રિવાયત અબુલ ફરજે આગાનીમાં ઇબ્ને અસાકર તારીખમાં હમવીનીએ ફરાયદુલ સિમતયનમાં હાફીઝ જમાલુદ્દીન ઝરન્દીએ નઝમ દારૂલ સિબ્તયનમાં સહુદીએ જવાહરૂલ અકદયનમાં યઝીદ બીન અમરૂ બીન મરઝકથી રિવાયત કરી છે. તેમને નામમાં શંકા થઇ છે.

ખલીફા મામુનનીહુજ્જત વિદ્વાનો સાથે

અબુ અમરીદ બીન અબ્દેરીયાએ અકદુલ ફરીદમાં ઇસ્હાક બીન ઇબ્રાહીમનું કથન નકલ કર્યું છે. કાઝીયુલ કઝાત યહ્યા બીન અકસમે મારી સિવાય ઘણા દોસ્તોની પાસે સંદેશો આપ્યો કે મને અમીરૂલ મોઅમેનીન મામુન રશીદે કાલે વહેલી સવારે ચાલીશ એવા ફકીહ વિદ્વાનો સાથે હાજર થવાનો હુકમ આપ્યો છે. જે સારી રીતે વાત સમજી શકે અને વધુ સારા જવાબ આપી શકે. મેં ઘણાના નામો લખી મોકલ્યા. એટલે સુધી કે સંખ્યા પૂરી થઇ ગઇ.

સવારમાં શાહી સંદેશ વાહક સૌની હાજરીનો હુકમ લઇને પહોંચી ગયો. જ્યારે અમે લોકો ત્યાં ગયા ત્યારે યહ્યા કપડાં પહેરીને અમારી રાહ જોઇ રહ્યો હતો. તે અમને સાથે લઇને મામુન પાસે પહોંચી ગયો. ત્યાં એક ગુલામ હાજર હતો. અમને જોઇને કાઝીયુલ કઝાતને કહ્યું : અમીરૂલ મોઅમેનીન આપ લોકોની

રાહ જોઇ રહ્યા છે.

અંદર પહોંચ્યા તો અમને નમાઝ પડવાનો હુકમ થયો. હજી નમાઝ પૂરી કરી ન હતી. ત્યાં અંદર જવાનું આમંત્રણ મળ્યું. અમે જોયું કે અમીરૂલ મોઅમેનીન જમીન ઉપર બેઠા છે.

ઈસ્હાક કહે છે કે કાઝીયુલ કઝઝાતે અમને કહ્યું અમીરૂલ મોઅમેનીનીને આપ સૌને માત્ર એટલા માટે બોલાવ્યા છે કે તે આપની સાથે મુનાઝેરા કરવા ચાહે છે.

અમે કહ્યું : મુનાઝેરા ફરમાવો. ખુદા અમીરૂલ મોઅમેનીનની તૌફીકોમાં વધારો કરો.

તેણે કહ્યું : અમીરૂલ મોઅમેનીનનો અકીદો છે કે હઝરત રસુલ (સ.અ.વ.)ની પછી અલી ઇબ્ને અબી તાબિલ તમામ ખલીફાઓથી અફઝલ છે. અને સૌથી વધુ એજ ખિલાફતના હકદાર છે.

ઈસ્હાકે કહ્યું : અમીરૂલ મોઅમેનીન! અમને લોકોને અલી (અ.સ.) વિશે આ વાતનીખબર નથી. આપે. તો અમને મુનાઝેરા માટે બોલાવ્યા છે.

મામુનને ઈસ્હાકને કહ્યું : તમને અખત્યાર છે કે જો તમે ચાહો તો હું તમને સવાલ કરૂં અથવા પછી તમે મને સવાલ કરો.

ઈસ્હાકે તક ઝડપીને કહ્યું : અમીરૂલ મોઅમેનીન! હું જ પૂછીશ. મામુને કહ્યું : પૂછો.

ઈસ્હાકે કહ્યું : અમીરૂલ મોઅમેનીન શા માટે કહી દીધું કે હઝરત રસુલ (સ.અ.વ.)ની પછીઅલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.) સૌથી વધુ અફઝલ અને ખિલાફતના હકદાર છે?

મામુન : કહો, લોકો ક્યા કારણે અફઝલ થાય છે? લોકો કેવી રીતે કહે છે કે ફલાણો ફલાણાથી અફઝલ છે?

ઈસ્હાક : નેક આમાલના કારણે.

મામુન : તમે સાચું કહ્યું. સારૂં કહો, રસુલ (સ.અ.વ.)ના જમાનામાં બે માણસો હતા. એક આલીમ બીજો સૌથી શ્રેષ્ઠ. શું હઝરત રસુલ (સ.અ.વ.) પછીજે શ્રેષ્ઠ છે તે પોતાના અમલથી આલીમ ઉપર અગ્રતા મેળવશે?

ઈસ્હાક કહે છે કે મારીબોલતી બંધ થઇ ગઇ.

મામુને કહ્યું : એમ નહિ કહેતા કે અગ્રતા મેળવી લેશે. કારણકે આજના જમાનામાં એવા લોકોને દેખાડી દઇશ જે નમાઝ, રોઝા, હજ, જેહાદ અને સદકામાં હઝરત રસુલ (સ.અ.વ.)ના જમાનાના લોકોથી આગળ વધેલા છે.

ઇસ્હાક : હા, અમીરૂલ મોઅમેનીન! એવું જ છે જે માણસે હઝરત રસુલ (સ.અ.વ.)ના જમાનામાં શ્રેષ્ઠતા મેળવી છે હઝરત રસુલ (સ.અ.વ.)ની પછી પોતાના નેક અમલના કારણે ફઝીલત અને અગ્રતા મેળવી નથી શક્યા.

મામુન : એ ઇસ્હાક! શું વિલાયતની હદીસની રિવાયત કરો છો?

ઇસ્હાક : હા એ અમીરૂલ મોઅમેનીન!

મામુન : જરા, તેની રિવાયત કરી નાખો.

ઇસ્હાકે તેની રિવાયત કહી.

મામુન : શું આ હદીસથી અબુ બક્ર અને ઉમર ઉપર અલીની વિલાયત વાજબી નથી થતી. અલીની વિરૂદ્ધમાં.

ઇસ્હાક : લોકો કહે છે કે આ હદીસ ઝયદ બીન હારેસાના કારણે કહેવામાં આવી હતી. કારણકે ઝયદ અને અલીની વચ્ચે કાંઇક અણ બનાવ બની ગયો હતો. ઝયદે અલીની વિલાયતથી ઇન્કાર કર્યો તો રસુલ (સ.અ.વ.)એ કહ્યું : ..................

મામુન : આ હદીસ કઇ જગ્યાએ કહેવામાં આવી. શું હજ્જે વિદાથી પાછા ફરતી વખતે નથી કહેવામાં આવી?

ઇસ્હાક : હા.

મામુન : ઝયદ બીન હારેસા તો ગદીરની પહેલા કતલ થઇ ચૂક્યા હતા. તમે આ ગપસપ કેવી રીતે માની લીધી મને જણાવો તો તમારે પંદર વરસનો દિકરો કહે : લોકો! સારી રીતે સમજી લો કે મારા મૌલા મારા કાકાના દિકરા ભાઇના મોલા છે. જો કે તમે લોકો આ વાતને જાણે છો. જે વાત બધા જાણે. તેનાથી ઇન્કાર પણ નથી કરતા. તેને વખાણ કરવાથી શું તમે તમારો વિરોધ નહિ દર્શાવો?

ઇસ્હાક : કેમ નહિ.

મામુન : અરે તમે તમારા પંદર વરસના દિકરા માટે જે વાત પસંદ નથી કરતા

તેને રસુલ (સ.અ.વ.) માટે કેમ સારી સમજો છો? તમારા ઉપર અફસોસ છે. ખુદાએ કુરઆનમાં યહુદ અને નસારાની બુરાઇ કરીને કહ્યું છે કે તેઓને અહબાર અને રોહબાનને ખુદાની સિવાય પોતાના પરવરદિગાર સમજી લીધા છે. જો કે યહુદ અને નસારા અહબાર અને રહબાનીની નમાઝ, રોઝા નહોતા કરતા, ઈબાદત નહોતા કરતા. માત્ર ઇતાઅત (તાબેદારી) કરતા હતા.

ઇબ્ને મસ્કવીઆએ નદીમુલ ફરીદમાં મામુનનો પગ બની હાશીમના નામે નકલ કર્યો છે. તેમાં આ વાક્યો પણ છે.

મોહાજીરોમાં કોઇએ પણ અલીથી વધુ રસુલ (સ.અ.વ.)ની મદદ નથી કરી. સંઘર્ષ નથી કર્યો. અલીએ રસુલ (સ.અ.વ.)નું રક્ષણ કર્યું. કુરબાનીઓ આપી. તેમના બિસ્તર ઉપર સૂઇને હંમેશા ઈસ્લામને બચાવતા રહ્યા. મોટા મોટા બહાદૂરો ઉપર તૂટી પડ્યા અને બધાને હરાવ્યા. તેમની હિંમતનો કોઇ જોતે ન હતો. કોઇી મેદાનમાં પીઠ નથી દેખાડી. ન કોઇ તેના ઉપર વિજય મેળવી શક્યો. તે મુશ્રિકો માટે સૌથી વધુ સખત હતા. ખુદાની રાહમાં સૌથી વધુ લડાઇ લડ્યા. કુરઆનની સૌથી વધુ તિલાવત કરનાર હતા. ખુદાના દીનમાં સૌથીવધુ સૂઝ બુઝ ધરાવતા હતા. હરામ અને હલાલના સૌથી વધુ જાણકાર હતા. ગદીરે ખુમમાં તેમની વિલાયતનું એલાન થયું. તેમના માટે જ હદીસે મન્ઝેલત કહેવામાં આવી.

મસઉદીનો દ્રષ્ટિકોણ :

અબુલ હસન મસઉદી શાફેઇ મરૂજુલ ઝહબમાં લખે છે :

જે વાતોના કારણે હઝરત રસુલ (સ.અ.વ.)ના અસ્હાબો ફઝીલતના હકદાર બનતા હતા. તેમાં ઇમાનમાં સૌથી આગળ, હિજરત, હઝરત રસુલ (સ.અ.વ.)ની મદદ, બની હાશીમ સાથેના સબંધો, કુરઆની, સંતોષ, કુરઆનનું ઇલ્મ, અલ્લાહને ખાતર જેહાદ, પરહેઝગારી, શ્રેષ્ઠ ચારિત્ર્ય અને ડહાપણ, આ બધા ગુણો બલ્કે વધુ હિસ્સો હઝરત અલી (અ.સ.)માં મૌજુદ હતો. તેમની વ્યક્તિગત બાબત એ હતી કે ભાઇચારાના મૌક ઉપર પોતાના ભાઇ બનાવ્યા. તેમના માટે હદીસે મન્ઝેલત અને હદીસે ગદીર ફરમાવી. જ્યારે અનીસે ભુંજેલું પક્ષી રજુ કર્યું ત્યારે હઝરત રસુલ (સ.અ.વ.)એ દોઆ કીર, એ ખુદા! મારી પાસે અત્યારે એવા માણસને મોકલ જે મારી સાથે આ પપક્ષીનું ભોજન કરે. તે સમયે હઝરત અલી (અ.સ.) જ દાખલ થયાં.

ગદીરનો બનાવ કુરઆનમાં

અગાઉના પ્રકરણમાં ઇશારો કરવામાં આવ્યો હતો કે અલ્લાહની મશીય્યત એ જ હતી કે ગદીરનો બનાવ રદેક રીતે જીવંત રહેવો જોઇએ. પસાર થતો સમય આ બનાવને ભુલાવી ન દે. આ બનાવને જીવંત રાખવા માટે તેના અનુસંધાનમાં આયતો ઉતારવામાં આવી. જેથી ઇસ્લામી ઉમ્મત દરરોજ સવાર - સાંજ તિલાવત કરવાના સમયે આ આયતોની સચ્ચાઇને હૃદયમાં અને દ્રષ્ટિમાં જગ્યા આપીને ગદીરના બનાવની જુદી જુદી ઝળહળતી અસરને નવજીવન બક્ષે છે. જે કાંઇ અલ્લાહના દીનને મોટી ખિલાફત વિષે વાજીબ કર્યું છે. તે ચિંતન અને મનનના માર્ગો દિલ અને જીવગરને નવી દ્રષ્ટિ આપી શક્યા. આ અયાતે કરીમમાં સુરા માએદાની આ આય તછે.

.................. અરબી...............

એ રસુલ! જે કાંઇ તમારી ઉપર તમારા પરવરદિગારનો હુકમ તમારા ઉપર ઉતારવામાં આવ્યો છે, પહોંચાડી દો, જો તમે તેમ ન કર્યું તો (સમજી લો) તમે તેનો કોઇ સંદેશો જ નથી પહોંચાડ્યો. (અને તમે ડરો નહિ) ખુદા તમને લોકોની બુરાઇથી સુરક્ષિત રાખશે.

આ આયત હુજ્જતુલ વિદાની ૧૭ ઝીલહજ હિ. ૧૪ના ઉતરી. હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) ગદરીને ખુમમાં પહોંચી ચૂક્યા હતા. દિવસના પાંચ કલાક પસાર થઇ ચૂક્યા હતા. તેટલામાં જીબ્રઇલ ઉતર્યા અને કહ્યું : એ મોહમ્મદ! ખુદાવંદે આલમ દરૂદના તોહફા પછી કહે છે કે એ રસુલ! જે કાંઇ અલીના માટે અલ્લાહનો સંદેશો ઉતરી ચૂક્યો છે તેની તબ્લીગ કરો. જો આપે તેમ ન કર્યું તો જાણે કે તમે રિસાલતનું કાર્ય કર્યું જ નથી. આ દરમિયાનમાં એક લાખથી વધુ લોકોનો કાફલો હોજફા પહોંચી ચૂક્યો હતો. હઝરત રસુલ (સ.અ.વ.)એ આગળ વધી જનારાને પાછા ફરવાનો અને પાછળ રહી જનારની રાહ જોવાનો હુકમ કર્યો. જેથી હઝરત અલી (અ.સ.)ને ઉંચા કરીને પરવરદિગારા હુકમની તબલીગ કરી શકાય. જીબ્રઇલે હઝરત રસુલ (સ.અ.વ.)ને જણાવી દીધું કે ખુદાવંદે આલમ આપને લોકોની બુરાઇથી સુરક્ષિત રાખશે.

ઉપર દર્શાવેલ વર્ણન ઉપર શીયા આલીમો એકમત છે. પરંતુ અમે અહિં

સુન્ની આલીમોની હદીસો થકી દલીલ અને હુજ્જત રજુ કરશું.

૧. હાફીઝ અબુ જઅફર મોહમ્મદ બીન જરીર તબરી (મૃત્યુ હિ. ૩૧૦)એ કિતાબ અલ વિલાયતમાં ઝયદ બીન અરકમથી મેળવ્યું છે કે. જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) હુજ્જતુલ વિદાથી પાછા ફરતા ગદીરે ખુમ પહોંચ્યા ત્યારે ઝોહરનો સમય હતો, હવા ગરમ હતી. આં હઝરત (સ.અ.વ.)ના હુમથી કાંટા સાફ કરીને જમાત નમાઝની જાહેરાત કરવામાં આવી. અમે સૌ ભેડગા થયા ત્યારે રસુલલ્લાહ ખુત્બો પડ્યા ખુદાએ આ અયાત ઉતારી છે કે જે હુકમ આપને પરવરદિગારની તરફથી આપવામાં આવી ચૂક્યો છે તે પહોંચાડી આપો. જો તેમ ન કર્યું તો જાણે કે રિસાલતજ પરીપૂર્ણ નથી કરી. ખુદા આપને લોકોની બુરાઇથી સલામત રાખશે. અને જીબ્રઇલે મને અલ્લાહનો હુકમ પહોંચાડ્યો છે આ જ જગ્યાએ કાળા ગોરાને જણાવી દો કે અલી બીન અબી તાલિબ મારા ભાઇ, વસી અને મારા વારસદાર છે. મારી પછી લોકોના ઇમામ છે. મેં જીબ્રઇલને દરખાસ્ત કરી કે ખુદા મને આ હુકમને પાર પાડવામાંથી માફ રાખે. કારણકે હું જોઇ રહ્યો છું. પરહેઝગાર વ્યક્તિઓ ઓછી અને હેરાન કરનારા અને ધમકી આપનારી વધારે છે. જે હઝરત અલી (અ.સ.) સાથેના મારા ભરપૂર લાગવ ઉપર ટોણા મારશે. આ જ લગાવના કારણે તે બુરૂ ઇચ્છનારાઓએ મને ......અરબી..... (કાન કહેવાનું શરૂ કરી દીધેલ છે. ખુદાએ મને આ ટોણાની જાણ કરી........... અરબી......... (તેઓમાંના કેટલાક એવા પણ છે તેઓ પયગમ્બરને ઇલ્મ પહોંચાડીને કહે છે કે તે કાન છે. તમે કહી દો કે કાન તમારા હકમાં બહેતર છે.) જો હું ચાહું તો તેઓની નિશાની આપી દઉ. પરંતુ ન કહેવામાં જ નવ ગુણ છે. ખુદાએ મને ગમે તેમ પણ તબ્લીગનો હુકમ આપેલ છે. તેથી એ લોકો! સારી રીતે સમજી લો કે ખુદાએ અલીને તમારા માટે વલી અને ઇમામની હયસીયતથી નિમણુંક કરી છે. અને તેમનો હુકમ બજાવી લાવવો સૌ ઉપર વાજીબ છે. તચેમનો હુકમ અમલી અને નિયમબદ્ધ છે. તેનો વિરોધ કરનાર મલુન અને તેને સાચો માનનાર રહેમતનો હકદાર છે. સાંભળી લો અને તાબેદારીનું વચન આપો. કે ખુદા તમારા મૌલા અને અલી તમારા ઇમામ છે. પછી તેમના પછી મારા વંશમાંથી મારા પુત્રોમાં કયામત સુધી ઇમામત સ્થાપિત રહેશે. કોઇ હલાલ નથી સિવાય કે એ જ કે જેને ખુદાએ અને રસુલ (સ.અ.વ.)એ હલાલ જાહેર કર્યું છે. અને કોઇ હરામ નથી સિવાય કે માત્ર એજ જેને ખુદા અને રસુલ (સ.અ.વ.)એ હરામ જાહેર કર્યું

છે. બધા ઇલ્મોને ખુદાએ તેની જાતમાં રોપી દીધા છે અને ઉતારવામાં આવ્યા છે. હવે તેનાથી મોઢું ન ફેરવો તેના હુકમની અવગણના ન કરો. કારણકે એજ હકની તરફ તમને માર્ગદર્શન આપશે અને હક ઉપર અમલ કરશે. ખુદાવંદે આલમ ન માનનારાની ન તો દોઆ કબુલ કરશે ન તો બક્ષી દેશે. તેને હંમેશા માટે દર્દનાક અઝાબમાં સપડાવી દેશે. તે મારા પછી બધા લોકોથી અફઝલ છે. જ્યાં સુધી રોજી ઉતરી રહી છે અને દુનિયાના સર્જનો બાકી છે. ત્યાં સુધી તેનો વિરોધ કરનારા મલુન છે. મારો આ કોલ જીબ્રઇલ થકી ખુદાનો હુકમ છે. હવે દરેક વ્યક્તિએ વિચારવું જોઇએ કે તે કાલે કયામતના માટે શું મોકલી રહ્યો છે. કુરઆનની સ્પષ્ટ આયતોનું અનુસરણ કરો. શંકા કુશંકાના ચક્કરમાં ન પડો. માત્ર તેનીજ કહેલી તફસીર સાચી છે જેનું બાવળું મારા હાથમાં છે અને જેને ઉંચા કરીને ઓળખ આપી છે જેનો હું મૌલા છું તેના આ અલી મૌલા છે. તેની વિલાયત ખુદાના તરફથી મારી ઉપર ઉતારવામાં આવી છે.

ખબરદાર! મેં મારી જવાબદારી નિભાવી છે સ્પષ્ટ કરવા જેવી બાબતોની મેં સ્પષ્ટ કરી દીધી છે. મોમીનની સરદારી માત્ર તેને જ અનુરૂપ છે. પછી અલીને એવી રીતે ઉંચા કર્યા કે અલીના પગ નબીના ઘુંટણ સુંઘી આવી ગયા. આપે કહ્યું : આ મારો ભાઇ, મારો વસી અને મારા ઇલ્મો ધરાવનાર છે. જે કોઇ મારા ઉપર ઇમાન ધરાવે છે. તેના માટે આ મારો વારસદાર છે એ ખુદા! તેના દોસ્તને દોસ્ત અને તેના દુશ્મનને દુશ્મન બનાવજે. તેને નકારનારની ઉપર લાનત કર. તેના હકનો ઇન્કાર કરનારા ઉપર ગઝબનાક થા.

એ ખુદા! તેં અલીની વિલતયના એલાન ઉપર આયત ઉતારી........... અરબી..................... (આજે મેં તમારો દીન પરીપૂર્ણ કરી દીધો.) તેની ઇમામતના કારણે. હવે જે કોઇ તેની અને તેના વંશમાના ઇમામોની ઇમામત નહિ માને તેના બધા આમાલ નકામ છે. તે હંમેશા જહન્નમમાં રહેશે. યકીનથી શૈતાને આદમને જન્નતમાંથી બહાર કઢાવ્યા માત્ર તેના ............અરબી........... હોવાની ઇર્ષ્યામાં માટે હવે તમે ક્યારે પણ ઇર્ષ્યા ન કરશો. નહિ તો તમારા આમાલ નકામ અને પગ લપસી પડશે. અલીના માટે જ સુરા અસ્ર ઉતર્યો છે. કસમ છે અસ્રની બધા ઇન્સાનો નુકશાનમાં છે. (ઇમાન અને નેક અમલનો નમૂનો સલામન અને અલી છે.)

એ લોકો! ખુદા અને રસુલ ઉપર ઇમાન લાવો. અને તે નૂર ઉપર જે

ઉતારવામાં આવ્યું છે પહેલા કે ચેહરા ઉપર ઝાડુ ફરી જાય અથવા અમે ઉલ્ટા પગે ફરીએ અથવા અમે અસ્હાબો સબબની જેમ તમારી ઉપર લાનત કરીએ. ખુદાનું તે નૂર મારા બારામાં છે. પછી અલીના બારામાં અને તેના વંશમાં કાએમ મહદી સુધી.

એ લોકો! મારા પછી ટૂંક સમયમાં જહન્નમમાં બોલાવનારા ઇમામ હશે. કયામતના દિવસે તેઓનો કોઇ મદદગાર નહિ હોય. ખુદા અને હું તેનાથી નાખુશ છીએ. તેઓ અને તેઓના અનુયાયીઓ અને મદદગારો જહન્નમના અંતિમ તબક્કામાં હશે. ટૂંક સમયમાં મારી પછી ખિલાફતનો મામલો નાહક મિલકત બનાવી દેવામાં આવશે. એ બન્ને સમૂહો જે દુનિયા માટે બોજારૂપ છો, અમે તમારાથી છુટા પડવાના જ છીએ. તમારા ઉપર આગની જવાળાઓ અને ધુમાડો છોડવામાં આવશે જેનો મુકાબલો તમે નહિ કરી શકો.

આ આયત ગદીરે ખુમમાં હઝરત અલી (અ.સ.)ના બારામાં ઉતરી છે તેની ગવાહી ૩૦ આલીમો, હદીસકારો અને તફસીરકારોએ આપી છે. તેઓના નામો અને તેઓની રિવાયતો હવાલા સાથે પરિશિષ્ટ .......માં આ કિતાબના અંતમાં આપવામાં આવેલ છે.

વિશેષ :

આ હતી હઝરત અલી (અ.સ.)ની શાનમાં ઉતરેલી તબ્લીગની આયતના અનુસંધાનમાં સુન્ની આલીમોના કથનો અને હદીસોની છણાવટ. આયતના ઉતરવાની શાનના સિલસિલામાં અમૂક લોકોએ બીજા કથનો પણ રજુ કર્યા છે. અમારી જાણ મુજબ સૌથી પહેલી વ્યક્તિ તબરી છે. જેણે પોતાની તફસીરના સાતમાં ભાગમાં આ કથનોને ટેકો આપ્યો છે. અને તેમના અનુસરણમાં તેમની પાછળ આવનારા નકલ કરતા ગયા. આ રીતે ફખરૂદ્દીન રાઝીની નહાયા માં આ આયત ઉતરવાની શાનના કથનોની સંખ્યા ૯ સુધી પહોંચી ગઇછે અને દસમુ કથન ગદીરે ખુમનો બનાવ હતું આ આયતના સિલસિલામાં તબરીનું બીજું કથન ઇબ્ને અબ્બાસે નોંધ્યું છે. તે લખે છે કે આયતનો અર્થ આ છે.

.............. અરબી................

(અર્થાત જો આપે પરવરદિગાર તરફથી ઉતરવામાં આવેલી આયતને છુપાવી તો જાણે કે રિસાલતના કામનેજ પુરૂં નથી કર્યું. તબરીનું આ કથન મેં રજુ

કરવામધાં આવેલ ગદીરે) ખુમના દિવસે ઉતારવામાં આવેલ આયતની ઉતરવાની શાનથી જુદુ નથી. પછી તે ઇબ્ને અબ્બાસના આયતને માત્ર નકારમાં વિચારીએ અથવા સ્પષ્ટ નકાર જો સ્પષ્ટ નકાર ગણીએ તો આ શબ્દ સ્વતંત્ર છે અને દરેક વિષયને સાબિત કરવા વપરાય છે. તેથી ..................નું વાક્ય જે સૂચના બજાવી લાવવાનો હુકમ આપી દેવામાં આવ્યો છે તે પૂરો કરવા માટેની તાકીદ થઇ જશે. અને ગદીરની ઘટનાજ એક તાકીદનું સૂચન છે. બીજું કથન કેતાદાનું કથન છે. તે અર્થઘટન કરે છે કે ટૂંક સમયમાં ખુદાવંદે આલમ તેના રસુલને મદદ કરશે. તે દ્વેષભાવ અને વેરવૃત્તિ રાખનારાઓ અને ઈર્ષ્યાળુઓની બુરાઇઓથી બચાવશે. આ કથનપણ મારા કહેવાના અર્થથી જુદુ નથી પડતું. કારણકે આ સંજોગોમાં ખુદાએ ગદીરની તબલીગના અનુસંધાનમાં દુશ્મનોની છેતરપીંડી અને બુરાઇઓથી નિશ્ચિંત રહેવા માટે ખુશખબરી સંભળાવી છે. હદીસના પ્રકાશમાં તેનો અર્થ આજ રીતે થાય છે.

સઇદ બીન ખબીર અબ્દુલ્લા બીન શફીક, મોહમ્મદ બીન કઅબ કરઝીએ જનાબે આયેશાના આ કથનની નોંધ કરી છે કે ................અરબી.............. ઉતરતા પહેલા અમુક લોકો રસુલે ખુદા (સ.અ.વ.)નો વિરોધ કરતા હતા. પરંતુ આ આયત ઉતર્યા પછી હઝરત રસુલ (સ.અ.વ.)એ રૂમમાંથી માથું બહાર કાઢીને વિરોધીઓને કહ્યું : પાછા ચાલ્યા જાવ. કારણકે ખુદાએ મારા રક્ષણની જવાબદારી લીધી છે. આ કથનમાં પણ આયત ઉતર્યા પછી ખુદાની રક્ષણ કરવાની જવાબદારી માત્ર એ સૂચવે છે કે. ગદીરની ઘટના પછી કાવત્રાખોરોથી નિશ્ચિંત થઇ જે લોકો આપનું રક્ષણ કરતા હતા તેઓને પાછા મોકલી દીધા. તેથી આ આયતની ઉતરવાની રજુ કરેલ શાનનો વિરોધ નથી થઇ શકતો. રિવાયતોથી તેને ટેકો પણ મળે છે.

તબરીએ રિવાયતનું બીજું એક કારણ પણ લખ્યું છે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જ્યારે પણ સફરમાં કોઇ સ્થળે રોકાતા ત્યારે અસ્હાબ કોઇ ઘટાદાર ઝાડના છાંયામાં આરામ કરવા માટે પહોંચાડી દેતા હતા. એક વખત આપ આરામ કરી રહ્યા હતા ત્યારે એક વણજારા આરબે તલવાર ખેંચીને આપને જગાડ્યા અને કહ્યું : હવે મારા હુમલાથી તમને કોણ બચાવશે? પયગમ્બર (સ.અ.વ.) ફરમાવ્યું : મારો ખુદા! એજ સમયે વણજારાનો હાથ ધ્રુજ્યો અને તલવાર પડી ગઇ. રાવી લખે છે કે તે આ અસાધારણ બનાવથી ગભરાઇને ઝાડની

સાથે માથું મારવા લાગ્યો. તે સમયે ખુદાએ આયત ઉતારી.

...................અરબી................

આ રિવાયત ઉપરના કથનથી વિરૂદ્ધ છે કારણકે એ શક્ય નથી કે આજુબાજુમાં રક્ષણ કરનારાઓની હાજરીમાં કોઇ તલવાર ખેંચે. વધુમાં રિવાયતથી એ જણાય છે કે આયત ટૂકડે ટૂકડે ઉતરી છે તેથી આય આયત આરબ વણજારાના બનાવ પછી ઉતરી હોય તેમ જણાય છે. અને આયતના શરૂઆતના ભાગથી તેનો કોઇ સંબંધ નથી. બીજું એ કે કરઝી તેનો એક માત્ર રાવી શક્ય છે કે ગદીરની ઘટના પછી વણજારાનો બનાવ પણ બન્યો હોય અને સીધા સાદા રાવીઓએ આ આકસ્મિક બનાવને આયતને શાને નુઝુલ ગણી લીધું હોય. જો કે આયત ઉતરવાનું સૌથી મહત્ત્વનું કારણ વિલાયતે કુબરા હતું. નહિ તો જો માની લઇએ કે આ બનાવ બન્યો તો તે એટલો મહત્ત્વનો ન હતો કે તેના ઉપર આયત ઉતરતી. આ પ્રકારના બીજા બનાવો પણ છે કે જે મહત્ત્વના ન હોવા પછી પણ અલી (અ.સ.)ની વિલાયતની સાથે મળતા આવતા હોવાથી સીધા સાદો રાવીઓ માટે વહેમ અને ગુમાનનું કારણ બની ગયા.

તબરીએ ઇબ્ને જરીહથી રિવાયત કરી છે કે રસુલે ખુદા (સ.અ.વ.) કુરયશીઓથી ડરતા હતા. જ્યારે આયત ................ અરબી................ ઉતરી તો નિશ્ચિંત થઇને ત્રણ વખત કહ્યું. હવે જે મને અપમાનિત કરવા ચાહે તે આવે. બિલ્કુલ શક્ય છે કે રસુલે ખુદા (સ.અ.વ.) જે મામલામાં કુરયશથી ડરતા હતા તે આજ ખિલાફતનો હુકમ હોય જેની સાબિતી રિવાયતોથી મળે છે આ રિવાયતથી પણ અમારી માન્યતા જુદી નથી.

તબરીએ ચાર સનદોથી હ. આયેશાનું બયાન રજુ કર્યું છે જે માણ એમ માને છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ કુરઆનના અમુક ભાગને છુપાવી લીધો છે. તે શંકા વગર ખુદા ઉપર બોહતાન મૂક્યું છે કારણકે ખુદા ફરમાવે છે.

.............. અરબી................

હ. આયેશાનું આ બયાન શાને નુઝુલની હયસીયત નથી ધરાવતું. તેમણે માત્ર આ આયતથી દલીલ કરી છે કે આપ દીનની તબલીગમાં સંપૂર્ણ કાળજી રાખતા હતા અને કોઇપણ આયતને ચૂકી નથી ગયા. બધીની તબલીગ કરી. આપણે પણ તે માનીએ છીએ કે આયત ઉતરવાની પહેલા હઝરત રસુલ

(સ.અ.વ.)એ ભરપૂર રીતે દીનની તબલીગ કરી.

તફસીરે રાઝીના ત્રીજા ભાગમાં આયત ઉતરવાના દસ કારણે આપ્યા છે. દસમું કારણ ગદીરનો હુકમ છે આઠમું વણજારાનો બનાવ, નવમું કારણ કુરયશ, યહુદી અને નસારાનો ભય ગણ્યું છે. આ સિલસિલામાં ગદીરના હુકમ સિવાય જેટલા પણ કારણો છે તેનો પાયો અજ્ઞાન રાવીઓ અને એવી સનદો ઉપર છે જેનો સિલસિલો ક્યાય જાય છે. તેથી તફસીર નિઝામુદ્દીન નિશાપુરીમાં આ કથનોને લખતી વખતે .......... (કીલ) કહેવામાં આવ્યું છે. શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગદીરના હુકમની રિવાયતને સૌપ્રથમ સ્થાન આપીને ઇબ્ને અબ્બાસ, બરાર બીન આઝબ, અબુ સઇદ ખુદરી અને મોહમ્મદ બીન અલી (અ.સ.)થી નિસબત આપેલી છે. ખુદ તબરીની જાણીતી કલમે આ કથનોને ધ્યાનમાં લીધા નથી. જો કે તેમણે હદીસે ગદીરની પણ નોંધ નથી કરી. પરંતુ એક આખુ પુસ્તક લખીને હદીસે વિલાયતને ૭૫ રીતથી સાબિત કરી છે. તેમાં તબરીએ શાનેનુઝુલ અને ગદીરના એલાનને ઝૈદ બીન અરકમથી નકલ કર્યા છે. ખુદ રાઝીએ પણ ઉપર લખેલા કારણોને પણ વિશ્વાસપાત્ર નથી ગણ્યા. પરંતુ તબરીની રિવાયત મુજબ કુરયશ, યહુદી અને નસારાથી ભય પામવાને અગ્રતા આપી છે. આ વિષે અમે હવે પછી ચર્ચા કરશું.

ઉપર દર્શાવેલ દસ કારણોમાં ગદીરના હુકમ સિવાયના બધા કારણો વિશ્વાસપાત્ર નથી. હદીસે ગદીરને તબરી ઇબ્ને અબી હાતીમ, ઇબ્ને મરદુજા ઇબ્ને અસાકીર, અબુ નઇમ, અબુ ઇસ્હાક, સઅલબી, વાહેદી, સજસ્તાની, હસ્કાની, નતનઝી વ રસઅના જેવા આલીમોએ અને તફસીરકારોએ સિલસિલાબંધ સનદો સાથે હદીસે ગદીરને ટેકો આપ્યો છે. તેથી તેની બરાબરી તે કથનો નથી કરી શકતા. આ ઉચ્ચ દરજ્જાના મહાન આલીમોએ તેની સચ્ચાઇની ખાત્રી આપ્યા પછી બીજા વહેમ અને ગુમાનનું મહત્ત્વજ શું છે? બીજું એ કે તે લોકોના કથનોમાં બનાવટ સ્પષ્ટ રીતે દેખાઇ આવે છે કારણકે આયતના હુકમના સિલસિલમાં અને શાને નોઝુલમાં કોઇ મેળ ખાતો નથી. તેથી શક્ય છે કે તે નવ કથનો દલીલ વગરના કાલ્પનિક હોય કે પછી આ કથનોનો હેતુ એ હોય કે હદીસે ગદીરને શંકાસ્પદ બનાવવા માટે ગોળ ગોળ અસંખ્ય વાતો ઉભી કરવામાં આવે જો કે ખુદાવંદે આલમે પોતાના નૂરને સંપૂર્ણ કરવાનો મક્કમ નિર્ધાર કરી લીધો છે.

ઇમામ રાઝીએ બલ્લીગની આયતની શાને નુઝુલના સિલસિલામાં દસ કારણો

વિષે લખ્યું છે. જાણવું જોઇએ કે આ સિલસિલામાં રિવાયત ઘણી વધુ છે. પરંતુ વધુ સારૂં એ છે કે દેખાડવામાં આવેલી આયતોને તેની ઉપર હલ કરવામાં આવે કે ખુદાવંદે આલમે યહુદીઓ અને નસારાની મક્કારીયોથી નિશ્ચિંત કર્યા સછે અને હુકમ આપ્યો છે કે તમે ભય પાડ્યા વગર તમારી તબલીગ કરે તેનું કારણ એ છે કે આયતની પહેલા અને પછી યહુદી અને નસારાની વાતજ કહેવામાં આવી છે. તેથી આ આયતને પણ તેઓએ તેઓના વિષે સમજવાનું યોગ્ય માન્યુ નહિ તો આગળ પાછળના અર્થો તેને લગતા નહિ રહે.

આ વિચારી રહ્યા હશો કે આ બાબતને મહત્ત્વ આપવું માત્ર પરિણામ શોધવાની હયસિયતથી છે. નહિ તો એહકામના સિલસિલાની આયતો અંગે કોઇ રિવાયતી સનદ રજુ કરવામાં નથી આવી અને આપણે સારી રીતે જાણીએ છીએ કે આયતોનો ક્રમ તેના ઉતરવા ઉપર આધારિત નથી. તેમ છતાં આયતના સિલસિલા ઉપર શોરબકોર કરવાનું કોઇ મહત્ત્વ રહેતું નથી. બીજું એ કે સુરાઓનો ક્રમ પણ ઉતરવા ઉપર નથી. મક્કી આયતો મદની સુરાઓમાં છે. સોયુતીએ ઇત્તેકાનમાં સ્પષ્ટતા કરી છે કે :

આ સર્વસંમતિ અને જુદા જુદા સંદર્ભો ઉપરથી સાબિત થાય છે કે આયતોનો ક્રમ શંકા વગર તવકીકી (એટલે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની હિદાયત મુજબ) છે. અનેક આલીમોએ આ બાબત અંગે સંમતિથી નોંધ કરી છે. ટૂંકમધાં આ ચર્ચાની વિગતોમાં કિતાબુલ બુરહાન અબુ જઅફર બીન ઝબીરે તેની કિતાબ મુનાસેબતમાં આ સર્વસંમતિની સ્પષ્ટતા આ શબ્દોમાં રજુ કરી છે :

આયતોનો ક્રમ પોત પોતાના સુરાઓમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની તૌફિક (હિદાયત અને હુકમ) મુજબ છે અને આ મામલમાં મુસલમાનોમાં કોઇ મતભેદ નથી. તે પછી આલીમોના સંદર્ભો રજુ કર્યા છે કે હઝરત રસુલે તેમના અસ્હાબોને સૂચના આપી કે હાલના ક્રમ પ્રમાણે જીબ્રઇલ (અ.સ.)ની હિદાયત મુજબ ગોઠવણ કરે. આ આયતને ફલાણી આયત પછી રાખે....

વાસ્તવિક પરિસ્થિતિ એવી છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ યહુદી અને નસારાનો ભય બેઅસતના શરૂઆતના દિવસોમાં હશે અગર માની પણ લઇએ. કે હઝરતની પછી પણ ડર હતો તો શરૂઆતના સમયમાં હશે. અંતિમ સમયમાં તો સલ્તનતો ઉભરાઇ રહી હતી. જુદા જુદા સમાજના લોકો ચારે બાજુથી ઉમટી પડ્યા હતા ખૈબરના વિજય પછી બની કરીઝા અને બની નફીરનો સફાયો

થઇ ગયો હતો. તેઓની બધી અકડાઇ ખતમ થઇ ચૂકી હતી. હાથે પગે લાગીને તાબેદારી સ્વિકારી ચૂક્યા હતા. તે દરમ્યાન અંતિમ હજ થઇ ચૂકી હતી. જેમાં આ આયત ઉતરી ગઇ હતી. આ અગાઉ ઘણી હદીસો નકલ કરી ચૂક્યા છીએ તે મુજબ કરતબીએ સુરા માએદાહ મદની હોવાનું દર્શાવ્યું છે. તેમ છતાં તેઓ નક્કાશનું કથન રજુ કરે છે કે આ હોદયબીયાની હિ.સન ૬માં ઉતરી હતી. તે પછી ઇબ્ને અરબીનો સુધારો નકલ કરે છે કે આ હદીસ બનાવટી છે કોઇપણ મુસલમાને આ અકીદો ન રાખવો જોઇએ. વધુમાં કહે છે કે આ સુરાનો અમુક ભાગ અંતિમ હજનો ઉતર્યો અને અમુક ભાગ ફત્હે મક્કાના મૌક ઉપર. તે આ આયત છે. ...........અરબી.............. અને હઝરતની પછી બધી ઉતરેલી આયતો મદીનામાં ઉતરી છે. અથવા મુસાફરી દરમ્યાન મક્કી તે આયતો છે જે હઝરતની પહેલા ઉતરી હતી.

સુયુતીએ ઇતેકાનમાં મોહમ્મદ બીન કઅબાની સનદથી અબુ અબીદાથી રિવાયત કરી છે કે સુરા માએદહ હજ્જતુલ વિદાઅમાં મક્કા અને મદીના વચ્ચે ઉતરી હતી. ફઝાએલુલ કુરઆન (ઇબ્ન ખરીસ)માં છે કે કુરઆનની શરૂઆતની આયત ઇકરા બિમઇ રબ્બેક પછી મુઝમ્મીલ....... ગણઘાવતા ગણાવતા ફત્હ, પછી માએદાહ પછી બરાઅતને દર્શાવીને કહ્યું કે કુરઆનનો અંતિમ સુરો માએદાહ છે. તફસીર ઇબ્ને કસીરમાં છે. છેલ્લા સુરાઓ માએદાહ અને નસ્ર છે. તેણે એહમદ, હાકીમ અને નેસાઇના કથનની નોંધ કરી છે કે અંતિમ સુરા માએદાહ છે.

આ બધી વાતોના પ્રકાશમાં તફસીરે કરતબીની આ રિવાયત કરી છે. જે સુયુતીએ લબાબુલ નોકુલમાં ઇબ્ને મરદવીઆ અને તબરાનીના તરીકાથી નકલ કરી છે. તે. પછી શું મહત્ત્વ રહી જાય છે? તેઓ ઇબ્ને અબ્બાસનું કથન રજુ કરે છે કે હઝરત અબુ તાલિબ દરરોજ બીન હાશમના જવાનોને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના રક્ષણ માટે ગોઠવતા હતા. જ્યારે આ આયત ............અરબી................ ઉતરી ત્યારે અબુ તાલિબ તેમના રક્ષણ માટે વ્યવસ્થા ગોઠવવા ઇચ્છા કરી ત્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું : ચાચાજાન! ખુદાવંદે આલમે જીન્નાતો અને ઇન્સાનના રક્ષણ માટે ભરપુર જવાબદારી લીધી છે. આ રિવાયતથી સાબિત થાય છે કે આ આયત મક્કી છે. જો કે આપણે રિવાયતો અને હદીસોનો ખડકલો કરી દીધો છે કે આ આયત

હુજ્જતુલ વિદાઅના મૌકા ઉપર સામૂહિક રીતે ઉતરી છે.

## સંદર્ભની ચર્ચા:

તફસીરે કરતબીમાં ..........અરબી......... વધુમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અને સૌ ઇલ્મ ધરાવનારાઓને સૂચવવામાં આવ્યું છે કે તેઓ શરીઅતના હુકમમાં કાંઇ છુપાવે નહિ જો કે ખુદાવંદે આલમ જાણે છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અલ્લાહની વહીનો નાનામાં નાનો ભાગ પણ છુપાવ્યો નથી.

સહીહ મુસ્લીમમાં હ. આયેશાની રિવાયત છે.

જે કોઇ પણ તમને કહે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ અલ્લાહની વહીમાંથી કાંઇપણ છુપાવ્યું છે તો તે યકીનથી ખોટું છે. કારણકે ખુદાવંદે આલમે ફરમાવ્યું છે કે ................ અરબી............. અને ખુદા શીયાઓનો સત્યાનાશ કરે જે એમ કહે છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ અલ્લાહની વહીની અમૂક જરૂરી ચીજો છુપાવી હતી.

આવી જ રીતે કસ્તલાની ફતહુલ બારીમાં તોહમત લગાડીને કહે છે કે : શીયાઓની માન્યા છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ તકય્યાને હેતુથી થોડી વાતો છુપાવી હતી. અફસોસ છે કે આ બનાવને તોહમત લગાડનારની કોઇ કડી પણ દેખાડી હોત કે કયા શીયા આલીમની માન્યતા છે. કઇ કિતાબમાં લખ્યું છે. કયા ફીરકાનો આ અકીદો છે. આ બન્નેની ક્યાંય પણ કડી નથી મળતી. આ બન્ને એવા વહેમમાં છે કે અમે જે કાંઇ લખી મારશું તે માની લેવામાં આવશે અથવા અમે સમજે છે કે શીયાઓ પાસે અકીદાની કિતાબો નથી. અથવા તો એમ માનતા હશે કે પાછળની પેઢીમાં તેની ચર્ચા કરનાર કે યાદ રાખનાર કોઇ પેદા નહિ થાય. માત્ર આ બન્નેની વાત નથી. આ પ્રકારની કિન્નાખોરીથી લખનારની ઘણી મોટી સંખ્યા છે. જેઓ આ રીતે ભરપૂર તોહમતોને ગંજ ખડકીને જાહીલ સમાજની લાગણીને ભડકાવે છે. જેથી મુસલમાનો વચ્ચે વિખવાદ ફેલાવવાની મોસમ ખીલતી રહે. આ વર્તનના કારણે અવા બિનધાસ્ત લોકીની ટોળકીઓ તૈયાર કરી દીધી જે શીયાઓના નામે પાયા વગરની વાતો વહેતી કરતા રહે છે. શીયાઓ ક્યારે પણ આવી મૂર્ખામી નથી કરી શકતા કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની શાનમાં આવી વાત કહે અને જે કાંઇ આપના ઉપર તબલીગ

વાજીબ હતી તેને છુપાવવાનો અકીદો ધરાવે. આપે તબલીગી જવાબદારીઓને સમય સંજોગોની જરૂરત મુજબ ભરપૂર રીતે અદા કરી.

ખુદાની કસમ જો આ બન્ને તફસીરકારો પોતાના સમકાલિનોના તફસીરકારોના દ્રષ્ટિકોણો ઉપર દ્રષ્ટિ કરતા તો આ આયતનો સિલસિલો ૧૦ દસ કથનો ઉપર આધારિત છે તો તેઓની આ હિંમત ન થાત.

કોઇ કહે છે કે આ આયત જેહાદની તબલીગના બારામાં ઉતર છે. કારણકે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) મુનાફીકો સાથે જંગ કરવામાં અચકાઇ રહ્યા હતા. બીજા સાહેબ બાગ લગાવે છે કે તત્હીરની આયતને પોતાની પતિનઓથી છુપાવી ત્યારે આ આયત ઉતરી.

આ વિવાદમાં આપે અમૂક તફસીરકારોના દ્રષ્ટિકોણને જોઇ લીધો જ છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પોતાની જવાબદારીઓથી અચકાઇ રહ્યા હતા તે માટે આયત ઉતરી. તોબા કરો. આ પ્રકારની વાતો નબુવ્વતની સચ્ચાઇની વિરૂદ્ધ છે.

યે તકવા શઆરો કે લીયે નસીહત હય
હાલાંકે હમ જાત તે હય કે
તુમ મેં સે કુછ લોગ જુઠલાને વહે હય

# દીનની પરીપૂર્ણતા :

ગદીરના દિવસે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની શાનમાં .................. પણ ઉતરી. સામાન્ય રીતે બધા શીયા અપવાદ વગર આ બાબત ઉપર સર્વસંમતિ ધરાવે છે કે આ આયત સ્પષ્ટ રીતે ગદીરના અનુસંધાનમાં ઉતરી છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની વિલાયતની જાહેરાત એવી સ્પષ્ટ રીતે ચોખ્ખા શબ્દોમાં કરી હતી કે બધા અસ્હાબો અને સમગ્ર આરબોએ પુરી રીતે સમજી લીધું અને જે કોઇ સમજ્યા તેઓએ આ જાહેરાતની સામે દલીલો અને વિરોધ કર્યો. સુન્નીઓના ઘણા આલીમો, હદીસકારો અને હાફીઝોએ શીયાઓની આ માન્યતાની સાથે સંમત થયા છે. આ એક એવી વિશ્વાસપૂર્વકની હકીકત છે કે ઇમામ રાઝીએ તેમની

તફસીરના ત્રીજા ભાગમાં આ બધા હદીસકારો અને તફસીરકારોની તરફ ઈશારો કર્યો છે કે આ અયાત ઉતર્યા પછી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ૮૧ કે ૮૨ દિવસથી વધુ જીવતા નથી રહ્યા.

અબુ સઉદે તફસીરે રાઝીના હાસીયામાં આ મુદ્દતને ટેકો આપ્યો છે. અહલેસુન્નતના ઈતિહાસકારોએ દર્શાવ્યું છે કે પયગમ્બર સાની વફાત ૧૨ રબીયુલ અવ્વલના થઇ. તેઓએ ગદીરના દિવસે અને વફાતના દિવસમાં એક દિવસનો વધારો કરી દીધો છે. પરંતુ તફાવત છતાં હકીકતની નજીક છે. તે લોકોથી વિરૂદ્ધ કે જેમણે આ આયતને અરફાના દિવસે ઉતરી હોવાની વાત કહી છે. દાખલા તરીકે બુખારી અને મુસ્લિમ તેમાં ઘણા દિવસો વધી જાય છે.

આ ઉપરાંત ઘણા બધા કૌલા – કથનો પણ ટેકો આપે છે કે આ અયાત ગદીરમાંજ ઉતરી છે. આ દાવાના સંદર્ભની રિવાયતો આ છે.

૧. હાફીઝ અબુ જઅફર ઈબ્ને હરીર તબરી કિતાબુલ વિલાયતમાં ઝૈદ બીન અરકમથી રિવાયત કહે છે કે આ આયત ગદીરે ખુમના દિવસે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની શાનમાં ઉતરી.

૨. હાફીઝ બી મરદવીયા, હારૂન અબ્દીના તરિકાથી અબુ સઈદ હુઝરી અને અબુ હુરયરાથી રિવાયત કરે છે કે આ આયત ગદીરના દિવસે ૧૮ ઝીલ્હજ હુજ્જતુલ વિદાઅના વરસે ઉતરી જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ વિલાયતનું એલાન કર્યું. ઈબ્ને મરવીયાની નિશાનીની વાત સોયુતીએ દરે મનસૂર, બીદખશીએ મફાતિહલ જીનાન અને કતીફીએ અલ ફરીકતુન્ના જેયતમાં કરી છે.

૩. હાફીઝ અબુ નઈમ ઈસ્ફહાનીએ માનઝલ મેનલ કુરઆન ફી અલીય્યેમાં મોહમ્મદ બીન અહમદ મુખ્લીદ, મોહમ્મદ બીન ઉસ્માન બીન અલી શયખા યહ્યા હમ્માની, કયસ બીન રબીઅ, અબુ હારૂન અબ્દીથી અબુ હુઝરીની રિવાયત લખી છે કે પયગમ્બર (સ.અ.વ.)એ ગદીરે ખુમમાં ઝાડની નીચે ઝાડુ કઢાવ્યું. ગુરૂવારનો દિવસ હતો. પછી અલીના બાવડાને પકડીને એવી રીતે ઉંચાકર્યા કે બગલની સફેદી દેખાઇ ગઇ. હજી લોકો વિખેરાયા ન હતા કે અકમલની આયત ઉતરી. તે સમયે હઝરત રસુલે ખુદા

(સ.અ.વ.)એ ફરમાવ્યું : નેઅમતો પૂર થઇ. અને મારી રિસાલત અને હઝરત અલી (અ.સ.)ની વિલાયતથી રાજી અને ખુશ્નુદ થયો. તે પછી ફરમાવ્યું : જેનો હું મોલા છું તેના અલી મૌલા છે. એ ખુદા તેના દોસ્તને દોસ્ત અને દુશ્મનને દુશ્મન રાખ. તેના મદદગારની મદદ કર. અને તેને છોડનારને છોડી દે. હસ્સાને રજા માગી કે તે થોડા શેર પડે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું : પડો. ખુદાની બરકતથી. હસ્સાને ઉભા થઇને કહ્યું : એ કુરયશના બુઝુર્ગો! હું વિલાયતના એલાનની ખુશીમાં થોડા શેર સંભળાવવા માગું છું.

તે પછી નબી (સ.અ.વ.)એ ગદીરે ખુમમાં તે લોકોને કહ્યું : રસુલથી વધુ કોની વાત સાંભળવાને પાત્ર છે. પુછયું : તમારા વલી એન મૌલા કોણ છે. સૌએ બેધડક કહી દીધું. આપના ખુદા મારા મૌલા છે. અને આપ અમારા વલી છો. આપ અમને આ વિલાયતના ઇકરારમાં ગુનેહગાર નહિ જોશો. ત્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.)ને ફરમાવ્યું : ઉભા થઇ જાવ. તમને મેં મારા પછી લોકોના ઇમામ અને હાદી બનાવવાના પસંદ કર્યા છે. જેનો હું મૌલા છું તેના અલી મૌલા છે. હવે તમે લોકો સાચા દિલથી તેમની વિલાયતને સ્વિકારો. અને દોઆ કરી. એ ખુદા! તેના દોસ્તને દોસ્ત અને તેનાથી દુશ્મની અને ઇર્ષ્યા કરનારને દુશ્મન રાખ. આ શબ્દોની રિવાયત સલીમ બીન હયરી રિસાલીએ પણ કરી છે.

૪. હાફીઝ અબુ બક્ર, ખતીબે બગદાદીએ તારીખમધાં બે સનદોથી તેની રિવાયત કરી છે. પહેલી સનદ અબ્દુલ્લા બીન અલી બુશ્રાની, હાફીઝ દારકતાની, હબશુન ખલાલ, અલી બીન સઇદ રમલી, હમઝા ઇબ્ને શવઝબ, મતર વરાક, ઇબ્ને હવશબ અને અબુ હુરયરા છે.

બીજી સનદમાં અહમદ બીન અબ્દુલ્લા નયરી, અલી બીન સઇદ, ઝમરહ, ઇબ્ને શવઝબ, મીતર ઇબ્ને હુશબ, અબુ હુરયરાથી રિવાયત કરી છે કે હઝરત રસુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું :

જે માણસ અઢારમી ઝીલ્હજના રોઝો રાખે. તેને ખુદા સાંઇઠ મહિનાઓના રોઝાનો સવાબ આપશે. અને તે ગદીરનો દિવસ છે. જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.)નો હાથ પકડીને ફરમાવ્યું : શું હું તમારા નફસો ઉપર તમારા કરતા વધુ અખત્યાર નથી ધરાવતો. સૌના સ્વિકાર પછી ફરમાવ્યું : જેનો હું મૌલીા છું તેના અલી મૌલા છે તે વખતે હ. ઉમર બીન ખત્તાબે ફરમાવ્યું : મુબારક થાય એ અબુ તાલિબ (અ.સ.)ના ફરઝન્દ! આપ મારા અને તમામ મુસલમાનોના મૌલા બની ગયા. તે પછી ખુદાએ અકમાલે દીનની આયત ઉતારી.

૫. હાફીઝ અબુ સઇદ સજતાની કિતાબે વિલાયતમાં નોંધ કરે છે જેમાં ગદીરે ખુમનો ઇજતેમા અને કાંટાઓના સફાઇની વિગત છે.
૬. અબુલ હસન ઇબ્ને મગાઝલીએ મનાકીબમાં પોતાની સનદથી.
૭. હાફીઝ અબુલ કાસિમ હિસ્કાની.
૮. હાફીઝ ઇબ્ને અસાકીર, ઇબ્ને મરવીયાના તરિકાથી.
૯. ઇખ્તલુ ખોતબા ખ્વારઝમીએ મનાકેબમાં આ વર્ણન કરવામાં આવ્યું છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નું ગદીરે ખુમમાં બોલાવવું, ઝાડોની નીચે સફાદ કરવી, ગુરૂવારનો દિવસ હઝરત અલી (અ.સ.)ને એ રીતે ઉંચા કર્યા કે બગલની સફેદી દેખાઇ ગઇ. હજી તો લોકો છુટા નહોતા પડ્યા કે ....................ની આયત ઉતરી. આ જ મનાકેબમાં હાફીઝ બહીકીનો દરમ્યામની ભાગ નકલ કરવામાં આવ્યો છે.
૧૦. અબુલ ફત્હ નતનઝીએ ખસાએરો ઓલુવીયામાં અબુ સઇદ હુઝરી ઇમામ બાકીર (અ.સ.) અને ઇમામ સાદિક (અ.સ.)ના કથનની નોંધ કરી છે. આપ તેનો અર્થ એ સૂચવે છે કે આજ મેં દીનને પરીપૂર્ણ કરી દીધો. દીનના રક્ષણહારોને મુકર્રર કરવાના કારણે અને અમારી વિલાયતના કારણે તમારી ઉપર નેઅમત પૂર્ણ કરી દીધી. અમારા હુકમોને સ્વિકારવાના કારણે દીને ઇસ્લામથી રાજી થયો.

૧૧. અબુ હામા સઅદુદ્દીન સાલેહાની, શહાબુદ્દીન અહમદ તવઝીહુલ દલાએલમા મોજાહીદનીરિવાયત થકી અઅમાલની આયતને ગદીરે ખુમમાં ઉતારી હોવાનો નિર્દેશ કરે છે. પછી લખે છે કે તેની રિવાયત સાલેહાની એ કરી છે.

૧૨. અબુ અલ મુઝફફર સિબ્ત બીન જુઝીએ તઝકેરામાં ખતીબે બગદાદી અને દાર કતનીની રિવાયતની નકલ કરી છે.

૧૩. હમવીનીએ ફરાએદમાં બેડ સનદોથી તે દર્શાવ્યું છે.

૧૪. એમાદુદ્દીન ઇબ્ને કસીર દમિશ્કીએ તેમની તફસીરમાં ઇબ્ને મરદવીયાની રીત મુજબ ઇબ્ને સઇદ હુઝરી અને પોતાની તારીખમાં ખતીબે બગદાદીની રીત મુજબ અબુ હુરયરાની રિવાયતમાં આ આયત ગદીરે ખુમમાં ઉતરી હોવાનું દર્શાવ્યું છે.

૧૫. જલાલુદ્દીન સોયુતીએ દરે મન્સુરમાં ઇબ્ને મરવીયા, ખતીબ ઇબ્ને અસાકીરની રીતથી ઇબ્ને મરવીયાના શબ્દો નકલ કર્યા છે અને ઇત્તેકાનમાં સફરની આયત ગણાવીને અઅમાલની આયતેન પણ તેમાં ભેળવી દીધી છે. તે લખે છે કે સહીહ બુખારીમાં હઝરત ઉમ્રની રિવાયત છે કે અરફાના દિવસે જુમ્આના દિવસે ઉતરી. પરંતુ અબુ સઇદ હુઝરી અને અબુ હુરયરાની રિવાયત છે કે આ આયત ગદીરે ખુમના દિવસે ઉતરી. જ્યારે હઝરત રસુલ (સ.અ.વ.) હજ્જતુલ વિદાથી પાછા ફરી રહ્યા હતા. પરંતુ આ બન્ને સાચા નથી.

## અમારો દ્રષ્ટિકોણઃ

જો તેઓની માન્યતા મુજબ રિવાયતની સનદ વિશ્વાસપાત્ર નથી તો અબુ હુયરાની તે રિવાયત કે આ રિવાયતને વિદ્વાન ઉસ્તાદોએ સાચી કહી છે અને તેના રાવીઓની ખાત્રી કરવામાં આવી છે. અમે હવે પછી તેની ઉપર વિગતવાર દલીલ કરશું. અબુ સઇદ હુઝરીમાં પણ અસંખ્ય સાબિતિઓ છે. જેની ચર્ચા હમ્વીનીએ કરી છે. તદુપરાંત આ વિાયત અબુ હુરયરા અને અબુ સઇદ હુઝરીથીજ માત્ર મખ્સુસ નથી બલ્કે અગાઉના પાના ઉપર

દર્શાવવામાં આવ્યું છે કે જાબીર મુજાહીદ, ઇમામ બાકીર (અ.સ.) અને ઇમામ સાદિક (અ.સ.)થી પણ આવેલી છે. ખુદ સોયુતીનું સ્પષ્ટીકરણ છે કે તેને ખતીબે ઇબ્ને અસાકરની ઉપરાંત બીજા હદીસકારો અને તફસીરકારો કે જેમાં હાકીમ, બહીકી, ઇબ્ને શયબા, દાર કતની અને દયલમી જેવા વિદ્વાનો એ કોઇપણ વિરોધ કર્યા વગર તેનું અનુમોદન કર્યું છે. અને જો વિશ્વાસનો અર્થ શાને નુઝુલની રિવાયત વિરોધાભાસી છે તે સંજોગોમાં સોયુતીના માટે બિનજવાબદારીપૂર્વકનો નિર્ણય યોગ્ય ન હતો કારણકે વિવાદાસ્પદ આયતો ઉપર ઉપરાંત બીજા હદીસકારો અને તફસીરકારો કે જેમાં હાકીમ, બહીકી, ઇબ્ને શયબા, દાર કતની અને દયલમી જેવા વિદ્વાનો એ કોઇપણ વિરોધ કર્યા વગર તેનું અનુમોદન કર્યું છે અને જો વિશ્વાસનો અર્થ શાને નુઝુલની રિવાયત વિરોધોભાસી છે તે સંજોગોમાં સોયુતીના માટે બિનજવાબદારીપૂર્વકનો નિર્ણય યોગ્ય ન હતો કારણકે વિવાદસ્પદ આયતો ઉપર કહેવાના નિયમો નક્કી કરેલા છે. ખાસ કરીને તે સમયે કે જ્યારે બહુવચનનું સ્વરૂપ પણ નક્કી હોય. દાખલા તરીકે આયત ફરી ઉતરવાની શંકા! જેમ કે જુઝીન બિસ્મિલ્લાહની આયતના સિલસિલામાં કોલ છે કે એકવાર મક્કામાં અને બીજીવાર મદીનામાં ઉતરી. વધુમાં આ આયત ગદીરે ખુમમાં ઉતરી તેની સાબિતી રાઝી અને અબુ સઉદના અશારીયામાં છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) તે પછી એક્યાશી કે બ્યાંશી દિવસ સુધી જીવતા નથી. રહ્યા. ખરેખર તો સુયુતિએ આ બારામાં ઇલ્મે કસીસનું અનુસરણ કર્યું છે. તે બન્નેની ચર્ચા કરીને કહે છે કે ન આ સાચું છે કે ન તે સાચું છે. પહેલ કરનાર વધુ ઝાલીમ હોય.

૧૬. મીરઝા બંદખ્શીએ મીફતાહુલ નજામાં ઇબ્ને મરદવીયાના શબ્દો શબ્દો નકલ કર્યા છે.

આ બધી દલીલો અને કથનો પછી જરા આલુસીની ચાલ પણ જુઓ. તે રૂહુલ મઆનીમાં લખે છે કે શીયાઓએ અબુ સઇદ હુજરીની રિવાયતને કાઢી નાખી છે કે આ આયત ગદીરે ખુમમાં

હઝરત અલી (અ.સ.)ની વિલાયતને એલાન પછી ઉતરી છે. તે વખતે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું અલ્લાહો અકબર (ખુદાની શાન) કે તેણે દીનને પરીપૂર્ણ કર્યો. નેઅમતો સંપૂર્ણ કરી અને હઝરત અલી (અ.સ.)ની વિલવાયતથી ખુશી થયો. આ તોહમત લગાડવું અને રિવાયતની બનાવટ શરૂઆતના વર્તનથી જાહેર છે.

અમે નથી માનતા કે આલુસીને આ બધી રિવાયતોની ખબર ન હોય. અને માત્ર પોતાની અજ્ઞાનતાથી આ ખબરને શીયાઓ સાથે જોડી દીધી હોય. પરંતુ સાચું એ છે કે તે માત્ર દુશ્મનાવટના કારણે આ સ્વંય સ્પષ્ટ હકીકતો પ્રત્યે દુર્લક્ષ એવી રહ્યા છે. શું એહલેસુન્નતના આ પ્રકારનું સ્પષ્ટીકરણ કરીને અનુમોદન આપ્યા. પછી પણ આવા ફીત્ના ઉભા કરવાનો અવકાશ હતો? શું કોઇ એવું નથી જે આ ફીત્નાબાજને સવાલ કરે કે આટલા બધા તફસીરકારો, હદીસકારોછ અને ઈતિહાસકારો જેમણે આ અયાત ગદીર ખુમમાં ઉતરી હોવગાનો સ્વિકાર કર્યો છે તે બધા શીયા હતા? જેનો સિલસિલો અબુ હુરયરા, ઇમામ બાકિર (અ.સ.) અને ઇમામ સાદિક (અ.સ.) સુધી જોડાએલો છે. તે માત્ર અબુ સઇદ હુઝરી સુધી મર્યાદિત કેમ કર્યો?

કોઇ પૂછે કે આ ભરપૂર બનાવટ અને શીયાઓએ બનાવેલી હદીસ ક્યાંથી હાથ આવી ગઇ. શું ઉપરની રિવાયતોમાં ક્યાંક ગોળ ગોળ વાતોની બનાવટ છે? શું આ તમારા દિલ અને દિમાગની ગુંચવણો કે હલ્કાઇ નથી જે તમારા લોહીમાં ભળી ચૂકી છે. આ હદીસમાં ક્યાંય પણ મિલાવટ, આપસામાં નફરત, ખરાબી કે દંભ જોવા નથી મળતો. વાત માત્ર એટલી છે કે તે તમામ રિવાયતો કે જેમાં હઝરત અલી (અ.સ.)ની ફઝીલત જોવા મળે છે. તે આલુસી અને તેની ટોળકીના અકીદા અને હલ્કી દ્રષ્ટિના કારણે છે. અફસોસ! અમને ખબર પડીજતી કે શીયા જો સાચી રિવાયતથી નકલ કરે અને અહલેસુન્નત પણ તેને ટેકો આપે તો તેમાં શીયાઓનો શું ગુનાહ છે કે દ્વેષભાવથી પિડાતા નાસબીઓ (હઝરત અલી અ.સ.ના દુશ્મનો) આવી અર્થહીન વાત કહેવા તૈયાર થઇ જાય? અને અહિં તેની કિતાબના અર્થહીન રજૂઆતના ચીથડાં ઉડાવી શકતા હતા. પરંતુ અમારી નીતિમતાના કારણે અવગણીએ છે.

હરગીઝ નહિ યે તો એક નસીહત હૈ અબ જીસકા જી ચાહે

માને ઔર યે લોગ કોઇ સબક હાસીલ ન કરે. મગર યે કે અલ્લાહ અયસા ચાહે.

# અઝાબ થવો.

ગદીરે ખુમને લગતી આયતોમાં સુરા મઆરીજની આ આયતો પણે જોડાએલી છે....... અરબી......... માગનારાએ તૂટી પડનારો અઝાબ માગ્યો. કાફરો માટે તેને કોઇ પણ અટકાવનાર નથી તે ખુદાની તરફથી જે ઉચ્ચ દરજ્જાનો માલિક છે.

શીયાઓની સાથે અહલેસુન્નતના નીચે દર્શાવેલ આલીમોએ તેઓની તફસીરમાં અને હદીસોની કિતાબોમાં કંડારી દીધા છે.

૧. હાફીઝ અબુ અબીદા હિરવી (મૃત્યુ મક્કા : ૨૨૩-૨૨૪)એ તેમની તફસીર ગરીબુલ કુરઆનમાં રિવાયત કરી છે કે જ્યારે વિલાયતે ગદીરનું એલાન દૂર દૂરના ઇલાકાઓમાં મશહૂર થયું ત્યારે જાબીર બીન નસ્ર બીન હારીસ બીન કલ્દા અબ્દરી આવ્યો અને કહેવા લાગ્યો.

અય મોહમ્મદ! આપે અમને કલમા પડવા, નમાઝ, રોઝા, હજ, ઝકાત બજાવી લાવવાનો હુકમ કર્યો. તે અમે માની લીધો. એટલાથી સંતોષ ન થયો કે તમારા કાકાના દિકરા ભાઇનું બાવળું પકડીને ઉંચા કર્યા અને તેમને અમારી ઉપર (ઉચ્ચતા) ફઝીલત આપીને તેમની વિલાયતનું એલાન કરી દીધું. આ એલાન આપના તરફથી છે કે ખુદા તરફથી? હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું : કસમ છે તે ખુદાની જેના સિવાય બીજો કોઇ મઅબુદ નથી. આ હુકમ ખુદા તરફથી છે.

આ સાંભળીને તે માણસ પોતાની સવારી તરફ એમ કહીને ફરી ગયો કે એ ખુદા! જે કાંઇ મોહમ્મદ કહી રહ્યા છે જો તે સાચું હોય તો મારા ઉપર આસમાનથી પત્થરના વરસાદ અથવા કોઇ દર્દનાક અઝાબ મોકલી આપ. (હજી તો તે પોતાની સવારી સુધી પણ નહોતો પહોંચ્યો કે આસમાનની ઉંચાઇએથી એક પત્થર

તેના માથા ઉપર પડ્યો અને નીચેના ભાગમાંથી નીકળી ગયો. તે મરી ગયો અને ખુદાએ આ આયત ઉતારી.

૨. અબુ બક્ર નક્કાશ મુસલી બગદાદીએ તફસીરે શફાઉસસોરૂરમાં ઉપરની રિવાયત નકલ કરી છે. ફરક માત્ર એટલો છે કે જાબીર બીન નસ્રની જગ્યાએ હારીસ બીન નોઅમાન ફહરી લખ્યું છે. જે હવે પછી સોઅબલીની રિવાયતમાં આવશે. હું માનું છું ત્યાં સુધી આ સુધારો તેમનો પોતાનો છે.

૩. અબુ ઈસ્હાક સોઅલબી તફસીરૂલ કશફ વલ બયાનમાં લખે છે : સુફયાન બીન અયનયાને કોઈએ પુછ્યું. સઆલ સાએલ બ અઝાબ વાકેઅ કોના વિશે ઉતરી છે?

તેમણે કહ્યું : તમે એવી વાત પૂછી છે કે આજ સુધી બીજા કોઈએ નથી પૂછી. મને મારા પિતાએ હદીસ કહી. તેમણે હઝરત જઅફર બીન મોહમ્મદ (અ.સ.)એ તેમના બાપ દાદથી કે જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ગદીરે ખુમમાં લોકોને ભેગા કરીને હઝરત અલી (અ.સ.)ની વિલાયતનું એલાન કર્યું. ત્યારે આ ખબર બીજા શહેરોમાં અને દૂર દૂરના ઈલાકાઓમાં મશહૂર થઈ ગઈ. અને હારીસ બીન નોઅમાન ફહરીના કાને પણ આવી. તે હઝરત રસુલ (સ.અ.વ.)ની ખીદમતમાં ઊંટણી ઉપર સવાર થઈને અબતઅ સુધી આવ્યા. ઊંટણી ઉપરથી ઉતરીને તેને બાંધીને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) પાસે આવ્યા. અને કહેવા લાગ્યા. એ મોહમ્મદ! આપે ખુદાની તરફથી હુકમ આપ્યો કે ખુદાની તૌહિદ અને આપની રિસાલતની ગવાહી આપીએ. અમે માની લીધું. આપે નમાઝ રોઝા અને ઝકાતનો હુકમ આપ્યો. અમે માની લીધો. આપને એટલાથી સંતોષ ન થયો અને આપના કાકાના દિકરા ભાઈને બાવળા ઉપર ઉંચા કરીને અમારી ઉપર અગ્રતા આપી દીધી. અને તેમની વિલાયતનું એલાન કરી દીધું. આ એલાન વ્યક્તિગત રીતે આપની તરફથી છે કે ખુદાની તરફથી?

હઝરતે જવાબ આપ્યો : તે ખુદાની કસમ, જેની સિવાય કોઈ

મઅબુદ નથી. આ એલાન ખુદાની તરફથી હતું. આ સાંભળીને હારીસ પોતાની સવારી તરફ આ કહીને ફરી ગયો. એ ખુદા! જે કાંઇ પણ મોહમ્મદે કહ્યું છે જો તે સાચું છે તો આસમાનમાંથી મારી ઉપર પત્થર વરસાવી દે. અથવા કોઇ દર્દનાક અઝાબ મોકલી આપ. હજી તો તે પોતાની સવારી સુધી પણ નહોતો પહોંચ્યો કે આસમાનમાંથી એક પત્થર પડ્યો જે માથામાંથી થઇને નીચેના ભાગથી નીકળી ગયા. તે વખતે ખુદાએ આ આયત .......સાલ સાઇલ............ઉતારી.

૪. હાકીમ હિસ્કાનીએ ................અરબી.............માં રિવાયત કરી છે. તેમની સનદમાં અબુ બક્ર મોહમ્મદ બીન મોહમ્મદ સયદલાની, અબુ મોહમ્મદ અબ્દુલ્લા બીન અહમદ જાફર શયબાની, અબ્દુલ રહેમાન બીન હુસૈન અસદી, રબઇ, હોઝયફા બીન યમાનીથી રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું જેનો હું મૌલા છું તેના અલી મૌલા છે. નો અમાન બીન મુનઝર ફહરી (નામમાં સુધારો છે) એ કહ્યું કે આપે જે કાંઇ કહ્યું તે આપના તરફથી છે કે ખુદાનો હુકમ છે. બાકીની બધી વિગતો.

એક બીજી સનદમાં અબુ અબ્દુલ્લા શીરાઝી, અબુ બક્ર જરજાની, અબુ અહમદ બસરી, મોહમ્મદ બીન સહલ, ઝૈદ બીન અયનયા, અને ઇમામ જઅફર સાદિક (અ.સ.)થી રિવાયત છે તેમાં નોઅમાન બીન હારીસ ફહરીનું નામ છે.

૫. હ. અબુ બક્ર યહ્યા કરતબી સુરા મઆરીજની તફસીરમાં લખે છે કે જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ વિલાયતનું એલાન કર્યું ત્યારે નફીર બીન હારીસ આપને કહેવા લાગ્યો. અને બધી વિગત.

૬. શમુસુદ્દીન અબુલ મુઝફ્ફર સિબ્ત બીન જુઝીએ તઝકેરામાં સોઅલબીના હવાલાથી લખ્યું છે કે જ્યારે વિલાયતનું એઅલાન ચારે બજાુએ ફેલાઇ ગયું ત્યારે હારીસ બીન નોઅમાન ફહરી હઝરત રસુલ (સ.અ.વ.)ની પાસે ઊંટ ઉપર સવાર થઇને આવ્યા, ઊંટને મસ્જીદના દરવાજા ઉપર બાંધી દીધોઅને મસ્ઝીદમાં દાખલ

થયા અને હઝરત પયગમ્બર (સ.અ.વ.) સાથે જીભા જોડી કરવા લાગ્યા.

અય મોહમ્મદ! આપે તાહીદના કલેમા અને રિસાલતનો હુકમ આપ્યો. અમે માની લીધો. રાત દિવસમાં પાંચ વખતની નમાઝ, માહે સેયામના રોઝા, હજ અને ઝકાતનો હુકમ આવ્યો, અમે આપના કારણે માની લીધો. તેમ છતાં આપનું દિલ ન ભરાણું અને તમારા કાકાના દિકરા ભાઇને હાથો ઉપર ઉંચા કરીને બધા ઇન્સાનો ઉપર ઉચ્ચતા આપી અને એલાન કરી દીધું ..................... આ હુકમ આપના તફરથી છે કે ખુદાના તરફથી છે?

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની આંખો ગુસ્સાથી લાલ થઇ ગઇ. આપે ફરમાવ્યું : તે ખુદાની કસમ! જેના સિવાય કોઇ મઅબુદ નથી. આ ખુદાનો હુકમ હતો. આપે આ ત્રણ વખત દોહરાવ્યું.

હારીસ એમ કહીને ઉભો થયો. એ ખુદા! જે કાંઇપણ મોહમ્મદ કહી રહ્યા છે જો તે સાચું હોય તો મારા ઉપર પત્થર વરસાવી દે અથવા કોઇ દર્દનાક અઝાબ ઉતાર. પછી ખુદાની કસમ, તો તે પોતાની સવારી સુધી ન હોતો પહોંચ્યો કે આસમાનમાંથી એક પત્થર પડ્યો. અને તેના માથામાંથી પસાર થઇને નીચેના ભાગમાંથી નીકળી ગયો અને તે ત્યાંજ ફસડાઇ પડ્યો. તે સમયે આ આયત ઉતરી.

૭. શેખ ઇબ્રાહીમ બીન અબ્દુલ્લા યમની વસાબી શાફેઇએ (.....................અરબી..........)માં આ હદીસને સોઅલબીની રિવાયતમાં નકલ કરી છે.

૮. શયખુલ ઇસ્લામ હમવીનીએ ફરાએદના તેરમાં પ્રકરણમાં પોતાની સનદથી સોઅલબીની રિવાયત નકલ કરી છે.

૯. શયખ મોહમ્મદ ઝરમઝી હનફીએ ..............અરબી...........માં નકલ કરી છે.

૧૦. શહાબુદીન અહમદ દોલતાબાઇ

............અરબી............ની આઠમી હિદાયતના બીજા ભાગમાં લખે છે : હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ એક દિવસ કહ્યું : અરબી......................

આ વાત ખ્વારીજની ટોળીના એ કાફીરે સાંભળી ત્યારે પયગમ્બર (સ.અ.વ.)ની પાસે આવીને કહેવા લાગ્યો. આપે આ હુકમ ખુદાની તરફથી આપ્યો છે કે તમારી તરફથી આપે કહ્યું : આ હુકમ ખુદાની તરફથી છે. તે કાફર મસ્જીદની બહાર આવ્યો. અને મસ્જીદના દરવાજાની પાસે એક જગ્યાએ રોકાઇને કહેવા લાગ્યો. જો મોહમ્મદની વાત સાચી છે તો મારી ઉપર આસમાનથી પત્થર વરસે. રાવી લખે છે કે એજ સમયે તેના માથા ઉપર એક પત્થર પડ્યો અને તેના માથાના ચૂરેચૂરા થઇ ગયા ત્યારે આ આયત ઉતરી.

આ ઉપરાંત જે લોકોએ આ વાતની ચર્ચા કરી છે તેઓના નામો પરિશિષ્ટ ............માં છે.

જો તમે જુઠલાવો છો તો તમારી પહેલા ઘણી કોમો જુઠલાવી ચૂકી છે અને હઝરત રસુલ (સ.અ.વ.) ઉપર સ્પષ્ટ તબલીગની સિવાય કોઇ જવાબદારી નથી.

## હદીસ ઉપર અભ્યાસપૂર્ણ દ્રષ્ટિપાત

આપે પાછળના પ્રકરણમાં જોયું કે આયત ....................ની શાને નોઝુલના સિલસિલામાં તફસીર અને હદીસની અસંખ્ય કિતાબો છે જે સર્વસંમતિ ધરાવે છે. અસંખ્ય સનદોએ બપોરના સૂર્યની જેમ આયત ઉતરવાને સ્વંય સ્પષ્ટ અને એકમત સાબિત કરી છે. જે વાંચીને સંપૂર્ણ રીતે ખાત્રી થઇ જાય છે. શાયરોએ પણ હારીસના બનાવને સૌથી પહેલા દિવસે નમાઝમાં ઢાળીને રજૂ કર્યો છે. ચોથી સદી હિજરીના સર્વોચ્ચ શાયર અબુ ગૈસાનીએ એક લયમાં ઉતાર્યું છે.

જ્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની વિલાયતના સિલસિલામાં ઉમ્મતને કહ્યું કે આ આજથી મૌલા છે. જે કાંઇ રબ્બે કરીમની તરફથી કહું છું તે ધ્યાનથી સાંભળો. ત્યારે એક કાફર રાગદ્વેષવાળા મુનાફીક હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને આવેશ અને ગુસ્સામાં કહ્યું. શું આ આપણા પરવરદિગારની તરફથી છે કે આપે ખુદ ઘડી કાઢ્યું છે. આપે કહ્યું : ખુદાની પનાહ! મેં મારા તરફથી હરગીઝ નથી. કહ્યું ત્યારે તે ખુદાની દુશ્મન દોઆ કરવા લાગ્યો. એ ખુદા! જો આ સાચું છે તો મારા ઉપર અઝાબ

ઉતાર. તેથી આ કુફ્રના કારણે આસમાનમાંથી તરતજ પત્થરનો અઝાબ ઉતર્યો અને તે મરી ગયો.

એક બીજા નગ્મામાં આ રીતે છે.

જે કાંઇ હારીસ બીન નોઅમાન ફહરીની સાથે બન્યું તે સ્પષ્ટ દલીલ છે. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ઉમ્મતની ભલાઇ માટે જે કાંઇ કહ્યું તેથી તે એટલો બધો બેચેન થયો કે આપની પાસે મદીના આવ્યો અને દુશ્મનીના આગ જેવા તેજ ગુસ્સામાં ધ્રુજી રહ્યો હતો. વિલાયતના એલાન વિરૂદ્ધ એવી બકવાસ કરી કે દુઃખદાયક અઝાબમાં સપડાય ગયો.

અમે દૂર અને નજીક કોઇને પણ નથી જોયો કે જેણે હારીસના સમગ્ર બનાવ ઉપર ટીકા કરી હોય કે જુઠલાવ્યો હોય. જે કોઇએ પણ વિશ્વાસપાત્ર રાવીઓ ઉપર નજર કરી કાંઇ ફેરફાર વગર માની લીધું. આ ક્ષેત્રમાં માત્ર ઇબ્ને તયમયા દેખાયા જેણે ..................(૧૩૩) ઉપર સદર ઘટનાથી વિરૂદ્ધ જીભા ખોલીને પોતાની દુશ્મનીની સાબિતી આપી છે. આ માત્ર એક જ પ્રસંગ નહિ તેની આડોડાય દરેક મામલામાં આમ મુસલમાનોની વિરૂદ્ધ જુદો મત બાંધીને અર્થહીન બકવાસ કરે રાખે છે. આ આયતના સિલસિલામાં નિખલાસતાથી વાંધા વિરોધોનો જવાબ આપવામાં આવે છે.

૧. બધા લોકો એ વાત ઉપર સર્વસંમત છે કે ગદીરનો બનાવ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ના છેલ્લી હજથી પાછા ફરતી વખતે બન્યો. જો કે આ હદીસથી જણાય છે કે જ્યારે આ ખબર મશહૂર થઇ ત્યારે હારીસ આપની પાસે અબતઅ મક્કામાં આવ્યો જો કે તાર્કિક રીતે આ બનાવ મદીનામાં બનવો જોઇએ. એમ જણાય છે કે આ હદીસ ઘડનાર ગદીરના પ્રસંગથી બિલ્કુલ અજાણ હતો.

જવાબ : પહેલી વાત તો એ છે કે સીરતે હલબીયા વ તઝકેરા ખુઝી અને સદરૂલ આલીમની મઆરેજુલ અઅલામા દર્શાવવામાં આવ્યું છે કે હારીસ મસ્જીદમાં આવ્યો હતો. જો મસ્જીદ, મદીનાની મસ્જીદના અર્થમાં હોય. પછી એ કે હલ્બીએ સ્પષ્ટતા પણ કરી ન દીધી છે કે મદીનામાં પણ આ બનાવો બન્યો. આથી એવું જણાય છે કે ઇબ્ને તયમીયાનો ઇન્કાર બેહુદા ગુમાનના કારણે છે.

બીજી વાત એ છે કે આ માણસે જહાલતના કે હઠધર્મીના કારણે અબતઅને મક્કાની આસપાસ મખસુસ સમજી લીધું છે. તેને અર્થની ખબર જ નથી. જો આ જાહીલે હદીસ અને શબ્દકોશની કિતાબો કે ભૂગોળના નકશા જોયા હોત તો તેને ખબર પડતી કે અબતઅ તે દરેક ઘાટીને કહે છે. જ્યાં સૂકી રેતી અને ઢાળ હોય. એટલા જ માટે મક્કાને અબતઅ કહે છે. કારણકે ત્યાં સૂકી રેતીના ઢાળ છે.

સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં અબ્દુલ્લા બીન ઉમરથી રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ ઝુલ હલીફાની ઘાટીમાં ઊંટ બેસાડ્યા અને નમાઝ પડ્યા. ઇબ્ને ઉમર જ્યારે પણ હજ કે ઉમરાથી ફરતા ત્યારે હઝરત રસુલ (સ.અ.વ.)ની આ જગ્યા ઉપર નમાઝ પડતા.

સહીહ મુસ્લિમમાં અબ્દુલ્લા બીન ઉમરથી રિવાયત છે કે જ્યારે હઝરત રસુલ (સ.અ.વ.) એ ઝુલહલીફામાં રાતવાસો કર્યો ત્યારે આપને કહેવામાં આવ્યું કે આપ મુબારક મક્કાની ઘાટીમાં છો. અમતાઅ મકરીઝીમાં છે કે જ્યારે હઝરત રસુલ (સ.અ.વ.) મક્કાથી પાછા ફરતા અને મદીનાની ઘાટીમાં દાખલ થતા તો આપને કહેવામાં આવ્યું કે આપ મુબારક અબતહમાં છો.

સહીહ બુખારીમાં ઇબ્ને ઉમર અને ઇબ્ને ઝેબાહાની રિવાયત છે કે હઝરત રસુલ (સ.અ.વ.)એ ઉમરા કર્યા ત્યારે ઝુલહલીફામાં ઉતર્યા...... પૂર્વની બતહાની ઘાટીમાં ઊંટને બેસાડતા હતા.

મસાબેહુલ બગવીમાં કાસીમ બીન મોહમ્મદનું બયાન છે કે હજરત આયેશાની પાસે ગયા. તેમને અરજ કરી અમ્માજાન! મને પયગમ્બર (સ.અ.વ.)ની કબર બતાવો. તેમણે ત્રણ કબરોની નિશાની આપી. જે ઉંચી હતી. જમીન સાથે જોડાએલી ન હતી. બલ્કે તે ગુલાબી સંગરેઝાથી ઢંકેલી હતી.

હમવીની વફાઉલ વફામા હ. આયેશામાંથી રિવાયત કે છે કે બે ઘાટી (મદીના અને અત્તીક) જન્નતના બાગથી સજાવેલી છે. તેઓની સાથે ગદીરના પ્રસંગની હોઝયફા બીન રસીદ અને આમીર બીન લયલાની રિવાયતોને પણ મેળવી લો. તેઓ બન્ને કહે છે કે હઝરત રસુલ (સ.અ.વ.) છેલ્લી હજથી પાછા ફરીને હોઝયફા પહોંચ્યા. આપે મનાઇ કરી હતી કે ઘાટીના કાંટાળા ઝાડો પાસે કોઇ ન રોકાઇ. શબ્દકોશની સૌથી મહત્ત્વની કિતાબ મોઅજમુલ બલદાન છે. તેમાં .............નો અર્થ છે એવી ઢાળવાળી ઘાટી જેમાં પુષ્કળ રેતી હોય જેમાં

કલ્પના ન હોય તેવી વિશાળ ઢાળ વાળી ઘાટીઓ આવેલી છે.

વધુમાં કહે છે કે અબુલ હસન મોહમ્મદ બીન નસ્ર કાતિબ કહે છે કે મેં વલીદની નાચનારીને તરીહ બીન ઇસ્માઇલનું ગીત ગાતા સાંભળી ............અરબી......પેજ ૧૩૪........ તું વિશાળ જમીન અને ઢાળવાળી ઘાટીઓનું ફરઝંદ છો. ચારે બાજુએ રેતાળ રસ્તાઓ તને માપી નથી શકતા. થોડા તમાશો જોનારે કહ્યું કે બતહા તો મક્કાની સિવાય ક્યાંય નથી. પછી બહુવચનનો શું અર્થ? આ મૌકા ઉપર બતહાવી અલ્વી ભડકી ગયા.

બતહાએ મદીના તો બતહાએ મક્કાથી પણ મોટું છે. મારા દાદનો શેર છે. (...........અરબી........ પેજ ૧૩૫)

મદીનાની રેતાળ ઘાટી મારી મંઝીલ છે અને તે કેટલી સારી રહેવાની જગ્યા છે.

એક વિરોધીએ શેર સાંભળીને કહ્યું. આથી તો એમ જણાય છે કે બે બતહા છે. બહુવચને તેમ છતાં સાચું નથી.

અમે જવાબ આપ્યો : અરબી સાહિત્ય અને શાયરી વિશાળ અને બુલંદ છે. તેથી બે વસ્તુઓને બહુવચન કહેવામાં આવે છે. ત્યાં એક ભાષાનો નિષ્ણાંત પણ હતો.તે કહેવા લાગ્યો. ઓછામાં ઓછા બહુવચન બે છે. તેથી ફર્ઝદુકનો શેર છે. (અરબી........... પેજ ૧૩૫) તો બે બતહાઓ કુરયશના ફરઝંદ છે. પોતાને ચાહે તે સમૂહથી જોડી દે જેની ભાષાના નિષ્ણાંતો રંગીસ્તાનોની જેમ ભર્યા પડ્યા છે. તે પછી મોઅજ્ઝમના સંપાદક અલ બલદાન કહે છે કિતાબોની આ બધી વાતો બનાવટી અને મોં માથા વગરની છે. જ્યારે બધા ભાષાવિદો બતહા રેતીથી ભરપૂર જમીનને કહે છે. તો પછી તે બધી જમીનોના ભાગો જ્યાં આ ગુણ હોય તેને બતહા કહેવામાં આવશે. તેથી તેનું બહુવચન પણ થઇ શકે છે. આ જ કારણ કુરયશના અજ્ઞાનતાના બિલ્કુલ શરૂઆતના જમાનામાં જ્યારે મદીનામાં કોઇ પણ રહેતું ન હતું ત્યારે કુરયશ અલબતહા અને કુરયશ અલ તવાહેર કહેવામાં આવતું હતું. હવે રહી ફરઝંદક અને ઇબ્ને નબાતાની વાત. તો આ શેરથી એ સાબિતી ન આપી શકાય કે બતહા માત્ર બે છે. કારણકે આરબો રકમને રકમતાન અને રામાને રામતાન કહે છે. મૂળ વાત શેરનો વિષય અને નિયત છે. અલબતાહ કબીલા બની હરબુઅકી મન્ઝીલ બયદનો શેર છે. (..........અરબી.......૧૩૫) એમ

કહેવામાં આવે છે કે બતાહ અસદના કબીલાના ઈલાકામાં એક ઝરણું હતું. જ્યાં ખાલીદ બીન વલીદના વિદ્રોહમાં ઈસ્લામથી ફરી ગએલાઓ સાથે લડાઇ કરી હતી. તેમાં ઝરાર બીન અઝદહ અસદીએ ખાલીદની તરફથી બતાહ નામની જગ્યા ઉપર માલિક બીન નવહેરાહને કતલ કર્યા હતો. કતલ થનારના ભાઇ મતમુમે મરસીયો કહ્યો હતો.........અરબી........ ૧૩૫

હું મારા ભાઇ ઉપર હંમેશા રોતો રહીશ જ્યાં સુધી કબુતરોનો અવાજ બતાહની ઘાટીમાં કબુતરોને જગાડતા રહેશે. વકીઅ બીન માલિકે પણ બતાહના બનાવ ઉપર મરસીયો કહ્યો હતો. (.................. અરબી.............અરબી......... ૧૩૫

મોઅજમુલ બલદાનમાં છે. શબ્દકોશમાં બતહાય અસલ અર્થ એવા વિશાળ ઢાળનો છે જ્યાં રેતી ઘણી વધુ હોય. નસ્ર કહે છે કે અબતહ અને બતહનો અર્થ એવી જમીન જે ઢાળવાળી, નરમ, સમથળ, ઉંચી નીચી અને ઘાટી હોય. એટલે એવી જગ્યા જ્યાં પાણી વહેવાનો અસર દેખાતો હોય. કહેવામાં આવે છે અબતહ અને બતાહની ઘાટીમાં આવ્યા. તેનો અર્થ નરમ જમીન છે. જે ઘાટીની વચ્ચે હોય. તેનું બહુવચન અબાતેહ થાય છે. અમૂક ભાષાવિદોએ કહ્યું છે કે દરેક વિશાળ જગ્યાને બતહા કહે છે, હ. ઉમરનું કથન છે ................અરબી...... એટલે મસ્જીદના સહેનમાં નાના પત્થરના ટૂકડા પાથરો. વધુમાં બતહા એક ખાસ જગ્યા ઝમીકારની પાસે. ફેલાવાની સાથે બતહાસે મક્કા આવીજ રીતે બતહાએ ઝુલ હલીફા કહેવામાં આવે છે.

ઈબ્ને ઈસ્હાક કહે છે : હઝરત રસુલ (સ.અ.વ.) લડાઇના ઈરાદાથી નીકળ્યા અને કોહતાની રસ્તાથી બની દીનારને ત્યાં જઇ પહોંચ્યા. પછી બતહા ઈબ્ને અઝહરમાં એક ઝાડ જેનું નામ ઝાતુસ્સાક હતું. આં હઝરત (સ.અ.વ.)ની મસ્જીદ આજે પણ છે. વધુમાં બતહા એક શહેર તિલ્મીસ્તાનની નજીક છે.

બુતહાન અને બતહાન મદીનાની ત્રણ ઘાટીઓ માની એક છે.

અબુ ઝીયાદ કહે છે કે ઝેયાબના કબીલાની નહેરનું નામ બતહાન છે.

મોઅજ્જમુલ બલદાનમાં બોતીહા, બતીહા અને બીતહ, એક સમાન છે તેને કહેવામાં આવે બતહુલ લયલ આ સંબંધથી બતાએહ વાસ્તુ કહે છે. કારણકે ત્યાં પાણી ફેલાવો કરી ચૂક્યું છે. વાસ્ત અને બસરહની વચ્ચે વિશાળ અને પહોળી

જમીન છે. જુના જમાનાથી ત્યાં ગામડા વસેલા છે. પરવેઝના જમાનામાં દજલા નદીમાં પૂર આવ્યું ફિરાતમાં પણ અણધાર્યું પૂર આવ્યું લોકો તેની ઉપર બંધ બાંધવામાં નિષ્ફળ રહ્યા. પાણી ચારે તરફ ફેલાઇ ગયું. ખેતરો મકાનો વિગેરે બધું પાણીમાં ડૂબી ડૂબી ગયું. તેથી ત્યાંના રહેવાસીઓ ત્યાંથી વિખરાય ગયા.

ઇબ્ને મંઝુર લેસાનુલ અરબમાં અને ઝૈદ બીન તાજુલ અરૂસમાં કહે છે (ખુલાસાની રીતે) બતહા નરમ જમીનની ઘાટીને કહે છે. જ્યાં રેતીના પટમાં પાણી વહી ગયાની અસર જણાય છે. ઇબ્ને અસીર કહે છે. બતહા ઘાટીને કહે છે અને અબતાહ એ નરમ જમીન ઉપર ભેગી થએલી રેતીને કહે છે જ્યાં પાણી વહેવાની અસર દેખાતી હય. આ જ અર્થમાં હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ અબતાહમાં નમાઝ પડી. અર્થાંત અબતહ મક્કા ઇબ્ને અસીરના મત મુજબ તે મક્કાન રેતાળ જમીન છે. અબુ હનીફા નોંધ કરે છે કે અબતહમાં કોઇ ચીજ નથી ઉગતી. અબતહ વહેણની જગ્યાને કહે છે. નઝર કહે છે કે બતહા જમીનની બેરાવાની જગ્યાને કહે છે જે ઉંચી નીચે જમીનથી ભરપૂર હોય અને ઘાટી હોય. એમ કહેવામાં આવે છે કે અમે બતહાની ઘાટીમાં આવીને સૂઇ ગયા. અને ઘાટીની બતહા તેનાજ જેવી છે કે જે નરમ અને જમીનની સરકતી રેતી હોય.

અબુ ઉમર કહે છે કે અબતાહ જ્યાં પાણી ભરપૂર પેદા કરી દે, અર્થાંત ડાબે જમણે, વહેતુ હોય તેથી બહુવચન અબાતહ અને બતાહ સાચા છે.

બતતહુલ સયલ એટલે ઘાટીમાં વહેણ ફેલાઇ ગયું. ઇબ્ને સય્યદના મત મુજબ તેનો અર્થ છે કે વહેણ પહોળાઇમાં ફેલાઇ ગયું. આ અંગે ઝવાલ રમા અને અલ બદીદના શેરો પણ છે.

રેગીસ્તાનની આ જ વિશાળતાને લીધે બતહાએ મક્કા અને અબતાહ મશહૂર છે. ઘણી વખત બુતહાન પણ વપરાય છે. નહાયા ઇબ્ને અસીરના મત મુજબ સાચું .........ના અધ્યાહાર છે. અય્યાઝે મશારીકમાં કહ્યુ છે કે હદીસકાર બંકુન તાહીર રિવાયત કરે છે : તેમના ઉસ્તાદો પાસેથી પણ આ જ સાંભળ્યું છે. પરંતુ સાચું .......ને ઝબર અને ............ને ઝેર છે. જેમ કે કતરાન કાલી અને બકીએ ટેકો આપ્યો છે. બકીના મત મુજબ તે સિવાય બોલવું નાજાએઝ છે. ગમે તે હોય. આ શબ્દ મદીનાની ત્રણ ઘાટીઓમાંની એક છે.

અબતાહ અને બતહાના મૂળ અર્થને શાયરોએ પણ નઝમ લખી છે. દલીલ

તરીકે અમીરૂલ મોઅમેનીને વલીદને સંબોધીને કહેવું કે (અરબી.............૧૩૭) (મને વલીદે જબરદસ્ત ધમકી આપી તો મેં કહ્યું કે હું અબુ તાલિબનો ફરઝંદ છું. હું તેનો ફરઝંદ છું જે મક્કા અને મદીનાના ઘાટી અને ગાલીબના બે કુટુંબોના નામથી જાણીતા છે.

મયનબદીએ અર્થઘટન કરતા કહ્યું છે કે ............નો મક્કા અને મદીનાની ઘાટીઓ ............. છે. આ અંગે નાબેગ સય્યદ હમીરી, સય્યદ રઝી, મહયાર દલીમી, અર્રમઝી, હયસ બયઅસ અને ગયરહમના શેરો પણ છે. હયસ, બયસે અહલેબયત (અ.સ.)ની સોગવારીમાં તેઓની ખુદની જીભે જાલીમોને સંબોધન કર્યું છે. (અરબી.......... ૧૩૭)

યાદ રહે કે અહલેબયત (અ.સ.)ની કત્લગાહો ઇરાક તૂફ/કરબલા) વિગેરેમાં છે. અમૂક ફૂખમધાં કતલ થયા છે. જે મક્કાથી છ માઇલ દૂર છે. એક બીજા શાયરે કહ્યું છે. (અરબી........... ૧૩૭)

## બીજો વિરોધ

સુરા મઆરીજને બધા આલીમોએ એક મતે મક્કી કહ્યો છે. એટલે કે ગદીરના ઘટનાના દસ વરસ પહેલા આ સુરો ઉતરી ચૂક્યો હતો.

જવાબ : બધા આલીમોનો એકમત છે કે સુરા મઆરીજ મક્કામાં ઉતર્યો છે નહિ કે તેની બધી આયતો મક્કી છે. તેથી શક્ય છે કે આ આયત મદીનામાં ઉતરી હોય જેવી રીતે ઘણા સુરામાં આમજ છે. આ વાધો પણ ચાલી નથી શકતા કે એ નક્કી થયા પછી કે ફલાણો સુરો મક્કી છે કે મદની છે તેની શરૂઆતની આયતો પણ મક્કી અથવા મદીની હશે કારણક અમે પહેલા જ કહી ચૂક્યા છીએ કે સુરાની આયતો તવફીકી છે કે નોઝુલી નથી. તેથી પૂરેપૂરી શક્યતા છે કે તે પછી ની ઉતરેલી આયત રજુ કરી દેવામાં આવી હોય. દરેક ચીજની હિકમત અને મસલેહતથી જાણકાર હોવું અથવા મસ્લેહત જાણવી આપણા માટે જરૂરી નથી. આપણે મોટા ભાગે આયત ગોઠવણીની હિકમત અને મસ્લેહતની જાણકારી મેળવવી અથવા મસ્લહેત જાણવી આપણા માટે જરૂરી નથી. આપણે મોટા ભાગે આયતોની ગોઠવણીની હિકમત અને મસ્લેહતથી જાણકારી નથી. તેના ઘણા દાખલાઓ છે જેમ કે સુરા અનકબુત, કહફ, હુદ, મરયમ, રઅદ, ઇબ્રાહીમ, બની ઇસરાઇલ, હજ, ફુરકાન, કસસ, મુદસ્સર, કમર, વાકેઆ, મુતફફેફીન, વલ

લયલ, યુનુસના સુરાઓ મક્કી છે પરંતુ તેની શરૂઆતની દસ કે અમૂક આયતો મદની છે. તે તબરી, કરતબી, સોયુતી, અને શરબીનીની તફસીરોમાં જોઇ શકાય છે. આવી જ રીતે અમુક સુરા મદની છે. પરંતુ તેમાં મક્કી આયતો પણ મોજુદ છે. જેમ કે સુરા મોજાદેલાની શરૂઆતની દસ આયતો મક્કી છે. સુરા બલદની ચાર આયતો મક્કી છે આ ઉપરાંત શક્ય છે કે એક આયત ફરી વખત ઉતરી હોય. જેમ કે મોટા ભાગના અલી (અ.સ.)એ સ્પષ્ટતા કરી છે કે નસીહત, યાદી અપાવવા અથવા આપતની શાન અને ગુણવત્તાને નજર સામે રાખીને આયત ફરી વાર ઉતર છે. જેમ કે .......અરબી........... સુરએ રૂમની શરૂઆતની આયતો અને રૂહની  વિગેરે. સુરએ ફાતેહા બે વખત ઉતરી પહેલી વખત નમાઝ વાજીબ થવાના સમયે અને બીજી વખત કિબ્લાને બદલાવ્યો તે વખતે. એટલા જ માટે તેનું નામ મસાની રાખ્યું છે.

## ત્રીજો વિરોધ :

આયત (અરબી................ ૧૩૮) અંગે બધા તફસીરકારો એક મત છે કે બદરની જંગ પછી અને ગદીરની ઘટના ઘણાં વરસો પહેલા ઉતરી છે.

જવાબ : જો કે આ માણસનું બયાન છે કે સદર રિવાયત જ એક બીજાને ટેકો આપે છે તેના પ્રકાશમાં હારીસ બીન નોઅમાન ફહરીએ જે કાંઇ જવાબથી અદા કર્યું છે તે પહેલાની ઉતરેલી આયતને દોઆના રૂપે અદા કરીને ગદીરના દિવસે રજુ કરી છે. જો કે પરિસ્થિતિ તેનાથી વિરૂદ્ધ છે. ઇબ્ને તયમીયાનું ગુમાન છે કે પહેલા ઉતરેલી આયતો કોઇ મરદની જીભથી અદા થવી અશક્ય છે. જો હારીસ કે જાબીરે આ જ વાક્યો જીભથી અદા કર્યા તો તેના શાને નુઝુલથી સબંધે કેવી રીતે. સ્થાપિત થઇ ગયો? આ અયાત ચાહે બદરમાં ઉતરી હોય કે ઓહદમાં - હારીસે ખુદ પોતે આ વાક્યોને ગુમરાહીના જુસ્સામાં અદા કર્યા. ઇબ્ને તયમીયાની ઇચ્છા સ્પષ્ટ રીતે ઝળકી ઉઠે છે કે તે એક સાબિત થએલી હકીકતને શંકાસ્પદ વિરોધોની સંખ્યા વધારીને તેને જુઠલાવવાની દોડધામ કરી રહ્યો છે.

## ચોથો વિરોધ :

આ આયત મક્કાની હેકાયતે ગુફતાર ઉપર ઉતરી છે. કારણકે પયગમ્બર (સ.અ.વ.)ની હાજરીના કારણે ત્યાં મક્કા કાફરો ઉપર તો અઝાબ ઉતર્યો નહિ.

કારણકે કુરઆનની રોશનીમાં પયગમ્બર (સ.અ.વ.)ની હાજરીથી અઝાબ ઉતરી નથી શકતો. અથવા જો તે લોકો ઈસ્તીગફાર કરે.

જવાબ : આ દ્વેષભાવ ધરાવતા લોકોને મક્કાના મુશરિકો ઉપર અઝાબ ન થવો અને હારિસ ઉપર અઝાબ થવામાં કોઇ ફરક દેખાતો નથી. હકીકતમાં ખુદાવંદે આલમની ક્રિયાઓ મસ્લેહત અને હિકમત ઉપર આધારિત હોય છે અને સંજોગોનુંસાર મસ્લેહતો બદલતી રહે છે. જો મક્કાના કાફરો ઉપર અઝાબ ઉતારતો તો તેના વંશમાં જે મુસલમાનો પેદા થવાના હતા તે ન થાત અને હઝરત રસુલ (સ.અ.વ.)ની બેઅસતનો મૂળ હેતુ માર્યો જતો. હારીસ પોતાની દુશ્મનીમાં ઈમાનની પછી કુફ્રને અખત્યાર કરી લીધું હતું. ખુદાવંદે આલમ જાણતો હતો કે તેનાથી નેકી નહિ થાય. તેના વંશમાં પણ કોઇ મુસલમાન પેદા નહિ થાય. જેવી રીતે હઝરત નુહ (અ.સ.)એ ખુદાની બારગાહમાં દોઆ કરી હતી. (.......પાના નં. ૧૩૮) હવે તેઓમાં મુસલમાન પેદા નહિ થાય. માત્ર કાફરો અને બદકારજ પેદા થશે.) તેથી ખુદાવંદે આલમે નબુવ્વતના તમન્નામાં તેઓની જીવનની દોર અને વંશ ખતમ કરી દીધા. આ કારણે જે લોકો બેઅસતની શરૂઆતમાં, હિદાયતની શરૂઆતમાં કે વંશમાં ઈસ્લામના આદેશના અનુસરણના કારણે નવાજવામાં આવ્યા હતા અથવા હિદાયતથી દૂર થવાના કારણે અઝાબનો શિકાર થયા તે બનને વચ્ચે ઘણો મોટો તફાવત છે. પહેલા પ્રકારના લોકોમાં મોટાભાગના લોકો લડાઈમાં માર્યા ગયા અથવા બીજા બદકારોના શિકાર થયા તેથી તેઓની ગુમરાહી મર્યાદિત હતી. બીજા પ્રકારના લોકો પોતાના કૂકમાં અને ગુમરાહીનો પ્રચાર કરી રહ્યા હતા. અને લડાઇ ઝઘડા કરવા તૈયાર હતા. તેથી શરૂઆતના જમાનાના કાફીરો અને મુશ્રિકો અને આખર જમાનાના મુનાફેકોમાં ઘણો મોટો ફરક હતો. તેઓની પાસેથી ન તો હદિયતની આશા હતી ન ઈસ્લામની આશા હતી.

તે સાચું છે કે હઝરત રસુલ (સ.અ.વ.)ની રહેમતનું અસ્તિત્વ તે અઝાબથી રૂકાવટ છે. પરંતુ એ મુદ્દાને પણ ન ભૂલી જવો જોઈએ કે સંપૂર્ણ રહેમતની જરૂરી બાબત એ છે કે ઉમ્મતના નેકીના માર્ગને નુકસાન કરતા વ્યક્તિઓને બરતરફ કરી દેવામાં આવે. આજ કારણથી હઝરત રસુલ (સ.અ.વ.) ખુદા અને રસુલની તરફથી જાલીમોને તોડી પાડ્યા. આપની મજાક ઉડાવનારા અને ઠઠ્ઠો મારવા માટે બદદોઆ કરી.

સહીહ બુખારી અને મુસ્લિમમાં ઇબ્ને મસઉદથી રિવાયત છે કે જ્યારે કુરયશ હઝરત રસુલ (સ.અ.વ.)નો વિરોધ કરવા માટે તૈયાર થઇ ગયા ત્યારે આપે બદદોઆ કરીઃ અય ખુદા! તેઓની ઉપર યુસુફ (અ.સ.)ના જમાનાની જેમ અનાજનો અઝાબ ઉતાર. આપની દોઆથી એવો દુષ્કાળ પડ્યો કે તેઓનું બધું અનાજ ખતમ થઇ ગયું. ભૂખે તે લોકને બેબાકળા બનાવી દીધા. અને તેઓ મુરદાર ખાવા માટે મજબુર થઇ ગયા. ભૂખથી તેઓની આંખો ઉંડી ઉતરી ગઇ. આજ અર્થ છે. (અરબી.......૧૩૯) જે દિવસે આસમાન ચોખ્ખો ધુમાડો લઇને આવ્યા.

રાઝીની તફસીરમાં છે કે મક્કાવાળાઓએ હઝરત રસુલ (સ.અ.વ.)ને જુઠલાવ્યા તો આપે બદદોઆ કરી કે તેઓની ઉપર હઝરત યુસુફ (અ.સ.)ના જમાનાની જેવો દુષ્કાળ ઉતાર. પરિણામે વરસાદ રોકાઇ ગયો.

ઝાડપાન સુધાઇ ગયા. સખત ભૂખના કારણે હાડકા અને કુતરાનું મુરદાર ખાવા લાગ્યા. તેઓની આંખોનો બધો દેખાવ ધુમાડા જેવો હતો. આ જ વાત ઇબ્ને અબ્બાસે મકાતિલ, મુજાહીદ ઇબ્ને મસઉદ ફેરાદ ઝજાજે કહી છે. ઇબ્ને અસીરે નેહાયામાં બહીકી અને અબુ નઇમના હવાલાથી આ જ વાત લખી.

કામીલ ઇબ્ને અસીરમાં છે કે અબુ ઝમીઆ, અસુદ બીન મુતલબ અને તેના સાથી હઝરત રસુલ (સ.અ.વ.)ને આંખ મારીને ઠેકડી ઉડાવી રહ્યા હતા. આપે બદદોઆ કરી. અબુ ઝમીઆ ઝાડની નીચે બેઠો હતો. કે જીબ્રઇલે પાંદડાઓનો હુમલો કયો કે તે આંધળો થઇ ગયો. તેમાંજ છે કે માલિક બીન તલાલા ઉપર હઝરત રસુલ (સ.અ.વ.)એ ફીટકાર કર્યો તો તે ચામડી ફાટવાની બિમારીમાં સપડાય ગયો.

ઇસ્તીયાબ અબ્દુલબરમાં છે કે હઝરત રસુલ (સ.અ.વ.) તરફ પોતાના ખભા ડાબી જમણી તરફ નમાવીને રસ્તે ચાલતા હતા. હકમ બીન અલ આસ આપની નકલ કરતો હતો. એક દિવસ હઝરત રસુલ (સ.અ.વ.)નું ધ્યાન ગયું. અને બદદોઆ કરી. એવો જ થઇ જા. તે પછી હકમ કંપવા અને ગભરાટની બિમારીમાં સપડાય થયો. અબ્દુલ રહેમાન બીન હસ્સાન બિને સાબિતે અબ્દુલ રહેમાન બીન હકમનું અપમાન કર્યું........અરબી ............ ૧૩૯ બેશક તારો બાપ મલઉન છે. તેના હાડકા ફેંકી દે જો તેં તેને ફેંકી દીધા તો વાયની બિમારીમાં અથવા ગાંડો છે તેનું પેટ તકવાથી ખાલી છે અને બદકામોથી ભરપૂર

છે.

ઈબ્ને અસીરે અબ્દુલ રહેમાન બીન અબી બક્રની રિવાયત નકલ કરી છે કે મરવાનનો બાપ મોટા ભાગે હઝરત રસુલ (સ.અ.વ.)ની પીઠ પાછળ બેસતો. જ્યારે હઝરત રસુલ (સ.અ.વ.) વાત કરતા ત્યારે જોકરોની જેમ નકલ કરતો. આપે આ હાલત જોઈને બદદોઆ કરી તે પછી મર્યો ત્યાં સુધી તે વિકૃત ચહેરાથી પરેશાન રહ્યો. કંપવા અને ધબરાટની બિમારી થઇ. પછી વાયની બિમારીમાં પટકાઇ પડ્યો.

ઈબ્ને હજરે અસાબા, બહીકીએ દલાએલ અને સોયુતિએ ખતાએસમાં આ જ વાત લખી છે. બહીકીએ માલિક બીન દિનાર અને તેમણે હિન્દથી રિવાત કરી છે કે હેકમ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)નું ધ્યાન ગયું અને બદદોઆ કરી.

ખસાએસે કુબરા અને અસાબામાં છે : પયગમ્બર (સ.અ.વ.)એ હારિસ બીન અબી હારિસે તેની દિકરીનો સંદેશો આવ્યો. તેણે બહાનુ બનાવી દીધું કે મારી દિકરી ખતરનાક બિમારી ભોગવી રહે છે. ખરેખર તેમ ન હતું. જ્યારે તે ઘરે પહોંચ્યો તયારે તેણે જોયું કે તેની દિકરી કોઢની બિમારીમાં પડી ચૂકી હતી.

અબુ લહબના દિકરા લહબે હઝરત રસુલ (સ.અ.વ.)ને ગાળ આપી. આપે બદદોઆ કરી. એ ખુદા! આના ઉપર તારો કોઇ કુતરો ગોઠવી દે. કહે છે કે અબુ લહબે સાંજે પોતાના વેપારનો માલ મોકલતી વખતે પોતાના ગુલામોને લહબ માટે ખાસ તાકીદ કરી કે હંમેશા લહબનું ધ્યાન રાખો. કારણકે મને હઝરત રસુલ (સ.અ.વ.)ની બદદોઆની બીક લાગે છે. ગુલામોએ લહબને હંમેશા દિવાલની તરફ સુવડાવીને કપડાંથી છુપાવી રાખતા. એક લાંબા સમય સુધી આવી જ રીતે ધ્યાન રાખતા. એક રાત્રે કોઇ જંગલી જાનવરે આવીને ફાડી ખાધો.

બહીકીની રિવાયતમાં અતબા બીન અબુ લહબ વિષે આ જ બનાવ લખ્યો છે. એક જગ્યા ઉપર શેરે જમીયતની આજુબાજુ ચક્કર લગાવવા માંડ્યો. પછી ઉતબા ઉપર ઝપટીને હુમલો કર્યો અને દાંતોથી પીંખીને તેનું કામ તમામ કર્યુ અબુ નઈમે આ રિવાયતની નીચે હસ્સાનનો આ શેર લખ્યો છે (તરજુમો) અશકરની અવલાદને મળીને પૂછો કે અબુ વાસેઅ સાથે શું બન્યું. ખુદા તેની કબર પહોળી કરવાને બદલે તંગ કરી દે જેણે રસુલ (સ.અ.વ.)ના સંબંધો તોડી પાડ્યા. સન્માનીય અને ઝળહળતી રસુલ (સ.અ.વ.)ની દાવતને જુઠલાવી અને લાનતને

લાયક થયો. સૌએ જોયું કે તે સુતો હતો ત્યારે ખુદાએ પોતાનો કુતરો છોડી મૂક્યો. તે કુતરો બનાવટ કરીને આવતો જતો રહ્યો. પછી દરમ્યાનમાં આવીને તેની ખોપરી ઉપર હુમલો કર્યો. અને ભૂખ્યા માણસની જેમ તેની લાશને ફાડી ખાધી. અલ્લામા અમીની કહે છે કે દિવાને હસ્સાનમાં માત્ર પહેલો શેર છે. તે પછી ત્રણ શેર છે.

જ્યારે અબુ લહબનો દિકરો લોકોને બોલાવી રહ્યો હતો. પોતાના બાપ દાદા અને જમાતનો વાસ્તો આપી રહયો હતો ત્યારે સિંહે દાંતોથી દબાવીને લોહીમાં લથબથ જમીન ઉપર નાખી દીધો. ખુદાએ રહેમાન પડી જનારને ઉભો ન કરે અને સિંહની શક્તિ ખતમ ન કરે જેણે એક કાફરને ઢાળી દીધો છે.

અબુ નઇમમાં છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ .........અરબી............ ની તિલાવત કરી. ઓતબા ચિલ્લાયો, હું નજમના રબથી કાફર છું હઝરત રસુલ (સ.અ.વ.)એ બદદોઆ કરી કે ખુદા તારી ઉપર પોતાનો કુતરો છોડી મૂકે.

વાંચકોએ એ વાત પણ ધ્યાનમાં રાખીવ જોઇએ હઝરત રસુલ (સ.અ.વ.)ની બરકતથી અઝાબ ન આવવાનો અર્થ એ નથી કે સમગ્ર રીતે કોઇપણ સંજોગોમાં પણ અઝાબ ન આવે. બલ્કે તેનો અર્થ એ છે કે સામૂહિક અઝાબ ન આપે. સામાન્ય રીતે એવું બને છે કે શરીરનો જે ભાગ ખરાબ થઇ જાય તેને કાઢી નાખવો જોઇએ. જેથી બીજા ભાગને રક્ષણ મળી શકે. પરંતુ જે બિમારીથી બીજા ભાગોને અસર પડવાનો અંદેશો ન હોય અથવા ઇલાજથી સારા થવાની આશા હોય તો તેને કાપી નાખવામાં નથી આવતો. ખુદાવંદે આલમે કુરયશને ધમકી આપી કે જો ઇસ્લામથી મોઢું ફેરવી લેવાનો સિલસિલો ચાલુ રહ્યો તો નમૂદ અને આદની કોમ કડકડતી વિજળીના અઝાબની જેમ તમારી ઉપર પણ વિજળી પડશે. ..........અરબી.......... કારણકે તેમાં બધાથી મોઢું ફેરવી લેવાની વાત હતી. પરંતુ તેઓમાંના થોડા લોકોએ ઇસ્લામ કબુલ કરી લીધો હતો.તેથી તેઓના ઉપર અઝાબ ન ઉતર્યો. જો બધાએ મોઢું ફેરવી લીધું હોત તો યકીનથી ખુદાના વાયદા મુજબ બધા લોકો ઉપર અઝાબ ઉતરત. જો હઝરત રસુલ (સ.અ.વ.)ની હાજરીથી સંપૂર્ણ રીતે અઝાબ રોકાઇ જતો તો આયતની તાકીદનું સ્વરૂપ ન હોત. અને કોઇને પણ અઝાબ ન થાત ન લડાઇમાં જ કતલ થાત. કારણકે આ બધા અઝાબનાજ પ્રકારો છે.

## પાંચમો વિરોધ :

જો હારીસનો બનાવ સાચો હોત તો તેના ઉપર આખી પૂરી ઉતરતી જેવી રીતે અસહાબ માટે દસૂરા ઉતર્યો અમે તો એ જોઇએ છીએ કે સંપાદકો, લેખકો કે હદીસકારોએ આ તરફ કોઇ ધ્યાન નથી આપ્યું. સીરત અને ઇતિહાસની કિતાબોમાં આ વિષે કોઇપણ લખવામાં નથી આવ્યું તેથી આ બનાવ ખોટો અને ઉપજાવી કાઢેલો છે.

જવાબ : આ બનાવને વ્યક્તિગત ગણીને અસ્હાબે ફીલ હેઠળ ગણવો તે અસ્થાને છે. કારણકે હારીસનો બનાવ અમૂક કારણને લીધે બહોળી પ્રસિદ્ધ ન મેળવી શક્યો. બીજું એ કે જે લોકો તેના સાક્ષી હતા તે તેને પ્રસિદ્ધ આપવા નહોતા ઇચ્છતા. કારણકે તેનાથી મૂળ વિષય એટલે હઝરત અલી (અ.સ.) વિલાયતને ટેકો મળતો હતો. આ બનાવ કોઇ પણ રીતે દબાઇ જાય તેમ તેઓ ઇચ્છતા હતા. જો ક્યાંય વાત પણ કરતા તો શંકાઓ પેદા કરવાની કોશીશ કરતા હતા.

ફીલની ઘટના એક મહાન અને મહત્ત્વની ઘટના અને હઝરત રસુલી (સ.અ.વ.)નો મોઅજીઝો હતો. જેમાં ઘણા લોકો મૃત્યુ પામ્યા. તેની તેનો બહોળો પ્રચાર થયો. કોમ અબરહાના જુઠાણાથી બચી ગઇ. અને કાબા જે ઇબાદતનું કેન્દ્ર દુનિયાની ઝિયારતગાહ છે તે સાંગોપાંગ બચી ગયું. આ બનાવમાં બન્નેના હેતુઓ પણ જુદા જુદા હતા. બન્નેને સમાન રીતે ગણવા તે સહજ રીતે અસ્થાને છે. નબી (સ.અ.વ)ના મોઅજીઝામાં સ્પષ્ટ ફરક છે અમૂક માત્ર એક માત્ર ખબર સાંભળીને માની લેવામાં આવ્યા છે. અમૂક સર્વસંમતિની હદ સુધી પહોંચી ગયા અને કેટલાય સનદ વગર સર્વાનુમતે સ્વિકારી લેવામાં આવ્યા છે. આ વિરોધો તેમની મોટાઇ, મહત્ત્વ, શરતો અને પરસ્પર સબંધોની હેસીયતથી ખુદ આ મોજીઝાઓથી મજબુત છે.

ઇબ્ને તયમીયાનો એ દાવો કે સંપાદકોએ આ બનાવની અવગણના કરી છે. બીજું ઉપજાવી કાઢી છે પાછળના પાનાઓમાં મહાન વિદ્વાનો, ઉચ્ચ દરજ્જાના હદીસકારો અને વિશ્વસનીય ઇતિહાસકારોના સંશોધનોને રજુ કરવામાં આવ્યા છે. હવે આ મનહુસ જે નબળી સનદની વાત કહી છે તે અમે નથી જાણતા કે તે કોણ છે અને શું છે કારણકે આ સિલસિલાની રિવાયત બુઝુર્ગ સહાબી હોઝયફાથી

લખાયેલી છે. હદીસ અને તફસીરના ઇમામ સુફયાન બીન અયનબાએ નકલ કરી છે. તે ઇબ્ને તયમીયાના દાવાથી વિરૂદ્ધ સૌથી મશહૂર અને વિશ્વસનીય છે. આ બન્નેના વ્યક્તિતવની હાફીઝો અને હદીસકારોએ પ્રસંશાકરી છે. અને વિશ્વાસ કરવાને પાત્ર ગણ્યા છે. કોઇપણ તેની મહાનતાને નકારી શકે તેમ નથી. આ મહાન હદીસકાર નકલી બાબતોને પોતાની કિતાબોમાં ક્યારે પણ જગ્યા ન આપત. આંધળા બનીને સનદને બનાવટી દેખાડવને અસલ બનાવને નકારી કાઢવો તે ઇબ્ને તયમીયાની અનહદ દુશ્મનાવટ છે.

## છઠ્ઠો વિરોધ :

આ હદીસથી તો એમ જણાય છે કે આ હારીસ ઇસ્લામના પાંચ વખતના મૂળ ઉસુલન માનતો હતો. દરેક માણસ જાણે છે કે કોઇપણ મુસલમાન નબી (સ.અ.વ.)ના જમાનામાં અઝ)બનો શિકાર નથી થયો.

જવાબ : આ હદીસ જે રીતે હારીસનો ઇસ્લામ સાબિત કરી રહી છે તેવી જ રીતે મુરતદીનનો ઇસ્લામ પણ સાબિત કરી રહી છે. મુરતદીન પણ પયગમ્બર (સ.અ.વ.)ના કથનોને સુધારતા હતા ખુદાના હુકમોમાં શંકા કરતા હતા. આ કારણે હીરસ ઉપર ઇસ્લામના હાલતમાં નહિ પરંતુ કુફ્રની હાલતમાં અઝાબ આવ્યો હતો. આ ઉપરાંત ઘણા મુસલમાનો રસુલ (સ.અ.વ.)ની સાથેની ગેરવર્તણુકના કારણે અઝાબનો શિકાર બન્યા છે જેમ કે જમરહ અઝાબનો શિકાર થયા. સહીહ મુસ્લિમમાં સલમા બીન અકવઅની રિવાયત છે કે એક માણસ રસુલ (સ.અ.વ.)ની સાથે ડાબા હાથે જમી રહ્યો હતો. આપે તેને જમણા હાથે ખાવાની તાકીદય કરી. તેણે કહ્યું જમણા હાથે ખાય શકાય તેમ નથી. (જો કે શક્તિ અને અનુકુળતા હતી) આપે ફરમાવ્યું : તને તાકત નહિ રહે. પછી તે જીંદગી ભર પોતાનો જમણો હાથ મોઢા સુધી લઇ જઇ ન શક્યો.

સહીહ બુખારીમાં છે : હઝરત રસુલ (સ.અ.વ.) એક વણજારાની ખબર પૂછવા માટે ગયા. આપની રીત એ હતી કે આપ પૂછતા કોઇ તકલીફ નથી. ઘણું સાંત્વન છે. અહિં પણ એમજ કહ્યુ : તેણે અકળાઇને કહ્યુ : આ સાંત્વન નથી. બલ્કે બુઢ્ઢાને તાવે કબર સુધી પહોંચાડી દીધો છે. રસુલ (સ.અ.વ.)એ ફરમાવ્યું : જેવું માનોછો તેવું જ થશે. પરિણામે તે સાંજ સુધીમાં મરી ગયો.

માવરદીની એ એલાને નબુવ્વતમાં છે કે એક માણસને આપે વાળથી

રમવાની ના પાડી હતી. તે નમાઝની હાલતમાં વાળોથી રમી રહ્યો હતો. આપે બદદોઆ કરી. ખુદા તારા વાળોનો સત્યાનાશ વાળે. તે એજ વખતે ટાલીયો બની ગયો.

## સાતમો વિરોધ :

હારીસ બીન નોઅમાન સહાબામાં મશહૂર નથી. ઇબ્ને અબ્દુલ બફ, ઇબ્ને મુન્તહા, અબુ નઇમ અને અબુ મુસા જેવા હદીસકારોએ પણ સહાબાના નામમાં તેને દર્શાવ્યા નથી. તેથી આવા માણસનું અસ્તિત્વ અમારી નજીક સાચું કેવી રીતે હોય શકે.

જવાબ : સહાબાના નામો અને પરિચય ઉપર બધાના નામોને આવરી લેવામાં આવ્યા નથી. બલ્કે દરેક સંપાદકે પોતાની જાણકારી મુજબ નામો દર્શાવ્યા છે. બીજા સંપાદકે આવીને તેમાં વધુ ઉમેરો કર્યો આ સિલસિલામાં સૌથી વધુ ભેગા કરેલા નામો અસાબા ફી તમીઝુલ સહાબા છે. જેનું સંકલન હજર અસ્કલાનીએ કર્યું છે. તેમણે કિતાબની શરૂઆતમાંજ ખુદે સ્પષ્ટતા કરી છે કે શંકા વગર સૌથી વધુ નબી (સ.અ.વ.)ની હદીસના ઇલ્મની જાણકારીછે. અને તેમાં સૌથી વધુ મહત્ત્વના વિષયોમાં સહાબાની મઅરેફત અને પછીના લોકો સાથે તેમની ઓળખ છે. મોટા ભાગે હાફીઝો એ તેઓના સંપાદનમાં તેઓની શક્તિ મુજબ સહાબા અને તાબેઇનને આવરી લીધા છે. મારી જાણ મુજબ સૌથી પહેલી કિતબ અબુ અબ્દુલ્લાહ બુખારીની છે. જે આ વિષય ઉપર આધારિત છે. અબુલ કાસીમ બગવી વિગેરે એ તેમની પાસેથી નકલ કરીછે. તે પછી શેખોના તબક્કાએ સહાબાના નામોએ આવરી લીધા છે. જેમ કે ખલીફા ખય્યત, મોહમ્મદ બીન સઈદ યઅકુબ બીન સફ્ફાન, અબુ ખુશયમા, તેમના પછીના સંપાદકોએ અબ્દુલ કાસીમ બગવી, અબુ દાઉદ અબ્દાન તેઓના પછી બીન સકીન, ઇબ્ને શાહીન, અબુ મન્સુર માવરી અને ઇબ્ને હબ્બાન જેવા લોકો આગળ આવ્યા. અને તબરાની જેવા મોઅજમુલ કબીર જેવી કિતાબો બહાર પડી. તે પછી અબુ નઇમ અને અબ્દુલ બરતની ઇસ્તીયાબ નામની કિતાબ જેમાં તેમના ગુમાન મુજબ આ ગાઉની બધી કિતાબોમાંથી નામોને આવરી લેવામાં આવ્યા. તદુપરાંત મોટા ભાગના સહાબાના નામો રહી ગયા. તેથી અબુ બક્ર બીન ફરહુને કિતાબની પૂર્ણતાના આરે સૌથી મોટું સંપાદન રજુ કર્યું. તે પણ અધુરી ગણાવવામાં આવી

તેથી અમુક લોકોએ તેના બાકી રહેલાનું સંપાદન કર્યું. તે જમાના સુધી બધા સહાબાના નામોને આવરી લેવામાં નહોત આવી શકયા કે સાતમી સદી આવી ગઇ. ઇબ્ને અસીરે અસદુલ ગાબાના નામથી પૂરેપુરૂં સંપાદન રજુ કર્યું અને અગાઉના બધા નામોને આવરી લેવામાં આવ્યા હતા તેને સુધારવામાં પ્રયત્નો પછી સહાબા અને તાબેઇનના નામોને સુરક્ષિત કરી દીધા. અગાઉના સંપાદકોમાં મોટાભાગના સંપાદનોને સુધારી ન શકાયા. તે પછી ઝહબીએ તેના સુધારા વધારાનું બીડું ઝડપ્યું તેમના મત મુજબ મોટાભાગના નામો ન હોવાના કારણે મોટા ભાગના નામો ન હોવાના કારણે એક મોટા સંપાદનની જરૂર હતી. તેમ છતાં સહાબાના નામોના દસમા ભાગનો પણ વધારો ન થઇ શક્યો.

અબુ ઝરઆના મત મુજબ નબી (સ.અ.વ.)ની વફાતના સમયે સહાબા અને સહાબીયાત એક લાખ હતા. આ એક લાખથી વધુ વ્યક્તિઓને જૂઓ અને પહેલીથી છેલ્લે સુધીના ત્રણ હજાર પાંચસો વ્યક્તિઓને જૂઓ. ઇબ્ને ફહહુન કહે છે કે મેં હાફીઝ ઝહબીનું લખાણ જોયું છે કે કદાચ પૂરી સંખ્યા આઠ હજાર સુધીના હોય નહિ તો ઓછી પણ ન હશે.

અસદુલ ગાબામાં કુલ સંખ્યા સાત હજાર પાંચસો ચાર છે. અબુ ઝરઆના કથનને ટેકો કઅબ બીન માલિકથી તબુકના કિસ્સાથી મળે છે કે તેઓની સિવાય ઘણા નામો રજીસ્ટરમાં લખવામાંથી રહી ગયા છે. ખતીબ સુરીનાં કથનની નોંધ કરે છે કે જે લોકો હઝરત અલી (અ.સ.)ને ઉસ્માન ઉપર અગ્રતા આપતા હતા તેની સંખ્યા બાર હજાર હતી. તેઓનાથી હઝરત રસુલ (સ.અ.વ.) રાજી રહ્યા. અબુ બક્રની ખિલાફતમાં મુરતદો સાથેની લડાઇમાં ઘણાં સહાબીઓ મરી ગયા. અમુક પ્લેગનો શિકાર બની ગયા. આવી રીતે અસંખ્ય સહાબા મરી ચૂક્યા હતા. તેથી તેઓનાથી હઝરત રસુલ (સ.અ.વ.) રાજી રહ્યા. અબુ બક્રની ખિલાફતમાં મુરતદો સાથેની લડાઇમાં ઘણા સહાબીઓ મરી ગયા. અમુક પ્લેગનો શિકાર બની ગયા આવીરીતે અસંખ્ય સહાબા મરી ચૂક્યા હતા. તેથી તેઓના નામ છુપાએલા રહી ગયા કે ગદીરના મૌકા ઉપર હાજર હતા.

હઝરત રસુલ (સ.અ.વ.)ની સાથે છેલ્લી હજમાં એક લાખથી વધુ લોકો હતા. મઆજમમાં એટલા લોકોના નામ ક્યાં છે. તેઓનો સમાવેશ વાસ્તવિક રીતે પણ મુશ્કેલ છે. અમુક લોકો બીજા શહેરોમાં વસતા હતા. તે સમયે એવું કોઇ રજીસ્ટર ન હતું કે બધાના નામ લખવામાં આવે. માત્ર એવા લોકોના નામ લખી

શકાયા. કે જેની સાથે કોઇ બનાવ જોડાએલો હોય. આવી પરિસ્થિતિમાં જો હારીસનું નામ લખી ન શકાયું તો તેમાં નવાઇ પામવા જેવું શું છે. શક્ય છે કે તેની ઇસ્લામ છોડવાના કારણ તેને સહાબાની યાદીમાંથી કમી કરવામાં આવ્યો હોય.

## ઇદે ગદીર ઇસ્લામમાં :

ગદીરની ઘટાનાની બહોળી પ્રસિદ્ધ, દિલોમાં દિલ અને દિમાગમાં તેની વિશેષતા, મુલ્ય, હેતુ અને ધોરણ નક્કી કરવા માટે આ દિવસને ઐતેહાસિક બનાવ ગણીને ઇદનો દિવસ માનાવમાં આવે છે. જેથી આ તારીખે દિવસ અને રાત મહેફીલો અને મેળાવડાઓનું આયોજન કરવામાં આવે અલ્લાહની ઇબાદતના કાર્યક્રમો ગોઠવવામાં આવે. એક બીજા સાથે સિલે રહેમ બક્ષીસ અને સખાવતથી મોહતાજોનું ધ્યાન રાખવામાં આવે સારા કપડા પહેરીને પોતે તૈયાર થાય. ખાવા માટે ભાગ ભાગતની વાનગીઓ બનાવે. જેથી બીજા લોકોનું ધ્યાન દોરાય. ડીબેટ, સેમીનાર મુશાયરા અને પ્રવચનોના કાર્યક્રમ ગોઠવવામાં આવે. અને ચારે બાજુએ ખુશ્નુમા વાતારવણમાં આનંદ વ્યાપી જાય. અને એક બીજા ગળે મળે. સબંધો મજબુત બને આ રીતે કોમો અને સમૂહો દરમ્યાન દરેક જમાનામાં આ ખબરની યાદ તાજી થતી રહે.

આ સિલસિલામાં બે બાબતોની સ્પષ્ટતા જરૂરી છે એક ઇદે ગદીસ માત્ર શીયાઓ પૂરતી મર્યાદિત નથી જો કે આ કોમને તેની સાથે મોહબ્બતનો સબંધ છે. પરંતુ મુસલમાનોના બીજા તબક્કાઓ પણ બિલ્કુલ આ જ રીતે તેની સાથે જોડાએલ છે. બયરૂનીએ આસ્તરૂલ બાકેયાહ ફી કાફેનીલ ખાલેયહમાં બીજી ઇદોની સાથે ઇદે ગદીર પણ લખેલી છે જે મુસલમાનો માટે ધ્યાન આપવા લાયક છે. મતાલેબુલ સવલ ઇબ્ને તલ્હામાં છે કે ગદીરે ખુમના દિવસે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ પોતાના જાહેર કથનમાં ફરમાવ્યું છે કે આ દિવસને એટલા માટે ઇદ ગણવામાં આવ્યો છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ખુદાને આપને વિલાદતના ઉચ્ચ મરતબા ઉપર બેસાડ્યા અને આ રીતે આપને સમગ્ર દુનિયાઓ ઉપર શ્રેષ્ઠતા અર્પણ કરી.

વધુમાં લખે છે : જે શબ્દ મૌલાનો અર્થ હઝરત રસુલ (સ.અ.વ.) માટે સમજાય શકાય છે બિલ્કુલ તેજ અર્થ હઝરત અલી (અ.સ.) માટે ઠરાવ્યો. આ મરતબો અને સ્થાન સૌથી ઉચ્ચ છે. જે હઝરતને ખાસ અર્પણ કરવામાં આવ્યો.

આ જ કારણ છે કે આ દિવસને દોસ્તોના માટે આનંદ અને ખુશીનો દિવસ જાહેર કરવામાં આવ્યો.

આ વાક્ય ખુદ મુસલમાનો માટે સામૂહિક ઇદનું સૂચન કરે છે. પછી તેઓનું (તેઓના દોસ્તો) તેનું દિલ પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.) તરફ ફેરવવામાં આવે કે પછી હઝરત અલી (અ.સ.) તરફ. જો પયગમ્બર (સ.અ.વ.)ની તરફ ફેરવવામાં આવે તો અર્થ ચોખ્ખો છે અને જો હઝરત અલી (અ.સ.) તરફ ફેરવવામાં આવે તો પણ હેતુ સહી જાય છે. કારણકે બધા મુસલમાનો હઝરત અલી (અ.સ.)ને એટલા મો દોસ્ત ગણે છે કે તે પયગમ્બર (સ.અ.વ.)ના અંતર વગર ખલીફા છે. મુસલમાનોમાં એવું કોઇ નથી કે જેની અદાવત કે દુશ્મની હઝરત અલી (અ.સ.) સાથે હોય. માત્ર મામુલી સંખ્યામાં ખવારીજની ટોળી છે. જે ઇસ્લામમાંથી નીકળી ગયા છે.

આ નસીહત પૂર્ણ ઇદ અંગે ઇતિહાસકારો જણાય છે કે બધા પૂર્વ-પશ્ચિમના દેશો, મીસ્ત્ર, પૂર્વ આફ્રિકા, ઇરાક વિગેરેના મુસલમાનો પહેલા પ્રમુખથી લઇને એક મતે તેને મનાવે છે. તે દિવસ અંગેના ખાસ કામો, નમાઝ, દોઆ, મહેફીલો અને મજલીસો, વિગેરેની ભરપૂર વિગતો કિતાબોમાં વિગતવાર લખાએલી છે. વિફયાતુલ એઅલાનમાં આ ઇદની વિગત અસંખ્ય જગ્યાએ જોવા મળે છે. જમે કે મુસતઅલી બીન મુસ્તફરના વિશે છે. તારીખ ૧૮ ઝીલહજ સન ૪૮૭ ગદીરે ખુમના દિવસે આપની બયઅત થઇ. મુસતન સીર બિલ્લાહ કે હાલાતે ઝીન્દગીમાં લખે છે કે તેઓ શબે જુમ્આ ૧૮ ઝીલહજ સન ૪૮૭ના મૃત્યુ પામ્યા. હું કહું છું કે આ ૧૮ ઝીલહજની રાત એજ ગદીરની રાત છે. ગદીરે ખુમથી સંકળાએલી છે. મોટા ભાગના લોકો આ જગ્યા માટે પૂછપરછ કરે છે. તે જગ્યા મક્કા અને મદીનાની વચ્ચે આવેલી છે. જ્યારે પાણીની નહેર પણ છે. હઝરત રસુલ (સ.અ.વ.) હજ્જતુલ વિદાઅથી પાછા ફરતા આ જગ્યાએ પહોંચ્યા ત્યારે હઝરત અલી (અ.સ.)ને ભાઇ બનાવીને કહ્યું અલીનો મારી સાથે એ જ સબંધ છે જ હારૂનનો મુસા સાથે હતો. એ ખુદા! તેના દોસ્તને દોસ્ત અને તેના દુશ્મનને દુશ્મન બનાવ. જે તેની મદદ કરે તો તું પણ તેની મદદ કર. જે તેને છોડી દે, તું પણ તેને છોડી દે. આ દિવસ સાથે શીયાઓને ખૂબજ ગાઢ સબંધ છે.

હાઝમી કહે છે : આ જગ્યા હોઝયફાની નજીક મક્કા અને મદીનાની વચ્ચે ઘાટીમાં આવેલી છે આ ઘાટીમાં હઝરત રસુલ (સ.અ.વ.)એ ખૂબજ ભવ્ય ખુત્બો

કહ્યો હતો. આ જગ્યા સખત ગરમીના કારણે મશહૂર છે. ઈબ્ને ખલકાને પણ શીયાઓના મોહબ્બત ભય.......... સબંધની વાત લખી છે. મસઉદીએ પણ તમ્બીયા વ અલા શરાફમાં હદીસે ગદીરની વાત લખીને કહ્યું છે કે આ દિવસને શીયા ઘણા મહત્ત્વ આપે છે. તેવી જ રીતે શઆબીએ તેમારૂલ કોલુબમાં કહ્યું છે કે શબે ગદીર મુસલમાન કોમમાં મશહૂર છે. આ ઈદના મોકા ઉપર હઝરત રસુલ (સ.અ.વ.)એ ઝાડના થડના મીમ્બર ઉપર .............મનકુન્તો.............ની હદીસ ફરમાવી હતી. આ રાત શીયાઓમાં ઘણું મહત્ત્વ છે.

શબે ઈદે ગદીરની શોહરત અને મુબારક ઈદની ભવ્યતા અકીદાથી આગળ વધીને સાહિત્યની કળાના મૂલ્યોમાં જગ્યા મેળવી લીધી છે.

તશબીહાત અને ઈસ્તઆરાતમાં તેનો બરાબર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તમીમ બીન મઅઝમે (હિ. સન. ૩૭૪) એક કસીદામાં લખ્યું છે. (............અરબી.......... ૧૪૫)

આ ઈદને એ બનાવ ઉપરથી પણ જોઈ શકાય છે. શૈખૈન અને ઉમ્મહાતે મોઅમેનીનની સાથે બધા સહાબાએ હઝરત રસુલ (સ.અ.વ.)ના હુકમથી હઝરત અલી (અ.સ.)ને મુબારકબાદ આપી. અને તેનું વર્ણન હવે પછી કરશું.

બીજી વાત. જે દિવસથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.)ની મહાન ખિલાફતનું એલાન કર્યું અને ગદીરના દિવસે તેમની દિની અને દુન્યવી શહેનશાહત પરિપૂર્ણ થઈ. એ જ દિવસથી બરાબર અને સતત આ દિવસની વિશેષતા અને મહાનતા અપાઈ રહી છે. અને આ દિવસથી કયો દિવસ મહત્ત્વ ધરાવી શકે છે. આ દિવસે અલ્લાહના નૂરના ફૈઝનું ઝરણું દર્શાવાયું છે દીનમાં વાસનાઓના કિલ્લાને તોડી પાડવામાં આવ્યો છે. જહાલત અને બોહતાનોને નકારી કાઢવામાં આવ્યા છે.

આ દિવસથી બીજો ક્યો દિવસ વધુ મહત્ત્વનો હશે કે હઝરત રસુલ (સ.અ.વ.)ના તરિકાઓ અને શરીયતના નિયમોને જાહેર કરીને અને એલાન કર્યું અને હિદાયતનો મૂખ્ય સ્ત્રોત જાહેર થયો. આ જ દિવસ દીનની પરીપૂર્ણતા અને નેઅમતો સંપૂર્ણ કર્યાનું કુરઆને બુલંદ આહવાનથી એલાન કર્યું.

જે દિવસે બાદશાહી શાહી સિંહાસન ઉપર બિરાજમાન થાય છે. તે દિવસે

લોકો ખુશીનો અવસર ઉજવે છે. દિપકો પ્રકાશિત કરવામાં આવે છે. જશ્ન ઉજવવામાં આવે છે. ચારે બજુ ખુશીની મહેફીલો સજાવીને ખુશી જાહેર કરવામાં આવે છે. પ્રવચનો, સેમીનારો મુશાએરાઓછ અને કસીદાખાની ગોઠવવામાં આવે છે. આ રિવાજ દરેક કોમમાં છે. આ રિવાજ મુજબ જે દિવસે ઇસ્લામી સલ્તનના દીનની મહાન વિલાયતથી મહાન વિભૂતિનું નામ જાહેર કરવામાં આવ્યું તે દિવસને ઉચ્ચ દરજ્જાની ઇદ ગણાવી જોઇએ. ભરપૂર ખુશીઓ મનાવવી જોઇએ. આવા ખુશીના શ્રેષ્ઠ મોકા ઉપર આનંદના જુદા જુદા કાર્યક્રમો ગોઠવીની અલ્લાહની નજદીકી મેળવવાનું સાધન છે. તેથી નમાઝ, રોઝા, દોઆ વિગેરેનું આયોજન કરીને દિવસ પસાર કરવો જોઇએ. તેથી હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ હાજર રહેલા સમૂહને જેમા હ. અબુ બક્ર અને હ. ઉમર કુરયશના બુઝુર્ગો, અન્સારો અને વધુમાં હઝરત રસુલ (સ.અ.વ.)ની પત્નિઓ હાજર હતા તેઓને હુકમ આપ્યો કે હઝરત અમીરૂલ મોઅમેનીન પાસે જઇને તેમને મહાન વિલાયતના હોદ્દા ઉપર નિયુક્ત થયા હોવાની ખુશીમાં મુબારકબાદનું નજરાણું રજુ કરે.

હદીસે તહનિય્યત :

તબરીએ કિતાબુલ વિલાયતમાં ઝૈદ બીન અરકમના હવાલાથી લખે છે. જેની મોટા ભાગની વિગત પાછળના પાનાઓમાં લંબાઇ ચૂકી છે. તેના અંતમાં છે કે હઝરત રસુલ (સ.અ.વ.)એ ફરમાવ્યું : લોકો! હું જે કાંઇ જીભથી બોલી રહ્યો છું તેને દોહરાવીને ફરી કહું અમે દિલથી વાયદો કરીએ છીએ અને જીભથી તે કથનનો ઇકરાર કરીએ છીએ અને હાથોથી બયઅત કરીએ છીએ અને તેને અમારી ઔલાદ અને સગાઓને સોંપવાનો વાયદો કરીએ છીએ આપ અમારા ગવાહ અને ખુદાવંદે આલમ અમારા સંપૂર્ણ ગવાહ છે. અમે તેનો બદલો નથી ચાહતા. તે પછી હઝરત અલી (અ.સ.)ને હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) કહીને સલામ કરો અને કહો તમામ વખાણ ખુદાના માટે ખાસ છે જેણે આ બાબત તરફ અમારી હિદાયત કરી. જો ખુદા અમારી હિદાયત ન કરતા તો અમે કહી પણ હિદાયત ન પામતા. અને ખુદાવંદે આલમ દરેક અવાજ અને નફસની ખયાનતથી માહિતગાર છે. હવે જે વાયદો તોડશે તેનો વબાસ તેની ઉપર આવશે અને જે આ વાયદાને વફા કરશે તો ખુદા મહાન બદલાથી નવાજશે. એજ કહો જેનાથી ખુદા તમારાથી ખુશ હોય. જો ઇન્કાર કરશો તો ખુદા બેપરવા છે.

ઝયદ બીન અરકમ કહે છે કે આ સાંભળીને લોકો એમ કહીને દોડ્યા કે હા અમે સાંભળ્યું છે અને ખુદાના હુકમની તાબેદારી કરી. હઝરત રસુલ (સ.અ.વ.) અને હઝરત અલી (અ.સ.)ની સાથે સૌ મુસાફેહો લેવામાં સૌથી પહેલા હ. અબુ બક્ર, હ. ઉમર, હ. ઉસ્માન, હ. તલ્હા અને હ. ઝુબૈર હતા. પછી મોહાજીરો, અન્સારો અને બીજા લોકોએ બયઅત કરી આ સિલસિલો ચાલતો જ રહ્યો. એટલે સુધી કે ઝોહર અને અસ્ર એક સાથે અદા કરવામાં આવી. પછી સિલસિલો લાંબો ચાલ્યો. મગરિબ અને ઈશાની નમાઝ એક સાથે અદા કરવામાં આવી. બયઅત અને મુસાફેહાની ધૂમ ત્રણ દિવસ સુધી રહી.

કાહેરાના સંપાદક અહમદ બીન મોહમ્મદ જે ખલીલીના નામથી જાણીતા છે. તેમણે કિતાબે મનાકેબ અલી બીન અબી તાલિબના શેખ મોહમ્મદ બીન અબી બક્ર બીન અબ્દુલ રહમાનની રીતથી લખ્યું છેઃ લોકો દોડી દોડીને બયઅત કરવા લાગ્યા તેઓ કહી રહ્યા હતા કે અમે સાંભળ્યું અને ખુદાના અને રસુલના હુકમથી, દિલ, જાન અને જીભથી અને બધા અંગેથી તાબેદારી કરી અને હઝરત અલી (અ.સ.)ના હાથ ઉપર બયઅત કરી. સૌથી પહેલા હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) સાથે મુસાફેહા (હઝરત અલી (અ.સ.)નું નામ તબરીની રિવાયતથી અધ્યાહાર કરી દીધું.) કરનારાઓમાં ઉમર, તલ્હા, ઝુબૈર અને બાકીના બધા મોહાજીરો અને અન્સારો હતા. આ કારણથી ઝોહર અસર અને મગરિબ અને ઈશાની નમાઝ એક સાથે પડવામાં આવી. ત્રણ દિવસ સુધી તેનો તાંતણો નથી તૂટ્યો. જ્યારે પણ લોકો ભરપૂર પ્રવાહમાં ઉમટી પડતા હતા. ત્યારે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ફરમાવતા : ............ અરબી......... ૧૪૭. તમામ તારીફ અલ્લાહથી મખ્સુસ છે. જેને અમને તમા દુનિયાઓ ઉપર ફઝીલત આપી આ મુસાફેહા અને બયઅતનો રિવાજઆની પછી શરૂ થયો. હવે તો જેનો હક નથી તેવા માટે પણ આ રીતે વર્તવવામાં આવ્યું.

કિતાબે નશ્ર વલ્લતીમાં છે. લોકો હા હા કરીને દોડ્યા. ચીસો પાડતા જતા હતા. અમે ખુદા અને હઝરત રસુલ (સ.અ.વ.)ના હુકમની તાબેદારી કરી. હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) અને હઝરત અલી (અ.સ.) ઉપર તૂટી પડતા હતા. તે પછી ઉપર મુજબ વર્ણન છે.

મોલવી વલીયુલ્લા લખનવી મિરાતુલ મોઅમેનીનમા હદીસે ગદીરના વર્ણન પછી લખે છે : તે સમયે હ. ઉમરે મુલકાત કરી અને કહ્યું : મુબારક થાય એ અબુ

તાલિબના ફરઝન્દ! આપ અમારા અને બધા મોઅમીનોના મૌલા થઇ ગયા. આવી રીતે દરેક સહાબીએ મુબારક બાદી આપી.

ઇતિહાસકાર હાફીઝ શાહ રવઝતુલ સફારમાં હદીસે ગદીરના વર્ણન પછી લખે છે : તે પછી હઝરત રસુલ (સ.અ.વ.)એ એક તંબુ ઉભો કરાવ્યો. જેમાં ખુદ ગયા. બીજો તંબુ હઝરત અલી (અ.સ.) માટે ઉભો કરાવ્યો અને બધા લોકોને હુકમ આપ્યો કે અલીના તંબુમાં જઇને મુબારકબાદી આપો. જ્યારે બધા લોકો મુબારકબાદ આપી ચૂક્યા ત્યારે ઉમ્મહાતુલ મોઅમેનીનને હુકમ આપ્યો કે મુબારકબાદી આપે. તેઓની પછી સહાબા, જેમાં હ. ઉમર પણ હાજર હતા, તેઓએ મુબારકબાદી આપી.

ઇતિહાસકાર ગયાસુદ્દીનને હબીબુસ્સયરમાં આ જ વર્ણન કરે છે. ખાસ કરીને શૈખયનની મુબારકને જેમાં હદીસ, તફસીર અને ઇતિહાસના કર્તાઓએ પોતાની કિતાબોમાં લખ્યું છે. તેની સંપૂર્ણ રીતે રજુ કરવું આસન નથી. તેઓની સનદોનો સિલસિલો ઇબ્ને અબ્બાસ, અબુ હુરયરા, બરા બીન આઝબ અને ઝયદ બીન અરકમ સુધી પહોંચે છે. નીચે દર્શાવેલ આલીમોએ તેની રિવાયત કરી છે. (કુલ ૬૦ આલીમોના નામો પરિશિષ્ટમાં દર્શાવેલ છે.)

મૂળ હેતુ તરફ :

આ મુબારકબાદની બરકતથી અને વહી રજુ કરનારા હુકમથી મુસાફેહા અને બયઅત અને હઝરત રસુલ (સ.અ.વ.)ના ખુશ થઇને .......અરબી......... કહેવું પછી આ દિવસ મુબારક સમૂહોના મેળાપ પછી કુરઆનની આયત ........... દીનની પરીપૂર્ણતાના ખુશ ખબર આ બધા બનાવો પછી પણ ધ્યાન ખેંચે તેવી એક બાબત એવી છે કે એક તારીક બીન શહાબ નામના યહુદી હ. ઉમરની બેઠકમાં આવ્યા. તેણે કહ્યું : જો આ આયત ......... અમારા બારામાં ઉતરતી તો તે દિવસે ઇદ મનાવતા. ત્યાં ઘણા લોકો હાજર હતા. કોઇએ પણ તેનો ઇન્કાર ન કર્યો. હ. ઉમર પણ એવી વાત કહી જે તેના અર્થને ટેકો આપતી હતી. ખુદ પયગમ્બરે ઇસ્લામ (સ.અ.વ.)ને તેને રાવી ટાળી દેવા ઉપર તાકીદ કરવામાં આવી જેનો ચોખ્ખો અર્થ એ છે કે આ દિવસ અને આ સંદેશાને મહત્ત્વ આપવું જોઇએ. તેમ છતાં મુસલમાનોમાં તેની ભવ્યતા અને મહાનતા ઑગે એટલી કાયા પલટ જોવામાં આવી કે આશ્ચર્યથી દિગઃમુઢ થઇ જવાય છે.

ઉપરોક્ત બાબતોને દ્રષ્ટિ સમક્ષ રાખીને હઝરત રસુલ (સ.અ.વ.) અને તેમની પછી મઅસુમ ઇમામોએ તેને ખાસ કરીને ઇદનો દિવસ ઉજવવાની તાકીદ કરી. તેથી શીયાઓ ખુશીનો દિવસ મનાવે છે.

આવાજ અર્થની તરફ ફુરાત બીન ઇબ્રાહીમે હઝરત રસુલ (સ.અ.વ.)ની હદીસની નોંધ કરીને તેને ઇદનો દિવસ ગણવાની તાકીદ કરી છે. ઇમામ સાદિક (અ.સ.) તેમના પૂર્વજોથી રસુલ (સ.અ.વ.)ની હદીસ નકલ કરે છે કે મારી ઉમ્મતના માટે સૌથી શ્રેષ્ઠ ઇદ ગદીરે ખુમના દિવસની ઇદ છે. તે દિવસ મને ખુદાએ મારા ભાઇ અલી (અ.સ.)ને ઉમ્મતના ઇમામ નિમવાની તાકીદ કરી. જેથી તેમનાજ થકી લોકો મારી પછી હિદાયત મેળવે. ખુદાએ તે દિવસને લીધે દીનને પરીપૂર્ણ કર્યો. ઉમ્મત ઉપર પોતાની નેઅમત સંપૂર્ણ કરી. અને તેમના ઇસ્લામથી રાજી થયો. આ બાબત હાફીઝ ખરગોશીમાં ...........અરબી............... જેમાં હઝરત રસુલ (સ.અ.વ.)એ ફરમાવ્યું :...........અરબી...........૧૪૯ મને મુબારકબાદ આપો મને મુબારકબાદ આપો.

હઝરત રસુલ (સ.અ.વ.)ના પગલે ઇમામ અલી (અ.સ.)એ પણ તેને ઇદનો દિવસ જાહેર કર્યો. જે વરસે જુમ્આ અને ગદીર એક સાથે થાય ત્યારે આપ ખુત્બો ફરમાવ્યો :

''એ મોઅમીનોના સમુહ ! ખુદાએ તમારા માટે બે મહાન ઇદો ભેગી કરી છે. તે બન્ને એક બીજામાં સમાએલી છે. જેથી તમારૂં ચારિત્ર્ય સુંદર ને હિદાયતનો માર્ગ તૈયાર કરીને પોતાની બધી નેઅમતો તમારા ઉપર પૂર્ણ કરે. તેના બુદ્ધિજન્ય માર્ગને હિદાયતથી પ્રકાશિત કરે. તેની નેઅમતોથી ન્યાલ કરે. જુમ્આ એટલા માટે નક્કી કર્યો કે તમારી સામૂહિક ગંદકીને સાફ કરે અને એક અઠવાડીયા પહેલાની જે કોઇ રીતે ગંદકી ભેગી થઇ છે તે ધોઇ નાખે. આ મોએમીનનો સંબંધ અને પરહેઝગારોની ભયની જાહેરાત છે. બીજા દિવસોની સમખામણીમાં જુમ્આમાં બેવડો લાભ મળે છે. આજના દિવસનો હક એજ રીતે અદા થશે. આપેલા હુકમ બજાવી લાવે અને મના કરેલ બાબતોથી દૂર રહે. ઇતાઅતમાં સ્નેહ અને વલીઓમાં દિલચશ્પી દેખાડે. ખુદાની તવહીદ રિસાલતના અકીદાથી મજબુત કરે. અને દીનની કબુલીય્યત વલી અમ્રની વિલાયતમાં સંકળાયેલી છે. ઇતાઅતના સાધનોનો બંદોબસ્ત હુકમને સ્વેચ્છાએ અનુસરવા અને પ્રદર્શિત

કરવામાં છે. આજ રીતે ખુદાએ રસુલને ગદીરે ખુમમાં મુખ્લીસ બંદાઓની તબ્લીગનો હુકમ આપ્યો અને મુનાફિક ટોળકી પ્રત્યે ધ્યાન ન આપવાની તાકીદ કરી કે તેઓને મક્કારીઓથી સુરક્ષિત રહે.'' આગળ ફરમાવ્યુંઃ ''ખુદાવંદે આલમ તમારા ઉપર રહેમત ઉતારે. આ બઝમથી ઉઠીને જાવ તો ઘરમાં તમારા કુટુંબને વધુ આસાઇશ આપો. તમારા ભાઇઓ સાથે નેકી કરો. ખુદાવન્દે આલમનો શુકર અદા કરો કે તેણે નેઅમતથી નવાજ્યા. તમારા મેળાવડાનું આયોજન કરો. ખુદા તમારી સ્થિતિને મજબુત કરે. આપસની સિલે રહેમીથી મોહબ્બત ટકાવી રાખે. નેઅમતોની ભેટ એકબીજાને મોકલો કે આગળ અને પાછળની ઇદોની સરખામણીમાં તમને ન્યાલ કર્યા છે. આ ફઝીલત માત્ર આ દિવસે જ મખ્સુસ છે. આજની નેકી તમારા માલ અને ઉમરમાં વધારો કરશે. એક બીજાની મહેરબાનીથી રહેમત જોશમાં આવશે. તમારા ભાઇઓ અને અવલાદ ઉપર ભરપૂર અહેસાન કરો. ખુશ ચહેરા સાથે એક બીજાની મુલાકાત કરો.''

આ ઇદની અઇમમ્એ મઅસુમીન અ. એ પણ ઓળખ આપી છે. તેનો પ્રચાર તેઓએ ખુદે પણ કર્યો છે. અને તમામ મુસલમાનોને તાકીદ કરી છે. તફસીરે ફુરાતમાં માએદહ સુરાની નીચે કે ફરાતમાં અહનફે સાદિકે આલે મોહમ્મદ સ.ને અરજ કરી, ''હું કુરબાન થાઉં, મુસલમાનોમાં અરફા ઇદો અને જુમ્આની સિવાય પણ કોઇ ઇદ છે. જે તેનાથી શ્રેષ્ઠ હોય ?' ફરમાવ્યું, 'હા! તેનાથી કેટલીય વધુ અફઝલ અને અશરફ એ દિવસ છે જ્યારે ખુદાએ દીનને સંપૂર્ણ કર્યો અને આયત ઉતારી : 'અલ યવ્મો... દીન' અહનફે પૂછ્યું : 'તે ક્યો દિવસ છે ? ફરમાવ્યું, 'જયારે અમ્બીયા પોતાના પછી કોઇને વસી અથવા ઇમામ નિમતા ત્યારે તે દિવસને ઇદ ગણતા. આ રીતે તમારા માટે પણ એ જ દિવસ છે જયારે રસુલે અકરમે અલી (અ.સ.)ને ઇમામ નિમ્યા અને તે સંદર્ભમાં જે કાંઇ ઉતર્યુ તે તમે જાણો જ છો' અહમદે પૂછ્યું, 'તે વરસમાં ક્યા દિવસે આવે છે ?' ફરમાવ્યું, 'દિવસો આગળ પાછળ થતાં રહે છે, શનિવાર, રવિવાર..' પૂછ્યું,'તે દિવસે શું કરવું જોઇએ ?' ફરમાવ્યું, 'નમાઝ, અલ્લાહની ઇબાદત, શુકર અદા કરવો અને અલી અ.ની વિલાયતની જાહેરાત ઉપર ખુશી જાહેર કરવી. મને તો એજ પસંદ છે કે તે દિવસે રોઝો રાખું.' અહનતે અરજ કરી.

સફતુલ ઇસ્લામ કુલયની રહ. એ કાફીમાં સાદિકે આલે મોહમ્મદ સ.ની રિવાયત નકલ કરી છે. આપને પૂછવામાં આવ્યું, 'શું મુસલમાનોમાં બે ઇદો

સિવાય પણ કોઇ ઇદ છે?' ફરમાવ્યું, 'હા! તે બન્નેથી પણ વધુ મહાન'. પૂછ્યું, 'ક્યો દિવસ'. ફરમાવ્યું, 'જે દિવસે અલી બીન અબુ તાલીબ (અ.સ.)ને ઇમામ બનાવવામાં આવ્યા.' પૂછ્યું, 'તે દિવસે ક્યો અમલ બજાવી લાવવો યોગ્ય ગણાશે?' ફરમાવ્યું, 'રોઝો રાખો. આલે મોહમ્મદ સ. ઉપર સલવાત પડો. અને હક ગસબ કરનારાઓની જાહેરાત કરો અને બેઝારી કરો. રસુલોએ તેમના અવસીયાઓને હુકમ આપ્યો હતો કે જે દિવસે તેઓની વસી થવાની જાહેરાત થયા. તે ઇદનો દિવસ ગણવો.' પૂછ્યું, 'તે દિવસે રોઝાનો શું સવાબ છે?' ફરમાવ્યું, 'સાઇઠ મહિનાઓ બરાબર રોઝાનો સવાબ છે.'

આ જ કાફીમાં સાદિકે આલે મોહમ્મદ સ.ને સવાલ કરવામાં આવ્યો છે, 'શું જુમ્આ અને ઇદ સિવાય પણ મુસલમાનોમાં ઇદ છે?' પછી આપે ઉપર મુજબ ફરમાવ્યું.

સાદિકે આલે મોહમ્મદ સ.ની એક વધુ હદીસ છે કે ગદીરના દિવસનો રોઝાનો સવાબ ૧૦૦૦ હજાર અને સો ઉમરા કરવા જેટલો છે. આ દિવસ ખુદાનો સૌથી મહત્વનો દિવસ છે, ઇદનો દિવસ.

અલ ખીસાલમાં છે કે મુફઝલ બીન ઉમરે સાદિકે આલે મોહમ્મદ સ.ને અરજ કરી, 'મુસલમાનોમાં કેટલી ઇદ છે?' ફરમાવ્યું, 'ચાર ઇદો'. પછી ઉપરોક્ત મતલબનું વર્ણન છે.

મિસબાહ તુસીમાં છેઃ અમ્માર અઢારમી ઝીલ્હજે સાદિકે આલે મોહમ્મદ સ.ની ખીદમતમાં આવ્યા. આપ રોઝાથી હતા. ફરમાવ્યું, 'આજનો દિવસ ઘણો મોટો છે...' પછી ઉપરોક્ત મતલબનું વર્ણન છે.

અબ્દુલ્લા બીન જઅફર હમીરીની રિવાયતઃ સાદિકે આલે મોહમ્મદ સ.એ તેમના શિયાઓને ફરમાવ્યું, 'શું તમે એ દિવસને જાણો છો જ્યારે ખુદાએ દીનને મજબુત કર્યો? દિનના મિનારાને પ્રકાશિત કર્યા અને અમારા દોસ્તો માટે ઇદનો દિવસ બનાવ્યો?' સૌએ કહ્યું, 'ખુદા, રસુલ સ. અને ફરઝન્દે રસુલ વધુ સારી રીતે જાણે છે. એ આકા! શું તે ઇદુ-લ ફીત્ર છે?' ફરમાવ્યું, 'નહિ.' પૂછ્યું, 'શું તે ઇદુ-લ-ઝોહા છે?' ફરમાવ્યું, 'જો કે આ બન્ને ઇદો અઝમતવાળી છે. પરંતુ જે દિવસે ઇદનો મિનારો પ્રકાશિત થયો તે અઢારમી ઝીલહજ છે. તે દિવસે રસુલ સ. હજજતુલ વિદાથી પાછા ફરીને ગદીરે ખુમ પહોંચ્યા હતા.'

હદીસે હમીરીમાં છે કે ગદીરના દિવસે નમાઝ પછી શુકરના સિઝદામાં કહે, 'અલ્લાહુમ્મ ઇન્ન નફકેજ વજુહોના ફી યવ્મે ઇદન અલ્લઝી શરફતના મવલાના અમીરૂલ મોઅમેનીન અલી બીન અબી તાલીબ સલ્લલ્લાહો અલયહ.'

ફયાઝ બીન મોહમ્મદ બીન ઉમર તુસીએ ઇમામ અબુલ હસન મુસા રઝા અ.ની ગદીરના દિવસે મુલાકાત કરી. આપે પોતાના ખાસ લોકોને ગદીરના દિવસે ઇફતાર માટે આમંત્રણ આપ્યું હતું. આપના ઘરનો દેખાવ અને વાતાવરણ ઘણું બદલાએલું હતું. ખોરાક, પોષાક, વિંટી, પગરખાં બલ્કે જીવનના તમામ દેખાવો શણગારેલાં હતા. પોતાના ગુલામોને પણ નવા શણગારનો હુકમ આપ્યો હતો. જે બીજા દિવસો કરતાં સંપૂર્ણ જુદા હતા. હઝરત લોકોને તે દિવસની ફઝીલત જણાવી રહ્યા હતા.

મુખ્તસર અબાએફલ દરજાતમાં છેઃ મોહમ્મદ બીન અલાઅ અને યહ્યા બીન જરીહ, ઇમામ હસન અસ્કરી અ.ના પ્રતિનિધિ અહમદ બીન ઇસ્હાકને મળવા ગયા. દરવાજો ખટખટાવ્યો. એક ઇરાદી બાળકે દરવાજો ખોલ્યો. અમે મળવાની ઇચ્છા દર્શાવી. તો તેણે કહ્યું કે આપ ઇદની રસમોમાં રોકાયેલા છે. આજે ઇદનો દિવસ છે. અમે કહ્યુંઃ સુબ્હાનલ્લાહ, તેનો અર્થ એ છે કે શીયાઓની ચાર ઇદો છે. ઇદુઝઝોહા, ઇદુલ ફીત્ર, જુમ્આ અને ઈદે ગદીર. – ખુદા આપનું ભલું કરે.

જ્યારે આપ ઈદે ગદીરની સર્વ સંમતિની રીતે માહિતગાર થઇ ગયા અને આપે જાણી લીધું કે આનો ક્રમ નબીઓના જમાનાથી સતત રીતે અને ક્રમબદ્ધ છે અને અવસીયા અને અઇમ્મએ માઅસુમીનની મુબારક ઝબાને મજબુત થયો છે. તેની મજબુતીમાં વહીના અમીન હઝરત સાદિકે આલે મોહમ્મદ સ. અને ઇમામે ઝામીન સામીન અલી બીન મુસા અ. એ પોતાના દાદા અમીરૂલ મોઅમેનીનની રીત મુજબ મજબુતીની ફરજ પૂરી કરી દીધી. આ બંને ઇમામોની તફસીરે ફુરાત અને ઉસુલે કાફીની રિવાયત વાંચો જે ત્રીજી સદીના વિદ્વાનો છે. તેઓએ ઈદે ગદીરની અર્થપૂર્ણ નિશાની આપી છે.

હવે તેની પછી મારી સાથે આવો. આપણે નવીરી અને જાકરીઝીની પૂછતાછ કરીએ. તેઓના પાયા વગરના અને હકીકતની વિરૂદ્ધ દ્રષ્ટિબિંદુને જોઇ તપાસી લઇએ. આ બન્નેના મત મુજબ આ ઇદને મઅઝુલ દવલા અલી બીન બુયાએ હિ. ૩૫૨માં શોધ કરી છે. નવીરીએ નહાયતુલ અરબ ફી ફનુનીલ

અદબના પહેલા ભાગના પાના ૧૭૭ ઉપર ઈસ્લામી ઈદોની ચર્ચા કરતાં લખ્યું છે કેઃ''..... અને એક ઇદ શીયાઓની શોધ છે. અને તેનું નામ ઈદે ગદીર છે. તેની શોધનું કારણ એ છે કે તે દિવસે રસુલે ખુદા (સ.અ.વ.)એ ગદીરે ખુમમાં અલી (અ.સ.)ને પોતાના ભાઇ બનાવ્યા. ગદીર જ્યાં ઝરણું વહે છે અને તેની આજુબાજુ મોટા ઝાડ છે. ગદીર અને આ ઝરણાની વચ્ચે મસ્જીદે રસુલ છે. તેમણે ૧૮મી ઝીલહજને ઇદનો દિવસ બનાવ્યો છે. કારણ કે ભાઇચારાની રસમ ૧૦ હિજરીના હુજ્જતુલ વિદાઅના વરસમાં થઇ. આ શીયા આ પ્રસંગે રાત્રે જાગે છે, નમાઝ પડે છે. તેની સવારે ઝવાલ પહેલા બે રકાત નમાઝ પડે છે. નવા કપડાં પહેરે છે. ગુલામ આઝાદ કરે છે, સીલે રહમી કરે છે, કુરબાની કરે છે.

સૌ પ્રથમ જે માણસે આ ઇદની શોધ કરી તે મઅઝુલ દવલા અબુલ હસન અલી બીન બુયા છે. .... ''શીયાઓએ તેની શોધ કરીને રીત રિવાજની જેમ પોતાને ત્યાં ભેળવી દીધી. અહલે સુન્નતના લોકોએ પણ તેની દ્રષ્ટિએ હિ. ૩૮૯માં ખુશીનો દિવસ ગણ્યો. તેઓએ આ શીયાઓની આ શોધને આ ઇદના આઠ દિવસ પછી નક્કી કરી અને કહ્યું કે આ જ દિવસે અબુ બક્ર રસુલ સ.ની ગારમાં દાખલ થયા. તે દિવસે ખુશીની રસમો કરે છે. ગુંબજ બનાવે છે અને આગ સળગાવવાની રસમ અદા કરે છે.''

મકરઝી ખતતમાં કહે છે, 'ઈદે ગદીરની શરીઅતી હયસીય્યત નથી, ન તો તે આગળની ઉમ્મતથી થતી આવી છે. સૌથી પહેલા ઇસ્લામમાં તેનો રિવાજ ઈરાકથી શરૂ થયો. તે મઅઝુલ દવલા અલી બીન બુયાનો જમરનો હતો. હિ. ૩૫૨માં આ ઇદની શોધ થઇ. તે સમયથી તમામ શીયા આ મનાવી રહ્યા છે.'

અમે આવો બકવાસ કરનારને શું કહીએ? તેઓ શીયાનો ઈતિહાસ લખતી વખતે હકીકત જાણવાની કોશિષ નથી કરતા. અથવા ભુલાવી દે છે. અંધારામાં ફાંફા મારવાની કોશિષ કરે છે. જે મળ્યું તે લખી માર્યું. છેવટે આ મસઉદી તો જે હિ. ૩૪૬માં મૃત્યુ પામ્યા. તન્બીયુલ અશરફમાં લખે છે, 'અલીના ફરઝન્દે અને તેઓના શીયાઓ તે દિવસની ઘણી કદર કરે છે'. આ કુલયની પણ છે જે હિ.ચ ૩૨૯માં મૃત્યુ પામ્યા. તેની પહેલા ફુરાત બીન ઇબ્રાહીમ તેના જમાનામાં આ ઇદની જાણ કરી રહ્યા છે. આ બધાય પોતાની દ્રષ્ટિમાં મકરીઝીની હિ. ૩૫૨માં બિદઅતી શોધનો ગપગોળો છોડવાના પહેલા હતા.

આ ફયાઝ તુસી છે જે ઈદે ગદીરના અસ્તિત્વનો હિ. ૨૫૯માં પત્તો આપે

છે. ખુદ ઇમામ રેઝા અ.ની બારગાહમાં મોજુદ તમામ ખુદની આંખોથી બધી રસ્મો જોઇ રહ્યા છે. ઇમામ અ. એ પોતાના પૂર્વજોના સંદર્ભથી આ ઇદની નિશાની આપી છે.

ઇમામ જઅફર સાદિક અ. જેની શહાદત હિ. ૧૪૮માં થઇ. આપ પોતાના અસહાબને ઇદની રસમોની તબ્લીગ કરી રહ્યા છે. અમ્બીયાની સુન્નતની જાહેરાત કરી રહ્યા છે. બાદશાહોની તાજપોશીની રસમની રીતથી વસી અને વારસાદર નિમાયાના કારણે ઇદનો દિવસ ગણવામાં આવ્યો. તેના આમાલો અને દોઆઓનું શિક્ષણ આપ્યું. તે દિવસની ખાસ દોઆઓ દેખાડી. બસાએરૂલ દરજાતની ખાસ હદીસ તો સ્પષ્ટ રીતે દર્શાવે છે કે ત્રીજી સદીના અહેવાલમાં ચાર ઇદોનું કાયદેસર અસ્તિત્વ હતું.

આ ઇદે ગદીરની હકીકત છે. પરંતુ આ બન્ને ગધેડાઓએ માત્ર શીયાઓની ટીકા કરવાના હેતુથી બુઝુર્ગોના તમામ સાચા બયાનોને હજમ કરીને કહે છે કે મઅઝુલ દવલાના જમાનામાં આ ઇદની શોધ થઇ. કદાચ તેઓ એમ સમજતા હશે કે તેઓની ખયાનતોને ખુલ્લી પાડનાર તેઓનું વિવરણ નહિ કરે. આ રીતે હક સાબિત અને તેની બનાવટી વાતો રદ થઇ ગઇ. તે અને તેઓના સાથી મુકાબલાના મેદાનમાં હારી ગયા.

## તાજપોશીની રસમ :

ઇસ્લામી મુલ્કો ઉપર મહાન ખિલાફતના માલિકની સત્તા અને પયગમ્બર સ. દ્વારા વિલાયતના હોદ્દા ઉપર બિરાજ્યા પછી બાદશાહોના રિવાજ મુજબ તાજપોશીની વિધિ પણ સંસ્કૃતપૂર્ણ હતી. બાદશાહોના તાજ હિરામોતીથી ભરેલાં હોય છે. પરંતુ અરબોના તાજ તેઓના અમામા હોય છે. જેને માત્ર શરીફો અને મોટા લોકો જ માથા ઉપર પહેરે છે. તે માટે રસુલ સ. કહે છે કે, ‘અમામા અરબોનો તાજ છે’.

(દીલમી સયુતી)

તાજુલ અરૂસમાં છે – તાજ એટલે અકલીલ, ફઝા અને અમામા. અમામાને શોભાના કારણે તાજ કહે છે. હાફીઝ ઇબ્ન અલી શયબા, અબુ દાઉદ તયાલબી બગવી અને બહીકીએ હઝરત અલી અ.ના કથનની નોંધ કરી છે. ‘મને રસુલે ખુદાએ ગદીરે ખુમના દિવસે અમામો પહેરાવ્યો. અને તેનો થોડો ભાગ મારી પીઠ

પાછળ નાખ્યો. અથવા અમામાનો થોડો ભાગ મારા ખભા ઉપર નાખી દીધો'. પછી રસુલે ખુદાએ ફરમાવ્યું, 'ખુદાએ બદ્ર અને હુનયનમાં ફરિશ્યાઓ દ્વારા મારી મદદ કરી હતી. તેઓ આવી જ રીતે અમામાથી શોભાયમાન હતાં.' અને ફરમાવ્યું,'અમામાઓ કુફ્ર અને ઈમાનની વચ્ચે આડશ છે.' અલ સમતુલ મજીદ કન્ઝુલ મઆલમાં છેઃ તે સમયે રસુલે ખુદાએ અલીને પોતાની પાસે અને તેમના માથા ઉપર બાંધતા બાંધતા તેનો થોડો ભાગ પીઠ ઉપર નાખી દીધો. હાફીઝ દીલમીમાં ઇબ્ન અબ્બાસની રિવાયત છેઃ આં હઝરતે અલીના માથા ઉપર અમામો રાખીને થોડો ભાગ પીઠ ઉપર નાખીને ફરમાવ્યું, 'પાછળ ફરી જાઓ. અલી પાછળ ફરી ગયા.' તે પછી આપે સહાબા તરફ મોઢું ફેરવીને કહ્યુંઃ ફરીશતાઓના તાજ બિલ્કુલ આવાજ હોય છે.

(અબુ નઇનમ - તબરી - ઝરકાની)

હમ્વીની ફરાયદમાં લખે છે : ખુદાએ બદર અને હુનયનમાં જે ફરિશ્તાઓની મને મદદ આપી હતી તે અલી (અ.સ.) આવા જ અમામાથી સુશોભિત હતા. અમામો મુશ્રિકો અને મુસલમાનો વચ્ચે આડશ બને છે. આ હદીસ એ સમયે ફરમાવી જ્યારે રસુલે ખુદાએ ગદીરે ખુમના દિવસે અલીને અમામો પહેરાવ્યો. ત્યારે તેનો થોડો ભાગ અલીના બાવળા ઉપર નાખી દીધો.

તૌહિદુલ દલાએલમાં વધુમાં એ છે કે તે પછી ફરમાવ્યુંઃ મન કુન્તો મવલાહો....ખઝલહ (હમ્વીની, ઝરઝી, શીરાઝી, ઇબ્ન સબાગ સૈ. મોહમ્મદ કાદરી)

## ફાયદારૂપ ચર્ચાઃ

અબુલ હુસયન મુલતી અલ તન્બીયા વલ રવમાં કહે છે : રાફઝીઓનું કથન છે કે અલી વાદળામાં છે. આનો અર્થ રસુલના કથન ઉપરથી લે છે કે જયારે આપે વાદળી અમામા રાખ્યો ત્યારે કહ્યું : આગળ વધો, આપ આગળ વધ્યા તો કહ્યું : અલી સહાબમાં આવી રહ્યા છે. એટલે સહાબ નામનો અમામા બાંધીને આવી રહ્યા છે. આ રાફઝી આ હદીસનો અયોગ્ય અર્થ ઘટાવે છે.

બહરૂલ ઝાખીર મુજબ ગઝાલી કહે છે કે રસુલે ખુદાનો એક અમામા હતો, જેને સહાબ કહતા હતા. આપે તે અલીને બક્ષીસ આપ્યો હતો. જ્યારે આ અમામા બાંધીને હઝરત અલી અ. આવતા ત્યારે રસુલ (સ.અ.વ.) ફરમાવતા કે

અલી તમારી પાસે સહાબમાં આવી રહ્યા છે. જલસી સીરતમાં લખ્યું છે કે રસુલનો અમામા સહાબ હતો. આપે તે અલીને બક્ષીસ આપ્યો હતો. જયારે તે અમામા બાંધીને રસુલ પાસે આવતા ત્યારે આપ કહેતાઃ અલી (અ.સ.) તમારી વચ્ચે સહાબમાં આવી રહ્યા છે. અલ્લામા અમીની કહે છે. શીયાઓ તરફ જે નિસ્બત ''અલી (અ.સ.) સહાબામાં છે' દેવામાં આવી છે તેનો અર્થ એજ છે કે શીયાઓએ પ્રથમ દિવસથી આજ સુધી તેની સિવાય બીજો કોઇ અર્થ ઘટાવ્યો નથી. તે સિવાય જે કાંઇ ગુમાન છે તે જુઠો આક્ષેપ છે. અને તેનો હિસાબ ખુદાના ઝીમ્મે છે.

ચર્ચા કરવામાં આવેલ તાજદપોશીનો દિવસ ઇસ્લામમાં સૌથી વધુ ખુશીનો દિવસ છે. જેવી રીતે લીના ચાહનારાઓ માટે સૌથી મહાન જશન અને આનંદનો પ્રસંગ છે. તેવી જ રીતે આગ ઉપર તરફડવાનો દિવસ અલીના દુશ્મનો માટે છે.

''આ દિવસે અમુક ચહેરાઓ ચમકતા હશે ખુશખુશાલ અને અમુક ચહેરા ઉપર ધુળ ઉડી રહી હશે -ગુસ્સાની આગમાં હશે.''

## હદીસની સનદ ઉપર એક દ્રષ્ટિઃ

ગદીરની ઘટનાથી સાબિતીઓ અને સચ્ચાઇના ઘટનાક્રમ ઉપર વિવાદ કરવાની જરાપણ જરૂર નથી. કારણ કે હદીસ પોતાની જાતે તેની સચ્ચાઇમાં તમામ પ્રકારે સ્વ આધારિત બે નિયાઝ છે. કોઇની હિમ્મત છે કે તેની સચ્ચાઇને નકારી શકે. જયારે તેની રિવાયત કરનારા એવી વ્યક્તિઓ છે જેઓની પાસેથી મુસ્લિમ અને બુખારીએ રિવાયત લઇને તેની વિશ્વસનીયતાની સાબિતીઓ આપી છે. કોણ અણસમજ, દુશ્મની રાખનાર, તેની શાબ્દિક, અર્થપૂર્ણ અને ઝળકતી રિવાયતોને કોઇપણ રીતે તેના સ્થાનેથી રદ કરી શકે? આ ઘટનાના સાક્ષીઓએ દૂર અને નજીક, સૌએ એકી મતે રિવાયત કરી છે. હદીસ, તફસીર, તારીખ અને કલામના સંપાદકોએ તેના પ્રકાશનના લખ્યા છે. અમુકે તેના ઉપર સંપૂર્ણ અને ફાયદારૂપ પુસ્તકો લખ્યા છે. ટૂંકમાં એ કે જે દિવસથી આ એલાન થઊં છે તે દિવસથી સુંદર વાતાવરણ સમજદાર કાનો સુધી એક પછી એક જમાનો પસાર કરીને વર્તમાન સમય સુધી પહોંચાડ્યું છે. હવે પછી આ ક્રમ જીવંત રહેશે. આ હદીસને ન માનનાર બપોરના પ્રકાશિત સૂર્યને ન માનનાર સમાન છે. આ કારણે અમે અહીં એટલું કહેવા માગીએ છીએ કે વિરોધીઓ અને સાથીઓએ એકી

અવાજે તેની સચ્ચાઇના ક્રમનો સ્વિકાર કર્યો છે. તેથી વાંચક–વર્ગ સમજી શકે કે ઇન્કાર કરનારા આ વિશ્વાસ પછી પણ ઉમ્મત ક્યારેય ભૂલ પર તડજોડ નથી કરી શકતી, નક્કી કરેલા માર્ગથી મોઢું ફેરવી રહ્યો છે અને આ છે સચ્ચાઇને મજબુત કરનારાઓ :

૧. હાફીઝ અબુ ઇસા તરમીઝી તેની સહીહમાં આ હદીસની નોંધ કરીને કહે છે કે આ હદીસ સ્પષ્ટ અને સાચી છે.

૨. હાફીઝ અબુ જઅફર તહાવી મસ્કલુલ આસારમાં લખે છે : આ હદીસને માનનારાઓએ એ ગુમાન છે કે આ ઘટના અસંભવ છે. દલીલ એ આપી છે કે રસુલે ખુદા જે સમયે હજ્જતુલ વિદાઅ માટે મદીનાથી હોઝફા થઇને નીકળ્યા તે સમયે અલી સાથે ન હતા. આ અંગે અહમદે બયાન કરેલી જાબીરની એ રિવાયત લખી છે કે જયારે જાબીર પાસે રસુલની છેલ્લી હજની વાત આવી ત્યારે તેમણે કહ્યું કે અલીએ કુરબારનીના ઊંટ યમનથી ખરીદ્યા. અબુ જઅફર તેને લખીને કહે છે કે આ હદીસ સાચી છે. કોઇએ તેની ટીકા નથી કરી. તે વાત આ રીતે છે કે રસુલે ખુદાએ હજની પછી મદીનાથી પાછા ફરતા આ હદીસ ફરમાવી, નહિ કે મદીનાથી નીકળી વખતે... પછી કહે છે કે આ કહેનારા તેઓના ગુમાન મુજબ સઅદની રિવાયતથી હજ માટે નીકળતા આ હદીસ ઉતર્યાનું સમજે છે. સાચું એ છે કે આ બારામાં સઅદની દિકરી આયેશાની બદલે મસઅબ બીન સઅદથી આ રિવાયત લઇ લેવામાં આવી છે. આ રીતે લીસના બદલે બીજાથી રિવાયત લેવામાં આવી છે. જેને રિવાયતની ઓળખ છે તેના માટે શોઅબા બીન હજાજનું કથન વિશ્વસનીય હોય શકે છે.

૩. ફકીર અબુ અબ્દુલ્લા મહામલી બગદાદી તેની અમાલીમાં તેને સાચી ગણે છે.

૪. હાકીમે મુસ્તદરકમાં તેને સાચી કહી છે.

૫. સાસમીએ ઝીનુલ ફતામાં આ હદીસના સિદ્ધાંત મુજબ અને તમામ ઉમ્મત માટે સ્વિકાર્ય ગણી છે.

૬. હાફીઝ બીન અબ્દુલ બર અલ ઇસ્તેયાબમાં હદીસે મોવાખાત,

શયત અને ઈન્દીરને લખ્યા પછી કહે છે કે આ બધી ખબરો સાબિતીના મૂળ સુધી પહોંચેલી છે.

૭. ફકીહ ઈબ્ન મગાઝલી શાફઈ મનાકીબમાં લખે છે કે આ હદીસ સાચી છે. સૌને આવરી લઈને લગભગ સો વ્યક્તિઓએ રિવાયત કરી છે. તેની સાબિતીમાં મને કોઈ ક્ષતિ ન મળી. માત્ર અલી (અ.સ.)ની એકની ફઝીલત છે જેમાં આપનો કોઈ શરીક નથી.

૮. હુજજતુલ ઈસ્લામ ગઝાલી સરૂલ આલમીનમાં પાકી અને મજબુત દલિલોથી પરદો ઉંચો કરીને કહે છે કે તમામ મહાન આલીમોએ સંદર્ભની હદીસને સર્વસંમતિ મળી છે. જેમાં ગદીરનો ખુત્બો, વિલાયતનું એલાન અને ઉમરની મુબારકબાદની બાબત લખાયેલી છે.

૯. હાફીઝ અબુલ ફરહ બીન જુઝી મનાકિબમાં લખે છે : સીરતના આલિમોએ એકી મતે કહ્યું છે કે હુજ્જતુલ વિદાઅમાંથી પાછા ફરીને ૧૮ ઝીલ્હજે ગદીરની ઘટના બની. સહાબા, મક્કા અને મદીનાના વાસીઓ અને ગોઝાફાતના એક લાખ વીસ હજાર વ્યક્તિઓ જે હજમાં સાથે હતી તેઓએ રસુલ સ.ના ઈરશાદને સાંભળ્યા. શાએરોએ પણ અકીદતના કલામ રજૂ કર્યા.

૧૦. સિબ્ત બીન જાઝી તઝકેરાહમાં હદીસનો આનંદ અને ઉમરની મુબારકબાદને જુદી જુદી રીતે બયાન કરીને કહે છે કે આ બધી રિવાયતોને એહમદ બીન હન્બલે બહાર પાડી છે. જો ઉમરની મુબારકબાદને ઝઈફ કહેવામાં આવે તો અમે જવાબ આપશું કે આ તમામ રિવાયતો સાચી છે. ઝઈફ તે છે કે પછી અકમાલે દીનની આયત ઉતરી. લોકો કહે છે કે સંદર્ભની હદીસ વ્યક્તિગત રીતે બયાન કરવામાં આવી છે. અમે કહીએ છીએ કે અમારી દલીલો તે હદીસ માટે નથી બલ્કે અહમદની કિતાબ અલ ફઝાએલની હદીસ ગદીરની છે. જે તેમણે બરાઅ બીન આઝબથી સાચી સનદની સાથે રિવાયત કરી છે..... પછી કહે છે આલીમોને તારીખ એક મતે છે કે ગદીરની ઘટના હજ્જતુલ વિદાઅથી પાછા ફરતાં ૧૮ ઝીલહજના બની. તેમાં એક લાખ વીસ હજાર સહાબા

હતા.

૧૧. ઇબ્ન અબી અલ હદીદ મોઅતઝલી શરહે નહજુલ બલાગાહમાં અમીરૂલ મોઅમેનીનની હુજજતની નોંધ કરી છે.

૧૨. હાફીઝ ગન્જી સાફઇએ કફાયતુલ તાલીબમાં એહમદ તરમીઝી, દાર કતની, ઇબ્ન અખદર અને મોહદ્દીસ શામીની સનદ સાથેની ચર્ચા કરીને ગદીરની ઘટના લખી છે. અને કહ્યું છે કે આ હદીસ મશહુર, સાચી અને વિશ્વસનીય છે અને વિશ્વાસપાત્ર લોકોએ તેની રિવાયત કરી છે.

૧૩. શયબ અલાઉદ્દીન સમતાની ઉરવતુલ વુસ્કામાં લખે છે કે હઝરત અલી અ.ને રસુલે ખુદાએ ફરમાવ્યું કે તમારો મારી સાથે એ જ સંબંધ છે જે હારૂનનો મુસાથી હતો. પરંતુ મારા પછી કોઇ નબી નથી. અને ગદીરે ખુમમાં મોહાજેરીન અને અન્સારના ભર્યા મજમામાં અલી (અ.સ.)ને પોતાના હાથો ઉપર ઊંચા કરીને ફરમાવ્યું : મન કુન્તો મવલાહો... આદાહો. આ હદીસ એકી મતે સાચી છે તે પછી આપ મહાન વલી બની ગયા. મોહમ્મદ સ.ની હૃદયની જેવું આપનું પણ હૃદય હતું...

૧૪. શમ્સુદ્દીન ઝહબી શાફઇએ હદીસે ગદીર ઉપર સંપૂર્ણ પુસ્તક લખ્યું છે ને તલ્ખીસે મુતદરીકમાં ઘણી રીતે તેની સત્યતાની નિશાની આપી છે.

૧૫. હાફીઝ ઇબ્ન કસીર શામીએ તેની તારીખમાં સનન નિસાઇની સનદથી લખીને કહ્યું છે કે આ રિવાયતની રીતમાં તે જુદા છે પછી ઝહબીના કથનની નોંધ કરી છે કે તે સાચી છે. રહબાના હદીસે મુનાશેદાહને મજબુત કહ્યો છે. અહમદ તરમઝીની મજબુત સનદો પણ લખી છે. એક બીજા હદીસકાર જાબીરને સાચા કહ્યા છે. પછી ઝહબીની વાત લખી છે કે હદીસના હાર્દને સર્વસંમતિ છે. વિશ્વાસપાત્ર વાત છે કે રસુલ (સ.અવ.)એ ફરમાવ્યું : અલ્લાહુમ્મ વાલે મન વાલાહો વ આદે મન આદાહો. તેથી વધુ દોઆના ફકરા પણ મજબુત સનદવાળા છે.

૧૬. હશીમીએ મજમઉલ જવાએદમાં જુદી રીતે હદીસે મુનાશેદાહ

લખી છે અને હદીસકારોને સાચા અને વિશ્વસનીય કહ્યા છે.

૧૭. શમસુદ્દીન જઝરી શાફેઇએ હદીસે ગદીરને જુદી જુદી ૮૦ રીતે રિવાયત કરી છે કે ઇસ્નીયુલ મતાલીબ સંપૂર્ણ રીતે લખી છે. રહબાના મનાશેદહ સંબંધે કહ્યું છે કે હદીસ સાચી છે. એક રીત પ્રમાણે સાચી અને વધુ રિતોથી સર્વસંમત છે. મોટા ભાગના લોકોએ અસંખ્ય રીતોથી રિવાયત કરી છે. પોતાની અજ્ઞાનતાના કારણે ઝઇફ કેહવી બોધને પાત્ર છે કારણ કે તેને અબુ બક્ર સિદ્દિક, ઉમર બીન ખત્તાબ, તલ્હા, ઝોહયર, સઅદ, અબ્દુલ રહેમાન બીન અવફ, અબ્બાસ બીન અબ્દુલ મુત્તલીબ, ઝયફ બીન અરકમ, બતરાઅ બીન આઝબ, બરીદહ બીન હસીબ, અબુ હુરયરા, અબુ સઇદ હઝરી, જાબર, ઇબ્ન અબ્બા, હબશી બીન જનાદર, ઇબ્ન મસઉદ, ઇમરાન બીન હસીન બીન ઉમર, અમ્મ‌ાર બીન યાસર, અબુઝર, સલમાન, અસઅદ બીન ઝરારહ, ખઝીમા બીન સાબત અને અનિસ બીન માલક જેવા સહાબીઓએ રિવાયત કરી છે.

૧૮. હાફીઝ ઇબ્ન હજર અરકલાની તહઝીબુલ તહઝીબમાં અસંખ્ય જગ્યાઓએ ઘણી રીતથી નોંધ કરીને બીન અબ્દુલ બર, ઇબ્ન જરીર તબરી, ઇબ્ન અકદહ, તરમીઝી અને નેસાઇનો મજબુત સંકેત આપે છે. તે કહે છે કે ઇબ્ન અકદરે આ વિષય ઉપર સંપૂર્ણ પુસ્તક લખ્યું છે. આ હદીસની ઘણી સનદો સાચી છે.

૧૯. અબુલ ખયર શીરાઝી અલ બતાલલ બાતીલમાં નહજુલ હકને રદ કરીને લખે છે : હવે રહી ગઇ વાત તે રિવાયતની જેમાં રસુલે ખુદાએ અલી (અ.સ.)નો હાથ પકડીને અલસ્તો ઉલા બેકુમ ફરમાવ્યું. જે સર્વસંમતિથી સાબિત છે. અમે તેની વિગત કશફુલ નોઅમામાં લખી છે.

૨૦. સયુતી મુજબ આ હદીસ સર્વ-સંમત છે.

૨૧. હાફીઝ કતલાની મવાહેબુલ દીનિયામાં લખે છે : તરમીઝી અને નેસાઇની હદીસે ગદીર સંબંધિત શાફેઇનું કથન છે કે તેનો

અર્થ ઇસ્લામની વિલાયત છે. જે રીતે ખુદાવંદે આલમનો ઇરશાદ છે, ‘આ એટલા માટે છે કે ખુદા મોઅમીનોનો મવલા છે અને કાફીરોનો કોઇ મવલા નથી.’ હ. ઉમરની મુબારકબાદ અસ્બહતો મવલા કુલ્લે મોઅમેનીનનો અર્થ છે કુલ મોઅમેનીનોના વલી. આ હદીસની રીતો ઘણી વધુ છે. ઇબ્ને અકદહે આ વિષય ઉપર સંપૂર્ણ કિતાબ લખી છે. જેની મોટા ભાગની સનદો સાચી અને મજબુત છે.

૨૨. ઇબ્ને હજર મક્કી સવાએકે મોહરકામાં શીયાઓની હદીસે ગદીરની દલીલોને રદ કરતાં લખે છે કે સૌથી વધુ મજબુત શંકાનો જવાબ એક પૂર્વ–ભૂમકિાનો મોહતાજ છે. બયાન એ છે કે હદીસ સાચી છે. તેમાં કોઇ શંકા નથી. કારણ કે તરમીઝી, નેસાઇ અને અહમદ જેવા હદીસકારોએ તે લખી છે. તેની રીતો ઘણી વધુ છે. સોળ રસુલના અસહાબો અને અહમદના મત મુજબ ત્રીસ સહાબાએ તેની રિવાયત કરી છે. હઝરત અલી (અ.સ.)ના જમનામાં તેઓએ સાક્ષી પણ આપી. તેની મોટા ભાગની સનદો સારી અને સાચી છે. હદીસે તનકીદીથી ઉચ્ચતર છે. વધુમાં એ વાત કે અલી તે સમયે યમનમાં હતા તે ધ્યાન આપવા જેવી નથી. કારણ કે સાબિત છે કે આપ હજજતુલ વિદાઅના મોકે પાછા આવી ગયા હતા. અમુક લોકોનો ખ્યાલ છે કે દોઆના વાક્યો ભેળવાયેલા છે. આ વિરોધ પણ સંપૂર્ણ રીતે નબળો છે. તેની રીત ઝહબી અને ઇબ્ને હજરની તબરાનીએ સાચા કહ્યા છે. મનાકીબમાં અમીરૂલ મોઅમેનીન ગણતરી કરાવીને હદીસે વિલાયતને ત્રીસ સહાબાથી રિવાયત થયાની વાત લખે છે. જેનું મોટા ભાગનું માધ્યમ સારું અને સાચું છે. કસીદર બુસીરીનું વર્ણન કરીને હદીસે ગદીરની મજબુત સનદો બયાન કરી છે.

૨૩. જમાલુદીન હુસયની શીરાઝી તેની કિતાબુલ અરબઇનમાં હદીસે ગદીર, સાલ સાએલની આયતનું ઉતરવું વિગેરે સર્વ સંમતિ દર્શાવીને કહે છે કે આ કિસ્સાની ઘણાં સહાબા અને હદીસકારોએ

રિવાયત કરી છે.

૨૪. અબુલ હસન યુસુફ બીન સલાહુદીન હનફી અલ મઅતસીર મેનલ મુખ્તસરમાં લખે છે : અબુલ તફીલ આમીર બીન વાસલાની રિવાયત છે. લોકોનો સમૂહ અલી (અ.સ.)ની પાસે રહબામાં હતો. આપે હદીસે ગદીરની કસમ આપીને ગવાહી આપી. ઘણાં લોકોએ ગવાહી આપી. અબુ તફીલ કહે છે કે હું ત્યાંથી ઉઠીને ઝયદ બીન અરકમ પાસે આવ્યો. મારા દિલમાં શંકાઓ ખળભળી રહી હતી. તેમણે આ ઘટનાની ખબર આપી. તેમણે પૂછ્યું કે તમને શક શા માટે છે ? મેં પોતે પણ આ ઈરશાદ રસુલ સ. પાસેથી સાંભળ્યો છે. જેણે પણ યમનથી અલી (અ.સ.)ની પહેલા પાછા ફરવા ઉપર શંકા કરી છે તેની વાત ઉપર ધ્યાન આપવું ન જોઈએ. મદીનાથી નીકળતી વખતે અલી (અ.સ.) રસુલ (સ.અ.વ.)ની સાથે ન હતા. પંરતુ પાછા ફરતા સાથે હતા. પછી પૂરી ઘટના કહી.

૨૫. શયખ નુરૂદીન હરવી મરકાકે શરહે મિસ્કાતન જુદીજુદી રીતના સંયુક્ત શબ્દોમાં લખે છે કે આ હદીસ સાચી અને શંકાઓથી ઉચ્ચતર છે. અમુક હાફીઝોએ એકીમતે કહ્યું છે.

૨૬. ઝયનુદીન મઆવી મનાદી ફયઝુલ કદીરમાં કહે છે કે ઈબ્ન હજર હદીસે ગદીર સંબંધિત અસંખ્ય તરિકાનો સંકેત કરે છે. ઈબ્ન અકદરે તેના ઉપર સંપૂર્ણ કિતાબ લખી છે. જેની સનદો સારી અને સાચી છે. તે પછી ઉમરની મુબારકબાદ અને સઅલ સાએલુન આયતની ઘટના લખી છે.

૨૭. નુરૂદીન જલસી શાફેઈ સીરતુલ હલ્બીયામાં હદીસનો સારી અને સાચી હોવાનો સંકેત કરે છે. પછી મોઅતરીઝની વાત લખીને ઝહબીના કથનની નોંધ કરે છે કે આ હદીસ સાચી છે.

૨૮. શયખ અહમદ બીન બાકસીર મક્કી શાફેઈ વસીલતુલ મઆલ ફી અદ્દ મનાકેબુલ આલમાં હદીસે ગદીરની હઝીફા, આમી, ઈબ્ન અબ્બાસ, બરાઅની રીતે લખીને કહે છે કે તે બઝાઝે સહીહ ફતર બીન ખલીફાની રીતે મેળવી છે, જે વિશ્વાસ

પાત્ર હતા. ઉમ્મે સલમા અને સદફ બીન વકાસની રિવાયત લખી છે. મઅકુલ બીન યાસર કહે છે કે મેં અબુ બક્રને કહેતા સાંભળ્યા : અલી ઇતરતે રસુલ છે એટલે અલી (અ.સ.)ના સંબંધમાં તમરસુકની તાકીદ રસુલ (સ.અ.વ.) છે. કારણ કે તે હિદાયતના સિતારા છે. જેણે તેનું અનુસરણ કર્યુ તેણે હિદાયત મેળવી લીધી. અબુ બક્ર તેમને આ ફઝીલત તેમના માટે એટલે ખાસ સમજતા હતા કારણ કે તેમને ઇમામ અને પેશ્વાનો મરતબો મેળવ્યો હતો. તે શહરે ઇલ્મ અને ઇરફાન હતા. પછી તે ઇમામુલ અઇમ્મા અને આલીમે ઉમ્મત હતા. તેમને આ વિશેષતા ગદીરે ખુમમાં મળી હતી. આ હદીસ સાચી છે. કોઇ પણ પ્રકારની શંકા કે સુધારા વધારાનો અવકાશ નથી. તેની ઘણાં સહાબાઓએ રિવાયત કરી છે. અને તેને સંપૂર્ણતઃ ખ્યાતિ મળી છે. સૌથી મોટી ખ્યાતિ હજજતુલ વિદાઅનો મજમો હતો. અસકલાનીએ તરમીઝી અને નેસાઇથી મેળવી છે. ઇબ્ને અકદહે સારી અને સાચી સનદો ઉપર આધારિત સંપૂર્ણ કિતાબ લખી છે. તે પછી રહબાનો પ્રસંગ લખ્યો છે.

૨૯. શયબ અબ્દુલ હક મોહદ્દીસ દેહલવી શરહે મિસ્કાતમાં લખે છે : આ હદીસ શંકા અને ફેરફાર વગર સાચી છે. તરમીઝી, નેસાઇ અને અહમદે ઘણાં પ્રકારે રિવાયત કરી છે. સોળ અથવા રિવાયત મુજબ રસુલ (સ.અ.વ.)ના ત્રીસ અસ્હાબે ખુદ સાંભળીને રિવાયત કરી છે. અલીની ખિલાફતના જમાનામાં જ્યારે વિરોધ થયો ત્યારે તેઓએ ગવાહી આપી. ઘણી સનદો સારી અને સાચી છે. દોઆઓના ફકરા ઉપર શંકા કરનારાઓની વાત અવગણવી જોઇએ. કારણ કે અસંખ્ય પ્રકારે ઝહબીના મત મુજબ સાચી છે. તેની કિતાબ મતઆતમાં કહે છે : આ હદીસ સાચી અને શંકાના અવકાશથી પર છે. તરમીઝી જેવા લોકોએ મેળવી છે. ઉસ્તાદ ઇબ્ને હજરે પણ એમ જ કહ્યું છે.

૩૦. શયબ મહમુદ શયબાનીએ અલ સેરાતુલ સવીમાં સચ્ચાઇનો સંકેત તરમીઝીનો હવાલો ને રહબાના પ્રસંગની સનદો લખી છે.

આગળ લખે છે. પરંતુ આ સંદર્ભમાં યમીની ઇસ્માઇલીયોએ અહલે સુન્નત વલ જમાતના વિરોધમાં અસ્પર્શતાની માન્યતા સ્થાપિત કરી લીધી. તે કહે છે કે આ પ્રસંગે હજજતુલ વિદાઅથી પાછા ફરતી વખતે ગદીરે ખુમમાં અસહાબોને ભેગા કરીને અલસ્તો ઉલા બેકુમ મીન અનફોસેકુમ ફરમાવ્યું. ત્રણ વખત દોહરાવ્યું. સૌએ સ્વિકાર્યું અને સચ્ચાઇ કરી પછી વિલાયતનું એલાન અને દોઆઓના ફકરા કહ્યા. અલ્લાહુમ્મ અહદુલ હક્ક મઅહુ હયસદારનું એલાન કર્યું. અહિ મવલાનો અર્થ સૌથી પહેલો અખ્તયાર જ લઇ શકાય. નિસાર થનાર, મોહબ્બત કરનાર કે બીજું અર્થઘટન કરી શકાય નહિ. ઇસ્માઇલીયોનો દાવો એ છે કે અહીં વિલાયતનો અર્થ એજ છે જે રસુલ સ.ને માટે સાબિત છે. તેની મજબુત દલીલ અલસ્તો ઉલા બેકુમનો સવાલ છે. તેઓ એ પણ દાવો કરે છે કે જો તેનો અર્થ મદદગાર અને સરદાર કરવાનો હોત તો લોકોને ભેગા કરવાની કે ગવાહ બનાવવાની જરૂર ન હતી. પછી રસુલ સ.એ અલ્લાહુમ્મ વાલે મન વાલાહો પણ કહ્યું છે. તેઓ એવો પણ દાવો કરે છે કે આ દોઆ માત્ર મઅસુમો માટે જ કરી શકાય છે. જેની તાબેદારીની ફરજ પાડવામાં આવી હોય. રસુલ સ.એ હકને અલી (અ.સ.)ના તાબેદાર બનાવ્યો છે, ન કે અલી અ.ને. આ પણ મઅસુમ માટે જ શક્ય છે. આ દલીલથી સાબિત થાય છે કે હઝરત અલી (અ.સ.) એક માત્ર રસુલ (સ.અ.વ.)ના વસી છે. આપનું વસી હોવું જાહેર થયેલું છે. આપનો વિરોધ કરવો તે અપરાધ અને ગુનાહ છે. દાવા કરનારનો આક્ષેપ પૂરો થયો.

અલ્લામા અમીની લખે છે કે સાચી અને સારી હદીસની ચર્ચા થઇ ચૂકી છે. દાવો કરનારે જે કાંઇ લખ્યું છે તે બધું સાચું નથી, સાચું માત્ર એટલું જ છે જેની મેં ચર્ચા કરી છે. મનકુન્તો મવલાહો... અલ્લાહુમ્મ વાલે મન વાલા હો... ઇનલ્લાહ વલીયુલ મોઅમેનીન... આ પણ સાચું છે. અને તે પણ સાચું છે કે રસુલ સ. એ પૂછ્યું : અતઅલમુન ઇન્ની ઉલી બિલ મોઅમેનીન મેનલ અન્ફોસેહીમ

અને સૌએ સ્વિકાર કર્યો. નઅમ યા રસુલુલ્લાહ ! પછી આપે હદીસ અને દોઆ ફરમાવી. રસુલ (સ.અ.વ.) એ પણ કહ્યું કે મારું તેડું આવી ગયું છે. હું અલ્લાહની કઝાને લબ્બયક કહીશ. પછી હદીસે સકલયન ફરમાવી અને તે પછી હદીસે વિલાયત. તેની પછી ઉમરે મુલાકત કરીને કહ્યું : મુબારક થાય એ અલી! આપ મારા અને તમામ મોઅમીનો અને મોઅમેનાતના મવલા થઇ ગયા. જે કાંઇ મેં બયાન કર્યું એજ સાચું છે. આક્ષેપ કરનારાઓએ જે કાંઇ વાતો ઘડી કાઢી છે તે સાચી નથી. આ વિષય ઉપર ઇબ્ન અખદર વિગેરેએ મજબુત કિતાબ લખી છે.

૩૧. સય્યદ મોહમ્મદ બઝરન્જી નવાકીઝમાં લખે છે : જાણવું જોઇએ કે શીયાઓનો દાવો છે કે આ હદીસે ગદીર અલીની ઇમામત ઉપર સ્પષ્ટ હુકમ છે. તેઓની જેમ વધુ મજબુત છે. જેટલી વખત મેં મન કુન્તો મવલાહોની ચર્ચા કરી તે સાચી અને તેની ઘણી બધી રીતે રિવાયત થઇ છે.

૩૧. ઝીયાઉદ્દીન મકબલીએ અલ અજાસુલ મસદદહ ફીલ ફનુનીલ મતઅદહમાં હદીસને સર્વસંમત, ઇલ્મી અને ફાયદાથી ભરપૂર કહી છે. એક બીજી કિતાબ તઅલીકે હિદાયતુલ ઓકુલમાં લખ્યું છે કે અલ્લામા સય્યદ અબ્દુલ્લા બીન વઝીર તેની મશહુર તારીખે તબક અલ હલવીમાં મોહમ્મદ ઇબ્રાહીમની નોંધ કરે છે કે હદીસે વિલાયતની દોઢસો રીતો છે. મોહમ્મદ ઇસ્માઇલ અમીરના મત મુજબ પણ દોઢસો રીત છે. આ સંશોધન પછી અલ્લામા મકબલી લખે છે કે જો આ સ્પષ્ટ નથી તો દીનની કોઇ વાત સ્પષ્ટ નથી. તે હદીસે વિલાયતને સર્વસંમત કહેતા. પરંતુ હદીસે મનઝેલતને કેહતા કે તે સાચી અને મશહુર તો છે પરંતુ સ્વસંમતિ નથી. સય્યદ અમીર મોહમ્મદ સનઆની અલ રવઝતુલ નુદબામાં કહે છે કે હદીસે ગદીર સિલસિલાબંધ છે. હાફીઝ ઝહબીએ તઝકેરતુલ હફાઝમાં તબરીનું વર્ણન લખતા કહે છે કે તેમણે હદીસે ગદીર ઉપર મજબુત કિતાબ લખી છે. ઝહબી કહે છે કે મેં આ વિષય ઉપર એક કિતાબ મેળવી. તેમાં હદીસે ગદીરના

પ્રકારો જોઇને ગભરાઇ ગયો. ઝહબીએ હાકીમના વર્ણનમાં સંકેત આપ્યો છે કે તેમણે આ હદીસની મજબુત રીત ઉપર એક સંપૂર્ણ કિતાબ લખી છે. આગળ કહે છે કે ઉસ્તાદ મોહમ્મદ ઝયાઉદીન સાલેહે તેના વિવાદમાં હદીસે ગદીરને સર્વસંમત હોવામાં ગણી છે.

૩૩. શયખ મોહમ્મદ સદરૂલ આલીમ મઆરેજુલ અલી ફી મનાકેબુલ મુસ્તુફામાં લખે છે કે હદીસે મોવાલાહ સયુતીના મત મુજબ સર્વસંમત છે. મેં તેમની કિતાબ કતફુલ આઝહારનો અભ્યાસ કરીને આ વાત લખી છે. આ રીતે સયુતીએ અહમદ, હાકીમ, ઇબ્ન અબી શયબા, ઇબ્ન માજા, તબરાની, અબુ નઇમ, ઇબ્ન કાનેઅ અને તરમીઝીની રિવાયતની સાથે સાથે નેસાઇ, ઝેયાઅ મકસદી અને ઇબ્ન અકદર વિગેરેની સનદો અને સહાબાની રિવાયતોની ચર્ચા કરી છે.

૩૪. સય્યદ બીન હમઝર હરાની દમિશ્કી હનફી તેની કિતાબ અલ બયાન વલ તઅરીફમાં તરમીઝી, નેસાઇ, તબરાની હાકેમ અને ઝેયાઅ મુકદસીની ગદીરની રિવાયતની નોંધ કરે છે. પછી સયુતીની એક પછી એક કથનની નિશાની આપે છે.

૩૫. અબુ અબ્દુલ્લા ઝરકાની માલકી શરહુલ મવાહેબમાં કહે છે : રસુલે ખુદાએ અલી (અ.સ.)ને ઇલ્મના પ્રતિનિધિ, સંશોધનની બારીકીઓ અને સમજણ, ચારિત્ર્ય અને નફસની સફાઇ, સદવર્તનની નેકી અને સાબિત કદમ–અડગતાથી ખાસ નવાજયા. આગળ હદીસે ગદીર, તેની સનદો અને સઅલ સાએલુનનું ઉતરવું, શયખયનની મુબારકબાદ પછી ઇબ્ન અકદહના વિચારો લખ્યા. રહબાની ગવાહી લખીને યમનના ઇસ્માઇલીયોના વિરોધના જવાબ આપ્યા છે. ફરમાવે છે કે તે શંકા કુશંકાથી પર છે. તરમીઝી, નેસાઇ, અહમદે તેની રિવાયત કરી છે. તેના ઘણાં પ્રકારો છે. ઇમામ અહમદના કથન મુજબ સહાબાએ રહબામાં તેની ગવાહી આપી હતી.

૩૭. મરીઝા મોહમ્મદ બદખ્શી નઝલુલ અબરારમાં કહે છે : આ

હદીસ સાચી અને મશહુર છે. તેનો ઇન્કાર માત્ર બિન વિશ્વાસપાત્રના તરફદારો જ કરી શકે છે. કારણ કે તેના પ્રકારો અસંખ્ય છે. ઇબ્નઅકદહે મજબુત કિતાબ અને ઝહબીએ મોટા ભાગની રીતો ઉપર સ્પષ્ટતા કરી છે. ઘણાં સહાબાએ તેની રિવાયત કરી મફતાહુલ જીનાનમાં તેની સનદો લખવામાં આવી છે.

૩૮. મુફતી શામ અમાદી હનફીએ અસ્સલાતુલ ફાબેરહમાં સિલસિલાબંધ સનદોથી કહ્યું છે કિતાબની શરૂઆતમાં દસ શયખોની રિવાયત કરી છે. જેમાં મોટા ભાગે તરમીઝી, બઝાઝ, અહમદ, તબરાની, અબી નઈમ, ઇબ્ન અસાકર અને ઇબ્ન અકદહની નોંધ લીધી છે.

૩૯. અબુલ અરફાન અલ સબાન શાફઇએ નુરૂલ અબ્સારના હાસીયા ઉપર અસઆફુ રોગેબીનમાં લખે છે કે આ રિવાયત ત્રીસ સહાબાએ કરી છે. જેની મોટા ભાગની રીત સાચી અને સારી છે.

૪૦. સય્યદ મોહમ્મદ આલુસી રૂહુલ મઆનીમાં કહે છે : હા, અમારા મત મુજબ હદીસે ગદીર સાબિત છે. આ સંદર્ભમાં ઘણી રિવાયતો છે. પંરતુ જે લોકો તેનાથી અલી (અ.સ.)ની કયાદતે ઉઝમાનો દાવો કરે છે તેની કોઇ દલીલ નથી. તે ઝહબીનું કથન પણ લખે છે કે તે સાચી અને સિલસિલાબંધ છે. સૌથી મજબુત સનદોની સાથે દોઆઓના ફકરા સાબિત છે.

૪૧. શયખ મોહમ્મદ હુત બયરૂતી શાફેઇ ઇસ્નીયુલ મતાલીબમાં કહે છે : હદીસે ગદીર અબુ દાઉદ સિવાય ખાસ અસહાબોએ લખી છે. અહમદ તેને સાચી કહે છે.

૪૨. મોલવી વલીયુલ્લાહ લખનવી મરાતુલ મોઅમેનીન ફી મનાકેબે અહલેબયત સય્યદુલ મુરસલીનમાં હદીસે ગદીરને સાચી કહે છે. જે તેમાં શંકા કરે છે તે મોટી ભુલમાં છે. કારણ કે તે તરમીઝે અને નેસાઇએ મેળવી છે. ઘણાં સહાબાએ તેની રિવાયત કરી છે. અને અલી (અ.સ.)ની ખિલાફતનાં જમાનામાં ગવાહી આપી છે.

૪૩. વર્તમાન યુગના વિદ્વાન શહાબુદીન અબુલ ફયઝ અહમદ બીન મોહમ્મદ બીન સિદ્દીક હઝરમી તસ્નીફુલ અજાનમાં હદીસે ગદીરને સિલસિલાબંધ દર્શાવે છે. તેની સાઇઠ માણસોએ રિવાયત કરી છે. તેઓએ લંબાઇ જવાના ડરથી માત્ર પચ્ચીસ રીત લખી છે .અતંમાં ઇબ્ન અકદરની કિતાબ અલ મવાલાતની વાત લખી છે. જેમાં અસંખ્ય સનદોમાંથી વીસ સહાબાના નામો લખ્યા છે.

*‘‘તમારા પરવરદિગારની સત્ય અને ન્યાયની રીત સંપૂર્ણ છે. કોઇ તેના ફરમાનોને બદલનાર નથી. અને ખુદા સાંભળનાર અને જ્ઞાની છે. જો તમે બહુમતિના કહેવા ઉપર ચાલો જે જમીન ઉપર વસે છે તો તમે ખુદાના માર્ગથી ભટકી જશો. તેઓ તો માત્ર ગુમાન ઉપર ચાલે છે અને અંદાજો કરે છે.’’*

હદીસની સનદ ઉપર સ્પષ્ટ આયતો

*‘‘અને તેઓની વચ્ચે ખુદાના હુકમ મુજબ ફેંસલો કરો, તેઓની ખ્વાહીશોની પાછળ ન ચાલો.’’*

પાછળની સચ્ચાઇની શોધથી વાંચકાએ જાણી લીધું કે અસંખ્ય આલીમો, ઉમ્મત, હાફીઝ અને મઝહબના મહાન પુરૂષોએ હદીસે ગદીરની રિવાયત કરીને સંપૂર્ણ આત્મ-સંતોષની સાથે સચ્ચાઇની નિશાનીઓ આપી છે. તેમાંના અમુક લોકોએ તે અંગેની શંકા-કુશંકા, વિરોધ અને દુશ્મનીનું વાતાવરણ ખતમ કરવા માટે તે સારી અને સાચી હોવાની ખાત્રી અને મજબુત સનદો હોવાનો નિર્ણય કર્યો છે. અમુક મહાન આલીમોએ સર્વસંમતિનો નિર્ણય સાદર કર્યો છે. અને હદીસે ગદીરને નકારનારોની ઝાટકણી કાઢી છે. વાંચકોને ખબર હશે કે આ હદીસને એકસો દસ સહાબાઓએ કહી છે. હાફીસ સજસ્તાનીએ એક સો વીસ અને અબુલ ઓલમાઅ હમદાનીએ અઢીસો સહાબાની રિવાયત નોંધી છે. આ પ્રકાશમાં તાબેઇન અને તે પછીનાઓની સંખ્યાનો અંદાજ કરી શકાય છે. રસુલ સ.ની હદીસોમાંથી કોઇને પણ આ વિગતનો એહસાસ કે અસર નથી મળી.

જઝરીએ તેની સાબિતીઓના ક્રમમાં મજબુત કિતાબ લખીને તેને નકારનારોઓને અજ્ઞાન અને નાદાન કહ્યા છે. ફકીર ઝીયાઉદીન મકબલીના મત મુજબ તેની સાબિતી અને સચ્ચાઇ શંકાસ્પદ છે. તો પછી તેની અસરો પણ શંકાસ્પદ છે. આસમીએ કહ્યું કે હદીસને તમામ ઉમ્મતે સ્વિકારીને સરફરાઝ કરી

છે. ગઝાલીના મત મુજબ સમાજ સંદર્ભની હદીસ ઉપર એક મત છે અને અહલે સુન્નત તેની ઉપર એક મત છે. બદખ્શીના મત મુજબ હદીસ સાચી અને મશહુર છે. તેના ઉપર જીદ્દી વિરોધી જ વાત કરી શકે છે. જે ભરોસાપાત્ર ન હોય. વધુમાં તેની સચ્ચાઇ ઉપર સૌનો એક મત છે. તેનો સંદર્ભ સિલસિલાબંધ છે. વિશ્વસનીય રીતે આ હદીસ રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવી. તેની નીચે અલ્લાહુમ્મ વાલે મન વાલાહોને પણ સૌથી મજબુત સનદોની સાથે ઘણાં લોકોએ બયાન કરી છે. પછી કહે છે કે તેની સચ્ચાઇ ઉપર શંકા કરનાર ભૂલમાં છે. વધુમાં આ હદીસ મશહુર અને કેટલાય પ્રકારે બયાન થઇ છે. હા અમારા મત મુજબ રસુલ સ.નો આ ઈરશાદ અલી (અ.સ.)ના હકમાં સાબિત છે. એ સાચું છે કે તેમાં શંકાને કોઇ સ્થાન નથી.

આગળ કહે છે કે આ રસુલ સ.ની સિલસિલાબંધ રિતો ઉપર વારીદ છે. અને અલીથી પણ ક્રમવાર છે. રાવીઓની લાઇન લાગેલી છે. જે તેને ઝઇફ કહે છે તે વિશ્વાસપાત્ર નથી અને તે હદીસની શાનથી જાણકાર નથી... આગળ કહે છે કે તેની સચ્ચાઇ ઉપરનો વિરોધ તોબાનો લાયક છે. આ સિલસિલાબંધ છે. અસંખ્ય લોકોએ મજબુતીની સાથે સચ્ચાઇની નિશાની આપી છે. ઈસ્ફહાનીનો મત છે કે આ હદીસ સાચી અને સાબિત છે. તે અંગેની કોઇ ટીકા ટીપ્પણની મને જાણ નથી. તેને અશરહ બશર સાથે સૌથી વધુ સહાબાએ બયાન કરી છે.

આ સિવાયના ઘણાં કથનો પાછળ લખવામાં આવ્યા છે. પરંતુ સચ્ચાઇની શોધ અને સ્પષ્ટ હુકમો વચ્ચે પણ ઈર્ષ્યા, વેર અને બદબખ્તી પણ જોવા મળે છે. અમુક દુશ્મની રાખનાર વ્યક્તિઓએ અલી (અ.સ.)ની વિલાયતના સ્વચ્છ ચશ્માને ગંદા કરવા માટે શંકાના માર્ગો પણ ઉભા કર્યા. એકે આ હદીસને દુષિત કરવા માટે કહ્યું કે હઝરત અલી તો હજજતુલ વિદાઅના મોકા ઉપર યમનમાં હતા. તે રસુલ (સ.અ.વ.)ની સાથે ક્યાં હતા? બીજાએ બાંગ મારીઃ મોટા ભાગના રાવીઓએ અલસ્તો ઉલા બેકુમની રિવાયત નથી કરી. તેની સાથે ત્રીજા ટપક્યાં. સાથેની હદીસ વાલે મન વાલાહો.... ઝઇફ છે. સંપૂર્ણ ખોટી છે. ચોથાએ સમગ્ર ઘટનાની ઉપર ટોણો માર્યો. તેમાં દોઆઓના ફકરા ભેળવવામાં આવ્યા છે. અહમદની સિવાય કોઇએ પણ તે લખી નથી.

આપે આ હદીસની વિશ્વસનીયતા, સચ્ચાઇ અને સિલસિલા ઉપરની વિસ્તૃત ચર્ચા જોઇ તેના પછી આક્ષેપો અને વાતનું વેતસર કરનારાની વાતો મહત્વ

ધરાવતી નથી. અહલે સુન્નતના આલીમોનો સમુહ તેઓની બદઝબાની ઉપર સાથ આપવાનો સંપૂર્ણ ઇન્કાર કરીને વિરોધનો માર્ગ બંધ કરી દે છે. નકાર કરનારાઓના બકવાસની એક વખત તો એ કહે છે કે આપણાં આલીમોએ તેની રિવાયત નથી કરી અને બીજી વખત કહે છે કે વિશ્વાસપાત્ર રાવીઓએ તેની સચ્ચાઇ નથી માની. તેઓના થોડા પાછળનાઓએ અનુસરણ કરીને શોર મચાવ્યો કે વિશ્વાસપાત્ર અને ખાત્રીપૂર્વકના હદીસકારોએ તેની રિવાયત નથી કરી. તેની સાથે આ બકવાસી અનુયાયીઓ બીજી જગ્યાએ આ હદીસ સિલસિલાબંધ હોવાનું સ્વિકારે છે. ખુદાએ આ અંધ અનુયાયીઓને સલામ કરીને જુદા થઇ જવાનો હુકમ આપ્યો છે.

એઝા ખાતબહોમુલ જાહેલૂન કાલુ અસ્સલામુન - આ જંગલીઓ સુધી ઇલ્મ પહોંચવામાં રૂકાવટ છે. નહિ તો તેઓ તેમના માર્ગના વિશ્વાસપાત્ર આલીમોને ઓળખતા અથવા સાચી અનેન સનદોવાળી કિતાબોને પણ જોઇ લેતા. પછી એ કે બધું જાણ્યા પછી પણ આ મહાન હદીસકારોને બિનવિશ્વાસપાત્ર સમજે છે.

**નહિ જાનતા તો યે હય મુસીબત**
**અગર જાનતા હય તો આફત**
**બડી હય.**

આવા બીન જવાબદારોમાં ઇબ્ન તયમીયા પોતાને પીપુડી વગાડીને કહે છે કે આ હદીસની અહમદની સિવાય કોઇએ પણ રિવાયત નથી કરી અને અહમદની મસનદમાં સાચી અને ઝઇફ બંને રિવાયતો છે. આ બકવાસ કરનારની દ્રષ્ટિમાં કોઇ કિતાબ જ નથી દેખાતી, અથવા સાચી અને સનદોવાળી કિતાબો તેના ઇલ્મી દસ્તુરની બહાર છે. અથવા અહમદની સાથેના બીજા મશહુર આલીમોના સંપાદકોની જાણ નથી. એ પણ શક્ય છે કે આલીમોએ અહમદની જે કાંઇ પ્રશંસા કરી છે તેની જાણ ન હોય. તબકાતે સુબકીમાં છે કે અહમદે તેની મસનદ એવી લખી છે કે ઉમ્મતના અસલ ઉસુલ છે. હાફીઝ અબુ મુસા મદની કહે છે કે મસનદના હદીસકાર ઇમામો માટે વિશ્વસનીય છે. ચૂંટી કાઢેલા પ્રતિનિધિઓએ સાંભળેલી અસંખ્ય હદીસોને આ કિતાબ વિરોધભાસના મોકા ઉપર મુખ્ય અને વિશ્વાસપાત્ર છે. મને મારા વાલીદે અને અન્યોએ જાણ કરી કે ઇબ્ન બતાને ઇમામ અહમદે કહ્યું કે મેં આ સનદની કિતાબને પચાસ હજાર સાતસો

હદીસોમાંથી ચૂંટીં કાઢીને સંપાદન કરી છે. ઈસ્લામની ઉમ્મતમાં જ્યારે પણ કોઇ રસુલ સ.ની હદીસનો વિરોધ કરશે ત્યારે તેની તરફ રજૂ કરશે, જો તેમાં છે તો હુજજત નહિ તો હુજજત અને સનદ નથી. અબ્દુલ્લા બીન અહમદે તેમના પિતાને પૂછ્યું : ''આપ કિતાબો શા માટે નથી લખતા જ્યારે આપે મસનદ સંપાદન કરી છે?' જવાબ આપ્યો : ''મેં જે કિતાબ સંપાદન કરી છે તે રસુલ સ.ની સુન્નતના વિરોધોના મોકા ઉપર ઉપયોગી થશે. લોકો વિરોધનો ઉકેલ શોધવામાં તેનો સદ ઉપયોગ કરશે.' અબુ મુસા મદની આ પણ કહે છે કે અહમદની મસનદમાં એવા લોકો પાસેથી હદીસ લેવામાં આવી છે જેની દયાનત અને સચ્ચાઇ સાબિતીના મૂળ સુધી પહોંચી ગઇ. યકીનથી મસનદથી કિતાબ દરિયા જેવી છે. હમ્બલના પુત્ર સાલેહનું સંપાદન છે. તેમણે રસુલ (સ.અ.વ.)ના કથનોના મોતી પરોવ્યા છે.

જેમાં બધું જ સમાવી લેવામાં આવ્યું હોય તે સહીહ બુખારી છે. અને મસનદ માત્ર અહમદની મસનદ છે. ઈમામ અહમદના બારામાં હીઝ જુઝરીના પ્રસંશાના કન્ઝુલ ઉમ્માલમાં છે કે જે ટીકાકારો હતા તેઓને અવગણવામાં આવ્યા. હદીસની સનદમાં ઘણી કાળજી રાખી છે.

હાફીઝ સયુતી જમઉલ જવામેઅમાં લખે છે : અહમદની મસનદની તમામ હદીસો સ્વિકારવાને પાત્ર છે. તેની ઝઇફ હદીસ પણ સારી છે. છતાં ધારી લઇએ કે જો ઇબ્ન તયમીયાની વાત અહમદના બારામાં માની પણ લઇએ તો તેમાં અહમદ અને તેના પ્રકાશકનો શું દોષ ? જો કે હદીસે ગદીર માત્ર મસનદે અહમદ સુધી મર્યાદિત નથી. સાચા અને મસનદોના વિશ્વાસપાત્ર આલીમોની એક લાંબી લાઇન છે. વિશ્વસનીય અને ભરોસાપાત્ર વ્યક્તિઓ એવી પણ છે કે જેઓની રિવાયત મુસ્લિમ અને બુખારીએ લીધી છે.

હિસામુદ્દીન સહરાને પોતાનું દ્રોત પ્રકાશ્યું! તેની ટીકા સાંભળોઃ ''હદીસે ગદીર જે કિતાબોમાં લખાયેલી છે તે સાચી નથી.'તેમને ખબર જ નથી કે આ હદીસ સહીહ તરમીઝી, સનન ઇબ્ન માજા અને દારા કતનીએ અસંખ્ય પ્રકારે લખી છે. ઝીયાઉદ્દીન મુકદસી અલ મુખ્તારમાં લખે છે કે શયખ મોહમ્મદ હુતે લખ્યું છે કે તે અબુદારની સિવાય તમામ ઉચ્ચ કિતાબોમાં લખવામાં આવી છે. અહમદે તે લખીને સાચી કહી છે. આ લેખકોની નિશાનીથી હદીસની સચ્ચાઇ જાણી શકાય છે. હવે આ પછી જે લોકોએ કહ્યું છે કે મુસ્લીમ અને બુખારીએ તેની રિવાયત નથી કરી તેની શું કદર અને કિંમત રહી જાય છે. જો કે બીજાઓ તે

અંગેની સાચી અને દલીલ સાથે લખ્યું છે. મુસ્લિમ અને બુખારીની નબળી રિવાયત અંગે અમે કહીએ છીએ કે હાકીમ નિશાપૂરીની એક મહાન કિતાબ જે હઝમના મત મુજબ બુખારી અને મુસ્લીમથી વધુ છે, માત્ર એટલા માટે સંપાદન કરવામાં આવી કે તેઓને દંડી શકાય. હાકીમ મુસ્તદરક ભાગ પહેલામાં કહે છે : ''એવું નથી કે જે કાંઇ મુસ્લિમ અને બુખારીએ રિવાયત કરી છે એજ સાચી છે. વર્તમાન યુગની બિદઅત કરનારાઓનો એક સમૂહ છે, જેઓ રાવીઓની અસર ઉપર ટીકા ટીપ્પણ કરે છે કે તમારી પાસે દસ હજાર સાચી હદીસો વધુ ભંડોળ નથી અને આ તમામ ભેગી કરેલી સનદો જેના હજારો ગ્રંથો છે તે બધીય નબળી અને અસ્વિકાર્ય થઇ ગઇ. આ શહેરના મોટા આલીમોએ મને વિનંતી કરી કે બુખારી અને મુસ્લિમ જેવી કિતાબ સંપાદન કરો. એટલા માટે કે તેમાં ક્ષતિયૂક્ત હદીસો મોજુદ છે. અને તેમણે પણ વ્યક્તિગત રીતે ક્ષતિ વગરની હોવાનો દાવો નથી કર્યો. તેઓના સમકાલિન આલીમોએ ક્ષતિયુક્ત હદીસોની નિશાની આપી છે. મે કોશિષ કરી છે કે આવી સાચી હદીસો એકઠી કરૂ જે હદીસકારો માટે સ્વિકાર્ય હોય. હું વિશ્વાસપાત્ર હદીસો મેળવવા માટે ખુદાથી જ મદદ માગુ છું, કારણ કે ફકીહોના મત મુજબ સચ્ચાઇની શરત એ છે કે સનદો અને સંદર્ભમાં અતિશયોક્તિ ન હોય. હાફીઝ કબીર સરાકરીએ તે બીદઅતીઓના સ્પષ્ટીકરણમાં કહ્યું છે કે બુખારી અને મુસ્લીમે બધી સાચી હદીસો એકઠી નથી કરી અને ન તો તેઓએ તેને જરૂરી ગણ્યું છે.

હાકીમ મુસ્તરકની પ્રસ્તાવનામાં કહે છે કે બુખારી અને મુસ્લીમે ક્યારેય દાવો નથી કર્યો કે તેઓએ લખ્યા સિવાયની તમામ રિવાયતો સાચી નથી. ઇમામ બુખારીએ કહ્યું કે મેં માત્ર સાચી રિવાયતો એકઠી કરી. અમુક સાચી અને લાંબી હદીસોને અવગણી છે. મુસ્લીમ કહે છે કે મેં માત્ર તે હદીસોને એકઠી કરી છે જેની ઉપર એક મત હોય. દેખીતું છે કે એક મતના કારણે અમુક સાચી હદીસો હદીસકારોની દ્રષ્ટિમાંથી લુપ્ત થઇ શકે છે, પછી અરાકીએ તેની સ્પષ્ટતામાં કહ્યું કે બુખારી અને મુસ્લીમે બધી સાચી હદીસોને સાંકળી લીધી નથી. તેથી સાચી હદીસો એ જ છે જેની સચ્ચાઇ ઉપર નસ હોય. એટલે અબુ દાઉદ, તરમીઝી, નેસાઇ, દારકતની, ખતાબી અને બહીકી જેવા લોકોનો એક મત છે. બુખારી અને મુસ્લીમનું બંધન તો ઇબ્ને સલાહે રાખ્યું છે. જો અજાણી વ્યક્તિઓ પણ સચ્ચાઇની શરત પૂરી કરે તો તેઓને સ્વિકારી લેવા જોઇએ. જેમકે ઇબ્ન કતાન

અને ઇબ્ન મઇન વિગેરે ઇબ્ન સલાહે બુખારી એ મુસ્લીમની શરત એટલા માટે મૂકી છે કે આજકાલ આ બંનેની સિવાય બીજા ઉપર શરત મૂકવી યોગ્ય નથી. જો કે સહીહ ઇબ્ન ખઝીમાં, સહીહ અબી હાતીમ અને મુસ્તદરક હાકમ પણ સચ્ચાઇની શરતમાં છે.

વિચારશીલ વાંચકોથી એ છુપું ન રહે કે ઇસ્લામના પ્રાથમિક યુગમાં ગદીરે ખુમની જાહેરાત ઉપર આ બધો ગોકીરો ન હતો. માત્ર થોડા દુશ્મનો ખુદાના ખાસ બંદાઓની દુશ્મનીમાં તેને વ્યક્તિગત પ્રશ્ન ગણીને અમીરૂલ મોઅમેનીન (અ.સ.) અને ઝયદની વચ્ચે અણબનાવનું કારણ દર્શાવતા હતા. તેઓ આ રીતે તેને ગેરમામુલી ગણાવવા ઇચ્છતા હતા. પછી મામુન રશીદનો યુગ આવ્યો. પછી તેણે તે જમાનાના ચાલીસ ફકીહોની ચર્ચા-સભા ગોઠવીને સાચી વાત જાહેર કરી. તે પછી ચોથી સદીની બધી ઉમ્મતોએ જાહેર સ્વિકાર પ્રદર્શિત કર્યો. જેણે એ વિરોધ કર્યો કે હઝરત અલી હજજતુલ વિદાઅમાં ન હતા તેની સ્પષ્ટતા કરીને રદ કરી. હદીસની સચ્ચાઇ, વિશેષતા અને સર્વ-સંમતિની મજબુત જાહેરાત કરી. બુખારી અને મુસ્લીમના નબળા લખાણની ક્ષતિઓને તેજ ધોરણે સંશોધન કરીને સાચી અને સારી હોવાની નિશાની આપી.

ત્રીજી સદીના તે શયખો જેમનાથી બુખારી અને મુસ્લીમે પણ રિવાયત કરી છે, તેમાં યહ્યા બીન આદમ, અસુદ બીન આગીર, અબ્દુલ્લા બીન યઝીદ, હજજાજ બીન મિન્હાલ, અફાન બીન મુસ્લીમ અને મોહમ્દ બીન કસીર જેવા ત્રીસથી વધુ મહત્વાના શયખો સંકળાયેલા છે. તેવી જ રીતે બુખારી અને મુસ્લીમે જો કે હદીસે ગદીરને તેની સાચી હદીસોમાં નથી લખી તેમ છતાં એકી મતે સાચી અને સિલસિલાબંધ છે. આ સંદર્ભમાં શયખ મહમુદ કહે છે કે ઘણી સાચી હદીસોને શયખોએ નથી મેળવી. તે તેથી બન્નેની અઝમતને હલ્કી નથી કરીહ રહ્યા બલ્કે હદીસે ગદરીની સાબિતી મેળવી રહ્યા છે. તે કહે છે કે મારી વાત ઉપર અહલેસુન્નતની બહુમતિ સંમત છે.

દ્રષ્ટિ વાન વાંચકો જાણે છે કે હદીસે ગદીર ઉપરના એકમત હોવાને સૌ પ્રથમ ઇબ્ને હઝમ ઇન્દલસીએ રદ કરી. જો કે તે એ વાતને સ્વિકારે છે કે ઉમ્મત ક્યારેય ભુલ ઉપર વિશ્વાસ નથી કરી શકતી. પછી ઇબ્ન તયમીયાએ તેનું અનુસરણ કરીને હદીસના તર્ક ઉપર વિરોધ કર્યો કે બુખારી અને ઇબ્રાહીમ હરાનીએ હદીસની નોંધ કરીને નબળી ગણી. તે મિન્હાજુસ સનતાનો પોતાનો

ફકરો ભૂલી ગયાઃ ''ગદીરની ઘટના હજ્જતુલ વિદાઅથી પાછા ફરતા બની. તેની ઉપર બધા લોકો એકમત છે.' તે પછી તો ફરી જનારાઓની ટોળી ઉમટી પડી. તફતાઝાની, કાઝી, ઈજી. તવશીજી અને જરહાનીએ ઈબ્ન હઝમ અને ઈબ્ન તયમીયાના અનુસરણમાં ધાંધલ મચાવી દીધી. તેઓએ સનદની હયસીયતથી બુખારી અને મુસ્લીમના નબળા લખાણો ઉપર સંતોષ ન માન્યો. બલ્કે તેઓની હિમ્મત એટલી વધી ગઇ કે તેઓને આપવા માટે મોકલી હોય તેમ કહેવા લાગ્યા કે અબુ દાઉદ સજસ્તાનીએ હદીસે ગદીર ઉપર વ્યંગ કર્યો છે. તે પછી ઈબ્ન હજરે વધુ બીજો વધારો કર્યો. પછી હરવી પ્રકાશ્યા અને સજસ્તાની, સકદી અને ઈબ્ને ખોઝેમાની નિશાની આપી. ઈલ્હામુલ સાકેબામાં છે અબુ દાઉદ અને ઈબ્ને હઝીમા જેવા વિશ્વાસપાત્ર હદીસકારોએ હદીસે ગદીર ઉપર વ્યંગ કર્યો છે. હું નથી જાણતો કે આ લોકો ખુદા ઉપરના આક્ષેપો કરીને કેવી રીતે ગુસ્તાખી કરે છે. જે હદીસકારો અને હાફીઝો પ્રત્યે પાયા વિહીન વાતો ઘડી કાઢે છે તેઓને શું કહેવું. કોઇ તેને પૂછનાર નથી કે આ નોંધ અને વધારાનું મૂળ ક્યાં છે. કોના સંપાદનમાં છે? કઇ કિતાબમાં છે? ક્યાં છે? તેનું નામ શા માટે નથી આપતા? શું હદીસના ઉસ્તાદોએ રિવાયત કરી છે? તેની સનદોને શા માટે અવગણી છે?

કોઇ નથી પૂછતું કે બુખારીની જેમ હાફીઝો અને હદીસકારોનો તે સમૂહ પહેલી સદીથી સાતમી સદી સુધી (ઈબ્ને તયમીયાના જમાના સુધી) તે લોકો ક્યાં ખોવાઇ ગયા હતા? કોઇએ પણ તેના સંશોધન ઉપર દમ ન માર્યો. કોઇએ પણ તેની મસનદમાં કથન નકલ ન કર્યુ. કદાચ એટલા માટે કે સંશોધનના ક્ષેત્રમાં તે નિરર્થક ગણાશે. આ સિવાય ક્યુ છીદ્ર મળ્યું કે આ હદીસે ગદીરના સિલસિલાનો ગુનાહિત ઈન્કાર કરી દેવામાં આવ્યો. અને એ કે શિયા તેના સિલસિલા ઉપર વિશ્વાસ મૂકીને અલી (અ.સ.)ની ઈમામતની દલીલો કરે છે. જો કે આ હદીસ મજબુત છે (તફતાઝાની અને ઈબ્ન હજર).

એક બીજા સાહેબે તકતલેકલ ફેઅતલ બાગેયતને અમ્માર માટે સિલસિલાબંધ દર્શાવી છે. અને તેનો સંબંધ અમ્માર, ઉસ્માન, અબ્દુલ્લા બીન મસઉદ, હોઝયફા ઈબ્ન અબ્બાસ અને બીજા સાથે આપ્યો છે. સયુતીયુલ ફયામાં કહે છે કે હદીસનો સિલસિલો જો દસ વ્યક્તિઓ સુધી પણ હોય તો પણ તે પસંદગીને પાત્ર છે. આ છે સિલસિલાની વ્યાખ્યા તેઓની દ્રષ્ટિએ! જો કે હદીસે ગદીરને રસુલ (સ.અ.વ.)ના ૧૨૦ કે વધુ અસ્હાબોએ રિવાયત કરી છે અને

તેને અવગણવામાં આવે છે. તેથી પણ વધુ દિલચશ્પ વાત એ છે કે અહમદ અમીન તેની કિતાબ ઝહુરૂલ ઇસ્લામમમાં કહે છે કે શીયાઓએ હદીસે ગદીરની વાત બર્રા બીન આઝબથી કરી છે. જો કે સૌ જાણે છે કે હદીસકારોએ વધુ પડતી રિવાયતો અસહાબે રસુલથી કરી છે. આ જ ભાગમાં અહલેસુન્નતના આલીમોથી વધુ મહાન આલીમોની નિશાની આપી છે. તેમાં અહમદ, ઇબ્ન માજા, તરમીઝી, નેસાઇ, ઇબ્ન શયબ જેવા લોકો છે. આ સર્વેની સનદો સાચી અને વિશ્વાસપૂર્ણ વ્યક્તિઓ છે. પરંતુ અહમદ અમીન તેને માત્ર શીયાઓથી જ સંબંધિત કરવા ઇચ્છે છે. જેથી હદીસ સાચી દલીલોની અર્થપૂર્ણતાથી અલિપ્ત રહી જાય. આ વાત માત્ર અહમદ અમીન સુધી જ મર્યાદિત નથી. અહલે સુન્નતના સૌ બનાવટી આલીમોની આ જ સ્થિતિ છે. ''તેઓના મોંમાંથી ખોટી વાત નીકળી રહી છે. તે માત્ર ખોટું બોલી રહ્યા છે. કદાચ તમે તમારી જાત ખોઇ બેસો જો તેઓ વાત ઉપર ઇમાન ન લાવે.'

## ઇબ્ન હઝમ માટેનો લોકમત

સમજમાં નથી આવતું કે આવી મનહુસ વ્યક્તિ માટે લખવામાં આવે. જેની ગુમરાહીના કારણે વર્તમાન વિદ્વાનોએ તેને હલ્કો કહ્યો છે. સમાજને તેનાથી દૂર રહેવા અને બધા સંપાદનોને સળગાવી દેવાનો મત આપ્યો છે. (લેસાનુલ મીઝાન) આલુસી તો તેની તફસીરમાં તેના નામથી ભડકે છેઃ ''તે પોતે ગુમરાહ છે અને બીજાને ગુમરાહ કરે છે.'

આવા બકવાસી માટે શું કહેવું જે પોતાના સંપાદનોમાં ખુદા અને રસુલને જુઠલાવવા, નબીની શરિઅતની પવિત્રતા સાથે ગુસ્તાખી અને મુસલમાનો ઉપર તહોમત મૂકવામાં જરા પણ ખચકાતો નથી. તેની ધુનમાં કુરઆન અને હદીસના પાયા અને સનદો વગરના આડેધડ ફતવાઓ ઠોકી બેસાડે છે. ગુણવાન પેશવાઓ, હાફીઝો અને ઇસ્લામની ઉમ્મત પ્રત્યે એવી માન્યતાઓ ઘડી કાઢે છે જેનો ક્યાંય પત્તો નથી. તેની ગુમરાહીનો એક નમુનો એ છે કે તેની ફકીહી કિતાબ અલ મહલી ભાગ-૨ પાના ૪૮૨ ઉપર મસઅલો લખ્યો છે કે જો કોઇ કતલ થનારના વારસોમાં ગાયબ, બાળક અથવા ગાંડો હોય તો તેવા મોકા ઉપર લોકોમાં વિરોધાભાસ છે. કમસીન બાળકના બાલીગ થવાની રાહ જોવામાં આવે, તે પછી શાફેઇના કથનની નોંધ કરી છે. જો કતલ થનારની અવલાદમાં એકપણ

નાબાલીગ હોય તો મોટાને બદલો લેવાનો હક નથી. પછી આ જ શાફેઇની માન્યતાના પ્રકાશમાં કહે છે કે ઇમામ હસન (અ.સ.)એ હઝરત અલી અ.ના કતલનો બદલો ઇબ્ન મુલ્જીમ પાસેથી લીધો. જો કે અલીના બાલીગ પુત્રો મોજુદ હતા. તે પછી વિરોધ કરે છે કે ઇબ્ન મુલ્જીમના કતલના કિસ્સામાં શાફેઇઓનો ટોણો ખુદ તેની ઉપર પણ થાય છે. કારણ કે શાફેઇઓ અને માલેકીઓની વચ્ચે કોઇ મતભેદ નથી કે જે કોઇ જાહેર વાતને ફેરવી નાખવાના કાણે કોઇને કતલ કરી નાખે. તો તેના ઉપર બદલો નથી. આ બારામાં ઇસ્લામની ઉમ્મતમાં કોઇ મતભેદ નથી કે ઇબ્ને મુલ્જીમે અલીને ઇજતેહાદ અને જાહેર વાતને ફેરવી નાખવાના કારણે કતલ કર્યા અને તેનો ઇજતેહાદ સાચો હતો. આ અંગે સફરીયા કબીલાના કવિ ઇમરાન બીન હતાન કહે છેઃ (શું કહેવું તે પરહેઝગારની તલ્વારનું જેણે માત્ર આસમાન વાળાઓની ખુશીનો ઇરાદો કર્યો હતો. હું જ્યારે પણ તેને યાદ કરૂં છું કે અમલના ત્રાજવામાં ખુદાની નજદિકના સર્જનોમાં વધુ સંપૂર્ણ હતા.)

અર્થાતઃ જ્યારે પણ અબ્દુલ રહેમાન ઇબ્ન મુલ્જીમના માટે વિચારૂં છું તો એ પરિણામે પહોંચું છું કે ચારિત્ર્યમાં તમામ કાએનાતની સરખામણીમાં વધુ સંપૂર્ણ હતા. ઇમામ હસન અ.ના આ કાર્યના કારણે હનફી મલામતના હકદાર છે. જેવી રીતે તે શાફેઓ માટે જાએઝ ગણે છે. તે પોતાના ભાગની મલામત નથી કરતા. પોતાની જાતે વેરવૃત્તિમાં પડ્યા છે.

હવે જરા મારી સાથે આવો. દરેક મુસ્લીમને પૂછવામાં આવે કે આ એકાકી ફતવો ક્યાંથી મેળવ્યો? જો કે તેની સરખામણીમાં રસુલ (સ.અ.વ.)ની સાચી હદીસ મોજુદ છેઃ ''અય અલી! તમારો કાતીલ આખર જમાનાનો સૌથી વધુ કમીનો માણસ હશે. બીજી રિવાયતમાં છે કે લોકોમાં સૌથી મોટો કમીનો અને ત્રીજી રિવાયતમાં છે કે આ ઉમ્મતનો સૌથી મોટો કમીનો જે રીતે સાલેહની સવારીનો કાતીલ સમુદની કોમને સૌથી વધુ કમીનો માણસ હતો. રસુલ (સ.અ.વ.)ના આ ઇરશાદને હાફીઝોની પુખ્ત નજરો અને મહાન આલીમોએ અસંખ્ય રીતે નોંધી છે. ખુદ ઇબ્ન હઝમના માપદંડ મુજબ સિલસિલાબંધ હદીસ છે. તેની સનદો ને તરીકા નીચે દર્શાવેલ કિતાબોમાં છેઃ

મસનદે અહમદ, ખસાએસે નેસાઇ, અલ માતા વલ વસાયા, મુસ્તદરક હાકીમ, તલખીઝે ઝહબી, તારીખે ઇબ્ન કસીર, જમઉલ જવામેઅ, સયુતી.

ઇબ્ન હઝમનો તે મત અને ઇરશાદે રસુલ (સ.અ.વ.)માં શું સરખામણી કરી શકાય છે કે આપ સ.એ હઝરત અલી અ.ને કહ્યુંઃ ''શું હું તમને ખબર આપું કે જેને કયામતમાં સઝા આપવામાં આવશે.' આપે કહ્યું, ''હા'. ફરમાવ્યુંઃ ''સાલેહ (અ.સ.)ની સવારીને કતલ કરનાર સમુદની કોમનો માણસ અને તે જે તમારી દાઢીને તમારા ખુનથી રંજીત કરશે.' શું આ ઇરશાદે રસુલથી પણ બરાબરી કરી શકાય? ''યા અલી તમારો કાતીલ યહુદી સમાજનો બલ્કે યહુદી છે.' (જમઉલ જવામેઅ અકદુલ ફરીદ). ઇબ્ન મુલ્જીમ માટે ફરમાવ્યુંઃ ''સૌથી વધું નિર્દય માણસને શું રૂકાવટ છે?' (તબરી) હઝરતે પોતાના કુટુંબને કહ્યુંઃ ''ખુદાની કસમ હું ઇચ્છું છું કે સૌથી વધુ નિર્દય માણસ ઇરાદો કરી બેસે' (રેયાઝ) આપનું પાંચમું કથન છેઃ ''તમારા સૌથી વધુ નિર્દય માણસ માટે શું રૂકાવટ છે?' અફસોસ! મને ખબર હોય કે ક્યા ઇજતેહાદે વાજીબુલ ઇતાઅત ઇમામને કતલ કરવાની પરવાનગી આપી છે. ક્યા ઇજતેહાદમાં ઇમામની કતલને ખારજી સ્ત્રીની મહેર ગણવામાં આવી? ઇબ્ન મુલ્જીમ મરાદ કબીલા ઉપર આશક હતો. શું રસુલ અ.ના સ્પષ્ટ હુકમની સામે શોધખોળનો અવકાશ છે? તો પછી આ માર્ગના તમામ અમ્બીયા અને ખલીફાઓના કતલની શોધખોળમાં ફેં ફાટી જશે. પરંતુ આજ ઇબ્ન હઝમનં હલ્કું મંતવ્ય ઉમર અને ઉસ્માનના કતલ માટે ઇજતેહાદની પરવાનગી નથી આપતા.

અફસોસ! આપણે એ જાણી શકતા કે કઇ કોમમાં ઇબ્ન મુલ્જીમ જેવા પાપીને બિરદાવવામાં આવ્યો છે? ઇબ્ન હઝમ તેનું નામ દેખાડી દેતા. ઇસ્લામનો તો આ હલ્કો અકીદો નથી. માત્ર ખવારીજોનો જ છે જે દીનથી ખારીજ (કાઢી મૂકેલો) છે. અને તે પણ ખારજી હતો. ઇમરાનના એહતેજાજે પણ આ માન્યતાને ટેકો આપ્યો છે. યા અલ્લાહ! આ ઇમરાન બીન ખતાન કોણ છે? ખુદાના વલી, પાક ઇમામ, અમીરૂલ મોઅમેનીનની ખુંરેજીના શરમભર્યા કામને સારું ગણવાનો ન્યાયનો ભાર તારી માથે. તેની શાયરીના બકવાસનું શું મહત્વ છે જેનાથી દલીલ કરીને ઇસ્લામના હુકમોનો પાયો ગણવામાં આવે. આ રૂકીયાને (ઇબ્ન હઝમ) શું કહેવું. જે ઇમરાન જેવા કમીનાની બકવાસને સ્પષ્ટ હુકમોની સામે દસ્તાવેજ ગણવો. રસુલ (સ.અ.વ.)નો વિરોધ, સ્પષ્ટ હુકમોમાં સુધારો અને ખારજીના ક્ષુલ્લક બકવાસથી દલીલો કરીને ઇસ્લામી ઉમ્મતનું ધ્યાન દોરે. આ જ ઇમરાનનો સમકાલીન અબુલ તયબ તાહેર બીન અબ્દુલ્લા શાફેઇ આ રીતે

લખે છે, ''હું ઘણોજ અસ્વસ્થ છું. અબ્દુલ રહેમાન બીન મુલ્જીમના બારામાં તારા બકવાસથી. હાય! તે કમીનાની તલ્વાર જેણે ઈસ્લામના અરકાનોને હલ્કા પાડવાનો ઈરાદો કર્યો. હું જ્યારે પણ એ દિવસ માટે વિચારૂં છું ત્યારે ઈમરાન અને તેનો બાપ હત્તાન, બન્ને ઉપર લઅનત મોકલું છું. તેના પર ખુદાની સતત લઅનત થતી રહે. (કુરઆનના) છુપા અને જાહેર સ્પષ્ટ હુકમો ને દલીલોની બીના ઉપર તમે બન્ને જહન્નમના કુતરાઓ છો.'

બકર બીન હતાન બાહલીએ કહ્યું છેઃ (આઠ શેરોનો અર્થ) ''ઈબ્ન મુલ્જીમને કહી દો જો કે મુકદરો ગાલીબ છે, તારા ઉપર અફસોસ છે કે તે ઈસ્લામના અરકાનને હલ્કા કરી દીધા. એવી વ્યક્તિને કતલ કર્યા જે બધા ચાલનારાઓમાં શ્રેષ્ઠ, સૌથી પહેલા ઈસ્લામ અને ઈમાન લાવનારાઓમાં ઉન્નત મસ્તક ધરાવનાર અને સૌથી મહાન વિદ્વાન હતા. તેમની પ્રશંસા નૂર અને બુરહાનના પ્રકાશમાં સ્પષ્ટ છે. ઈર્ષ્યાળુઓની જલન પછી પણ તેમનું સ્થાન એજ હતું જે મુસા અ.ની પાસે હારૂનનું હતું. તે લડાઈમાં ખુલ્લી તલવારથી ઘમાસાણ જંગમાં શેર હતા. હું તેમના કાતીલોને યાદ કરીને રડી પડું છું. તે જાત પાક છે, લોકોના પરવરદિગાર. મને ગુમાન ન હતું કે આપનો કાતીલ માનવી હશે જેને કયામતનો ભય હોય. પરંતુ તે તો શયતાન હતો. કબીલામાં તે મુરાદ, કબીલાનો સૌથી વધુ નિર્દય ઈન્સાન હતો, અને સ્પષ્ટ નુકસાનમાં સપડાયેલો હતો, જે રીતે સાલેહ અ.ની સવારીને કતલ કરનાર સમુદની કોમનો માણસ હ. અલી અ.એ તેમના મૃત્યુની પહેલા જ જાણ કરી હતી કે આ દાઢી ખૂનથી રંગાઈ જશે. તેણે જે ગુનાહ કર્યા છે તે ખુદા ક્યારેય માફ ન કરે. ઈમરાન અને હતાનની કબર તૃપ્ત ન કરે કારણ કે તેણે પોતાના શેરોમાં ઈબ્ન મુલ્જીમ માટે મોટી મન્હુસ વાત કહી છેઃ (તે ખબીસ કહે છે) શું કહેવું તે પરહેઝગારની ઝરબતનું, જેણે માત્ર અલ્લાહની ખુશી માટે તલ્વાર ચલાવી-નહીં બલ્કે ઝરબત ગુમરાહીઓથી ભરપૂર હતી. તેથી દોઝખની જવાળાઓ ભભૂકી ઉઠી. તે જલ્દી જ ખુદાના ગઝબનો શિકાર થયો. બલ્કે તે હંમેશાના માટે જહન્નમી રહેશે.

ઈબ્ન હઝમ અસાબામાં કહે છે કે બકર બીન હમાદ તાહેરકી આ શેર કહે છે કે જે કિરવાનનો રહેવાસી હતો. અને બુખારીનો સમકાલિન હતો. ઈમરાનના આ શેરોના જવાબ સય્યદ હમીરીએ તેમના દિવાનમાં પણ આપ્યા છે. ઈસ્તીયાબમાં છે કે સદર તાહેરકીએ અમીરૂલ મોઅમેનીનના મરસીયા પણ લખ્યા

છે. જેના પહેલા શેરનો અર્થ આ રીતે છેઃ હઝરત અલીની ઝખ્મી પવિત્ર દાઢીએ બસરા અને કુફાને ઝણઝણાવી નાખ્યું, જેનાથી મુસલમાનોનું દુઃખ ઘણુંજ વધી ગયું. ઈમરાનને રદ કરવા માટે મોહમ્મદ બીન અહમદ તબીબે શેરો કહ્યા છેઃ

‘‘હાય રે, તે સૌથી વધુ મક્કાર માણસની તલવાર – તે તમામ સર્જનોમાં સૌથી વધુ કમીનો હતો. જ્યારે યાદ કરૂં છું ત્યારે તેની ઉપર લઅનત મોકલું છું. વધુમાં તે કુતરા ઈમરાન બીન હતામ ઉપર પણ.’’

આ બધી વાતો સિવાય ઈમામ હસન અ.એ ઈબ્ને મુલ્જીમને કતલ કર્યો ત્યારે સહાબા અને તાબેઈનનો સમૂહ હાજર હતો. જેઓએ આપના આ પગલાને બિરદાવ્યું હતું. બલ્કે તે લોકોનો બદલો લેવાનો આગ્રહ, સ્પષ્ટ દલીલ છે કે અહીં ઈજતેહાદનો અવકાશ ન હતો. ઈજતેહાદને વધુ સારો ગણવાનો તો સવાલ જ નથી. જો અહીં ઈજતેહાદ માની લેવામાં આવે તો નસની સામે હતો. તેથી તમામ મુસલમાનોનો એક મતે નિર્ણય હતો કે આ પલીદ કીડાને હંમેશા માટે ઠેકાણે પાડી દેવામાં આવે. મૂળ વાત એ છે કે ઈમામ હસન અ. એ બીજા ફઝાએલની જેમ આ ફઝીલતને મેળવવામાં પણ આગળ નીકળી ગયા. તે માટે ઈબ્ને હઝમના વિષયો લખાણની બહાર શાફેઈ, હનફી અને માલેકીની ઝઘડાઓ અંગે મનગમતો મત બાંધવા અને મજાક કરવાના બદલે તે વિચારવું જોઈએ કે ઈમામે વક્તના કતલનો બદલો દીનની જરૂરીયાતના માટે છે. એ જ કારણ છે કે ઉમર બીન ખત્તાબના અકીદતમંદો બદલાને વાજીબ ગણવામાં કંઈજ શંકા નથી કરતાં. ન અહીં ઈજતેહાદને જાએઝ ગણે છે. ખુદ ઈબ્ને હઝમે ઉસ્માનના કાતીલોના મોકા ઉપર ઈજ્તેહાદને નાજાએઝ ગણ્યો છે. ઈબ્ને મુલ્જીમને ઈબ્ને હઝમ બિરદાવે છે. પરંતુ લેસાનુલ મીઝાનના લેખક તેને ખારજી, સૌથી વધુ મક્કાર અને માણસોને તકલીફ આપનાર કહે છે. આ મામલામાં ઈબ્ને હઝમે અબુ ઝરીઆનું અનુસરણ કર્યુ. તે કહે છે કે ખારજીઓએ અલી ઉપર હુમલો કર્યો તો આપે તેઓના ઉપર જીત મેળવી. તેઓ પૈકી બાકી રહેલો સૌથી વધુ નિર્દય ઈબ્ને મુલ્જીમ મરારી મલઉન હતો. જેણે અલી (અ.સ.) ઉપર હુમલો કરીને આપના જીવનનો અંત આણ્યો.

## ઈબ્ને હઝમની માન્યતાના વધુ નમુનાઓ :

અબુલ ગાવીયા યસાર બીન સબઅ સલમા, જેણે હઝરત અમ્માર યાસરને

કતલ કર્યા હતા, ઈબ્ન હઝમની માન્યતા ઈજતેહાદના ગુનાહની છે. જો કે અમ્માર બયઅતે રીઝવાનમાં મોજુદ હતા. ખુદાએ તેને સકીનતુલ કલ્બની (દ્રઢ મનોબળવાળા) ગવાહી આપી છે. ઈબ્ન હઝમ કહે છે, ''અબુ ગાવીયા રઝી. એ અમ્માર બળવાખોરના કારણે કતલ કરીને ઈજતેહાદની ભૂલ કરી. તેથી તેને એક સવાબ આપવામાં આવશે. પરંતુ આ ઈજતેહાદની ભુલનો અમલ હઝરત ઉસ્માનના કાતીલો ઉપર લાગુ નથી થઇ શકતો. કારણ કે ઉસ્માને ન તો કોઇની સાથે લડાઇ કરી, ન કોઇને કતલ કર્યા, ન કોઇની સાથે ઝીનામાં સંડોવાયા, ન મુરતદ (દીનથી ફરી જવું) થયા. બલ્કે આપની સાથે લડાઇ કરનારા જુઠા અને દંભી હતા. તેઓએ જાણી બુજીને ખૂન વહાવ્યું. તેઓના જુલમનો બચાવ નથી થઇ શકતો. તે બધા બદકાર મલઉન હતા.' ઈન્તહી.

મને અબુલ ગાવીયાના ઈજતેહાદનું મૂળ ક્યાંય ન મળ્યું. કારણ કે આ અજ્ઞાન માણસ નબી સ.ના સમયનો સૌથી વધુ ગુમનામ માણસ છે. માત્ર તે હબહની કબીલાનો હોવાની નિશાની મળે છે. કિતાબોમાં તેનું વર્ણન કે ઈજતેહાદ જોવામાં ન આવ્યા. માત્ર રિવાયત 'તમારું ખૂન અને માલ મોહતરમ છે.' તેની એક રિવાયત ઉપર ઘણાં અસ્હાબો આશ્ચર્ય કરતા. મારી પછી કુફ્રની તરફ ન પલ્ટી જશો કે એક બીજાની ગરદન મારવા લાગો.' જો કે તેણે અમ્મારને કતલ કર્યા. દુનિયાના આલીમોમાં ઈબ્ન હઝમ સિવાય કોઇએ પણ તેના માટે કાંઇ નથી કહ્યું.

અમ્માર યાસર અંગેના રસુલ સ.ના સ્પષ્ટ હુકમની સામે ઈજતેહાદની શું વિસાત છે? મારો મતલબ માત્ર એ જ હદીસથી નથી કે 'તમને બળવાખોર સમૂહ કતલ કરશે.' અથવા હક માર્ગથી ફરી ગયેલો સમૂહ તમને કતલ કરશે.' કારણ કે આ હદીસથી અમ્મારના કતલને સારુ ન ગણવા અને ઈજતેહાદનો અવકાશ સંપૂર્ણ રીતે રહેતો નથી, એ જાહેર છે કે અમ્મારનો કાતીલ બળવાખોર હતો. શું ઈજતેહાદમાં બળવાનો પણ અવકાશ છે? બળવાને ન તો બુદ્ધિ સારો સમજે છે, ન શરિઅત. દરેક વખતે મોઆવીયાએ ઈબ્ન ઉંમરને અર્થહીન ભળતો જવાબ આપ્યો. વાત એ હતી કે અબ્દુલ્લા બહીન ઉમરે મોઆવીયાને હદીસે રસુલ સંભાળાવી કે અમ્મારને બાગી સમૂહ કતલ કરશે. અમરૂ આસે મોઆવીયાનું ધ્યાન દોરતા કહ્યું, ''આપ અબ્દુલ્લાની વાત સાંભળી રહ્યા છો?' મોઆવીયાએ અબ્દુલ્લાને હલબલાવીને કહ્યુંઃ ''તારી જેવો મૂર્ખ બુઢ્ઢો, પેશાબમાં લથબથ મને

હદીસે રસુલ કહે છે? શું અમ્મારને આપણા ભાણાઓની વચ્ચે લાવ્યા.' મોઆવીયાએ અમરૂ આસને પણ ફરિયાદ કરી હતીઃ ''તમે શામવાળાઓને મારી સાથે ભીડાવી દીધા છે. શું રસુલ સ.થી સાંભળેલું બધુંજ કહી દેશો?' અમરૂએ જવાબ આપ્યોઃ ''હું ઇલ્મે ગયબ નથી જાણતો. આ તે સમયે કહ્યું હતું કે જ્યારે અમ્માર તમારા અને મારા દોસ્ત હતા. મને નહોતી ખબર કે સીફફીનનો બનાવ પણ બનશે. તમે પણ અમ્મારના બારામાં આ જ રિવાયત કરી છે.' મોઆવીયાએ જવાબ આપ્યોઃ ''ખુદા સત્યાનાશ વાળે ગુસ્સાનું અને ગુસ્સો કરનારનું. તમે મને મુસીબતમાં જોઇ રહ્યા છો. આ વાતોને જવા દો. કોઇ એવો ઉપાય શોધીને મારા દુશ્મનોને દૂર કરો.' અલી (અ.સ.)એ તેઓને બોલાવ્યા તો તેઓ એ માલ અને સંતાનો કરતા વધુ મોહબ્બત પ્રદર્શિત કરી.

તબરાનીએ રિવાયત કરી છે કે જ્યારે લોકોમાં મતભેદો થાય ત્યારે સોમય્યાના પુત્ર (અમ્મારે) સાચાની સાથે આ મજબુત દલીલ છે કે અમ્મારનો વિરોધ કરનારા બાતીલ ઉપર છે. શું બાતીલ પરસ્તોના અજ્ઞાન ઉપર ઇજતેહાદ જાએઝ છે? હાકીમે મુસ્તદરકમાં અમરૂ આસની રિવાયત લખી છે કે રસુલ સ.એ ફરમાવ્યું, ''એ ખુદા! અમ્મરૂને ઇજા આપનારા કુરયશ ઘણાં ઈર્ષાળુ છે. અમ્મારને કપડાં વગરનો કરનાર અને કતલ કરનાર જહન્નમી છે.' (અશાબા, જમ્એ સયુતી, ઇબ્ન અસાકર, હાફીઝ) ઝયદ બીન વહબ કહે છે કે કુરયશની અમ્માર સાથેની બદગોઇની હરીફાઇ પરાકાષ્ઠાએ હતી. તેમને એ રીતે માર્યા કે ઘરમાં જ પથારીવશ થઇ ગયા. ઉસ્માન તેમની ખબર કાઢવા આવ્યા. પછી મીમ્બર ઉપર જઇને ફરમાવ્યુંઃ 'મેં રસુલે ખુદાથી સાંભળ્યું છે કે અમ્મારને બળવાખોરો કતલ કરશે. અમ્મારનો કાતીલ જહન્નમી છે.' (જમઉલ જવામેઅ-અબુનઇમના હવાલાથી - ઇબ્ન અસાકર). આજ અર્થની રિવાયત અબ્દુલ્લા બીન ઉમરની છેઃ અશામા બીન ઝયદ અને ઉમ્મે સલમામાં આ રીતે વધારો છે. અમ્માર લોકોને હકની તરફ બોલાવશે અને તેઓ તેમને જહન્નમની તરફ.' (તારીખે ઇબ્ન કસીર, જમઉલ જવામેઅ, કન્ઝુલ અમાલ, અહમદ, ઇબ્ન અસાકર). હઝરત અલી અ.ની રિવાયત છેઃ અમ્માર હકની સાથે છે અને હક અમ્મારની સાથે. અમ્માર હકની સાથે ફરે છે, જ્યાં તે ફરે છે અમ્મારનો કાતીલ જહન્નમી છે.' (જમઉલ જવામેઅ). ખાલીદ બીન વલીદથી રિવાયત છેઃ રસુલ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ જે અમ્મારથી દુશ્મની રાખે છે, ખુદા તેનાથી દુશ્મની

રાખે છે. જે અમ્મારથી વેર રાખે છે ખુદા તેનાથી વેર રાખે છે. (મસનદે અહમદ, મુસ્તદરક હાકમ, તારીખે ખતીબ, અસાબા ઇબ્ને હજર, અસદુલ ગાબા, તારીખ ઇબ્ને કસીર, જમઉલ જવામેઅ, સયુતી). તબરાનીની રિવાયત છેઃ ''અમ્મારને ગાળ દેનાર ખુદાને ગાળ આપે છે. અમ્મારને હલ્કા ગણનાર ખુદાને હલ્કો કરે છે. જેણે અમ્મારને મૂર્ખ કહ્યા તેને ખુદાએ મૂર્ખ કહ્યો.

(મજમઉલ જવામેઅ, મુખ્તારહ મુકદ્દસ, સનદે અહમદે)

ક્યાં સાચા સિલસિલાબંધ દરેક સ્પષ્ટ રિવાયતો અને ક્યાં અબુ ગાવીયાનો ઇજતેહાદ, અને ક્યાં ઇબ્ને હઝમની અબુ ગાવીયા માટેની સફાઇ, ઇજતેહાદના બારામાં વ્યર્થ એક સવાબ મળવાની વાત. તે તો નબી સ.ના સ્પષ્ટ કથનમાં જહન્નમી જ છે.

તારીખે કામીલ ઇબ્ને અસરમાં એક બોધ લેવા જેવી રિવાયત છે. અમ્મારનો કાતીલ અબુ ગાવીયા હજ્જાજના જમાના સુધી જીવતો રહ્યો. એક દિવસ તે હજ્જાજના દરબારમાં ગયો. ત્યાં તેનું સારૂં સ્વાગત થયું. હજ્જાજે પૂછ્યુંઃ ''અમ્મારને તે કતલ કર્યા?'' જવાબ આપ્યો, ''હા.'' હજ્જાજે કહ્યુંઃ જે માણસ કયામતના દિવસે મોટા પેટવાળાને જોવા ચાહે તે અમ્મારના કાતીલને જોઇ લે.'' અબુલ ગાવીયાએ અમ્મારને થોડા સવાલ પૂછ્યા. હજ્જાજે કંઇ જવાબ ન આપ્યો. તે વખતે અબુ ગાવીયાએ કહ્યુંઃ ''મેં તે લોકોના કારણે દુનિયા છોડી. આ મને દુનિયાનો લાભ નથી આપતા. વળી મને મોટા પેટવાળો કહે છે.'' હજ્જાજે કહ્યુંઃ ''હા, ખુદાની કસમ! જેના દાંત ઓહદની પહાડી જેવા, જેની જાંઘ વરકાનના પહાડ જેવી અને બેઠક મદીના અને રબઝાની જેવી, તે ચોક્કસ કયામતના દિવસે મોટા પેટવાળો હશે. ખુદાની કસમ જો આખી દુનિયાએ મળીને અમ્મારને કતલ કર્યા હોત તો બધા જ જહન્નમી હોત.''

ઇસ્તેયાબમાં છે કે અબુલ ગાવીયા ઉસ્માનનો દોસ્ત હતો, અમ્મારનો કાતીલ હતો. જયારે તે મોઆવીયાના દરબારમાં દાખલ થવાની પરવાનગી માગતો ત્યારે કહેતોઃ ''અમ્મારનો કાતીલ દરવાજા ઉપર ઉભો છે.' કહેવાની આ રીત પછી પણ કોઇ તેની ઉપર ધ્યાન ન આપતું. તેણે ઘણી મજાની હદીસે રસુલ (સ.અ.વ.) કહીઃ ''મારી પછી મુરતદ ન થઇ જતાં કે એકબીજાની ગરદન મારો.' તેમ છતાં તે અમ્માર યાસીરનો કાતીલ છે. આ વાતોથી એ સ્પષ્ટ જણાય છે કે તેણે જાણી બુજીને માત્ર મોઆવીયાની તરફદારી કરવા માટે જ અમ્મારને શહીદ

કર્યા. આ માન્યતાના કારણે પાછળનો ફકરો અનુરૂપ હોય શકે કે આ બુઢ્ઢો મૂર્ખ અને પેશાબમાં લથબથ હતો. વાંચકો મોઆવીયાનો હેતુ, અબુલ ગાવીયાનો અપરાધ અને ઈજતેહાદના કાર્યોને સમજી જ ગયા હશે.

ઉસ્માનના કતલના બારામાં ઈબ્ન હઝમનો ઈજતેહાદ નસની સામે આ જ તો છે કે મુસલમાનનો કતલ જાએઝ નથી. સિવાય કે માત્ર ત્રણ સંજોગોમાં. વૃદ્ધ ઝીનાકાર, કતલનો બદલો અને દીનને છોડવા અને જમાતથી જુદા થઇ જનારા. પરંતુ અલી (અ.સ.)ની સામે ઈજતેહાદને સાંપ સુધી જાય છે. જો કે હઝરત અને ઉસ્માનના કતલનો હાલ સરખો છે. જયારે બન્નેની રીત સમાન છે તો ઉસ્માનના કાતીલને એક સવાબ કેમ આપવામાં નથી આવતો? પરંતુ વાત એ છે કે આ તો કાતીલે અલી અ. છે. અને ત્યાં ઉસ્માનના કાતીલો છે. ત્યાં ઉસ્માનના કતલમાં ઈજતેહાદને નથી માનતા. અહીં માત્ર સાચા ઈજતેહાદની વાત કરવામાં આવે છે. કારણ કે સાહબાને ગાળ આપનાર કાફીર અને જુઠો છે. મોટા ભાગના ઈમામોએ તેને સજા કરવાને વાજીબ કહી છે. તમામ સહાબાના ન્યાય માટે લોકો એકમત છે. ઈબ્ન હઝમ ખુદ પણ અલફસલ ભાગ-૩ પાના ૨૫૮ પર લખે છેઃ ‘‘સહાબાને ગાળ દેનાર અજ્ઞાન છે. દુશ્મીનીની દલીલ સ્વિકાર્યા પછી ઝીનાકાર, ચોરની જેમ જુઠ્ઠો, ખુદા અને રસુલનો દુશ્મનમાં છે તો તે કાફીર છે.’ હઝરતે ઉમરે બદરના સહાબી હાતીબને માટે કહ્યું કે આ દંભીની ઓળખ અનસારની સાથે નફરત છે. હઝરત અલી અ.ને ફરમાવ્યુંઃ ‘‘તમારી સાથે માત્ર મુનાફીક જ નફરત કરશે.’

ઈબ્ન હઝમના મત મુજબ ઈબ્ને મુલ્જીમ અને અબુલ ગાવીયા જેવા કેટલાય મુજતહેદો છે જેઓને અલ ફસલમાં એક અજર (સવાબ)ના હકદાર ગણવામાં આવ્યા છે. તે ચોથા ભાગમાં છેઃ ‘‘અમારી માન્યતા છે કે મોઆવીયા અને તેના દોસ્તોએ ઈજતેહાદનો અપરાધ કર્યો. અને તે એક અજરના હકદાર છે.’’ આગળ તેની સાથે અમરૂ આસને જમનાના મુજતેહદ બનાવી દીધા છે. કહે છે કે તેણે ખુંરેજીના મામલવામાં મુફતીની જેમ ઈજતેહાદ કર્યો. જેમ કે જાદુગરને મારવો, ગુલામના બદલામાં આઝાદને મારવો. અને કાફીરના કતલના બદલામાં મોઅમીનને કતલના અંગે ફકીહોમાં મતભેદ થતાં જ રહે છે. જો અજ્ઞાનતા અને દિલમાં દુશ્મની રાખવાનું ન આવે તો તે હકીકતની સાથે આ જ હાલત મોઆવીયા અને અમરૂ આસની છે. અંતિમ હકીકત એ છે કે બે મુફતીઓના વિરોધાભાસી

વિરૂદ્ધ ફતવા અને અલી અ.ની લડાઇઓમાં મોટો તફાવત છે. બે મુફતી શરઇ દલીલોને સાંભળીને વધુ મજબુત સ્વિકારીને ફતવો આપે છે. પરંતુ જે લોકોએ અલી (અ.સ.) સાથે લડાઇ કરી તેઓને ખબર હતી કે કુરઆન અલીની પરહેઝગારીની ગવાહી દઇ રહ્યું છે. આયતે તતહીર, મોબાહેલા, અલી, ફાતેમહ ને હસનૈન અલયહિસ્સલામના બારામાં ઉતરી છે. જેના પ્રકાશમાં અલી નફ્સે રસુલ છે. તે સિવાય ત્રણ પ્રસંગોએ આયત તેમના જ બારામાં ઉતરી છે. પછી હાફીઝો અને હદીસકારોના વિવરણ મુજબ હદીસે મન્ઝલત અને હદીસે બરાઅત વિગેરે જેવી સાચી અને સિલસિલાબંધ હદીસોને સહાબાએ તાબેઇનોને સંભળાવી છે. શું એ શક્ય છે કે જેની પવિત્રતાનું એલાન કરવામાં આવે, મોહબ્બત-હુજજત વાજીબ કરવામાં આવે, વિલાયતને રિસાલતનો ભાર મજબુત ગણવામાં આવે, તેની સાથે જંગ, તેની કતલ, જાહેર મજમામાં અપમાન, મીમ્બરો ઉપર લઅનત અને ઇજતેહાદનો દરજો આપી શકે? શું આ પ્રકારના ઇજતેહાદનો ફતવો જાદુગરની સમાન હોઇ શકે? આ સિવયા રસુલ સ.ના સ્પષ્ટ કથનોમાં અલી અ. સાથે જંગ તે રસુલ સ. સાથે જંગ છે. મુસ્તદરક હાકીમમાં ઝયદ બીન અરકમની રિવાયત છે કે રસુલ સ.એ અલી, ફાતેમહ અને હસનૈન અ. માટે ફરમાવ્યુંઃ હું તેના સાથે જંગ કરીશ જે તેમની સાથે જંગ કરે, હું તેની સાથે સુલેહ કરશે જે તેમની સાથે સુલેહ કરે.

(કિફાયા, ગન્જી, જમઅ સયુતી, તારીખે ખતીબ, ઇબ્ન અસીર, તરમીઝી, ઇબ્ન માજા, સવાએક)

મોહિબુદીન તબરી રિયાઝ નફરહમાં અબુ બક્રના હવાલાથી લખે છેઃ ''મેં રસુલ સ.ને જોયા કે એક તંબુ ઉભો કરીને અરબી કમાન ઉપર ટેકો કર્યો હતો. તંબુમાં અલી, ફાતેમાહ અને હસનૈન અ. હતાં. ફરમાવ્યુંઃ મુસલમાનો હું તેની સાથે સુલેહ કરીશ જે તંબુવાળા સાથે સુલેહ કરે. તેની સાથે જંગ કરીશ જે તેઓ સાથે જંગ કરશે. હું તેનો દોસ્ત છું જે તેઓના દોસ્ત છે. તેઓને માત્ર ચારિત્ર્યવાન અને પવિત્ર વંશવાળા જ દોસ્ત રાખશે. અને માત્ર ચારિત્ર્યહીન અને ખબીસના સંતાનો જ નફરત કરશે.''

જાબીર કહે છેઃ ''રસુલ (સ.અ.વ.) એ અલી (અ.સ.)નું બાવડું પકડીને ફરમાવ્યું, આ નેકીઓના સરદાર, બદકારોના કાતીલ છે. તેને મદદ કરનાર ખુશનસીબ અને છોડનાર હલ્કો અને મનહુસ છે. પછી લોકોનું ધ્યાન દોરવા માટે

મોટેથી કહ્યું.''

(મુસ્તદરક, સવાએક, મતાલેબુલ ઉસુલ, ફત્તુહાતે ઈસ્લામીયા).

આ સિવાય અસંખ્ય હદીસો છે જે એકઠી કરવામાં આવે તો દળદાર ગ્રંથોનો ઢગલો થઇ જાય. જે અંગે ઇબ્ન હજરે મોઆવીયા અને અમરૂ આસના ઇજતેહાદના અપરાધોનો એક અજર આપવામાં આવ્યો છે. રસુલ સ. એ તેઓને લડાઇથી દૂર રહેવાની તાકીદ કરી હતી. રસુલ સ. એ મોઅમેનીનો અને અમીરૂલ મોઅમેનીનને નામ ઠામથી અમુક સમૂહો સાથે જંગ કરવાનો હુકમ આપ્યો હતો. સહાબાની વ્યક્તિગત હાજરીના કારણે તે હુકમ ખાનગી પણ ન હતો. થોડા નમૂના આ છેઃ- અબુ અયુબ અન્સારી કહે છે, ''રસુલ (સ.અ.વ.) એ અલીને નાકેસીન (બયઅત તોડનારા) કાસેતીન (હકથી ફરી જનારા) અને મારેકીન (દીનથી  નીકળી જનારા ખારજીઓ) સાથે જંગ કરવાનો હુકમ આપ્યો હતો.'

(મુસ્તદરક - કફાયા)

અમીરૂલ મોઅમેનીન અ. એ ફરમાવ્યુંઃ ''મને રસુલ સ.એ નાકેસીન, કાસેતીન અને મારેકીન સાથે જંગનો હુકમ આપ્યો હતો.''

(ફરાયદ, જમઅ, તારીખે ખતીબ, ઇબ્ન અસાકર)

રસુલે ખુદાએ ઉમ્મે સલમાને ફરમાવ્યુંઃ ''આ અલી બીન અલી તાલીબ છે. તેનું ગોશ્ત મારૂં ગોશ્ત છે. તેનું ખૂન મારૂં ખૂન છે. તેનો મારી સાથે એ જ સંબંધ છે જે હારૂનનો મુસા સાથે હતો. એ ઉમ્મે સલમા! આ મોઅમીનોના અમીર અને મુસલમાનોના સરદાર છે. મારા ઇલ્મની રક્ષણની જગ્યા અને મારા વસી છે. આ મારો એ દરવાજો છે જેમાંથી લોકો દાખલ થશે. દુનિયા અને આખેરતમાં મારી સાથે ઉચ્ચ સ્થાનમાં આ અલી (અ.સ.) કાસેતીન, મારેકીન અને નાકેસીન સાથે લડશે.'' (મહાસીન વ મસાવી, મનાકીબ, ખ્વારજી, કફાયા, કન્ઝુલ અમાલ) ફરાયદમાં ત્રણ પ્રકારે લખ્યું છે. તેમાં દોઆએ ઇલ્મી જગ્યાએ અયતબા ઇલ્મી છે.

અબુ સઇદ હઝરીએ પણ આ જ કહ્યું છે કે અમને નાકેસીન, કાસેતીન અને મારેકીન સાથે લડવાનો હુકમ આપ્યો છે. પૂછ્યું : ''આપે કોની સાથે રહીને લડવાનો હુકમ આપ્યો છે?' ફરમાવ્યુંઃ ''અલી બીન અબી તાલીબની સાથે.' ઇસ્તેયાબમાં ઇબ્ન મસઉદ અને અબુ અય્યુબ અનસારીએ પણ આ રીતે જ લખ્યું છે.

વાંચકો ઉપરનો હક સ્પષ્ટ થઇ ગયો. હવે માત્ર મોઆવીયા અને અમરૂ આસ સંબંધે ઇતિહાસ ઉવેખવાનું કામ રહી ગયું છે. જે અમે હવે પછીના પાનાઓમાં અમરૂ આસ અને પછીના ભાગમાં મોઆવીયાની વિગત લખીશું.

આ ઇબ્ન હઝમની ગુમરાહીઓની ખુલ્લી ચર્ચા હતી. તેની અજ્ઞાનતા અને દિલની દુશ્મની સારી રીતે સ્પષ્ટ થઇ ગઇ. શું તે પછી પણ માલકીઓ પ્રત્યે ઇર્ષ્યા અને દુશ્મનીનો સંબંધ યોગ્ય લાગે છે?

ઇબ્ને ખલ્કાનમાં છે કે ઇબ્ન હઝમે તેના આગળ વધી જવાની ઘણી ટીકા કરી છે. તેની જીભથી કોઇ બચી શક્યું નથી. ઇબ્ને અરીફ કહે છે કે ઇબ્ને હઝમની જીભ અને હજાજની તલવાર બરાબર હતી. તેની ખરાબ વાતોથી બધા ઘૃણા કરતાં. ફકીહોએ તેની મઝમ્મત કરી છે. સૌએ તેની ગુમરાહીનો ફતવો આપ્યો. શાહો અને શયખોને તેના ફતવાથી ડરાવી દીધા. લોકોની નજદીક જવાથી રોક્યો. પરિણામે બાદશાહોએ તેને ધુત્કાર્યો અને ખાનદાનમાંથી કાઢી મૂકીને વિરાન રણમાં પહોંચાડી દીધો. શનિવારે બીજી માહે શાબાન હિ. સન ૪૫૬માં આ ખારજી જહન્નમ વાસી થયો.

*''વિશ્વાસપૂર્વક તેની ઉપર અઝાબની વાત હકદાર બની ગઇ. શું તમે તેને જહન્નમથી બચાવી શકશો?''*

## હદીસે ગદીરની ઉપયોગીતાઃ

પાછળના પાનાઓની ચર્ચાથી શંકાના તમામ દરવાજા બંધ થઇ ગયા. તે વાત સ્પષ્ટ થઇ ગઇ કે હદીસે ગદીર સંપૂર્ણ રીતે રિસાલતની જીભે અદા થઇ. હવે એ વાત કે તેની દલીલ હઝરત અમીરૂલ મોઅમેનીનની ઇમામત ઉપર સ્પષ્ટ રીતે થાય છે, તો શંકા થઇ શકે છે. પરતું મવલા શબ્દો અર્થ ઇમામતમાં કોઇ પણ પ્રકારની શંકાનો અવકાશ નથી. તે સિવાયનો બીજો કોઇ અર્થ સાબિતચ થઇ શકતો નથી. પછી શબ્દાર્થ આપણું, અર્થઘટન કરે કે ઘણાં અર્થો થતાં હોવાથી તેનો ભાવાર્થ ટૂંકમાં હોય. પછી તે કુરઆનથી ખાલી સાબિતીનો દાવો  હોય અથવા માર્ગદર્શન ઉપર આધારિત હોય. કારણ કે જે લોકોએ ગીદર ખુમના દિવસે મહાન મેળવાડમાં આ શબ્દ સાંભળ્યો કે સમજ્યા અથવા થોડા સમય પછી લોકો સુધી આ મહત્વના સમાચાર પહોંચ્યા અને જેની વાત શબ્દકોષના નિષ્ણાતો પાસે દલીલ માટે રજૂ કરે છે. તે દરેક લોકોએ સુધાર્યા વગર કે ઇન્કાર

કર્યા વગર આ શબ્દનો એ જ અર્થ સમજ્યા છે. અને આજ અર્થઘટન કવિઓ અને સાહિત્યકારોમાં પણ બિનધાસ્ત બોલાય છે. આજ અવાજ આપણાં જમાના સુધી પહોંચ્યો. દાવાઓની સાબિતીઓ માટે આ મજબુત દલીલ છે. આ સિલસિલાનો મુખ્ય દસ્તાવેજ ખુદ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)નો એ પત્ર છે જે આપે જવાબમાં મોઆવીયાને લખ્યો હતો. તેનો એક શેર છે, ‘‘હું છું જેની વિલાયત રસુલે ખુદાએ ગદીરે ખુમના દિવસે તમારી ઉપર વાજીબ કરી હતી.’ પછી હસ્સાન બીન સાબિતનો શેર છે. જે ગદીરે ખુમમાં હાજર હતા. રસુલે અકરમ (સ.અ.વ.)ની પરવાનગીથી આખો પ્રસંગ નઝમ કર્યો. પછી તેમને ફરમાવ્યુંઃ ‘‘એ અલી! ઉભા થઇ જાવ. કારણ કે મેં તમને મારી પછી ઇમામ અને હાદી બનાવવાનું પસંદ કર્યું.’ બુઝુર્ગ સહાબી કયસ બીન સઅદ પણ એજ લોકોમાં છેઃ ‘‘અને અલી અમારા અને અમારી ઉપરાંત બીજાઓના ઇમામ છે. તે સિલસિલામાં કુરઆન ઉતર્યું જે દિવસે રસુલે ખુદાએ અઝીમુશ્શાન તકરીર ફરમાવી કે જેનો હું મવલા છું તેના આ અલી મૌલા છે.’

મોહમ્મદ બીન અબ્દુલ્લા હમીરી પણ કહે છેઃ ‘‘લોકો ભુલી ગયા તેમનું (અલીનું) ગદીરે ખુમમાં ઇમામ મનસુબ થવું.’-ખુદા અને રસુલ તરફથી રસુલ સ.ના સહાબી અમરૂ આસ કહે છે, ‘‘અમે રસુલે ખુદાથી કેટલીય વખત અલીના બારામાં ખાસ વસીય્યતો સાંભળી. ગદીરે ખુમના દિવસે મીમ્બર ઉપર તશરીફ લાવ્યા. જો કે આપના અસહાબે કુચ નહોતી કરી અને અલીને ખુદાની તરફથી મોઅમીનોની ઇમામત અર્પણ કરી. શરઇ રીતે આપનો હાથ અલીના હાથમાં હતો. ઊંચા અવાજે બોલી રહ્યા હતા. ખુદાના હુકમથી ફરમાવ્યું જેનો હું મવલા છું તેના આજથી આ અલી મવલા છે.’

## શહીદ મોવદત કમીત બીન ઝયદના શેર છેઃ

‘‘અને ગદીરે ખુમના ગાઢ ઝાડોના દિવસે (રસુલે સ. એ અલી અ.ને) વિલાયત અર્પણ કરી. અફસોસ! તેનું અનુસરણ પણ કરવામાં આવતું. પરંતુ લોકોએ ખિલાફત વેચી નાખી. મેં આવી નિષેધાત્મક વાત ક્યારેય નથી જોઇ.’’ સય્યદ ઇસ્માઇલ હમીરીએ આ સંદર્ભમાં ઘણી વધુ કાવ્યગાથા લખી છે. અહીં ચૌદ શેરનો અર્થ લખેલ છે. ‘‘તે માટે પરવરદિગારે આલમે અલીને રસુલ સ.ના ઉત્તરાધિકારી તરીકે પસંદ કર્યા. મુસાફરી રોકીને ગદીરે ખુમમાં ઉભા રહ્યા.

ઝાડના થડના મિમ્બર ઉપર હાજીઓની વિશાળ મેદનીમાં હયદરને પોતાના હાથો ઉપર ઊંચા કરીને ફરમાવ્યુંઃ ''આગાહ થઇ જાવ, જેનો હું મવલા છું તેના અલી મવલા છે.'' પછી પૂછ્યું, ''શું મેં તમારા લોકો સુધી સંદેશો પહોંચાડી દીધો?'' પછી આપે ફરમાવ્યુંઃ ''તમારામાંથી જે હાજર છે તે ગેરહાજરને સંદેશો પહોંચાડે.'' પછી સૌને હુકમ આપ્યો કે અમીરૂલ મોઅમેનીન હોવાની હયસીય્યતથી અલીની બયઅત કરવામાં આવે. લોકોએ હાથ ઉપર હાથ મારીને અલીની બયઅત કરી. રસુલ (સ.અ.વ.)એ ફરમાવ્યું, ''એ ખુદા! જે પણ આ અલી સાથે દોસ્તી રાખે તેને તું દોસ્ત રાખજે. જે તેને દુશ્મન રાખે, તેનો અહેસાન ન માને તું તેને દુશ્મન રાખજે. જે તેને છોડી દે તું પણ તેને છોડી દે. જે તેની મદદ કરે તું પણ તેની મદદ કર.'' મુસ્તફાની આ પૂકાર ઉપર લબ્બયક કહેવાને બદલે લોકોએ તેને અવગણ્યું. એ સાનીએ મુસ્તફા! હું આપને અને જે કોઇ ગદીરમાં હાજર રહેનારાઓની સામે વાત કરવામાં આવી દોસ્ત રાખું છું.

બીજી સદીના કવિ અબદી કુફી કહે છેઃ ''તે મુસલમાનો માટે ગદીરે ખુમના વિલાયતના હુકમ અંગે તબ્લીગી તાકીદ હતી. જે સમયે રસુલે ખુદા ઝાડના થડના મિમ્બર ઉપર ગયા. અમુક લોકો આપની પાસે અને થોડા સામે ઉભા હતા, તેઓ ધ્યાનથી સાંભળી રહ્યા હતા. અલીને ફરમાવ્યું, ઉભા થઇ જાવ. મને તબ્લીગનો હુકમ થયો છે. મને તેનાથી મહત્વ છે. હું મારા પછી અલીને હાદી અને ઇમામ નિમું છું. અલી સંબંધિત લોકોમાં સૌથી સારા છે. તે પછી સૌએ હાથ લંબાવીને બયઅત કરી. પરંતુ દિલ ફરી ગયા હતા.'' અરબી સાહિત્યના ઉસ્તાદ અબુ તમામ કહે છેઃ

> *''ગદીરના દિવસે હકદારનો હક સ્પષ્ટ થયો. ઉગતા સૂર્યના પ્રકાશમાં ન કોઇ આવરણ હતું ન પરદો. રસુલ (સ.અ.વ.) એ ઉભા થઇને લોકોને હકની દાવત આપી..... આ સ્પષ્ટ કથન પછી પણ દુશ્મની રાખનાર વ્યક્તિઓએ અલીના હકનો ઇન્કાર કર્યો.''*

મહાન વિદ્વાનોની એક લાઇન છે જે જ્ઞાન, અરબી સાહિત્ય ઉપર સંપૂર્ણ હથરોટી ધરાવે છે. તે સૌ પરિભાષાના નિષ્ણાત મૂળ શબ્દોના જાણકાર અને વાતચીતમાં સાચા શબ્દોના આરોહ અવરોહની કાળજી રાખનારે મવલા શબ્દનો આજ અર્થ સમજ્યા છે અને પોતાના શેરોમાં પણ વરત્યા છે. તેઓમાં દઅબલ ખઝાઇ, હમની કુફી, અમીર અબુ ફરાસ, ઇલ્મુમ હોદા મુરતઝા, શરીફ રઝી,

હુસયન બીન હજાજ, ઇબ્ન રવી, કશાજમ સનુબરી, મફજઅ, સાહબ બીન અબાદ, નાશી, સગીર તનુખી, ઝાહી, અબુલ અલાઅ મસરવી, જોહરી ઇબ્ન અલવીયા, ઇબ્ન હમાદ, ઇબ્ન તબા તબા, અબુલ ફસરઅ, મહયાર, સુલી નીલી, ફન જકરવી, જેવા પરિભાષાના નિષ્ણાતો એ સાહિત્યના વિશારદોની લાંબી યાદી છે. જેઓની વિદ્વતાની અસર સમયના વહેણની સાથે વર્તમાન યુગ સુધી પહોંચી છે. સાહિત્ય અને વિદ્વતામાં કોઇની એ હિંમત નથી કે આ વિદ્વાનો ઉપર અંગુલી નિર્દેશ કરી શકે. કારણ કે તેઓમાંના એ પરિભાષાના ભંડાર અને સાહિત્ય શાસ્ત્રના પાયા છે. આ સિવાય એવી પણ ઘણી મહત્વની વ્યક્તિઓ છે તેઓએ પદ્યમાં (કાવ્યમાં) નહીં પરંતુ પોતાની વાતચીતથી એમજ સમજ્યા છે કે મવલા શબ્દ અને વલીનો અર્થ આ રીતે જ ઇમામ તને રાહબરી થાય છે.

આવા લોકોમાં હ. અબુ બક્ર અને ઉમર સૌથી પહેલા છે. તેઓએ અલીની બયઅત કરતાં કહ્યું, ''એ અલી! આપ અમારા અને તમામ મોઅમીનોના મવલા થઇ ગયા.' હું નથી માનતો કે બાહ્ય અર્થ ઘટાવીને બીજા કોઇ અર્થમાં શયખોએ મુબારકબાદ આપી હોય. જો અહીં મદદ કે મોહબ્બતનો અર્થ લેવામાં આવે તો જયારથી અલી એ ઇમાનના સ્તનમાંથી દુધ પીધું અને પોતાના કાકાના દીકરા ભાઇના ખોળામાં ઉછર્યા ત્યારથી તેઓ આ ગુણ ધરાવતા હતા. અથવા પછી બીજો કોઇ અર્થ ક્ર્યો. અલ્લાહની કસમ! આ બધું કંઇ નથી. અહીં માત્ર મુસલમાનોનું માર્ગદર્શન અને વિલાયતના સ્વીકાર ઉપરજ આ બંનેની મુબારકબાદી અને બયઅત હતી.

ઇમામત અને રાહબરીના અર્થ લેનાર હારીસ બીન નોઅમાન અથવા જાબીર બીન નોઅમાન ફહરી પણ છે, જે તેની દુશ્મની અને ઇન્કારના કારણે તુરત જ અઝાબનો શિકાર થાય. તેણે બારગાહે રિસાલતમાં કહ્યું, ''એ મોહમ્મદ.... વિલાયતનું એલાન કરી દીધું.' આ મુનકર અને ઇર્ષ્યાળુએ મહાનતા અને શ્રેષ્ઠતાને રદ કરીને શંકા કુશંકા જાહેર કરી કે આ ખુદાની તરફથી છે કે મોહમ્મદે પોતાની તરફથી ઠોકી બેસાડ્યું છે. શું અહીં મદદગાર કે દોસ્ત અર્થ કરી શકાય? હું નથી માનતો કે વાંચકોની બુધ્ધ આ સ્વિકારે. પરંતુ પ્રકાશિત આત્માનો સ્પષ્ટ અને ચોક્ખો નિર્ણય હશે કે અહીં એ જ વિલાયતનો એક માત્ર અર્થ છે. તેના ઉપર મક્કાના કાફીરો રસુલ સ.ના સિલસિલામાં ઇન્કાર કરતા રહ્યા. પછી તેઓ મોઅજીઝા જોઇને અટકી ગયા. પછી તેઓએ ખુશનસીબ હકનું એવું દ્રષ્ય જોયું

કે લોકોના ટોળેટોળા ખુદાના દીનમાં ભળતા ગયા. આજ વિલાયતનો અર્થ તે લોકોને સ્વીકાર્ય ન હતો. વાત માત્ર એટલી જ છે કે જેનો અસ્વીકાર ઘણાં લોકો પોતાના દિલમાં કરી રહ્યા હતા તે હારીસે જીભથી કહીને પોતાને અઝાબમાં સપડાવ્યો. વિલાયતનો આ જ અર્થ કુફાના રહબામાં લોકોએ અમીરૂલ મોઅમેનીનને સલામ કરીને સ્વીકાર્યો હતો. જેવું તેઓએ ''અસ્સાલમો અલયક યા મવલાના' કહ્યું, હઝરતે લોકોને સમજવા માટે સ્પષ્ટતા માગી. ''હું તમારો મવલા કેવી રીતે, તમે લોકો તો અરબી છો?' તેઓએ જવાબ આપ્યો, ''અમે ગદીરે ખુમમાં વિલાયતનું એલાન સાંભળ્યું છે.'

સુજ્ઞ વાચકો સારી રીતે સમજે છે કે સ્વ પ્રશંસાના પુતળા અરબો કોઇ પણ સંજોગોમાં તાબેદારી સ્વિકારવા તૈયાર નથી. તેઓએ મોહબ્બત અથવા બીજો કોઇ અર્થ નથી કર્યો. તેઓ આ વાતને મોટી સત્તા, ઇમામત અને ખિલાફતના અર્થમાં લઇ રહ્યા હતા. જે તેઓની પ્રકૃતિ માટે બોજારૂપ હતું. પરંતુ અમીરૂલ મોઅમેનીને સ્પષ્ટતા માંગી ત્યારે નિર્મળતા જાહેર થઇ.

દારમીયા હજુનીયાના પ્રસંગના પ્રકાશમાં પરદાનશી સ્ત્રીઓ પણ આ અર્થ કરે છે. મોઆવીએ તેઓને અલી (અ.સ.)ની મોહબ્બતના કારણો પુછયા. તેણીઓએ સ્પષ્ટતા કરી કે રસુલે ખુદાએ અલીના માટે ગદીરે ખુમમાં વિલાયતનું એલાન કર્યું. અને તમારી જેવા અણસમજ તેમની સાથે જંગ કરવા તૈયાર છે. તે કારણે તમારી સાથે તિરસ્કાર કરીએ છીએ. મોઆવીયાએ તે રદ ન કર્યું. આ બધી વાતોની પહેલા મનાશદહની દલીલો અને રહબાના દિવસે અમીરૂલ મોઅમેનીનની સ્પષ્ટતા અને દલીલો વિગતવાર કરવામાં આવી છે. ખિલાફતના હુકમ અંગે હું લોકોનું દુશ્મનીભર્યુ વર્તન અને આપના ઇસ્લામના પહેલ કરવાની લોકોની દલીલો - આ એ વાતો છે જેનાથી આપની ફઝીલત અને શ્રેષ્ઠતા સાબિત થાય છે. બુરહાનુદ્દીન લખે છે કે હઝરત અલી (અ.સ.)એ ખીલાફત મળ્યા પછી પોતાના વિરોધીઓની વિરૂદ્ધ હદીસે ગદીરથી દલીલો કરી હતી.

આ વિગતો અને વિસ્તરણ પછી મેં દર્શાવેલ મવલાના અર્થ સિવાય બીજો અર્થ કદાપી થઇ શકતો નથી. જે અર્થને ખુદ હઝરત અલી (અ.સ.)એ સમજાવ્યો, જેની સહાબાએ ગવાહી આપી અને જે લોકો અલીની મહાનતા છુપાવવાના કારણે કોઢના અઝાબમાં સપડાયા, તે સૌએ આજ અર્થ કર્યો છે. નહિ તો ખિલાફતના સંદર્ભમાં મતભેદો થયા ત્યારે મોહબ્બત અને દોસ્તના અર્થથી

હઝરતને શું ફાયદો થઇ શકતો હતો. આમાં તો તમામ મુસલમાનો આપની સાથે હતા. આપને જ કંઇક વિશેષતાઓ પ્રાપ્ત હતી. પરંતુ અગાઉ લખેલ એ પ્રશંસાના કારણે તેનાથી આજ અર્થ કરવામાં આવ્યો. ઉમ્મતના લોકોની સામે દલીલો, શરૂઆતથી આ દિવસ સુધીની કિતાબો અથવા નિષ્ણાતોનાં વિસ્તરણો, આ બધામાં એજ અર્થનું તારણ નીકળે છે. જેનાથી આ હઝરતની ઇમામત સાબિત થાય છે. તે સિવાયનો બીજો કોઇ અર્થ થઇ જ નથી શકતો કે હઝરત અલી અ. રસુલ સ.ની જેમ લોકોની જાન અને માલના સર્વસત્તાધિકારી હતા. અમે આ ચર્ચા બંધ કરીને વધુ વિવરણ વિદ્વાનો અને સંશોધકોના ઉત્સાહને કારણે કરીએ છીએ. અહીં એટલો અવકાશ જ નથી.

## મૌલા અવ્વલા સૌથી પહેલાના અર્થમાં :

શબ્દ કોષમાં મવલાનો અર્થ સૌથી પહેલાનો છે. અથવા મવલાના ઘણાં અર્થો પૈકી એક છે. આ અંગે હદીસકારો અને તફસીરકારો સૌને લાભ આપવામાં પૂરતો સંતોષ આપે છે. સુરા હદીદની આયતઃ ‘‘આજે તમારા લોકો પાસેથી ન કોઇ ફીદીયો લેવામાં આવશે ન તે લોકો પાસેથી જેમણે કુફ્ર કર્યું. તમારૂં ઠેકાણું જહન્નમ છે.’ એજ તમારા મવલા છે અને ખરાબ ઠેકાણું છે. અમુક તફસીરકારોએ આ આયતની તફસીરમાં મવલાનો અર્થ માત્ર અવલા લખ્યો છે. જે લોકોએ મવલાનો અર્થ માત્ર અવલા લખ્યો છે; તેઓમાં ઇબ્ને અબ્બાસ, કલ્બી, ફરા, મોઅમર બીન મસ્ના, શયબ મુફીદ, શરીફ મુરતઝા, શરીફ જરજાની, અખફશ ઉસત, સઅદ બીન અવસ બગનવી, ઇમામ બુખારી, ઇબ્ને કીબા, અહમદ બીન યહ્યા, નહવી શયબાની, અબુ જઅફર તબરી, અબુબક્ર અનબાવી, અબુલ હસન રોમાની, અબુલ હસન વાહેદી, ઇબ્ને જુઝી, ઇબ્ને તલ્હા, સબત બીન જુઝી, મોહમ્મદ બીન અબીબક્ર રાઝી, તફતા ઝાની, ઇબ્ને સલાટા માલકી, જલાલુદીન મોહમ્મદ બીન અહમદ મહલી શાફઇ, ખઝનદી, કવશઝી, ખફાઝી, સય્યદ ઉસ્માન હનફી, શયબ સુલયમાન, મુલી જારલ્લાહ, મોહિબુદીન આફન્દી.

બીજો તબક્કો જેમણે મવલાનો અર્થ અવલા અને બીજા અર્થને સાથે એક અર્થ ગણ્યો છે, તેઓના નામ છેઃ સઅલબી, અબુલ હજાજ શનતમીરી, ફરા, ઝમખશરી, અકબરી, બયઝાવી, નસફી, ખાઝન ઇબ્ને સમીન જલસી, નીઝામુદીન નીશાપુરી, શરબીની, અબુલ સઉદ હનફી, શયખ સુલયમાન, મુલી

જારલ્લાહ, મોહિબુદીન આફન્દી.

આ અરબી સાહિત્યના ઇમામ અને શબ્દકોષના નિષ્ણાત હતા. તેમનાથી ચૂક ન થઇ શકે. જે આ મતલબ ન જાણતા હોત તો તફસીર યોગ્ય ન હોત. હવે રહી ગયું બીઝાદીનું કથન, તેમણે તેનો અર્થ અવલા લખીને કહ્યું છે કે આ ખરેખર વલીના અર્થમાં છે. કારણ કે વલીનો અર્થ દોસ્ત અથવા નજદીકનો થાય છે. અથવા તો વલીનો અર્થ મોતવલ્લી થાય છે. આ ચોખવટથી બયઝાવીનો હેતુ શબ્દકોષનો ખરેખર અર્થ લખવાનો નથી. પરંતુ  તે તેનો થતો અર્થ લખે છે. સાબિતી એ છે કે પહેલા અવલા બેકુમ કહીને પછીની પંક્તિને સાક્ષીની રીતે રજુ કરી છે. કે અવલાની સિવાય બીજા અર્થની શકયતા રહેતી નથી. પછીના લખાણનો અર્થ એ છે કે તેના બીજા અર્થો પણ હોય શકે છે.  પરંતુ સૌથી યોગ્ય અર્થ અવલા જ છે. શબ્દકોષના હિસાબે અને લબીદના શેરથી સાક્ષીની માગણી કરીને તેને અગ્રતા આપી. આવી સમાન વાત તફસીરે નફસીમાં પણ છે.

ખાઝન કહે છે હોવ મવલાકુમ એટલે વલીયકુમ – આ પણ કહેવામાં આવ્યું છે. ઉલા બેકુમ લમસલફતુમ મેનલ ઝોનુબ. તેનો અર્થ આ થશેઃ ‘‘હવે પાછળના ગુનાહોને કારણે આગ તમારા માટે સૌથી વધુ આગળ છે.’ આ પણ કહેવામાં આવ્યું છે : હોવ મવલાકુમ નો અર્થ તમારા મવલા અને દોસ્ત છે, કારણ કે આગ જેની મવલા હોય તેનો કોઇ મદદગાર નથી થઇ શકતો. જો તેની તફસીર વલીના શબ્દથી કરવામાં આવે તો પણ કોઇ ફરક નથી પડતો. કારણ કે વલી અને મવલા બંનેના અસંખ્ય અર્થો છે. આ ઘણાં અર્થોમાં એક અવ્વલા સૌ પ્રથમ પણ છે. તે માટે આ બન્ને કથનોમાં વિવરણની વિશાળતા છે, હકીકતમાં વિરોધભાસ નથી. તે પછી જેટલા અર્થ થયા તેનો હેતુ સૌથી વધુ નજદીકનો અર્થ કરવાનો છે. ત્રીજા કથનમાં ફરજિયાત અર્થ લખાયો છે. પછી વલી હોય અથવા અવલા તે માટે બંનેમાં વિરોધાભાસ નથી. તે સિવાય ત્રીજી આયતમાં પણ વલીની ઉલીલ અમ્રથી તફસીર કરવામાં આવી છે. બકરહ સુરાની આયત અન્ય મવલાના અંગે સઅલબીએ કશફુલ બયાનમાં કહ્યું છે. ‘‘એટલે અમારા દોસ્ત, અમારા રક્ષક, અમારા વલી અને અમારા માટે વધુ લાયક.’

આલે ઇમરાનના સુરાની આયત બિલ્લાહે મવલાકુમ અંગે તફસીરે ઝાહેદમાં છેઃ ‘‘એટલે ખુદા તાબેદારીનો વધુ લાયક છે.’’ તવબાના સુરામાં મા કતબલ્લાહો લના હોવ મવલાના વ અલલ્લાહે ફલ યતવક્કલુલ મોઅમેનુન. અંગે અલ

વહ્યાનની તફસીરમાં કલબીનું કથન નોંધ્યું છે. એટલે ''ઉલા બેન મન અન ફોસના ફીલ મવત વલ હયાત'' એક કથન આ પણ છે, ''માલેકના વ સય્યદના'' એટલા માટે જેવું ઇચ્છે તફસીર કરે. સજસ્તાનીએ ગરીબુલ કુરઆનમાં તફસીર કરી છે. અય વલીય્યના અને કહ્યું છે કે મવલાના આઠ અર્થ છે. મઅતક (આઝાદ કરનાર) મઅતક (આઝાદ થયેલો) વલી, અવલા, બીલ શયઇ કાકાનો દિકરો ભાઇ, જમઇ, પાડોશી, હલીફ (મદદગાર દોસ્ત).

## હદીસના ભાવાર્થ ઉપર રાઝીના વિરોધોઃ

ઇમામ રાઝી સામે આવ્યા અને શંકા અને જવાબ આપવાના ઢગ થઇ ગયા. તે પોતાના હલ્કા વિચારોને સુંદર આવરણમાં કહેવાની આવડત ધરાવે છે. તેનો લેહકો પણ જૂઓ. જેમ કે ગાય વગાડી રહ્યા હોય વિવાદનો ખડકલો કરવામાટે મવલાનો અર્થ લખીને કહ્યું કે આયત માવાકુમ.... મસીરમાં ઘણાં દ્રષ્ટાંતો છે.

૧ ઇબ્ન અબ્બાસનો મત છે કે મવલાકુમનો અર્થ મસીરકુમ (તમારાથી પાછા ફરવું). આ અર્થની સચ્ચાઇ એ છે કે મવલા વલીનું મૂળ છે. વલીનો અર્થ નજદીકી છે. તે રીતે અર્થ આમ થશે. ''યકીનન આગ તમારૂં ઠેકાણું છે, જેની નજદીક થયા અને તમે તેમાં પહોંચી ગયા.'

૨. કલબીનો કોલ છે : એટલે ઉલા બેકુમ અને આજ અર્થ એઝાજ, ફરા અને અબુ અબીદરે કહ્યો છે. આ અંગે સમજી લેવું જોઇએ કે તે લોકોએ જે કાંઇ કહ્યું છે તે વાક્યનો અર્થ છે. તફસીર નથી. કારણ કે જો મવલા અને અવલાને શબ્દકોષમાં સમાન અર્થ હોત તો એકનો ઉપયોગ બીજાની જગ્યાએ સાચો હોત. તે સમયે એ કહેવું સાચું હોત કે હાઝા મવલા મન ફના (જે રીતે એ કહેવું સાચું છે કે હાઝા અવલા મન ફના) અને જયારે આ સાચું નથી તો આપણે સમજી લેવું જોઇએ કે આ શબ્દનો અર્થ છે તફસીર નથી. મેં આ ગુઢ મુદ્દાની પ્રત્યે એટલા માટે ધ્યાન આપ્યું કે શરીફ મુરતઝાએ ઇમામતે અલીનો આધાર લઇને હદીસ મન કુન્તો... અંગે કહ્યું છે કે મવલાનો એક અર્થ અવલા પણ થાય છે. પછી તે શબ્દકોષના નિષ્ણાતના કથનોથી સાબિતી મેળવીને તેનો અર્થ

> માત્ર અવલા કરે છે. જયારે સાબિત થઇ ગયું કે આ રીતે અર્થ અવલા પર અવલંબે છે તો વિકલ્પ વગર આ જગ્યાએ આ અર્થમાં અમલ કરવામાં આવશે. કારણ કે બીજો અર્થ મવલાની સાબિતી હઝરત અલીના સંદર્ભમાં સ્પષ્ટ છે. જેમકે કાકાનાદિકરા (આ ખતરનાક ભેળસેળ છે. આગળ આવશે કે રસુલે ખુદા જઅફર અકીલ તાલીબના કાકાના દીકરા ભાઇ હતા. પરંતુ અલીને કાકાના દિકરા ભાઇની બદલે ભાઇ કહ્યા. આ કારણે મવલાનો અર્થ ખોટો થશે ન કે સાબિત થયેલો અર્થ) મદદગાર અથવા મઅતક (આઝાદ કરેલા) કે (આઝાદ કરનાર) ને નકારવી પડે. પહેલો અર્થ બેકાર અને બીજો અર્થ જુઠ ગણાશે. જયારે અમે કહી દીધું કે આ શબ્દનો અર્થ છે તફસીર નથી તો તેની દલીલ નહી રહે.

આ જ ઇમામ રાઝી નહાયતુલ ઓકુલમાં કહે છે, ‘‘જો મવલાનો અર્થ અવલા સાચો હોત તો તેના જેવા બીજા શબ્દો પણ સાચા ગણવા પડશે.’’ જો કે તેવું નથી. તેથી અવલા અર્થ લેવો મુશ્કેલ છે. કહેવાની શરત એ છે કે સ્પષ્ટ શબ્દકોષે એક શબ્દને એક અર્થ માટે ઘડ્યો છે. પરંતુ દાર્શનિક અમુક શબ્દોને બીજા શબ્દોના અર્થમાં ગણવો તે બુદ્ધીનો હુકમ છે, દાર્શનિક નહીં. જેમકે જ્યારે આપણે કહીએ માનવી પશુ છે, ત્યારે અહીં માનવી શબ્દનો લાભ ખાસ હકીકતમાં દાર્શનિક રીતથી છે. તેવી જ રીતે પશુ પણ દાર્શનિક ધોરણે છે. પરંતુ જયારે પશુનો સંબંધ માનવી સાથે દર્શાવવામાં આવે તો આ બુદ્ધિનો હુકમ સમજવામાં આવશે. દાર્શનિક નહીં. જેમકે જ્યારે આપણે કહીએ માણસ ઢોર છે ત્યારે અહિંયા માણસ શબ્દનો ફાયદો ખાસ હકીકતમાં માણસ દાર્શનિક રૂપમાં છે. ઢોર પણ દાર્શનિક રૂપમાં છે. પરંતુ જયારે ઢોરનો સંબંધ માણસ સાથે જોડી દેવામાં આવે ત્યારે આ અક્કલનો હુકમ ગણાશે. દાર્શનિક નહીં. જયારે આ વાત સાબિત થઇ ગઇ તો અવલા શબ્દ જયારે કોઇ અર્થ માટે દાર્શનિક છે અને શબ્દ મન બીજા અર્થને માટે, ત્યારે બંનેનું એક બીજા સાથે દાખલ થવું બુદ્ધિના કારણે હશે, દાર્શનિક કારણે નહીં. જયારે આ સાબિત થઇ ગયું તો જયારે પણ અવલા શબ્દ થોડો કે વધુ મવલા શબ્દનો જ સમાન અર્થ થશે ત્યારે તેની ઉપર મન શબ્દ ઉમેરવો પણ સાચો છે. કારણ કે આ વાંચનાર અને સમજનાર વચ્ચે સાચું થશે,

બે શબ્દોની વચ્ચે નહીં. મતલબ એ છે કે એક શબ્દમાં ઉમેરવામાં આવે, તેજ બીજાને માટે પણ સાચું હોય એટલે તે કહેવું સાચું નથી. કે હોવ અવલા (મન વગર) વહોમા અવલીયાન આપ એ પણ કહી શકો છો હોવ મવલર રેજાલ વ મવલા ઝયદ. આ નથી કહી શકતા. હોવ અવલીર રજલ વ ઉલીલ ઝયદ. આ સાચું છે હોમા અવલી રજોલયન વ હુમ અવલા રેજાલ. પરંતુ આ સાચું નથી. હોમા મવલીર રજોલયને વલા હોમ મવલીર રેજાલ. આ કહી શકાય છે, હોવ મવલાહ વ મવલાક. આ નથી કહી શકતા હોવ અવલાક વ અવલાહ. આ વિરોધ નથી કરી શકાતો કે મા મવલા તો સાચું છે, કારણ કે પછી આપણે કહીએ કે આ આશ્ચાત્મક ક્રિયા છે. અફઅલ તફઝીલ નથી. તે સિવાય અહીં શબ્દ અવલા કર્તા છે. અને આ નામ અને અહીં ઝમીર મજબુત છે. આ જગ્યાએ મજરૂર છે. તેથી સાબિત થયું કે મવલાનો ભાર અવલા ઉપર જાએઝ નથી.''

આશ્ચર્યની વાત તો એ છે કે ઇમામ રાઝીથી એ વાત અજાણી નથી કે જુદા જુદા સેગા મુજબ જરૂરી અને મુતઅફી ( તે કાર્ય જે કર્તાને ચાહે) હોવાના લીધે એક શબ્દ બીજા શબ્દથી બન્યો હોય તેમાં મતભેદ થતા રહે છે. શબ્દોનો એક અર્થ હોવો કે સમાન હોવો, તે અર્થના ગુણ સંબંધિત છે. શબ્દની વ્યાખ્યા અથવા સીગા કોઇ એવો શબ્દ જે તેના મૂળ અર્થમાંથી લેવામાં આવ્યો હોય) તેના અવારસ અંગે નથી, એટલે જે રીતે અક્ષર મન સ્વતંત્ર હોવાના લીધે આ સીગા કર્તાને આધિન છે. તેવી જ રીતે અક્ષર બા અવલામાં અને બા વગર મવલામાં તફાવત જોવા મળે છેચ. આથી તેથી ઉલ્ટુ અને અર્થની રીતે ફલાણા અવલા ફલાણા અને ફલાણા મવલા ફલાણાનો અર્થ એક છે. જયારે મવલાનો અર્થ લેવામાં આવે. બિલકુલ એવી જ રીતે જેવી રીતે શબ્દ અફઅલમાં એક વચન, બહુવચન અને કર્તાની વધારાની સ્થિતિમાં ઉપયોગ કરી શકાય છે. કહેવામાં આવે છે ઝયદ અફઝલુલ રજોલયન અવ અફઝલહોમા વ અફઝલલ કવમ વ અફઝલ હુમ. આવી જ રીતે તેનો મા એકલો હોય તો આ રીતે ઉપયોગ નથી થઇ શકતો. એટલે આ રીતે ન કહી શકાય ઝયદ અફઝલ અમરૂ. અહીં મજબુરીથી મનનો સહારો લેવો પડશે. એટલે ઝયદ અફઝલ મન અમરૂ કહેવાશે. કોઇ બુદ્ધિશાળીનો ઇન્કાર નથી કે આ દરેક પ્રકારમાં અર્થ એક છે. આ રીતે અફઅલ વિશેષણના બીજા સેગાઓ અઅલમ, અશજઅ, અહસનમાં આજ રીતે જોવા મળે છે.

ખાલીદ બીન અબ્દુલ્લા અઝહરી તેની કિતાબ પ્રકરણ અફઅલ અલ તફઝીલમાં કહે છે : આગળ પાછળ સમાન અર્થ ધરાવતા શબ્દો એ વખતે આવે છે જ્યાં કોઇ અવરોધ ન હોય અને આ મોકા ઉપર અવરોધ એજ ઉપયોગનો નિયમ છે. કારણ કે વિશેષનામ માત્ર અક્ષર જર (મન) થી જ મેળ ખાય છે. અને ક્યારેક આ મન તેના મજરૂરની સાથે નીકળી જાય છે. જયારે કે તેનું નીકળી જવું જાહેર હોય, વલ આખેરતે ખયરૂલ વ અબ્કા.

તે સિવાય રાઝીએ તેના વિરોધમાં જે શોરબકોર કર્યો  છે. મવલાનો બીજો અર્થ નાસીરમાં પણ ગણી શકાય છે, જે હદીસે ગદીરમાં મવલા શબ્દ લેવામાં આવ્યો છે. જેમકે નાસીરની જગ્યાએ હોવ મવલા દીનલ્લાહનો ઉપયોગ નથી કરવામાં આવતો. હઝરત ઇસા (અ.સ.) એ મન મવાલી એલલ્લાહથી કહ્યું, બલ્કે મન અનસારી એલલ્લાહ કહ્યું. હવારીઅઓએ પણ નહનો મવલલ્લાહ નથી કહ્યું બલ્કે નહનો અનસારલ્લાહ કહ્યું.

મવલાનો એક અર્થ વલીનો પણ થાય છે. અહીં મોમીનના માટે હોવ વલીયુલ્લાહ કહેવામાં આવે છે. લુગત (શબ્દકોષ)ના હિસાબે મવલલ્લાહ નથી કહેવામાં આવતું. જો કે વલીયુલ મોઅમેનીન વ મવલાહુમ કહેવામાં આવે છે. મોફરદાતે શગીબમાં આ મુદ્દા ઉપર ઇશારો કરવામાં આવ્યો છે.

અમારી સાથે આવો, જેથી મવલાનો એક અર્થ જેના ઉપર બધા એકમત છે, તેનું વિવરણ કરવામાં આવે. મવલાનો એક અર્થ મનઅમ અલય્યા છે. સ્પષ્ટ વાત છે કે આ અર્થ અલાની સાથે રાખવામાં મૂળ શબ્દ (મવલા)ની વિરૂદ્ધ છે. ઇલાજ નથી તેની રીત ઉપર રાઝી અહીં ના કહેશે? પરંતુ  એ કહેશે કે શબ્દ અવલા (બા) અધ્યાહારની સાથે મવલાનો સમાન અર્થ છે. સ્વીકારશે નહીં. ઘુવડોથી આશા પણ શું રાખી શકાય?

આ સ્થિતિ સમાન અર્થ ધરાવતા શબ્દો અને તફસીરના સમાનતા ધરાવતા શબ્દોમાં છપાએલી છે. શરત એ છે કે આપણે સમાન અર્થમાં માનતા હોઇએ. જેથી કહેવામાં આવે છે : અહજબ બ હજફા, અકબ લે વજહીલ્લાહ વકબીલ્લાહ અહરસ બ બરસા, આ જ રીતે કહેવામાં આવે છેઃ રામતુલ નાકા વલદહા એટલે અર્મદૂત અલ્યા ઇબતતાલા એટલે ખદઆ.... કુરઆનમાં લાહતનકુમ ઝુર્રીય્યતહુ ઇઇસ્તુબીન અલયહીમ કહેવામાં આવે છે.૩

ઈસ્તુલી અલયહ્ એટલે ગલબા. આ બધા શબ્દોનો એકબીજા સાથે સમાન અર્થ ધરાવવાનો ઉપયોગ કરવામાં આવે છે. કહેવાય છે કે અહ્મક ફલા બઅબદર એટલે કલફર માલા યતાક.

શાહ્ સાહેબ આ હદીસે ગદીરના સંદર્ભમાં કહે છે કે અહીં અલસ્તો અવલા બિલ મોઅમેનીનન મીન અનફોસેહીમમાં અવલાનો અર્થ વિલાયતનો સમાન અર્થ છે. જેનો અર્થ મોહબ્બત થાય છે. જેથી કહેવામાં આવે છેઃ અવલા બિન મોઅમેનીન એટલે તેની નજદીક સૌથી વધુ મહબબુ એવી જ રીતે કહેવાય છેઃ બસર બેહી વ નઝર એલયહે વ રઆહો. બધાના અર્થ સમાન છે. રૂમાનીએ તેની તાલીફમાં સમાન અર્થ ધરાવતા શબ્દોના તમામ મતભેદોને ભેગા કરી દીધા છે જે જોઇ શકાય છે. લોગતનાં આલીમોમાંથી કોઇએ પણ અક્ષરને ઉમેરવાનો આ રીતનો ઇન્કાર નથી કર્યો. કહેવાય છે : ઇન્દરહુ દરહમ ગયર જય્યદ. જો કે આ કહેવું જાએઝ નથી કે ઇન્દી દરહમ ઇલ્લા જય્યદ (ગયર અને ઇલ્લા બન્ને અદાત છે. પરંતુ તેનું ઉપયોગ કરવાનું સ્થાન જુદુ જુદુ છે). કહેવામાં આવે છેઃ ઇન્નક આલીમ એમ નથી કહેવાતું. અન અન્ત આલીમ (ઇન્ન અને અન બંને સમાન કાર્યથી જ છે. અને એલા ક્રિયાપદ ઉપર દાખલ થાય છે. પરંતુ હત્તા નહીં. જો કે બંનેનો અર્થ એક જ છે. આ પણ જુઓ : અમ અને ફેરફારના શબ્દો છે. પરંતુ ભાષાની ચાર રીતમાં જુદા છે. તેવી જ રીતે હલ અને હમઝહ બંને પ્રશ્નાર્થના શબ્દો છે. પરંતુ દસ રીતનો ફરક છે. અય્યાન અને હયસ અતમાં સમાન છે. પંરતુ ત્રણ રીતે ફરક છે. કુમ અને કાયન સમાન અર્થો છે. પરંતુ ઉપયોગમાં પાંચ રીતે ફરક કદાચ આજ કારણે છે કે નીઝામુદ્દીન નિશાપુરીએ રાઝીના કલામ નકલ કરીને તેની વિસંગતતાઓને જવાબને માત્ર ન ગણીને ઇશારો કર્યો છે કે આ ચર્ચાને પડતી મૂકવાને (દલીલોને પડતી મૂકવી) પાત્ર છે. જે વિદ્વાનોથી છુપું નથી.

## રાઝીનો વિરોધ આલીમોની દ્રષ્ટિએ :

ઇમામ રાઝીના આ પાંગળા વિરોધ સાહિત્યના નિષ્ણાત વિદ્વાનોથી અજાણ્યા ન હતા. તેઓએ તેને એક પછી એક રદ કરી નાખ્યા. તેને અવગણના કરવી તે એ વાતને સાબિત કરવી કે મવલાનો અર્થ અવલા સાબિત છે.

તફતાઝાની શરહે મકાસીદમાં અને કવરાજી શરહે જતજરીદમાં એક અવાજે

કહે છે કે, મવલાનો અર્થ વિશ્વાસપાત્ર, મદદગાર, એક સમાન, ઇબ્ન અમ અને નાસીરની સાથે વિવરણમાં અવલા પણ છે. ખુદાવંદે આલમનો ઇરશાદ છેઃ વમાવાકો મુન્નારહી મવલીયા કુમ એટલે એવા માણસ સિવાય જે તેના મામલામાં અગ્રતા ધરાવતો હોય, તેનો માલિક અને જવાબદાર છે. આ અર્થ અરબી શેરોમાં ઘણો જોવા મળે છે. ટૂંકમાં એ છે કે મવલાનો અર્થ અવલા (મામલાઓના જવાબદાર) અરબી સાહિત્યકારોમાં ઘણો જ ઉપયોગ થાય છે. મતલબ એ છે કે આજે વિરોધ કરવાનાં હોય છે કે આ વાત વિશેષ કાર્યનું અવ્યય હોવાના કારણે આ અર્થમાં ઉપયોગ ન કરવો જોઇએ, ખોટો છે. કારણ કે આ શબ્દ મવલા આ અર્થમાં નામ છે, વિશેષણ નથી. તફ્ફાઝાની અને કવશઝીએ આ અર્થને હદીસે ગદીરના દલીલો કરતી વખતે લખ્યો છે. પછી જુદાજુદા અર્થને રદ કરીને વિવરણથી જ અવલા નક્કી કર્યું છે.

શરીફ જરજાની શરહે મકાસદમાં થોડી વધુ સ્પષ્ટતા કરે છે. તફ્ફાઝાનીએ અઝલુદીનને સુધારીને અવલાનો અર્થ કબુલ કર્યો છે. તે લખે છે કે કહેવું સાચું નથી. કર્તાને ક્રિયાપદના અર્થમાં કોઇએ પણ નથી લખ્યું. કારણ કે આ વિવાદના મવલા અર્થમાં મોટા વલી અને માલિકે અમ્ર અને અવલા અરબી ભાષામાં ઉપયોગ થાય છે. અબુ અબીદા કહે છે કે આ મવલાકુમ એટલે અવલા બેકુમ. રસુલે ખુદાની હદીસ પણ છે. અયમા અમરઅત નકેહત બે ગયરે ઇઝન મવલાહા. એટલે મવલાનો અર્થ છે એવી વ્યક્તિની પરવાનગીના વગર જે તેના તમામ મામલાઓમાં મોતવલ્લી અને હોદ્દેદાર છે.

ઇબ્ન હજર હદીસે ગદીરના ફેરફારમાં લાલઘુમ છે. સવાએકમાં મવલાનો અવલા બી શય જ લખે છે. પછી કહે છે આ વિલાયતનું હોવું દરેક રીતે છે. અથવા અમુક રીતે છે. પછી અમુક રીતની માન્યતા અખત્યાર કરે છે. મવલાનો અર્થ અવલા તો છે. પરંતુ અમુક રીતે અવલ છે. કારણ કે શયબા આજ અર્થ સમજ્યા છે. સમસીતો મવલા કુમ મોઅમેનીન વલ મોઅમેનાત. આજ મતલબની શયખ અબ્દુલહકે લમઆતમાં નોંધ કરી છે. શયબ શહાબુદીન શાફેદએ ઝખીરતુલ મઆલમાં તેને ટેકો આપ્યો છે. કહ્યું કે તવલ્લીનો અર્થ વિલાયત છે. દોસ્ત, મદદગાર અને અવલાના અર્થમાં પણ આવે છે. કુર્બની પેરવીમાં જેમકે ઇમ્ન અવલન્નાસ બે ઇબ્રાહીમ લીલઝીન અતબઉર. આજ અર્થ હઝરત ઉમરે ગદીરે ખુમમાં મુબારકબાદ રજૂ કરતી વખતે કર્યો.

કબલ અમી અનબારીની મુશ્કેલુલ કુરઆનનો હવાલો આપવામાં આવ્યો કે મવલાના આઠ અર્થ છે. તેમાં અવલા બીશ્શયઇ પણ છે. તેની હિકાયત રાઝીએ નહાયામાં અબુ અબીદહના હવાલાથી કરી છે. પછી કહ્યું છે કે અમે નથી જાણતા કે જે આ જ શબ્દ મવલાને અવલાના અર્થમાં સમજ્યા છે તે વાત પણ માને છે. હદીસે ગદીર અલીની ઇમામત ઉપર વિલાયત કરે છે. ખુદ અબુ અબીદા અને ઇબ્ન અનબારી આજ અર્થ કરે છે. પરંતુ અબુ બક્રની ઇમામતને માને છે.

શરીફ મુરતુઝાએ મુબર્રદના હવાલાથી કહ્યું છે કે વલીનો મૂળ અર્થ અવલા અને અહક છે. તેવી જ રીતે મવલાનો અર્થ પણ અવલા અને અહક છે. જોહરી સહાહુલા ગતામાં વલીની નીચે કહે છે કે લબય્યદના શેરમાં મવલાનો અર્થ અવલા છે. આજ રીતે લબીદના મવલલ મુખાતેબાનો અર્થ  અવલા અબુઝકરીયા ખતીબ તીરમીઝી, ઉમર બીન અબ્દુલ રહેમાન કઝવી, સબત બીન ખુઝી, ઇબ્ન તલ્હા શાફઇ, શબબનીજ, અબ્દુલ રહેમાન બીન અબ્દુલ કરીમ અને રશીદ વગેરેએ લખ્યો છે.

આ બધી વાતો પછી તોહફે ઇસ્નાઅશરીને મવલાનો  અર્થ અવલા બીલશયઇનો ઇન્કાર કરવો અને કહેવું કે નિષ્ણાતોએ ઉપયોગ જ નથી કર્યો તે કેટલી સત્યથી વેગળી વાત છે. તે માણસ સમજતો હતો કે અમે ફારસી છીએ. આ હિંદી પ્રકાશકોના મુકાબલામાં અરબી સાહિત્યનું જ્ઞાન ઓછું હોય છે. તે સિવાય ઇમામ રાઝીના વાંધાઓનો અવલાનો વધારવામાં ઉપયોગ નથી થતો. સંપૂર્ણ નિરર્થક વાત છે કારણ કે આ શબ્દ એકવચન અને બહુવચનમાં પણ વપરાય છે. બલ્કે હદીસે રસુલમાં તો નકરએ એઝાફીનો (મૂળ વગરનું અજ્ઞાત) પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

સહીહ બુખારીમાં પણ આજ શબ્દ છે. હદીસે ગદીરના ટેકામાં બે હદીસ બહુજ સાફ છે. સહીહયનમાં છેઃ મામન મુમન ઇલ્લા અના અવલન નાસ બેહી ફિદદુનિયા વલ આખેરતે અકરૂ વ ઇન શયતુમ અન્બી અવલા ઉલી બીલ મોઅમેનીન મીન અનફોસેહીમ ફ ઇય્યમા મુમન તરક ફલયર શહ અસેબત મીન કાનુ ફઇન તરક ઝયના અવઝયા આ ફલેવાતની વ અના મવલાહો. સહીહ મુસ્લીમમાં છે : ઇન્ન અલલ અરઝે મન મુમન ઇલ્લા અના અવલન નાસ બેહી ફસયકુમ મા તરક દુનિયા અવ ઝેયા અન.

## મવલા અર્થ ઉપર એક નજરઃ

શબ્દકોષ લોગતના આલીમોએ મવલાનો અર્થ માલિક, વિશ્વાસપાત્રની સિવાય સય્યદ-સરદાર પણ લખે છે. જેવી રીતે વલીનો અર્થ અમીર એન સુલતાન લખે છે. લોગતના લોકોમાં વલી અને મવલાના સમાન અર્થ માટે એક મત છે. અમીર અને સય્યદનો અર્થ અુલુવીય્યા બીલ અમ્રનો છે. આ કારણે અમીર એજ છે જે સામુહિક વ્યવસ્થા અને સત્તા જાળવી રાખવા, વ્યક્તિને કાનુની રક્ષણ પૂરૂં પાડવા અને એકબીજા સાથેના વિખવાદને અટકાવવા માટે અવલા (પ્રશંસાને પાત્ર) હોય. તેવી જ રીતે સય્યદ તેને કહે છે કે જે સામૂહિક મામલાની દેખરેખ રાખતા હોય. બંનેની વિશાળતા અને તંગીની મર્યાદાના ધોરણે સંપત્તિવાન અને સરદારીની માત્રામાં તફાવત રાખતો હોય. એક શહેરના જવાબદાર કોઇ દિવાનના હવાલો ધરાવનારથી વિશાળ સત્તા ધરાવતો હોય અને એક બાદશાહ સમગ્ર દેશ ઉપર સત્તા અને સાશન ધરાવતો હોય, તેનાથી ઉચ્ચ પયગમ્બરનું સ્થાન છે. જે સમગ્ર જગત માટે નિમાય છે. અને જે વ્યક્તિ પયગમ્બરની વારસદાર હોય તે તેની સુન્નતની અને બુઝુર્ગીની દેખભાળ રાખે.

જો આપણે મવલાનો અર્થ અવલા બીલ શયઇ તરફ માત્ર નજર કરી લઇએ તો પણ તેનો ભાવાર્થ સય્યદ, સરદાર અને અમીરને અવગણવો મુશ્કેલ છે. આ જ રીતે મવલાનો અર્થ અમીર અને સરદારના સૌથી ઉચ્ચ ભાવાર્થમાં અને વિશાળ ક્ષેત્રમાં ઉપયોગ કરી શકાય છે. મવલા શબ્દના ૨૭ અર્થ લખવામાં આવ્યા છે. હદીસે ગદીરમાં માત્ર આ બંને સંદર્ભના અર્થોની સિવાય બીજા અર્થમાં બંધબેસાડવા કે સમાન ગણવા અશક્ય છે. તે ૨૭ અર્થ આ છે :-

૧) પરવરદિગાર ૨) કાકા ૩) કાકાના દિકરા ભાઇ ૪) દિકરો ૫) ભાણેજ ૬) આઝાદ કરનાર ૭) આઝાદ થયેલો ૮) ગુલામ ૯) માલિક ૧૦) અનુસરણ ૧૧) અહેસાનમંદ ૧૨) સાથીદાર ૧૩) મદદગાર ૧૪) સાથી ૧૫) પાડોશી ૧૬) મહેમાન ૧૭) જમાઇ ૧૮) નજદિક ૧૯) એહસાનકાર ૨૦) ઇમાન ૨૧) વલી ૨૨) અવલા બીલ શયઇ ૨૩) સય્યદ સરદાર ૨૪) મોહબ્બત કરનાર ૨૫) મદદગાર ૨૬) માલિક અને અખત્યાર ધરાવનાર ૨૭) કાયદાનો રખેવાળ.

ઉપરના અર્થોમાં પરદવરદિગાર અર્થ કુફ્ર છે. તે માત્ર અલ્લાહ માટે જ

વપરાય. ૩ થી ૧૩ના અર્થો કરવા સ્પષટ જુઠ થશે. કારણ કે પયગમ્બર અલીના કાકા થઇ જશે. જો તેના કોઇ ભાઇ થાય અને અલી અબુતાલીબના ભત્રીજા થઇ જશે. જો કે રસુલે ખુદા હઝરત અબ્દુલ્લાના પુત્ર અને અલી તેમના ભાઇ અબુતાલીબના પુત્ર છે. બંનેની માતાઓ જુદી છે. તેથી પયગમ્બર જેના ભાણેજ હોય અલી પણ તેના ભાણેજ ન થઇ શકે. આપ સારી રીતે સમજી શકો છો કે જેને રસુલે આઝાદ કર્યા હોય અલી પણ તેને આઝાદ કરે. આ વાત સમજમાં આવે તેવી નથી. પછી તે પણ કે બંને શરૂઆતના અને અંતના આઝાદ મરદોના સય્યદ અને સરદાર છે. તે રીતે કોઇ પણ આઝાદ સ્ત્રીના પુત્રો નથી. તેમને કોઇના ગુલામ ગણવા પણ અર્થ વગરનું છે. તે પણ સ્પષ્ટ છે કે હઝરત અલી રસુલે ખુદાના ગુલામોના માલિક ન હતા. તેથી મવલાનો અર્થ માલિક પણ ન કરી શકાય.

રસુલે ખુદા (સ.અ.વ.) કોઇના તાબામાં ન હતા. સિવાય કે ખુદાના. તેથી તે અયોગ્ય છે. આપની ઉપર કોઇનો અહેસાન પણ ન હતો. બલ્કે આપનો અહેસાન સમગ્ર દુનિયા ઉપર છે. આપના ધંધામાં ભાગીદાર પણ ન હતા. પછી ભાગીદારનો શું અર્થ ?

સાથી, હમ સાયા, મહેમાન અને નજદીકી, પછી સગપણની હોય કે સ્થાનની. કોઇ અર્થ કરવો શક્ય નથી. કારણ કે તે માટે મહાન મેળાવડામાં મુસાફરીની તકલીફોમાં, કોઇ નિર્જન રણ વિસ્તારમાં સહન ન થઇ શકે તેવી ગરમીમાં એલાન કરવું, આગળ વધી ગયેલાઓને પાછા બોલાવવા, પાછળ રહી જનારની રાહ જોવી, રોકાવાને પાત્ર તેવી જગ્યા આ બધા પરિબળો માત્ર એ જ નિર્દેશ કરે છે કે આપ ખુદાની કોઇ મહત્વની તાકીદ પર અમલ કરવા માગે છે. પહેલા અમલ કરવાનો કોઇ અવકાશ ન હતો. તે માટે આપે આ સંમેલન ગોઠવ્યું. જો કે આપ મુસાફરીથી થાકેલા હતા. આ સૌથી મહત્વના એલાનના અમલની જાણ તે અંગે કરી કે ફરી મોકો ન મળે અને આ કામ તમામ હુકમો ઉપર વર્ચસ્વ ધરાવે. શું આ બધી અતી મહત્વની બાબતોનો ઉપયોગ કરીને લોકોને ખુદાની ખબર પહોંચાડવી જે કંઇજ મહત્વ ન ધરાવતી હોય? શું રસુલે ખુદાની પાસેથી આવી અપેક્ષા રાખી શકાય? ખુદા જાણે છે... રસુલ (સ.અ.વ.) બુદ્ધિમાં પ્રથમ, વિદ્વતા અને વકતવ્માં શ્રેષ્ઠ વક્તા હતા. સાચું તો એ છે કે આ અર્થઘટન કરવું તે રસુલ (સ.અ.વ.) ઉપર હલ્કુ અને પાંગળુ તહોમત છે. અને જો ધારી પણ લઇએ

તો તેમાં અલીની શું ફઝીલત છે જેના માટે અલીને મુબારકબાદ પેશ કરવામાં આવે. પ્રશંસાના પુષ્પો ચડાવે. સઈદ બીન વકાસ તો તે સમિપતાને પ્રકાશિત સહેરે વધુ મહત્વ આપે છે. આ અમૂલ્ય વસ્તુના વળતરમાં અમ્રે નુહની તમન્ના કરે છે.

એહસાન કરનારનો અર્થ પણ યોગ્ય નથી. કારણ કે રસુલે જેના ઉપર એહમાન કર્યો હોય તો જરૂરી નથી કે અલીએ પણ તેની ઉપર એહસાન કર્યો હોય. બલ્કે તેની વિરૂદ્ધનો હુકમ સ્પષ્ટ છે. પરંતુ એ અર્થ લઇ શકાય કે રસુલે જેની ઉપર દીન, હિદાયત, સંસ્કારના કથનો, દુનિયાની ઇજ્જત અને તેની જવાબદારીનું સ્થાન  ધરાવતા હતા, શરીઅતના રક્ષક અને દીનની તબ્લીગ કરનાર હતા. તે માટે ખુદાએ તેના કારણે દીનને સંપૂર્ણ કર્યો. આ દઅવતના કારણે નેઅમત સંપૂર્ણ કરી. આ ભાવાર્થ અમાનતની સમાન છે.

## અમારી સાબિતીથી અમારો નિર્ણયઃ

હવે રહી ગયું અકીદા - ઈમાન. રસુલ (સ.અ.વ.)એ અમુક કુટુંબો સાથે સુલેહ, મદદ અને એકબીજા સાથે મેળજોળના જે કરાર કર્યા તેની ઉપર અમીરૂલ મોઅમેનીન પણ અનુસર્યા. અને તેના કાર્ય અને રીતમાં આપને અનુસર્યા. તેમાં અમીરૂલ મોઅમેનીનની શું ફઝીલત છે. બધા મુસલમાન સરખા છે. આ સામાન્ય પ્રણાલી છે. તેની ચર્ચા અર્થહીન છે. પરંતુ જો તેનો આ અર્થ લેવામાં આવે તો તે સાચું થશે કે રસુલે ઇસ્લામી સલ્તનત હેઠળ જે કરાર કબીલાઓ સાથે કર્યા તેમાં અલી નફસે રસુલની રૂએ સાથે રહ્યા. અને આ અકીદાના  ગુણો અને ફઝાએલના અર્થાણાં લઇ શકાય. જેમકે અકીદલ કેરામ, અકીદલ ફઝલ. પરંતુ પહેલું તો એ છે કે અરબી સાહિત્યના નિયમ ઉપર ભાર છે અને બીજું એ કે તેનાથી રસુલની ઈચ્છા સમજવામાં આવે કે જે કોઇ પણ મને સત્ય આચરનાર અને ફઝાએલથી ભરપૂર સમજે તેઓ માટે જરૂરી છે કે અલી માટે પણ એજ અકીદો રાખે. તેથી અકીદાનો વધુ નજદીક અર્થ એ થઇ શકે છે કે રસુલ સાથે જે કરાર અને ધોરણ મુસલમાનોએ દીનની સાથે રહ્યા તેની મસ્લેહતોમાં મચ્યા રહે. અને ઝઘડાઓથી દૂર રહેવાની કોશિષ માટે આપની બયઅત કરી હતી. અલી (અ.સ.) પણ આ મામલામાં રસુલ (સ.અ.વ.)ની જેમ છે. આ અર્થ લેવામાં કંઇ ખોટું નથી. ઘટના પણ એવી જ છે. રસુલ (સ.અ.વ.)એ તેને બીજા શબ્દોમાં ફરમાવ્યું છે કે આ

અલી મારા વારસદાર છે અને મારી પછી ઈમામ છે. દોસ્ત અને મદદગારઃ જો મવલાનો અર્થ અને મદદગાર માની લઈએ તો રસુલ (સ.અ.વ.)નો હેતુ અલીની મોહબ્બતનો લગાવ અને અલી (અ.સ.)ની મદદની પ્રેરણા થઇ શકે છે. જેની ઉપર કાંતો તમામ મુસલમાન બાકી હતા અથવા તો આપ મુસલમાનોને તેની મોહબ્બત અને મદદનો હુકમ આપી રહ્યા હતા. જે હોય તે આ રીતે શબ્દ કાં તો ખબર આપવી અથવા વાત ઉભી કરવી. જયાં સુધી ખબર આપવાની વાત છે તો આ મામલો એવો ન હતો કે જે અજ્ઞાત હોય અથ રસુલે પહેલા તેની તબલીગ ન કરી હોય જેના માટે અસાધારણ વ્યવસ્થા ગોઠવીને કુરઆનમાં તાકીદ, સ્થળનું નક્કી કરવું અને લોકોને તકલીફોમાં મૂકીને નવી બાબતની ખબર એટલા માટે કે દીન સંપૂર્ણ કરવામાં આવે, નેઅમત પૂરી કરવામાં આવે અને ખુદા રાજી થાય. નવી રીતે વ્યવસ્થા ગોઠવવામાં આવે જેથી શરીઅત અધુરી ન રહે. મુસલમાન તે જાણતા હતા. આ સાબિતી તો છે કે કોઇ એવી વાત કરી છે કે જે ખુદ કહેનાર અગાઉથી તે જાણતા ન હતા. આ કઇ રીતે સમજાય. કારણ કે તમામ લોકો દિવસ રાત કુરઆન પડતા હતા કે તમામ મુસલમાન આપસમાં ભાઇ ભાઇ છે. મોઅમીનો એકબીજાના દોસ્ત હોય છે. ભાઇ હોવું મોહબ્બત કરવાને આધિન છે. ખુદા અને રસુલ આવા અર્થહીન અને બેકાર હુકમથી પાક છે.

બીજી રીતે રસુલે અર્થ લીધો હોય તે મોહબ્બત અને મદદ માટે વાત ઉભી કરવી. તેમાં પણ એજ બધી ખરાબીઓ ફરજીયાત બની જાય છે. આ મોકા ઉપર કોઇ વાત કહેવી કે શરીઅતના સંદેશાઓ વિચારી જ ન શકાય. જે પહોંચાડી દેવાયા હોય અને તે કહેવાની જરૂર હોય .પછી એ કે અહીં રસુલ (સ.અ.વ.)એ એમ કહેવું જોઇતું હતું કે જે પણ મારા મદદગાર અને દોસ્ત હોય તેઓના માટે જરૂરી છે કે અલી સાથે મોહબ્બત અને મદદ કરવાનું દર્શાવે અને આ બંને શબ્દો બિનઉપયોગી છે. તે માટે સબત બીન જુઝી તઝકેરતુલ ખવાસમાં લખે છે, ''અહીં મવલાનો અર્થ મદદગાર સમજવો યોગ્ય નથી.' તેના લખાણની આગળ નોંધ કરી તે સિવાય મોહબ્બત અને મદદનું વાજીબ હોવું અલી માટે ખાસ નથી. તમામ મુસલમાનો શરીઅતની રૂએ એકબીજા સાથે મોહબ્બત અને મદદ માટે બંધાયેલા છે. અમીરૂલ મોઅમેનીન માટે ખાસ વ્યવસ્થાની જરૂર ક્યાં હતી? જો ખાસ રીતે આપની મોહબ્બત અને મદદ રચ્યતની ઉચ્ચતા આપનું અનુસરણ અને હુકમની તાબેદારીને વાજીબ કરવાના હેતુથી હતો તો આ અર્થ અલી (અ.સ.)ની

ઈમામત ખુદ પોતે દલીલ છે. ખાસ કરીને મન કુન્તો મવલાહોનું વાક્ય તેની સ્પષ્ટતા કરી રહ્યું છે. આ રીતે બંને ફિકરાઓને જુદા જુદા સમજવા તે ઈરશાદે રસુલ (સ.અ.વ.)ને અર્થહીન બનાવી દેશે.

ત્રીજી શક્યતા એ હોય શકે કે રસુલ ખબર આપી રહ્યા હોય કે તમામ મોઅમીનોની મોહબ્બત અને મદદ અલીની જવાબદારી છે. આ સ્થિતિમાં તાકીદની વાત અલી (અ.સ.)ને કેહવી જોઈએ. સાંભળનારાઓને સંબોધન કરવું યોગ્ય નથી.  તેવી રીતે ચોથી શક્યતા એ કે મોહબ્બતના વાજીબ હોવાની સચોટતા માટે રસુલનો પ્રબંધ, મજમાને સાંભળવા માટે ધ્યાન દોરવું, તબ્લીગી મુનાશેદા માત્ર એટલા માટે હતા કે લોકો વધુમાં વધુ અલી (અ.સ.)ની મોહબ્બતનો એકરાર કરે, તેની તાબેદારી કેર અને કોઈ પણ જગ્યાએ ઉલ્લંઘન ન કરે. તેમજ આપની મદદમાં કોઈ જરાપણ ઢીલ ન કરે.

રસુલ (સ.અ.વ.)ની સંબોધનની આ રીતે કે આપે મન કુન્તો મવલાહોથી શરૂઆત કરી. તેથી આપનો હેતુ એજ હોઈ શકે છે કે જેવી રીતે રસુલ (સ.અ.વ.) અલી (અ.સ.)થી મોહબ્બત કરે છે, તમામ લોકો તેવી જ રીતે મોહબ્બત કરે. તેમાં આપ મોઅમીનોની આપસની મોહબ્બતની સરખામણીમાં અલીને અગ્રતા પ્રાપ્ત છે. કારણ કે આપ પોતાની ઉમ્મતને દોસ્ત ગણે છે. તેઓની મદદ કરે છે. કેમકે આપને દુનિયા અને આખેરતની ઉચ્ચતા પ્રાપ્ત છે. તેઓના મામલાઓના માલિક છે. તેઓની વ્યવસ્થાના સંભાળનાર છે. લોકોના રક્ષક છે. તે હુકમોમાં મોઅમેનીનના ખુદ તેઓના નફસોથી ઉચ્ચત્તર છે. જો આપ આ રીતે મોહબ્બત અને મદદગારીને પ્રદર્શિત ન કરત તો લોકોના લાભો જંગલી ભેડીયાઓ હડપ કરી લેત અને માથા ભારે જંગલીઓની ઉદ્ધતાઈ વધી જતી. ચારે તરફ જુલમ અને અત્યાચાર ભડકી ઉઠતા. આ રીતે દુશ્મનની ધાક, જાનમાલની તારાજી, સ્ત્રીઓની લાજ મર્યાદાની એવી પરિસ્થિતિ ઉભી થતી કે શરીઅતના માલિકનો દીન, ખુદાના કલેમાની ઉચ્ચતાનો પાયાનો હેતુ માટીમાં મળી જાત. જાહેર છે કે જેની મોહબ્બત અને મદદ લોકોની એ હદ ઉપર હોય એજ રસુલ (સ.અ.વ.)ના ખલીફા થશે. જો આ ભાવાર્થ સમજી જવાય તો મારા નક્કી કરેલા અર્થની સાથે બંધ બેસે છે.

## હદીસે ગદીરનો થઈ શકતો અર્થ :

મવલાના લખાયેલા શક્ય અર્થોમાં હવે માત્ર મવલા, અવલા બીલશય (કોઇ વસ્તુનો વધુ હકદાર, સૌથી વધુ લાયક) સય્યદ (સરદાર) અને આકા (નહીં કે માલિક અને આઝાદ કરનારાઓના અર્થમાં) મુતસર્રીફ ફીલ અમ્ર (મામલાઓમાં ભરપૂર દખલ) અને મોતવલ્લીના જ રહી જાય છે. હવે વલીના શબ્દથી અવલા અર્થ લઇ શકાય છે. જેનીદલીલો લખાઇ ગઇ. કારણ કે બીજા અર્થો સાચા નહીં થાય. સય્યદનો પણ સંદર્ભના અર્થથી અવલા બીલશય નો ભાવાર્થ જુદો નહીં કરી શકાય. કારણ કે રસુલે ખુદા (સ.અ.વ.)એ પહેલા પોતાની જાતની પ્રશંસા કરી પછી પોતાના ઇબ્ને અમની. આ કારણે મુશ્કેલ છે કે આ શબ્દ એવી વ્યક્તિને માટે કહેવામાં આવે જેણે જુલમ અને જબરદસ્તીથી સરદારી મેળવી લીધી હોય. બલ્કે તેનો દીનની આમ સરદારી અર્થ છે. જેની તાબેદારી તમામ ઉમ્મત ઉપર વાજીબ છે .તેવી જ રીતે મુતસર્રીફ ફીલ અમ્રનો અર્થ જેમકે ઇમામ રાઝી, મુફતીએ રૂમ સઇદ પલબી, ખફાજી, જાુઝી, જહરમી, અબ્દુલ હક મોહદીસ દેહલવીએ લખ્યું છે. તેનો અર્થ માણસ જે બીજાની સરખામણીમાં ઇન્સીનય્યતના સંપૂર્ણ અર્થમાં અને દખલમાં સૌથી વધુ લાયક હોય, તે એવી જ વ્યક્તિ હોઇ શકે છે કાં તો નબી હોય અથવા તાબેદારીને વાજીબ ઇમામ જેને અલ્લાહના હુકમની તાકીદ થાય છે.

યુન્હી મોતવલ્લબી અમ્ર જેવા સ્વિકૃતી મેળવનારે મવલાના અર્થોમાં લખ્યું. તેમના મત મુજબ વલી અને મવલા સમાન અર્થ ધરાવે છે. વલી એ છે જે સર્જનોમાં સૌથી વધુ લાયક અને તેઓના મામલાઓમાં દખલ હોય. આ અર્થ તફસીરે વસીત, કરતબી, નહાયા ઇબ્ન અસીર, તાજુલ અડરૂસ ઝહીરી, લેસાનુલ અરબ ઇબ્ન મનઝુર બયઝાવી, હમારી, રાઝી અને અમહદ હસન ઝાહેદે કર્યો છે. સંદર્ભનો અંતિમ અક્ષર મવલા માટે લખે છે કે મવલા તેને કહે છે જે તમારી મસ્લેહતોનો મવલા (સત્તાધારી) હોય. તમારા મવલાઓને જોનાર, દુશ્મનોથી બચાવનાર તમારા મવલા હશે. આ રીતે કાકાના દિકરા ભાઇને અને આઝાદ કરનારને પણ તમારા મવલા કહેવામાં આવે છે. પછી આ શબ્દ નામ હશે. એવી વ્યક્તિઓના માટે જે કોઇના મામલામાં  સત્તાધારી બની જાય. આ વિવરણની સંખ્યામાં મખશરી, મોબર્રદ, અહમદ બીન યુસુફ શયબાની, નફસી, નીશપૂરી, કતલાની, બુખારી, મુસ્લીમ અને સયુતીના નામો યાદીમાં સૌથી આગળ ઉપર છે. જ્યારે આ આલીમોએ સાફ સાફ લખ્યું છે કે વલીનો અર્થ અવલા છે. તો યકીન

સાથે રસુલે આજ અર્થમાં આ શબ્દનો ઉપયોગ કર્યો છે. આ તબક્કે ખાસ કરીતે લોગાત અને કથનોના પ્રકાશનોના આધારે અમારી માન્યતા છે કે મવલા શબ્દનો સાચો અર્થ બીજા અર્થોની સરખામણીમાં અવલા બીન શય જ નક્કી થાય છે. અને જરા ઉંડાણપૂર્વક જોવામાં આવે તો આજ અર્થ બધા અર્થોમાં સર્વોપરી છે. મૌલા શબ્દના લખવામાં આવેલા બધા અર્થોનો ઉપયોગ આ અર્થની જેમ થાય છે. આ પૂર્વભૂમિકાના પ્રકાશમાંઃ

૧. ખુદાવંદે આલમ સૌથી વધુ પાત્ર છે. તેના સર્જનોમાં દરેક પાંગળા છે. તેને બરાબર બરાબર પેદા કર્યા. પોતાની હિકમતી અને મશીય્યતથી ઉપયોગ કરે છે.

૨. કાકા અવલા અને તમામ લોકોની સરખામણીમાં પોતાના ભત્રીજાના રક્ષણ અને ઉછેરમાં વધુ પાત્ર છે. આ ભત્રીજાની બાપની જગ્યાએ છે જે અવલા હતા.

૩. કાકાના દિકરાઃ કાકાના દિકરા ભાઇની મદદના સંદર્ભમાં બીજાથી અવલા છે. કારણ કે બન્ને એક ઝાડની બે ડાળીઓ છે.

૪. પુત્ર : બાપની તાબેદારી અને નમ્રતાના સંબંધમાં અવલા છે. કારણ કે કુરઆનનો હુકમ મોજુદ છે.

૫. ભાણેજ : આમ લોકોની સરખામણીમાં માસીની આજીજી માટે અવલા છે કારણ કે તેની માની સાથીદાર છે.

૬. આઝાદ કરનારઃ આઝાદ થયેલ માણસ માટે અવલા છે. બીજાની સરખામણીમાં

૭. આઝાદ થયેલ અવલા છે તેના માલિકના આભારના સંદર્ભમાં.

૮. ગુલામ : પણ અવલા છે. તેના માલિકની તાબેદારીમાં.

૯. માલિક : તેના ગુલામને પોષવા અને સત્તામાં અવલા છે.

૧૦. તાબેદાર : તેના માર્ગદર્શકના માટે અવલા છે, અનુસરણ કરવામાં.

૧૧. અહેસાનમંદ : અવલા છે અહેસાન કરનારના આભાર માનવમાં બીજાથી

૧૨. સાથી : અવલા છે તેના સાથીના હકમાં સામેલ થવાના કારણે

૧૩. મદદગાર : તે અવલા છે તેના વાયદા ઉપર વફાદારી માટે બીજાથી

૧૪. સાહબ : તેવી જ રીતે સાથીના હકને અદા કરવામાં બીજાથી અવલા છે.

૧૫. પાડોશી પણ દૂર રહેનારાની સરખામણીમાં તેના રક્ષણના હક માટે અવલા છે.

૧૬. મહેમાન પણ જ્યાં આવ્યા હોય, કદર કરવા માટે અને હક માટે અવલા છે.

૧૭. જમાઇ તેના સાસરાના હકના કારણે અવલા છે. હદીસની રોશનીમાં બાપ ત્રણ છે. જેને જન્મ આપ્યો જેણે સ્ત્રી આપી અને જેણે તાલીમ આપી.

૧૮. નજદીકના પણ દૂર રહેનારા કરતાં અવલા છે ચર્ચા વિચારણા માટે.

૧૯. જેના ઉપર અહેસાન કરવામાં આવ્યો છે તે એહસાન કરનાર તેનો અવલા છે કે જેથી અહેસાનો થયા કરે.

૨૦. ઇમામ પણ એકબીજાના સહકારના સંદર્ભમાં અવલા છે.

મોહબ્બત કરનાર અને મદદગાર પણ અવલા છે. આ જ રીતે પાછળના પાનાઓમાં સય્યદ, મુતસર્રીફ બીલ સર્ફ અને મોતવલ્લીના બારામાં સ્પષ્ટતા થઇ ગઇ છે કે તેનો ભાવાર્થ અવલા બીલ શય સિવાય બીજો કંઇજ નથી. આ રીતે મવલાનો એક માત્ર અર્થ અવલા બીલ શયઅ રહી જાય છે. અવલીય્યતનો ભાવાર્થ તેના જુદાજુદા ઉપયોગમાં બદલાતો રહે છે. તે કારણે મવલા શબ્દમાં સંકળાવવાનો અર્થ છે જે શબ્દથી છે અવલા છે.

આ દ્રષ્ટિકોણને છઠ્ઠી સદીના વિદ્વાનો અમારી પહેલા ઉમદા રીતે ટેકો આપી ચૂક્યા છે. તેઓની સિવાય અહલે સુન્નતના બીજા આલીમો ભરપૂર રીતે ફાયદાઓ રજૂ કરી ચૂક્યા છે. સહીહ મુસ્લીમમાં રસુલે ખુદાની હદીસ છે. લા યકબલુલ અબ્દલ સય્યદ મવલાહો એટલે ગુલામે તેના માલિકને મવલા કહેવું યોગ્ય નથી. અબુ મઆવીયાનો આ હદીસમાં આ ફકરામાં વધારો છે. ફઇન મવલા કોમુલ્લાહ કારણ કે તમારો મવલા માત્ર ખુદા છે. આ હદીસની રિવાયત અસંખ્ય આલીમોએ લખી છે. તેથી સાબિત થાય છે કે જયારે પણ સ્વતંત્ર શબ્દ બોલવામાં

આવે ત્યારે મનમાં અવલા જ સમજાય છે. હદીસે ગદીરના નક્કી કરેલ મતલબના સંદર્ભમાં આગળ ચર્ચા કરવામાં આવી રહી છે.

નિશ્ચિત કરેલ યોગ્યતા જ નજદિકથી અને નિર્ધારિત ચર્ચા અહીં સુધી પહોંચી કે સંશોધનની દ્રષ્ટિવાળાથી છટકી ન શકે. તે રીતે મવલાનો અર્થ અવલા બિલ શયઅ સ્વિકાર્યા વિના નહી રહે. જો આપણે તેનાથી નીચે ઉતરીને કહીએ મવલાના ઘણાં અર્થો પૈકી એક અને મૂળ શબ્દ છે. તો પણ આપણો હેતુ પાર પડે છે. કારણ કે હદીસે ગદીરમાં ક્યાંક નજદીકના અને ક્યાંક નિર્ધારિત યોગ્યતા જોવા મળે છે. જે અવલ બીલ શયઇ સિવાયના બધાં અર્થને નકારે છે. આ છે કહેવાનો અર્થ!!

**પહેલી યોગ્યતા :**

હદીસનો પહેલો ફકરો છે : અલસ્તો અવલ... શું હું તમારા નફસો ઉપર તમારાથી વધુ અખત્યાર નથી ધરાવતો? અથવા તેનાથી વધુ નજદિક બીજો ફકરો તે પછી મનકુન્તો... હદીસને આ વિવરણની સાથે અહમદ બીન હમ્બલ, ઇબ્ન માજા, નેસાઇ, શયબાની, અબુ યઅલી અને તબરી જેવા ૭૪થી વધુ આલીમોએ નોંધ કરી છે. જે પાછળના પાનાઓમાં જોઇ શકાય છે. હદીસના તરિકામાં સહાબા અને તાબેઇન છે. તેની ચર્ચા કરવામાં લંબાણ થશે. તે સિવાય અસંખ્ય શીયા આલીમોને પણ સાંકળી લો તો સાબિત થઇ જશે કે રસુલ (સ.અ.વ.)એ હદીસના પહેલા અલસ્તો મવલા... નો ફીકરો જરૂર કહ્યો. આ કારણે જો રસુલે ખુદા (સ.અ.વ.) પહેલા એક નક્કી અને પછી બીજા ફીકરમાં કોઇ બીજો અર્થ કરવા માગતા હતા તો તો વાતનું સાતત્ય તૂટી જશે. જે વકતવ્યને હલ્કું કરી દેશે. રસુલ સ.ની ભાષા તો વકતૃત્વ કલામાં શ્રેષ્ઠ હતી. તેથી પહેલા અને બીજા ફકરાના સમાન અર્થ નક્કી કરવા સિવાય વિકલ્પ નથી. અને તે જ તરજુમો કરનારની ખરેખરી ઇચ્છા હતી. વધુમાં વાતની સ્પષ્ટતા સબ્ત જાૂઝીએ કરી છે. મવલાના અર્થની સંખ્યા ગણાવ્યા પછી દસમો અર્થ મવલા લખીને વધારો કર્યો છે કે મવલાનો અર્થ ખાસ તાબેદારી છે. તે રીતે હદીસનો અર્થ આ થશે. મન કુન્તો મવલાહો બેહી મન નફસહૂ ફ અલી અવલા બેહી (જેના નફસ ઉપર હું અખત્યાર ધરાવું છું અલી પણ અખત્યાર ધરાવે છે.)

હાફીઝ અબુલ ફરજ અલ બહરયનમાં ખુલાસો કરે છે કે રસુલ સ.એ

અલીનો હાથ પકડીને ફરમાવ્યુંઃ મન કુન્તો વલીયહુ વ અવલા બેહી મન નફસહુ ફ અલી વલીયહુ. જેનો હું વલી છું તેના નફ્સ ઉપર કુલ મુખત્યાર છું. આ અલી પણ તેના વલી છે. તેથી ખબર પડી કે મવલાના તમામ અર્થમાં ફક્ત અને ફક્ત અવલા બીલ શયઇ જ સૌથી વધુ સ્વિકાર્ય છે. અને રસુલ (સ.અ.વ.)નું કહેવું અલસ્તો... પણ તેની ઉપર જ વિલાયત કરે છે. આ હદીસમાં ઇમામતની સાબિતી એક માત્ર અલી (અ.સ.)ની ઇમામત ઉપરનો સ્પષ્ટ આદેશ છે.

ઇબ્ન તલ્હા ખુલાસો કરે છે કે હદીસના આલીમોએ તેમાં મવલા શબ્દને અવલાના અર્થમાં લીધો છે. આલીમોની સ્વિકૃતિઓના ઉદાહરણો આગળ લખાશે.

**બીજી યોગ્યતા :**

હદીસ પછીનો ફકરો છે. અલ્લાહુમ્મ..... આદાહો. આ વાક્યની રિવાયત પણ છે. વ અન્સર.... ખઝલહૂ અને તેની જેવા ફકરાઓ રિવાયતમાં જોવા મળે છે. આ ફકરાની સનદો હદીસકારોની કિતાબોમાં ભરી પડી છે. આ ફકરો પણ સ્પષ્ટ યોગ્યતા પૂરી પાડે છે કે મવાલનો અર્થ અવલા સિવાય બીજો કરી શકાતો નથી. તે ઇમામતના અર્થની ફરજ પાડે છે.

બીજું એ કે આ દોઆ સર્વ સામાન્ય છે. કોઇ કાળ કે સમયનું બંધન નથી. જે ઇમામતની પરહેઝગારીની વિલાયત કરે છે. તેનાથી એ પણ જાણવા મળે છે કે અલીના દોસ્તોની વિલાયત અને મદદ અને અલીના દુશ્મનોનું અપમાન અને બદહાલી દરેક કાળ અને સમય સાથે સબંધિત છે. તેમાં ફરજિયાત એ છે કે આપ દરેક સ્થિતિમાં મઅસુમ છે. એક પળ માટે પણ ગુનાહનો વિચાર નથી શકાતો. હક આપની સાથે છે કારણ કે એક પળ માટે પણ ગુનાહ માની લેવાથી આપનું અપમાન અને અનુસરણમાંથી પાછું હઠવું ફરજ થઇ પડે છે. કારણ કે રસુલે કોઇ કાળને અપવાદ નથી ફરમાવ્યો. તેથી અલી કોઇ જમાનામાં પણ પરહેઝગારીથી જુદા નથી થઇ શકતા. જે વ્યક્તિ આ ઉચ્ચ સ્થાન ઉપર હોય, વાજીબ રીતે તે લોકોના ઇમામ થશે અને તેનાથી ઉતરતાને ઇમામ ગણવા શરમજનક છે. દેખીતું છે કે તે લોકોના નફસો ઉપર તેઓથી વધુ અખત્યાર ધરાવે છે.

ત્રીજું એ કે રસુલ (સ.અ.વ.)ની દોઆના સંદર્ભ અને ઇલ્મ અને ગણતરીમાં સૌથી વધુ યોગ્ય અર્થ આ જ નક્કી થાય છે. એ જ નક્કી થાય છે કે લોકોને અલી

(અ.સ.)ની તાબેદારીમાં શામીલ કરી રહ્યા હતા. આ દોઆથી તાબેદારીની પ્રેરણા આપી રહ્યા છે. અને આપના હુકમથી વિમુખ થવાથી અટકાવી રહ્યા છે. આ અર્થ આ જ સમયે નક્કી થશે. જ્યારે મવલાનો અર્થ અવલા સમજવામાં આવે તેથી ઉલ્ટું જો મોહીબ અને નાસીર કરવામાં આવે તો તેનો અર્થ એજ થશે કે અલી તેના દોસ્ત છે જેને રસુલે ખુદા દોસ્ત ગણે છે. અથવા અલી તેના મદદગાર છે જેના રસુલે ખુદા મદદગાર છે. આ સંજોગોમાં યોગ્ય એ હતું કે અલી જે વખતે મોહબ્બત અને મદદ કરતાં ત્યારે કહેવામાં આવતું ન કે ઉમ્મતના બધા લોકોને સાંકળી લેવાતા કે જો તે દોસ્તી કરે તો દોસ્ત અને દુશ્મની કરે તો દુશ્મન. પરંતુ એક અર્થ એ પણ થઇ શકે છે કે રસુલે ખુદા (સ.અ.વ.) ઉમ્મત અને હઝરત અલી (અ.સ.) વચ્ચે મોહબ્બતની રસમો કાયમ કરવા માગતા હતા. પરંતુ પહેલી વાત તો એ છે કે જે વખતે રસુલે ખુદાએ ખુદાના હુકમથી પોતાના વસીની માત્ર ઈમામતને સમગ્ર ઉમ્મત ઉપર ફરજ પાડવામાં માટે એલાન કર્યુ ત્યારે આપ લોકોની પ્રકૃતિ જાણતા હતા કે આ બાબત આ જ સમયે કાર્યરત કરી શકાય તેમ છે, જયારે લશ્કર ભારે હોય અને અનુસરનારાઓ સંખ્યાબંધ હોય જેથી વિલાયત અને કામ કરનારાઓની મદદથી લોકો અલીના તાબેદાર બની શકે. એક તરફ આપ એ પણ જાણતા હતા આ સમૂહમાં અલી (અ.સ.)ના ઈર્ષ્યાખોરો પણ છે. જેમ કે કુરઆનમાં તેનું બયાન મોજુદ છે. તેઓમાં દંભીઓનો સમૂહ પણ છે. જેઓ વેરવૃત્તિની બેહુદી ભાવનાઓથી ભરેલા છે. તે સિવાય હકુમત અને સત્તાના લાલચું છે. તેઓ ખિલાફતના હકદાર નથી. પરિણામે અલીની હક પસંદી અને અદાલત તેઓની મલિનતા સાથે મેળ નહીં ખાય. વિરોધ અને લડાઇનું વાતાવરણ ગરમ થશે. આપે તેની તરફ જ ઇશારો કર્યો હતો કે જો કે તમે તેમ તેમ કરશો નહીં. જો અલીને તમારા હાકીમ અને અમીર સ્વિકારી લો તો તમે તેને પેશ્વા અને માર્ગદર્શક જોશો. એક બીજી રિવાયત છેઃ જો કે તમે તેમ કરશો નહીં, પરંતુ જો અલી (અ.સ.)ને તમારા ખલિફા સ્વિકારી લો તો તેમને પેશ્વા અને માર્ગદર્શક તરીકે મેળવશો. આ રીતે આપે વિલાયતના એલાન પછી અલી (અ.સ.)ના મદદગારો માટે દોઆ શરૂ કરી દીધી. અને દુશ્મનો ઉપર નફરીન કરવા લાગ્યા. જેથી તેની દ્વારા અલીની ખિલાફત સંપૂર્ણ થઇ શકે. લોકો સમજી જાય કે તેમની દોસ્તીથી ખુદા અને રસુલ રાજી અને દુશ્મનીથી નાખુશ છે. આ રીતે લોકો અલીની આસપાસ ઢાલ બની જાય. દોઆના ફકરામાં સમાજનું હોવું અલીના જવલંત

સ્થાનનો સંકેત કરે છે. જેની દોસ્તીની સરખામણી ખુદાવંદે આલમની દોસ્તીથી કરી છે. આ ઇરશાદ અને દોઆઓના ફકરામાં ઘણો વધારે છે. જયારે મોઅમીનોમાં આપસમાં મોહબ્બતનો ખુદાનો હુકમ તેનો મુકાબલો નથી કરી શકતા. લોકોએ જોયું કે અલી (અ.સ.) દરેક સ્થિતિમાં ઉમ્મતના તમામ લોકો સાથે મોહબ્બત કરે છે અને અલી એવા હતા. પણ આવી સ્થિતિમાં રસુલ સ.એ અલીને પોતે જ ખલિફા બનાવી દીધા. જેથી મોહબ્બત અને મદદનું વળતર આપીને લોકોને મુક્તિ અને અજ્ઞાનતાથી છૂટકારો અપાવે. જેથી સલ્તનતો અને રૈયતની વચ્ચે આ વસ્તુ પ્રકાશિત થાય. જેમ કે રસુલ (સ.અ.વ.) સાથેની આપણી મોહબ્બત અને નુસરત આ રીતે છે. તેથી વિના વિકલ્પે જે માણસ આપની જવાબદારીઓ સ્વિકારે તે આવી વિશેષતા ધરાવતો હોવો જોઇએ. આ રીતે મોહબ્બત અને નુસરતનો ઇમામતના અર્થનો સંકેત કરે છે. જેથી શબ્દ અવલાનો લાભ મળે છે. તે સિવાય આલીમો અને હાફીઝોએ જે અસંખ્ય રીતે અને ક્રમબદ્ધ રીતે હદીસે ગદીરની રિવાયત કરી જે અમે ઠરાવેલ ભાવાર્થની સાથે જ મેળ ખાય છે.

**ત્રીજી માન્યતા :**

રસુલ સ.નો અંદાજ પણ જુઓ. આપે કહ્યુંઃ લોકો! કઇ વાતની ગવાહી આપો છો?' તેઓએ જવાબ આપ્યો, ''અમે ગવાહી આપીએ છીએ કે અલ્લાહની સિવાય બીજો કોઇ ખુદા નથી.' આપે પૂછ્યું, ''પછી કઇ વાતની ગવાહી આપો છો?' જવાબ આપ્યો, ''મોહમ્મદ સ. તેના બંદા અને રસુલ છે.' પછી આગળ કહે છે.... સૌએ કહ્યુંઃ હા, અમે તેની ગવાહી આપીએ છીએ. રસુલ સ.એ કહ્યુંઃ ''એ ખુદા ગવાહ રહેજે.' તે પછી કહ્યું, ''લોકો ખુદા મારો મવલા છે અને હું મોઅમીનોનો મવલા છું. હું મોઅમીનો ઉપર તેઓના નફસોથી વધુ (અખત્યાર ધરાવું છું) અવલા છું. પછી જેનો હું મવલા છું તેના આ અલી મવલા છે.' આ રીતે તૌહીદ અને રિસાલતની પાકી સાક્ષીઓમાં જે અવલીય્યત દરેક ઉપર ફરજ છે અલીની વિલાયતનું એલાન કરવું દેખીતું છે કે તેથી ઇમામત જ અર્થ લઇ શકાય. અને આ લોકોના નફસો ઉપર તેમનાથી વધુ અખત્યાર ધરાવવાનો સમાન અર્થ છે.

**ચોથી માન્યતાઃ**

રસુલ સ.એ એલાન પછીઃ ''ખુદા બુઝુર્ગ છે. તેણે મારી રિસાલત અને અલી (અ.સ.)ની વિલાયત ઉપર દીનને સંપૂર્ણ કર્યો. નેઅમતો પૂરી કરી અને ખુદા રાજી થયો.' ફરમાવવું. તેથી આપ શું અર્થ સમજી શકો છો. તેથી ઇમામત અને અવલા બીલ નફસની સિવાય પણ કોઇ અર્થ સમજી શકાય.

પાંચમી માન્યતાઃ

એલાને વિલાયતની પહેલા આપે ફરમાવ્યું, ''મને મોતની દાવત આપવામાં આવી છે. અને મેં સ્વિકારી છે. અથવા એમ કહ્યું, મને બોલાવવામાં આવે અને હું સ્વિકારૂં અથવા આ શબ્દો શક્ય છે કે બહુ જલ્દી હું તમારાથી જુદો થઇ જાઉં. અથવા ખુદાનો સંદેશો આવે અને હું જવાબ આપું.' હફ્ફાઝના આ સિલસિલાબંધ ફકરા છે. આ તે વાતનો સંકેત કરે છે કે આપની કોઇ સૌથી મહત્વની તબ્લીગ બાકી છે. આપને સંદેહ છે કે ક્યાંક તે પહેલા જ મોતનું તેડું ન આવી જાય. જો આ કામ નથી તો તબ્લીગ ક્ષતિયુક્ત રહી જાય. તે પછી આપે અમીરૂલ મોઅમેનીન અને પવિત્ર ઇતરતની વિલાયત સિવાય કોઇ એલાન ન કર્યું. આ સહીહ મુસ્લીમ અને બીજા વિશ્વાસપાત્રોનું બયાન છે. હવે તે પછી પણ આ સૌથી મહત્વના એલાનનો અર્થ ઇમામત સિવાય પણ સમજી શકાય છે. જેની માટે એલાન થયું છે તે લોકોના નફસો અવલા હોવા સિવાય પણ બીજાું પણ કંઇ હોઇ શકે છે.

**છટ્ઠી માન્યતા :**

રસુલે ખુદાએ ઇમામતના એલાન પછી ફરમાવ્યું : મને મુબારકાબાદ આપો. ખુદાએ મને નબુવ્વતથી અને મારી અહલેબયતને ઇમામતથી ખાસ કર્યા છે. આ લખાણ સ્પષ્ટ કરે છે કે અહલેબયતની ખાસ ઇમામતનું એલાન હતું. જેના સૌથી પહેલી વ્યક્તિ અલી (અ.સ.) હતા. આ સમયે રસુલ સ.નો મતલબ માત્ર ઇમામત જ હતો. તેના પછી ત્રણ દિવસો સુધી મુબારકબાદ, બયઅત, મુસાફેહા અને બગલગીરીની વિધિ પરાકાષ્ઠાએ હતી. તેનાથી ખિલાફત અને અવલીય્યતનો જ અર્થ સમજમાં આવી શકે છે. આજ કારણથી અબુ બક્ર અને ઉમરે અલીની વિલયતની મુબારકબાદ પેશ કરી અને જાહેરમાં મવલા શબ્દોનો રસુલની જ લાક્ષણિકાતનો ઉપયોગ કર્યો. તેનાથી માત્ર અવલ જ ભાવાર્થ થઇ શકે છે.

**સાતમી માન્યતાઃ**

એલાન પછી ફરમાવ્યું, હાજર રહેલાઓએ ગેરહાજર રહેનારઓને આ વાત પહોંચાડી દેવી જોઇએ. જો મોહબ્બત અને નુસરત અર્થ લેવાનો હોત તો કુરઆનમાં મોઅમીનોની આપસમાં મોહબ્બત અને નુસરત હુકમ મોજુદ જ છે. કોઇ સમજદાર માણસ આ વ્યવસ્થામાં એલાનને યોગ્ય નહિં ગણે. બેશક નિર્ણય થશે કે રસુલ મહત્વની ફરજથી મુક્ત થવા માગતા હતા. તેનો અર્થ એ જ ઇમામત છે જેનાથી દીન સંપૂર્ણ થયો.

**આઠમી માન્યતાઃ**

અબુ સઇદ વજાબરના શબ્દોમાં : તકમીલે દીનના એલાન પછી નેઅમત પૂરી થવા પર રસુલ (સ.અ.વ.)એ તકબીર કહી. વહબના શબ્દોમાંઃ આ અલી મારા પછી તમારા વલી છે. હઝરતના શબ્દોમાંઃ મારા પછી દરેક મોઅમીનોના વલી. તેવી જ રીતે હદીસકાર હફ્ફાઝના શબ્દોમાં યકીન સાથે અલી મારાથી છે અને હું અલીથી છું. અબુ નઇમે હલીયામાં હદીસ લખી છે. જે માણસ મારી જેમ જીવવાનું અને મરવાનું અને જન્નતના શાદાબ બાગમાં રહેવા માગતો હોય તેણે મારી પછી અલીને વલી માનવા જોઇએ. ઇમામોનું અનુસરણ કરવું જોઇએ. તે મારી ઇતરત અને તીનતથી પેદા કરવામાં આવ્યા. એક વિશ્વાસપાત્ર અને સાચી સનદની સાથે ઇબ્ન અબ્બાસ હઝીફા અને ઝયદની રિવાયત છે જે પસંદ કરે છે કે તેનું જીવન અને મોત મારી જેમ હોય. અને યાકુતના હિરાની જેવો ચળકાટ કરવા માગતા હોય. જેણે ખુદાએ પોતાની જ કુદરતના હાથે બનાવ્યા હોય તેને માટે જરૂરી છે કે મારી પછી અલીની વિલાયત સ્વિકારે. આ બધી વાતો આપની વિલાયતની સાબિતી આપે છે. તેમાં (પછીનો) શબ્દ છે. તેથી તમામ સ્થિતિમાં અવલીય્યતનો અર્થ જ નીકળે છે.

નવમી માન્યતાઃ

રસુલે ખુદાએ તબ્લીગ પછી ફરમાવ્યું, ''એ ખુદા તું આની ઉપર ગવાહ રહેજે. કે મેં સંદેશો પહોંચાડી આપ્યો અને નસીહત કરી.' આ ઉમ્મતની તબ્લીગ અને નસીહતની સાબિતીનો ઇશારો કરે છે. કે કોઇ નવી વાત કહેવામાં આવી છે. જે પહેલા ક્યારેય કહેવામાં આવી નથી. અહીં બીજો અર્થ ખાસ કરીને મોહબ્બત અને નુસરતનો વિચારી ન શકાય. જયારે ઉમ્મત ઉપર સાક્ષીનું ખાસ કરીને મુસલમાનોની વચ્ચે એલાન થઇ રહ્યું છે.

**દસમી માન્યતાઃ**

પહેલા બયાન થયું કે રસુલ સ.એ એલાનની પહેલા ફરમાવ્યું હતું કે ખુદાએ મને એવો સંદેશો આપવાનું કહ્યુ છે કે મારી છાતી ભીંસાઇ રહી છે. મને ભય છે કે લોકો મને જુઠલાવશે. ખુદાએ મને ધમકી આપી કે જો તબ્લીગ નહીં કરો તો અઝાબમાં નાખીશ. જેની પાછળ વિગતો લખી છે. આ મહાન ખબર પહોંચાડવામાં મુનાફીકોના જુઠલાવવાનો ભય, ટીકાનો ભય, એ વાત સૂચવે છે કે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) માટે કોઇ ખાસ વાત છે. નહીં કે સામાન્ય હુકમ. જેમાં બધા મુસલમાનો સરખા ભાગીદાર હોય, અહીં પણ અવલીય્યત અથવા સમાન ભાવાર્થ માત્ર લઇ શકાય.

**અગીયારમી માન્યતાઃ**

અસંખ્ય સનદોમાં ગદીરની ઘટનાનું અર્થઘટન નસબ નિમણૂક કરવાના શબ્દથી થયું છે. જે હઝત ઉમર, હઝરત આસમી, ઇમામ હસન (અ.સ.), અબ્દુલ્લા બીન જઅફર, કયસ બીન સઅદ, ઇબ્ને અબ્બાસ અને જાબીરના નિવેદનોમાં 'નસબ' આપની નિમણૂક કરવાના અર્થમાં છે. આ શબ્દ નસબ સત્તાને જાળવી રાખવા અને વિલાયયની સાબિતીમાં બોલાવામાં આવે છે. આપ કહે છેઃ ખુદાએ અલીને તમારા ઇમામ નસબ કર્યા. નિમણૂક કરી.

**બારમી માન્યતાઃ**

પહેલા ઇબ્ને અબ્બાસનો કોલ બયાન થયો કે હદીસે ગદીરની ચર્ચા કરીને કહ્યું હતું. બસ ખુદાની કસમ! લોકોની ગરદનો ઉપર વિલાયત વાજીબ થઇ ગઇ. બીજી રિવાયતમાં ફી અઅનાકલ કવમ શબ્દ છે. આ ફકરાથી હદીસનો નવા અર્થનો લાભ મળે છે. જે તે પહેલા લોકો જાણતા ન હતા. અને જે તમામના દિલમાં નક્કી થયેલી હતી. ઇબ્ને અબ્બાસે કસમ ખાઇને તેની તાકીદ કરવામાં આવી છે તે રિસાલતના સ્વિકારની સાથે અલીની જ ખિલાફત થઇ શકે છે. અને આ અવલાથી જુદો અર્થ નથી.

**તેરમી માન્યતાઃ**

ફરાયદે હમવીનીમાં અબુ હુરયરાની રિવાયત છે. સમગ્ર ઘટનાના પરિપાકરૂપે

એમ જણાય છે કે રસુલે આવી ફરજ પૂરી કરી જે પહેલા નહોતી કરી. તે સૂચવે છે કે નુસરત અને મોહબ્બતનું એલાન ન હતું. બધાં લોકો મહાન તબ્લીગની વહી સાંભળવા માટે તૈયાર હોય. તેથી આ ભાવાર્થ અવલાથી જ મેળ ખાય છે.

### ચૌદમી માન્યતાઃ

ઝયદ બીન અરકમનું બયાન છે કે તેના જમાઇએ હદીસે ગદીર અંગે સવાલ પૂછ્યો. ઝયદે કહ્યુંઃ તમે ઇરાકવાળા જેવા છો. જમાઇએ ભય ન રાખવા ખાત્રી આપી. ત્યારે ઝયદે વિગત કહી.....

અબ્દુલ્લા બીન અલામે હદીસે ગદીર માટે કહ્યું હતું કે શામવાળાને આ હદીસ બયા ન કરતા. સઇદ બીન મોસય્યબે સઇદ બીન અબી વકાસને કહ્યુંઃ હું આપને એક વાત પૂછવા માગું છું. પરંતુ ડર લાગે છે. તેમણે કહ્યું, જે પૂછવું હોય તે બેધડક પૂછો. હું તમારો કાકાનો દિકરો ભાઇ છું. આ બધી વાતોથી એમ જણાય છે કે કોઇ એવી વાત તો હતી કે જે ઇરાકીઓ અને શામીયોને કહેવી તે મુસીબત ઉભી કરવા સમાન હતી. કારણ કે તેઓ રસુલ (સ.અ.વ.)ના વસી સાથે દુશ્મની રાખતા હતા. તેતી ઝયદ બીન અરકમ તેના ઇરાકી જમઇના દંભ અને દુશ્મનીથી ડરતા હતા. જયારે સંતોષ થયો ત્યારે હદીસ કહી. આ હકીકતોથી તેનો એવો અર્થ લઇ શકાય કે જે અલી (અ.સ.)ની ઉચ્ચતાને વળગી શકે તેવા ઉચ્ચતર અર્થ અવલીય્યત અને ખિલાફત સિવાય બીજો કોઇ હોય ન શકે.

### પંદરમી માન્યતાઃ

અમીરૂલ મોઅમેનીને પોતાની ખિલાફતના જમાનામાં ખિલાફતના વિરોધો અંગે રહબામાં એહતેજાજ કરાવ્યો. વિરોધીઓની બોલતી બંધ થવી તે વાતની સાબિતી છે મવલાનો અર્થ મોહિબ અને નાસરના બદલે અવલીય્યત જ છે. કારણ કે ઇમામે પોતાની ખિલાફત માટે દલીલો કરી હતી. હાજર રહેનારાઓએ ગદીરની ગવાહી આપી હતી.

### સોળમી માન્યતાઃ

હદીસે રૂકબાનમાં બયાન થયું. કે અબુ અયુબ અન્સારની સાથે એક સમૂહની મુલાકાતનું વર્ણન  પાછળ આપેલું છે.... અરબોના સામૂહિક જીવનમાં મોહબત

અને નુસરત કરવી પસંદ હતી. અને આજ સ્વતંત્ર વિલાયત ઇમામત છે. આ અર્થ દ્રષ્ટિ સમક્ષ રાખીને તેઓએ ઇમામનો જવાબ આપીને હદીસે ગદીરને સનદ આપી.

**સત્તરમી માન્યતાઃ**

મના શહદ રહબા અને રૂકબાન બંનેમાં હદીસે ગદીર છુપાવનારા માટે અલીની બદ્દોઆની અસરની વાતો લખી છે. ગવાહી છુપાવનારની બિમારીઓને સામાન્ય બિમારીઓ જેવી ન સમજવી જોઇએ. બલ્કે તે લોકો મવલાને આ વિશેષ ફઝીલત ઉપર જોવા નહોતા માગતા. તે માટે છુપાવી હતી. આ હઝરત સ.ની બદ્દોઆ એટલા માટે હતી કે હક જાહેર થઇ જાય. કપાળ અને આંખોમાં નિશાની બાકી રહી ગઇ તે વાત અનંતકાળ સુધી બાકી રહેશે.

**અઢારમી માન્યતાઃ**

રહબાના મના શદહના સંદર્ભમાં મોહિબ તબરીની રિવાયત બયાન થઇ કે જયારે હઝરત અલી (અ.સ.) લોકોને કસમ આપી રહ્યા હતા ત્યારે ઘણાં અસ્હાબે કાનોથી સાંભળ્યાની ગવાહી આપી. અબુલ તકફીલ કહે છે કે હું દિલમાં શંકા સાથે  ઝયદ બીન અરકમ પાસે સીધો પહોંચી ગયો. તેને તે હકીકત કહી. તેમણે ખુદ રસુલે ખુદા પાસેથી સાંભળ્યાની ગવાહી આપી.

જયારે  ઝયદ પાસેથી સાંભળ્યું ત્યારે  સમજી ગયા કે હકુમતના રંગે અર્થને ફરી સજીવન કરી દીધો છે. આ મહાન અર્થ માત્ર ખિલાફત અને વિલાયત માટે કરવો ફરજ થઇ પડે છે.

**ઓગણીસમી માન્યતાઃ**

હારીસ બીન નોઅમાનને થયેલ અઝાબથી પણ તાકીદ થાય છે કે મવલાનો અર્થ અવલા જ થાય છે.

**વીસમી માન્યતાઃ**

રયાઝ, ઝખાએર અને મનાકીબે ખ્વારઝમીમાં છે કે બે અરબો આપસમં ઝઘડતા આવ્યા. હઝરત અલી (અ.સ.)ને તે બંને વચ્ચે ન્યાય આપવાનું કહેવામાં આવ્યું. એક અરબ તોછડાઇથી બોલ્યો, 'શું અમારો ન્યાય કરશો?' આ

સાંભળીને હ. ઉમરે ઝપટીને તેનું ગળું પકડી લીધું. તેણે ધાકધમકી આપીને કહ્યું કે તારું સત્યાનાશ થાય તું જાણે છે કે આ કોણ છે. આ મારો અને તમામ મોઅમીનોના મવલા છે. તે તેમને મવલા નથી માનતા તે મોઅમીન હોય નથી શકતા. આજ રીતે બે માણસોએ કોઇ મામલામાં ઝઘડો કર્યો. બીજાએ એક બઝમમાં બેઠેલા હઝરત અલી (અ.સ.)ની તરફ ઇશારો કર્યો. આ ફેંસલો કરશે. જે માણસ ગુસ્સાથી બોલ્યો, આ મોટા પેટવાળો? આ સાંબળીને હઝરત ઉમરે પોતાની જગ્યા ઉપરથી ઉછળીને તેનું બાવળું પકડ્યું અને કહ્યું, 'તું જાણે છે કે તેં કોનું અપમાન કર્યું. આ મારા અને તમામ મુસલમાનોના મવલા છે.

ફોતુહાતે ઇસ્લામીયામાં છે. એક અરબનો હઝરત અલીએ ફેંસલો કર્યો. તે તેને ન ગમ્યો. હ. ઉમરે તેનું બાવડું પકડીને કહ્યુંઃ તારું બુરૂ થાય. તે મારા તમામ મોઅમેનો તથા મોઅમેનાતના મવલા છે. તબરાની લખે છે કે હઝત ઉમરને પૂછવામાં આવ્યુંઃ જેવું બહુમાન તમે હઝત અલી (અ.સ.)નું કરો છો તેવું બીજાનું નથી કરતા. તેવું કેમ છે? તેમણે જવાબ આપ્યો તે મારા મવલા છે. આ ઝરકાનીએ પણ લખ્યું છે. હઝરત અલીના મવલા હોવાનો સ્વિકાર જેમ હઝત ઉમરે અહીં કર્યો તેમ ગદીરે ખુમમાં પણ કર્યો હતો. અને કહ્યું હતું જે કોઇ અલીને મવલા ન માને તે મોઅમીન નથી. તેથી અહીં દોસ્ત કે મદદગાર અર્થ લઇ શકાય નહીં. આ ભાવાર્થ ખીલાફતની સાબિતીની ફરજ પાડે છે. કારણ કે આમ મુસલમાનો સાથેની દોસ્તીનો નકાર ઇમાન ખતમ નથી કરી દેતી. અહીં મવલાનો અર્થ ઇમામત છે. જે અવલાની સમાન અર્થ ધરાવે છે. સ્પષ્ટ હકીકતો ગમે તેમ માનવી જ પડશે.

## ચર્ચાને અંતેઃ

નહાયા ઇબ્નઅસીર વસીરતે હલ્બીયામાં એક અજ્ઞાનતા વાળી રિવાયત છે કે મનકુન્તો મવલા કહેવાનો અર્થ એ હતો કે અસામા બીન ઝયદે જે સમયે અલીને કહ્યું કે આપ મારા મવલા નથી, મારા મવલા માત્ર રસુલે ખુદા છે. તે માટે આપે ફરમાવ્યુંઃ જેનો હું મવલા છું તેના આ અલી (અ.સ.) પણ મવલા છે. આ અજ્ઞાનતાભરી રિવાયત ઘડવાનો હેતુ હદીસનું મહત્વ ઘટાડીને શંકાસ્પદ નકારનું વાતાવરણ ઉભું કરવાનું અને સામાન્ય વ્યક્તિગત ઝઘડો ઉભો કરવાનો અર્થ છે કે બે વ્યક્તિઓની કડવી વાત ઉપર નકાર કરવામાં આવ્યો. તે નાદાન એક

શંકાસ્પદ વાતને અસંખ્ય મજબુત સનદોની સરખામણી કરવા માગે છે. એક બીજું આ વાત અને બીજી બાજું દીનને સંપૂર્ણ કરવા અને નેઅમતનોને પૂરી કરવાની જાણ કરતી સ્પષ્ટ આયતો. શું આ બે માણસોની કડવી વાતોને કારણે થઇ શકે છે? તે અજ્ઞાન માણસે આ વાતને અવગણી છે. તેનાથી તો મવલાના અર્થની વધુ તાકીદ અને પ્રતિસ્પધી ઉપર હુજ્જત થઇ જાય છે. શરત એ છે કે તે સાચી હોય. જો હદીસે ગદીરને સંદર્ભના કારણે સ્વિકારવામાં પણ આવે તો સવાલ એ છે કે અસામાનો ઇન્કાર તો અલી (અ.સ.)ની ફઝીલતનો ખાસ અર્થ ઉત્પન્ન કરે છે. અસામા કે બીજો કોઇ પણ તેનાથી ભિન્ન નથી. નકારાત્મક વાતથી જ અવલીય્યતનો અર્થ સાબિત થાય છે.

અમે કહીએ છીએ કે રસુલ સ.એ જયારે જાણ્યું કે આપની ઉમ્મતમાં કડવી વાતનો પ્રશ્ન શક્ય છે જે ખતરનાક પરિણામો સુધી પહોંચે. તેથી આપે ગદીર ખુમના મોટા મેળાવડામાં અલી (અ.સ.)ની બુઝુર્ગી-મહાનતા જાહેર કરી કે આપની સરખામણીમાં કોઇ મુસલમાનની મહાનતા નથી. સૌએ અલી (અ.સ.)ની તાબેદારી કરવી જોઇએ. જે રીતે મારી સાથે વર્તન કરવામાં આવે છે. આ ખુતબાથી બધાના વાંધા વિરોધ સમાપ્ત થઇ ગયા.

## વિલાયતની વિગતવાર હદીસો

તમામ સંદર્ભમાં વાંચકોની પહેલા ખુદ રસુલ સ.ના વિગતવાર કથનો ધ્યાન આપવાને પાત્ર છે. જે મવલાના અર્થની સ્પષ્ટતા કરે પછી તેના સંદર્ભમાં હઝરત અલીના કથનોઃ

અલી બીન હમીદ કરશી શમ્સુલ અબ્બારમાં સલુતલ આરેફીનના હવાલાથી તાલીફુલ મવફ્ફીક બિલ્લાહ રસુલ સ.ની હદીસ નોંધી છે કે જયારે આપને તેનો અર્થ પૂછ્યો ત્યારે આપે ફરમાવ્યું, ''અલ્લાહ મારો મવલા છે. હું તેની બારગાહમાં ભરપૂર આત્મ સમર્પણ દર્શાવું છે. અને હું તમામ મોઅમીનોનો મવલા છું. તેઓએ મારા પ્રત્યે આત્મ સમર્પણ દર્શાવ્યું છું. તેઓએ મારા પ્રત્યે આત્મ સમર્પણ દર્શાવવું જોઇએ. અને જેઓનો હું મવલા છું તેઓના અલી મવલા છે. અલી પ્રત્યે આત્મ સમર્પણ દર્શાવવું જોઇએ.'

અબ્દુલ્લા બીન જઅફરે મોઆવીયા સાથે દલીલ કરીઃ ''એ મોઆવીયા, મેં રસુલ સ.ને મીમ્બર ઉપર કહેતા સાંભળેલ. મારી સિવાય ઉમર બીન ઇબ્ન

સલમા, અસામા, સઅદ, સુલયમાન, અબુઝર, મીકદાર અને ઝોહયર મોજુદ હતા. રસુલ સ.એ ફરમાવ્યું, મન કુન્તો... દખલ નથી.'' અબ્દુલ્લાએ જોરથી કહ્યું, ''યકીન સાથે આપણા નબી સ.એ સૌથી વધુ પરહેઝગાર, સૌથી વધુ લાયક અને સૌથી વધુ સારાને ગદીરે ખુમમાં અને બીજી જગ્યાઓએ ઉમ્મતની હિદાયત માટે નિમણૂક કર્યાનું એલાન કર્યુ. અલી દ્વારા ઉમ્મત ઉપર હુજ્જત કાયમ કરી અને તાબેદારીનો હુકમ આપ્યો... તે રસુલ સ.ના ખલિફા અને વસી છે.''

ઉસ્માનની ખિલાફતના જમાનામાં હઝરત અલીએ એહતેજાજ ફરમાવ્યો અને ઉપરોક્ત વર્ણન કર્યુ તે વખતે સલમાને ઉભા થઇને પૂછ્યુંઃ ''યા રસુલ્લાહ આ વિલાયત કેવી છે?' આપે ફરમાવ્યુંઃ ''જે રીતે મારી વિલાયત છે. જેવી રીતે હું મોઅમીનોનો કુલ મુખ્તાર છું અલી પણ કુલ મુખ્તાર છે.'

સીફ્ફીનમાં હઝત અલીનો મનાશેદહ થયો હતો. તેમાં પણ આપે ઉપરોક્ત હકીકત બયાન કરી.

હાફીઝ આસમીએ ઝયનુલ ફતીમા લખ્યું છેઃ હઝરત અલીને મનકુન્તો મવલાહો.... નો અર્થ પૂછવામાં આવ્યો. આપે ફરમાવ્યું. મને રાહબરીનો હોદ્દો આપવામાં આવ્યો જે વખતે હું ઉભો થયો. જેણે મારો વિરોધ કર્યો તે ગુમરાહ થયા. ઉભા થવાથી આપનો અર્થ એ હતો કે જે વખતે ગદીરના દિવસે રસુલના હુકમથી ઉંચો કરીને ઓળખવા માટે ઉભો કરવામાં આવ્યો.

સય્યદ હમદાની મોવદ્દતુલ કુરબામાં રસુલ (સ.અ.વ.)ની હદીસ લખે છે, લોકો..... એ ખુદા! ગવાહ રહેજે મેં તેઓને તબ્લીગ અને નસીહત કરી દીધી.

વાહેદી હદીસે ગદીર ઉપર વિવરણ લખે છેઃ જે વિલાયતને રસુલ સ.એ અલી માટે સાબિત કરી કયામતના દિવસે લોકોને એ વિલાયત પૂછવામાં આવશે. ''તેઓને રોકો, તેઓને પૂછવામાં આવશે.' એટલે અલીની વિલાયત અંગે પૂછવામાં આવશે. મતલબ એ કે અલીની દોસ્તીના હક વિષે પૂછવામાં આવશે. (ફરાયદે હમવીની) નઝમ ઝેરન્દી, સવાએકે ઇબ્ન હજરઃ.

હમવીની ઇબ્ન મસઉદની રિવાયત લખે છેઃ રસુલે ફરમાવ્યુંઃ મારી પાસે ફરિશ્તો આવ્યો અને કહ્યું, ''મોહમ્મદ (સ.) તમારી અગાઉના અમ્બીયાને પૂછો કે તેઓ શા માટે નિમાયા હતા. પયગમ્બરોએ જવાબ આપ્યો. આપ અને અલીની વિલાયત ઉપર. હમવીની આ પણ કહે છે કે હઝરત અલીએ ફરમાવ્યું.

મવાલાતને ઉસુલે દીનનો એક ઉસુલ ગણવામાં આવ્યો છે. તે અબુ સાદિકનો ઈરશાદ નકલ કરે છે કે મવલા અલીએ ફરમાવ્યું. ઈસ્લામના મૂળ સિદ્ધાંતો ત્રણ છે. તે એક બીજા વગર લાભ નહીં પહોંચાડે. નમાઝ, ઝકાત અને મવાલાત. હ. ઉમર કહે છેઃ અલી જેના મવલા નથી તે મોઅમીન નથી. આલુસી તેની તફસીરમાં વકફુહુમ ઈન્નહુમ મસઅલુન કૌલના મતભેદો નોંધીને સૌથી વધુ સારો કોણ નકલ કરે છે કે અકીદા અને આમાલ સંબંધે સવાલ કરવામાં આવશે. તેમાં સૌ પ્રથમ લાએલાહા ઈલલ્લાહ અને સૌથી વધુ મહત્વનું અલી કરમલ્લાહો વજહુની વિલાયતનો સવાલ છે.

હદીસે રસુલ ફરમાવે છેઃ કયામતમાં જયારે સૌથી પહેલાના અને સૌથી છેલ્લાને ભેગા કરશે, જહન્નમની ઉપર પુલ બાંધેલો હશે. તેના ઉપરથી એજ પસાર થઇ શકશે જેની પાસે અલીની વિલાયતનું ફરમાન હશે. (બહીકી, રિયાઝ), હદીસકારોએ આ અંગે જે રીતે પુલે સેરાત અને બરાતની હદીસો નોંધી છે તે વાંચીને આપોઆપ આપનું ધ્યાન વિલાયતના અર્થ તરફ પહોંચી જશે. જેમાં વિલાયતને ઉસુલે દીનનો મહત્વનો ઉસુલ ગણવામાં આવ્યો છે. તે સિવાય ઈમાન ક્ષતિયુક્ત અને તમામ આમાલ નકામા છે. આ વિલાયત જેને ઉસુલે દીનમાં ગણવામાં આવી છે. અને ઉમરના કથન મુજબ ન માનવાથી ઈમાન ખતમ થઇ જાય છે.

મોહાઝરાતે રાગીબમાં નકલ કરવામાં આવ્યું છેઃ

ઈબ્ને અબ્બાસ કહે છે કે હું એક રાત્રે હઝરત ઉમરની સાથે જઇ રહ્યો હતો. ઉમર ખચ્ચર ઉપર અને હું ઘોડા ઉપર હતો. તેમણે અલીના બારામાં આયત પડી, અને કહ્યુંઃ ખુદાની કસમ એ અબુદલ મુત્તલીબના ખાનદાનવાળા તમારા અલી મારાથી અને ઉમરથી ખિલાફતના માટે વધુ હક ધરાવતા હતા. મેં કહ્યું, આજે મને ખુદા ન બક્ષશે જો તેઓને બખ્શી દઉં. મે પૂછ્યુંઃ ''અમીરૂલ મોઅમેનીન! આપ આ રીતે કહી રહ્યા છો, જયારે આપે અને અભુ બક્રે અમારી પાસેથી ખિલાફત આંચકી લીધી.' આ સાંભળીને મને ખુશામત કરતાં કહ્યું, ''પરંતુ તમે લોકો તો મારા દોસ્તો છો.' હું થોડીવાર સુધી પાછળ ચાલતો રહ્યો. તે જોઇને ઉમરે કહ્યું, ''મારા ભાઇ આવો. જરા તમારી વાત ફરી કહો.' મેં કહ્યુંઃ ''આપે વાત કરી હતી. કહો તો ચૂપ રહું.' બોલ્યા, ''ખુદાની કસમ મેં દુશ્મનીમાં આ પગલું નથી ભર્યું. બલ્કે અલી (અ.સ.) મામુલી માણસ હતા. મને અરબ અને કુરયશ વચ્ચે લડાઇ

થવાનો ભય હતો. કારણ કે અલી મોટા ભાગના લોકોના કાતીલ છે. અરબ તેમનાં સાથે એકતા ન કરી શકત.' મેં જવાબ આપવા ઇચ્છા કરી. રસુલે અલીને મેદાને જંગમાં મોકલ્યા. તેમણે બહાદુરોને મારી હઠાવ્યા. રસુલે તો તેમને મામુલી ન ગણ્યા. તમે અને અબુ બક્ર કેવી રીતે મામુલી માણસ કહો છો? થોડી વાર પછી ઉમરે કહ્યુંઃ જે થયું તે થઇ ગયું હવે તમને કેમ લાગે છે? હું તો અલીનો મત લીધા વગર કોઇ કામ કરતો નથી. ઇબ્ને અલી અલ-હદીદના મત મુજબ ઉમરે કહ્યુંઃ ઇબ્ન અબ્બાસ! અલી તો ખિલાફતનો સૌથી વધુ હક ધરાવતા હતા. પરંતુ મને આ વાતોનો ભય હતો. એક તો કમસીન હતા. બીજું અબ્દુલ મુત્તલીબની અવલાદ સાથે ઘણી મોહબ્બત કરતા હતા.

અમીરૂલ મોઅમેનીનની એક માત્ર વિલાયતની ગવાહી નૂરે-હિકમત (બુદ્ધિના પ્રકાશ)ની જેમ અલીના ચાહનારાઓના દિલમાં પ્રસરેલી છે. તેના ઉપર સફરનો સામાન નાખેલો છે. આ નક્કી કરેલા ધોરણો ઉપર રસુલોને નિમવામાં આવ્યા. જેમકે બહીકીની અલ-મસાવી વલ-મહાસીનમાં ઇબ્ન અબ્બાસ અને હમસના રહેનારાની લંબાણપૂર્વકની ચર્ચા લખેલી છે. શામીએ કહ્યું, મારી કોમે પોતાની રોજી મારી પાસે જમા કરાવી છે. હું તેનો અમીન છું. મારી માગણી પૂરી કર્યા વગર પાછો ન મોકલો. કારણ કે મારી આખી કોમ અલી (અ.સ.)ના મામલમાં હલાકત સુધી પહોંચી ગઇ છે. આપ તેઓને સખ્તીથી મુક્તિ આપો. ખુદા આપની સ્થિતિ  સારી કરે.

ઇબ્ન અબ્બાસે કહ્યું, એ શામી ભાઇ, આ ઉમ્મતમાં અલીના ઇલ્મ અને પરહેઝગારીનો નમૂનો તે નેક બંદા જેવો છે જેની સાથે મુસાએ મુલાકાત કરી હતી. પછી ઉમ્મે સલમાની હદીસ નકલ કરી હતી. જેમાં અલીના ફઝાએલો સમુદ્રના મોજાઓની જેમ ઉછળે છે.

તે શામી ડોલવા લાગ્યો. ઇબ્ન અબ્બાસ! તે મારૂં દિલ નૂર અને સમજથી ભરી દીધું. તમે મારી મુંઝવણ દૂર કરી ખુદા તમને  સલામત રાખે. હું ગવાહી આપું છું કે અલી મારા અને તમામ મોઅમેનીન અને મોઅમેનાતના મવલા છે.

## હદીસકારોના સંપાદનમાં હદીસનો ભાવાર્થઃ

મવલા શબ્દનો થતો ખરેખરો અર્થ દરેક રીતે સ્પષ્ટ કરી દીધો છે કે હવે પૂર્વગ્રહ અને દુશ્મની સિવાય, કોઇને પણ સ્વિકાર્યા વગર બીજો કોઇ વિકલ્પ

નથી. હવે વધુ આલમીઓએ કરેલી સ્પષ્ટતાઓના મોતી પરોવું છું. જેથી સત્ય શોધનારને સંપૂર્ણ સંતોષ થઇ જાય.

૧. ઇબ્ન ઝવલાક : તારીખે મીસ્રમાં કહે છે. ૧૮ ઝીલ્હજ ૩૬૨ના ઈદે ગદીરના દિવસે મીસરના બધા લોકો અને પશ્ચિમના લોકો દોઆ માટે ભેગા થયા. રસુલે ખુદાએ આજ દિવસે અમીરૂલ મોઅમેનીન અલી બીન અબી તાલીબની વિલાયતનો વાયદો લીધો અને વારસદાર બનાવ્યા. ઇબ્ન ઝવલાક જેવી અરબી સાહિત્યની વિદ્વાન વ્યક્તિ તે ઇદનો અને વારસદારીનો દિવસ ગણે છે. જે મારા કરેલા અર્થ સાથે બંધ બેસે છે.

૨. ઈમામ અબુ હસન વાહેલી હદીસે ગદીર લખ્યા પછી કહે છે, ‘આ વિલાયતને રસુલે સાબિત ફરમાવી અને તે કયામતના દિવસે પૂછવામાં આવશે.’

૩. હુજ્જતુલ ઈસ્લામ ગઝાલી સદરૂલ આલમીનમાં કહે છેઃ ‘આલીમો વચ્ચે ખિલાફતના ક્રમ, યોગ્યતા અને પ્રાપ્તિમાં મતભેદ છે. અમુકનું કહેવું છે કે તે સ્પષ્ટ આયતો દ્વારા થઇ છે. તેઓએ દલીલ કરી છેઃ કુલ લીલ મુખલફીન મેનલ અઅરાબે. જે ગમાર પાછળ રહી ગયા છે તેઓને કહી દો કે ટૂંક સમયમાં તમને એક સખત લડાયક કોમ સાથે લડવા માટે બોલાવવામાં આવશે. કાં તો લડતા રહેશો અથવા મુસલમાન બની જશો. પછી જો તમે ખુદાનો હુકમ માનશો તો ખુદા તમને સારો બદલો આપશે. જો તમે પહેલાની જેમ માથુ ઉંચકશો તો તમને દર્દનાક અઝાબમાં સપડાવશે. અબુ બક્રના સંશોધનથી મુસલમાનોને તાબેદારીની દાવત આપી અને તેઓએ સ્વિકારી. અમુક તફસીરકારોનો મત છે કે આયત વ એઝસ્સર્રલ નબીય એલા બઅઝ અઝવાજેહ હદીસા, (અને નબી સ.એ પોતાની પત્ની સાથે ચૂંપકીદીથી એક વાત કરી) તેમાં હદીસનો અર્થ છે કે રસુલે ફરમાવ્યું હતુંઃ એ હમીરા મારી પછી તમારા બાપ ખલીફા થશે. એક સ્ત્રીએ આપને પૂછ્યુંઃ આપની પછી અમે કોની બયઅત કરીએ? તો આપે અબુ બક્રની તરફ ઇશારો કર્યો અને એ કે તેમણે આપની હયાતીમાં

નમાઝે જમાઅત પડાવી, જે દિનનો સ્તંભ છે. આ દલીલ તેની હતી જે નસમા માનતા હતા. પછી અર્થઘટન કરે છે કે જો અલી પહેલા ખલિફા થઇ જાત તો મુસલમાનોનો નાશ થઇ જાત. પરિણામે ઈસ્લામના વિજય અને નામના ન મળતા. તે માટે અલીના ચોથા ખલીફા હોવામાં કોઇ વાંધો નથી. જે રીતે રસુલ સ.ના અંતિમ નબી હોવામાં કોઇ નુકસાન નથી. આ મત અંગે ન્યાય કરનારાઓનો મત છે કે આ બહાનું હલ્કું પાતળું છે. ખરેખર તો ખિલાફત વારસાથી મળે છે. જે રીતે દાઉદ અ., ઝકરીયા અ., સુલયમાન અ., અને યહયા અ. વારસદાર થયા. તે કહે છે કે પત્નિનો ભાગ હતો તે કારણે અબુ બક્ર અને ઉમર ખલીફા થયા. પરંતુ આ માન્યતા પણ રદ થાય છે કારણ કે જો વારસાની જ વાત હોત તો આપના કાકા અબ્બાસ તેનો વધુ હકદાર હતા. દલીલ વધુ પ્રકાશિત છે. આલીમો, હદીસો અને તફસીરની જમાતોએ મજબુત હદીસે ગદીરની સામુહિક હયસીયતથી સ્વિકાર કર્યો છે કે આપે ગદીરે ખુમમાં મન કુન્તો મવલાહો.... ફરમાવ્યું. પછી હઝરત ઉમરે મુબારકબાદ પેશ કરી. બખ્ખન બખ્ખન યા અબલ હસન બ કદરે રસહત મવલાઇ વ મવલા કુલ્લે મોઅમીન વ મોઅમેનાત. હ. ઉમરનો ફકરો સાફ દર્શાવે છે કે તેમણે અલીની સામે માથું ઝુકાવી દીધું. તે પછી સત્તાની હવસે ઘેરી લીધા. ખીલાફત મેળવવાની તડપ, ઝંડો ફરકાવવાની લલક, હથીયારોનો ઝણકાર, દેશોનો વિજય અને સત્તાની તીવ્ર લાગણીઓએ તે લોકોને લોભ અને લાલચનો એવો જામ પીવડાવી દીધો કે પોતાના ભુતકાળના વાયદાનો ભંગ કરવા તૈયાર થઇ ગયા. થોડા ખોટા સિક્કામાં ઈમાન વેચી દીધું. કેવો નુકસાનનો સોદો હતો.

૪. સબત બીન જાઝી તઝકેરતલુ ખવાસ અલ અમતામાં લખે છે, સીરતના આલીમો એક મત છે કે ગદીરની ઘટના રસુલ સ.ની અંતિમ હજથી પાછા ફરતા ઘટી. ૧૮ ઝીલહજની તારીખ હતી..... અલી કુલ મુખ્તયાર છે. આ અર્થનું વિવરણ ઈબ્ન

સઇદ ઇસ્ફરાનીએ મરજુલ બહરયનમાં કર્યુ છે.... અલસ્તો અવલા બે કુમ મીન અનફોસે કુમ આ હઝરત અલીની ઇમામતની સૌથી વધુ સ્પષ્ટ નસ છે. હદીસે રસુલ તેની સ્પષ્ટતા કરે છે. એ ખુદા હકને તે તરફ ફેરવી દે જે તરફ અલી ફરે.

૫. કમાલુદીન ઇબ્ન તલહા શાફેઇ મતાલીબુલ રાઉલમાં હદીસે ગદીર અને આયએ વ બલ્લીગના સંદર્ભમાં કહે છે. રસુલ સ.નો આ ઇરશાદ છે કે મન કુન્તો મવલાહો... તેમાં શબ્દ મનનો ઉપયોગ થયો છે. જેમાં વિશેષતા છે. તે એ વાતની માગણી કરે છે કે જે ઇન્સાનના પણ રસુલ મવલા છે અલી પણ તેના મવલા છે. મવલા શબ્દ કુરઆનમાં ઘણાં અર્થમાં વપરાયો છે. જેમકે અવલા, નાસર, વારસ, સગા, દોસ્ત, હમીમ અને મઅતક આગળ કહે છે કે જયારે મવલાનો આ અર્થ થાય તો તેમાં ભાર મૂકવામાં આવશે. અથવા મોટા ભાગની માન્યતા મુજબ અવલા અર્થ ઉપર. અથવા પછી સીદ્દીકે હમીમના અર્થમાં. તેથી હદીસનો અર્થ આ રીતે થશે કે જેનો પણ હું મવલા છું અથવા મદદગાર છું અથવા વારસદાર અથવા સગપણમાં છું અથવા દોસ્ત છું અલી પણ તેના તેવાજ છે. આ અલીની સૌથી વધુ અને જાહેર વિશેષતા છે. બીજું કે પોતાના નફસની સાથે સરખાવીને 'મન' શબ્દથી વિશેષતા ઉત્પન્ન કરવાનો હક ખાસ અલીની સાથે જ છે. જાણવું જોઇએ કે આ હદીસનો મુબાહેલાની આયત સાથે ભરપૂર સંબંધ અલીના માટે છે. ખુદાએ રસુલ અને અલીના નફસને સમાન ગણ્યા છે. અને તે બંને નફસોને સંલગ્ન કરીને રસુલની ઝમીરની સાથે ભેગા કર્યા. આ હદીસને ફરજીયાત રીતે રસુલ સ.એ પણ અલીના માટે એ જ સાબિત કર્યુ જે પોતાના માટે અને મોઅમીનો માટે સાબિત છે. જેમકે  રસુલ સ. અવલા બીલ મોઅમેનીન, નાસીરૂલ મોઅમેનીન છે અને તે તમામ અર્થ જે મવલા શબ્દથી રસુલ સ. માટે શક્ય છે તેને અલીના માટે ગણાવ્યા. આ ઉચ્ચ અને મહાન મરતબો છે. આ વિશેષતા બીજા કોઇને મળી નથી. તેથી આ દીન મોઅમેનીન માટે આનંદનો દિવસ છે. તેનું વિવરણ

આ રીતે છે. સારી રીતે સમજી લો. ખુદા તમને પોતાની ઉતારેલી છુપી વાતોથી જ્ઞાત કરે કે જયારે મવલા શબ્દનો અર્થ મદદગાર કરવામાં આવે તો તેનો અર્થ થશે મન કુન્તો મવલાહો ફ અલીય્યુન નાસેરહ. એટલે રસુલે અલીને મદદગારીનો ગુણ એટલા માટે ખુદાએ આપ્યો હતો. તેને તફસીરે સઅલબીનો ટેકો મળે છે.

ઇસમાઅ બીન્તે અમી ફરમાવે છે કે જે વખતે આયત ઇન તઝાહેરન અલયહે ફ ઇન્નલ્લાહ હેય મવલાહો વ જીબ્રીલ વ સાલેહલ મોઅમેનીન ઉતરી તો રસુલ સ.ને કેહતા સાંભળ્યા કે સાલેહુલ મોઅમેનીન અલી બીન અલી તાલીબ છે અને જયારે સાબિત થયું કે ખુદા તેના નાસીર જીબ્રઇલ અને અલી છે તો નાસીરીયતનો (મદદગારીનો) ગુણ ખુદાની તરફથી સાબિત થઇ ગયો. રસુલે એટલા જ માટે કુરઆનના અનુસરણમાં અલીને નાસીર કહ્યા. પછી રસુલે તે ગુણની જરૂરીયાતને સ્પષ્ટ કથનોથી ગુણવાન બનાવ્યા તે સારી રીતે સમજી લેવું જોઇએ. પછી આપ સંદર્ભની બારીકીઓથી અલીને ખાસ ગુણોથી ગુણવાન કરતાં રહ્યા. ત્યાં સુધી કે અનીસ બીન માલકના મત મુજબ આપે અબુબરજહને ફરમાવ્યું, હું સાંભળી રહ્યો હતો કે ખુદાએ અલીના બારામાં મારી પાસેથી અહદ લીધો કે તે હિદાયતના અલમ, ઇમાનના મીનાર, મારા ગુલામોના ઇમામ, અને મારી તાબેદારી કરનારના નૂર છે. એ અબુબરઝહ! અલી (અ.સ.) પરહેઝગારોના ઇમામ છે. જે તેની સાથે મોહબ્બત કરે તે મારી સાથે મોહબ્બત કરે છે. જે તેની સાથે નફરત કરે તે મારી સાથે નફરત કરે છે. તમે અલીને આ ખુશખબર સંભળાવો (હલીયા અબુ નઇમ) જો તમને આ વાત સમજાય ગઇ તો આપને બીજા હિકમતભરી ખાસ બાબતો પણ સમજાય જશે. પ્રયત્નો કરવા જોઇએ.

૬. કિફાયતે ગન્જીમાં આપની હદીસ છેઃ જો હું કોઇને મારી જગ્યા ઉપર નિમણૂક કરૂં તો એ અલી તે તમે હતા. તમારી સિવાય બીજા કોઇ તે માટે હક ધરાવતા ન હતા. કારણ કે તમે ઇસ્લામમાં પહેલા છો. ખુદાના રસુલની પાસે છો. સય્યદહ નેસાઇલ

આલમીનના પતિ છો. તે પછી લખે છે જો કે આ હદીસ દલીલ કરે છે કે આપે પોતના ખલીફા નથી નિમ્યા. પરંતુ હદીસે ગદીરમાં આપની વિલાયત માટે કસમ લેવાયેલી છે. અને આ હદીસે ગદીર આપની વિલાયત ઉપર વિવાદની દલીલ છે.

૭. સઇદુદીન ફરગાની ઇબ્ને ફારઝના કસીદાના વિવરણમાં ફરમાવે છેઃ અને અલીએ અર્થઘટન કરીને મુશ્કેલ વાતોને સ્પષ્ટ કરી. તે જ્ઞાન દ્વારા જે વસીની હયસીય્યતથી પ્રાપ્ત હતું.

અલી કરમલ્લાહો વજ તે જે કિતાબ અને સુન્નતનું જ્ઞાન જે રસુલે ખુદા પાસેથી વસીય્યતના સ્વરૂપે મળ્યું હતું. તેથી આપે મુશ્કેલ વાતોને સમજાવી કે આપે તેમને ગદીરે ખુમના વિશે મનકુન્તો મવલાહોનું એલાન કરીને પોતાના વસી બનાવ્યા હતા. ખુદ હઝરત અલી (અ.સ.)ના કથનથી આ વાતનો સંકેત મળે છે, 'રસુલ (સ.અ.વ.)એ મારા માટે વસીય્યત કરી ખુદાના હુકમથી અને પોતાની ઉમ્મત ઉપર અખત્યાર આપ્યો અને રસુલે ખુદાએ મારી વિલાયત ગદીરે ખુમના દિવસે તમારી ઉપર વાજીબ કરી.'

૮. અલાઉદ્દીન સમનાની ઉરવતુલ વુસ્કામાં લખે છેઃ રસુલ સ.એ હઝરત અલી અ. અંગે ફરમાવ્યું, તમને મારી સાથે એજ સંબંધ છે જે હારૂનનો મુસા સાથે હતો. પરંતુ તે મારી પછી નબી નથી. અને ગદીરે ખુમમાં મોહાજેરીન અને અન્સારોનો ભરચક્ક મજમામાં અલીનો હાથ પકડીને ફરમાવ્યું, 'મન કુન્તો .... આદાહો' આ હદીસ એકી મતે સાચી છે. તેથી હઝરત અલી અવલેયાઓના સરદાર થશે. આપનું હૃદય મોહમ્મદ સ.ની જેવું હશે. આ રાઝની તરફ સરદારે સીદ્દીકીન સાહેબે નમાઝ અબુ બક્રે અબુ અબીદહને અલીને બોલાવવા માટે મોકલતી વખતે ઇશારો કર્યો. અબુ અબીદહ! તમને એવી વ્યક્તિની પાસે મોકલી રહ્યો છું જે રસુલ સ. જેટલો મરતબો ધરાવે છે. અને જેને અમે કાલે ગુમાવી ચૂક્યા છીએ. તમે આ ઉમ્મતના અમીન છો. તેમની સાથે સદવર્તન અને શિષ્ટાચાર રાખીને વાત કરજો.

૯. હસન બીન મોહમ્મદ તૈયબી કાશફમાં હદીસે ગદીરને સમજાવતા

કહે છે, યકીન સાથે હું મોઅમીનોના નફસો ઉપર કુલ મુખત્યાર છું. કરાત ઇબ્ન મસઉદ ટેકો આપે છેઃ પયગમ્બર મોઅમીનો ઉપર તેઓના નફસોથી વધુ અખત્યાર ધરાવે છે અને તે મોમીનોના બાપ છે. મજાહિદનો મત છે કે રસુલ જે પોતાની ઉમ્મતના બાપ હોય છે તે કારણથી મોમીનો એક બીજાના ભાઇ ગણવામાંઆવે છે. આ રીતે રસુલનું કહેવું મન કુન્તો મવલાહોમાં અલીનું સ્થાન બાપ જેવું છે. તે માટે આપણા ઉપર તેમનું સન્માન વાજીબ છે. તેથી ઉમરે કહ્યું, મુબારક થાય એ અબુ તાલીબના પુત્ર આપ દરેક મોમીન અને મોમેનાતના મવલા થઇ ગયા.

૧૦. શહાબુદ્દીન દોલતાબાદી હેદાયતુલ સઅદાઅ અને તશરીહમાં કહે છેઃ અબુલ કાસીમનો કોલ હતો જે કહે છે કે અલી ઉસ્માનથી અફઝલ છે, તેના ઉપર કોઇ આરોપ નથી. કારણ કે અબુ હનીફા અને ઇબ્ન મુબારકનો મત હતો કે જે માણસ કહે કે અલી આલમીનના લોકો કરતાં અફઝલ અને સૌથી મહાન છે. તેના ઉપર કોઇ આરોપ નથી. કારણ કે તેનો અર્થ એ છે કે તે તેમની ખિલાફતના જમનામાં લોકોમાં શ્રેષ્ઠ હતા. જેમકે હદીસે રસુલ છેઃ મન કુન્તો મવલાહો ફ અલીયુન મવલો. એટલે પોતાની ખિલાફતના જમાનામાં આ પ્રકારની હદીસો અને કથનો અને સાબિતીઓ આલીમોમાં અસંખ્ય છે.

હિદાયતુલ અદાઅમાં એ વધારો છે કે હદીસે ગદીરનું વર્ણન અને અહલે સુન્નત વલ જમાતનો મત છે કે હદીસે ગદીર એટલે અલી (અ.સ.)ની ખિલાફત અને ઇમામત છે.

૧૧. અબુ શકુર અલ તમહીદ ફી બયાનીલ તવહીદમાં કહે છે. રાફઝી કહે છે કે અલીની ઇમામતની નસ છે. દલીલ એ છે કે રસુલે તમાં ખલીફાનું નામકરણ કર્યુ. હદીસે મનઝેલત મુજબ અલી તેવાજ હતા. જેવા હારૂન મુસા માટે. બીજી દલીલ એ છે કે રસુલે અલીને લોકોના વલી તરીકે નિમ્યા. હજજતુલ વિદાઅથી પાછા ફરતા ઝાડના થડના મીમ્બર ઉપર ફરમાવ્યુંઃ અલસ્તો... સૌએ કહ્યું ‘હા’. પછી ફરમાવ્યું, ‘મન કુન્તો મવલાહો....

આદાહો' આ આયત અને હદીસ રસુલ પછી અલીના સૌથી વધુ અવલા હોવાની દલીલ છે. પછી તેનો જવાબ આવ્યો છે. આ ગદીરનો અર્થ એ છે કે ઉસ્માનની પછી મોઆવીયાના જમાનામાં અલીની ખિલાફત હક ધરાવે છે. અમારી પણ એજ માન્યતા છે. આયએ વિલાયતનો અર્થ પણ એજ છે કે અલી ઉસ્માન પછી લોકોના મવલા હતા. પરંતુ ઉસ્માનની પહેલા માવનાને કોઇ અવકાશ નથી. (અમારો હેતુ માત્ર વિલાયતનો અર્થ નક્કી કરવાના સંદર્ભમાં આ કથનની નોંધ લખી છે. પહેલા અને પછી નક્કી કરવા માટે ચર્ચાની દલીલો આવશે).

૧૨. ઇબ્ન બાકસીર મક્કી વસીલતુલ મઆલમાં હદીસે ગદીરની અસંખ્ય રીતે ચર્ચા કરીને લખે છે કે દાર કતનીએ ફઝાએલમાં મઅકુલ બીન યસારનો કોલ નકલ કર્યો છે કે અબુ બક્ર ફરમાવતા હતા, 'અલી રસુલના કુટુંબીજન છે. એટલે આપ તે લોકોમાંથી છે જેને સાથ આપવાનો રસુલ સ.એ હુકમ આપ્યો છે. તે હિદાયતના સિતારા છે. જેણે આપની પેરવી કરી તેણે હિદાયત મેળવી લીધી.' અબુબક્રે અલીને આ હકીકતથી ખાસ ગણ્યા. કારણ કે અલી ઇમામ અને ઇલ્મ અને ખુદાની મઅરેફતનું પ્રવેશદ્વાર છે. તે ઇમામોના ઇમામ છે. અને ઉમ્મતના વિદ્વાન છે. હદીસે ગદીરમાં શંકાનો અવકાશ નથી. અસંખ્ય સહાબાએ તેની રિવાયત કરી છે. તેની ખ્યાતિ માટે ગદીરે ખુમનો સહાબાનો મજમો પૂરતી સાબિતી છે.

૧૩. સય્યદ અમરી મોહમ્મદ યમનીએ રવઝલ નહયહમાં અસંખ્ય રીતે હદીસે ગદીરની નોંધ કરીને ફકીર હમીદની લંબાણપૂર્વકની ચર્ચા લખી છે. તેમાં રસુલે અલીને હાથો ઉપર ઊંચા કરીને મન કુન્તો મવલાહો ફરમાવ્યું. મવલા શબ્દ જયારે પણ સ્વતંત્ર બોલાય ત્યારે તેમાં માલિક અને હુકમના અર્થમાં જ ગણાય. તે માટે જયારે કોઇના પણ માટે (કવમના મવલા) મવલલ કવમ કહેવામાં આવે તો તેનો અર્થ કવમની દરેક બાબતોમાં તેની માલિકી છે. તેની પછી નાસીર ઇબ્ન અમ્મ કહે છે કે એક અર્થ અવલા પણ

છે. ખુદા ફરમાવે છે કે માવા કો મુન્નાર હી મવલાકુમ એહલે અવલાબેકુમ વ બઅજાબેકુમ. આ હદીસમં અવલાની સિવાય બીજો અર્થ કરી શકાય નહિ. માત્ર હુકમ માટે ઉપયોગ થયો ગણાશે. તેથી પયગમ્બરના હુકમને જોતા મવલાનો ભાવાર્થ ઈમામનો સમાન અર્થ થશે.

૧૪. શયબ અહમદ અજીલી ઝખીરતુલ મઆલમાં હદીસે ગદીર અને હારીસનો બનાવ લખીને કહે છે કે ખિલાફતે અલીની આ સૌથી મજબુત દલીલ છે. અને ઈમામતની સાબિતીઓ પણ સચ્ચાઇ અને મદદને માટે વધુ ઉચ્ચ હોવાની સાબિતીઓ છે. તેમાં ચર્ચાને સ્થાન નથી. યમનના પ્રશ્ને પણ અમુકે વિરોધ કર્યો હતો. તેથી હજ્જતુલ વિદાઅથી પાછા ફરતા રસુલે તેનો જવાબ આપ્યો. બરીદહના દિલમાં અલી માટે દુશ્મની હતી. રસુલે ફરિયાદ કરી. તે વખતે રસુલનો ચહેરો બદલાય ગયો અને ફરમાવ્યુઃ શું હું મોમીનોના નફસો ઉપર તેમનાથી વધુ સજાવાર નથી. અને હદીસે ગદીર ફરમાવી. બરીદહને કહ્યું, અલી મારાથી છે અને હું અલીથી છું. તે મારા પછી તમારા મવલા છે.

*''તેઓને પાકીઝા કોલની હિદાયત કરવામાં આવી. પ્રશંસાને પાત્ર ખુદાની નિશાનીનો માર્ગ દેખાડવામાં આવ્યો.''*

(સુ. હજ)

વધુ સ્પષ્ટતાની જરૂર એટલા માટે છે કે અમુક લોકોએ હદીસના અર્થના સંદર્ભમાં સાચી બાબતનો સ્વિકાર કરવામાં ખચકાટ અનુભવે છે. એ સંપૂર્ણ રીતે સ્પષ્ટ છે કે હદીસે ગદીરથી વચ્ચેના અંતર વગરની સીધી ખિલાફતનો ફરજિયાત રીતે સંકેત મળે છે. જો બાદશાહ કોઇ નજદીકના સગાની કોઇ હોદ્દા ઉપર નિમણૂક કરે અથવા મરતી વખતે પોતાનો વારસાદર બનાવે અને તેના ઉપર ગવાહો પણ બનાવે પછી ગવાહો અથવા બીજા લોકો માટે શક્ય છે કે વિલાયતનો હોદ્દો કે વસીની નિમણૂક બાદશાહના મૃત્યુના ઘણાં દિવસ પછી તેની શોધ કરવામાં આવે. અથવા એવા લોકોની પછી શોધ કરવામાં આવે જેના નામ વસીય્યતનામામાં નથી. શું એ વાત અક્કલમાં આવે છે કે બાદશાહના મૃત્યુ પછી અમુક લોકો વારસદારની સિવાય હકુમત ચલાવવા માટે અમુક બનાવટી

વારસદાર બનાવી લે અને તે સત્તા ઉપર કબ્જે મેળવીને કહી દે કે બાદશાહ વસીય્યત કર્યા વગર મૃત્યુ પામ્યો છે. નહિ આ કદાપિ બની ન શકે. તેવું કામ એ જ કરી શકે જે સત્યથી હકથી ફરી ગયો હોય અથવા અક્કલ ન હોય. આ મોકે પસંદગી કરનારને કહી શકાય કે જો બાદશાહની પસંદગી તે લોકો પ્રત્યે હતી તે તેણે વસીયત અથવા એલાનમાં તે લોકોના નામ કેમ લીધા. જો કે તેઓને સારી રીતે ઓળખતો હતો.

ખિલાફતની બાબતમાં અમારૂં દ્રષ્ટિબિંદુ એજ છે. જે લોકો કહે છે કે હઝરત અલી (અ.સ.)ની વિલાયત અને ખિલાફત ઉસ્માનની પછી નક્કી થઇ હતી. તેઓને  પૂછી શકાય કે શું રસુલ સ. તેઓને ઓળખતા ન હતા? પછી મૃત્યુના સમયે માત્ર અલી અ. ને જ શા માટે મખ્સુસ કર્યા. હાજર રહેલાઓની બયઅતની તાકીદ કરી અને હાજર ન હતા તેઓને સંદેશો પહોંચાડવાનો હુકુમ કર્યો. જો આપ આ લોકોને પણ ખિલાફતમાં સાથે ગણતા હતા તો જરૂરતના સમયે  એલાન કેમ ન કર્યું. કારણ કે આ દીનની મહત્વની ફરજ હતી. ઉસુલે દીનનો એક ઉસુલ હતો. પરિસ્થિતિ વિરોધોનો સંકેત કરે છે. અને થયું પણ એમ જ. આપે ધીંગામસ્તી, ઝઘડાઓ અને કતલની ખબર પણ આપી દીધી હતી. નબી રહેમતથી પોતાની સફાઇમાં શું કરી શકશે? આપે લોકોના નામ નથી લીધા. આજે તેમની કૌમ નેક ગુમાનથી એ કહે છે કે અલીને કુરઆનના સ્પષ્ટ હુકમ થવા પછી પણ જુદા કરી ચૂકી છે એમ કહીને કે અલી કમસીન હતા. તેમને પોતાના ખાનદાન સાથે ભરપૂર મોહબ્બત હતી. આ રીતે સમયનું બંધન ગણીને તેમને અવગણવામાં આવે છે. પરંતુ રસુલે ખુદાના હુસ્ને અકીદતની માગણી છે કે વિલાયતના એલાનને હિદાયત માટે ખરેખરનું બયાન ગણવામાં આવે.

ખુદા તેઓને સીધા રસ્તાની હિદાયત કરે.

## ગદીરના આમાલ અને દોઆઓ :

ગદીરના દિવસે ખુદાએ દીનને સંપૂર્ણ કર્યો, નેઅમત પૂરી કરી અને અમીરૂલ મોઅમેનીનની વિલાયતના એલાનથી રાજી થયો. અને તેને હિદાયતની નિશાની ગણાવી. જેથી ઉમ્મત હિદાયતના માર્ગ પર ચાલે અને ગુમહારીથી રક્ષણ મેળવે. તેથી બેઅસતના દિવસ પછી આ દિવસને જાહેર અને છુપી નેઅમતોથી ભરી દીધો છે. આ દિવસે બેઅસતનું પવિત્ર કાર્ય પૂરૂં થયું. તેથી દરેક દીનદારને માટે જરૂરી

છે કે આ નેઅમતનું સ્વાગત કરે. અને અલ્લાહનો શુક્ર બજાવી લાવે. ઈબાદતો જેવી કે નમાઝ, રોઝા, નેકી, સીલે રહેમી, મહેફીલો અને જશ્નો વિગેરે ગોઠવે. હદીસોમાં આ દિવસના ખાસ આમાલો પૈકી રોઝો પણ છે.

## ગદીરના દિવસે હદીસે સોમ:

તારીખે ખતીબે બગદાદીમાં અબ્દુલ્લા બીન અલી બીન મોહમ્મદ બીન બુશરીન, દાર કતની, અબુ નસ્ર હબશુન જલાલ, અલી બીન સઈદ રમીલ, ઝમેરાહ બીન રબીઅયા, અબ્દુલ્લા બીન શવદબ, મતરદરાક, શહહ બીન હવશબ અને તે અબુ હુરયરહનું બયાન નકલ કરે છેઃ જે ૧૮ ઝીલ્હજના રોઝો રાખે તેને ૬૦ રોઝાનો સવાબ આપવામાં આવશે. આ ગદીરે ખુમનો દિવસ છે. જેમાં હદીસે રસુલ સ. મનકુન્તો મવલાહો... કુરઆનની અકમાલે દીનની આયત વિગેરે ઘટના ઘટી. જે માણસ ૨૭ રજબના રોઝો રાખે તેને પણ ૬૦ રોઝાનો સવાબ છે. તે દિવસે જીબ્રઈલ રસુલ સ. માટે રિસાલતનો સંદેશો લાવ્યા હતા.

બીજી રીત ઝયનુલ ફતી આસમીની અબુ સઈદથી રિવાયત છે કે અમને મોહમ્મદ બીન ઝકરીયાએ ખબર આપી, તેમણે અબુ ઈસ્માઈલ બીન મોહમ્મદ ફકીહે, તેમને અબુ મોહમ્મદ યહ્યા બીન મોહમ્મદ અલવી હુસયનીએ, તેમણે ઈબ્રાહીમ  મોહમ્મદ આમીએ, તેમણે હબશુન મોહમ્મદ મુસાએ, બગદાદીએ, તેમને અલી બીન સઈદ શામીએ, તેમણે ઝમીરા અને તેમણે શોદબે અંતિમ સનદ સુધી – બંનેના સંદર્ભમાં રજબના દિવસની વાત નથી. સંદર્ભની રિવાયતને ઈબ્ન ગઝાલીએ મનાકીબમાં નકલ કરી છે. તેની સનદ છે અબુ બક્ર, અહમદ બીન તાવાન, અબુલ હુસૈન, અહમદ બીન હુસયન બીન સમ્માક, અબુ જઅફર મોહમ્મદ બીન મોહમ્મદ નસીર ખુલ્દી, અલી બીન સઈદ રમલી, અંતિમ સનદ અને સંદર્ભ સુધી.

આ રિવાયત તઝકેરહ સબ્ત ખુઝીમાં ખતીબ ખવારઝમી, હાફીઝ બહીકીની રીત મુજબ હાફીઝ નિશાપુરીથી ઈબ્નુલ બયઅ, સાહેબે મુસ્તદરકે યઅલી ઝબીરી, અબુ જઅફર અહમદ બીન અબ્દુલ્લા બઝાઝ, અલી બીન સઈદ રમલી.... ફરાયદ હમ્વીનીના તેરમાં ભાગમાં હાફીઝ બહીકીની રીતે.

## હદીસની સનદની વ્યક્તિઓ:

૧. અબુ હુરયરહ ઉપર અહલે સુન્નતના તમામ આલીમો એક મત છે. તેથી વધુ લંબાણની જરૂર નથી.

૨. શહર બીન હવશબ અસઅરી, હલીયા અબુ નઈમમાં તેમની ગણતરી અવલીયામાં થાય છે. મીઝાને ઝહબીમાં બુખારીની પ્રશંસાની નોંધ છે. અજલી ઇબ્ન શયબા અને અહમદે વિશ્વાસપાત્ર કહ્યા છે. અહમદ બીન હમ્બલને પૂછવામાં આવ્યું તો જવાબ મળ્યોઃ તેમની હદીસ ઘણી સારી હોય છે. (ઇબ્ન અસાકીર) મર્રહ અને અજલી તેમને વિશ્વાસુ તાબેઇ કહે છે. અમુક આલીમોએ તેની ટીકા કરી છે. ઇબ્ન હજરે ઘણાં વખાણ કર્યા છે. બુખારી અને તબરીએ તેમને વિશ્વાસપાત્ર, ફકીહ, કારી અને આલીમ હોવાની નિશાની આપી છે. કતાન કહે છે કે તેમની પાસેથી હુજ્જત નથી સાંભળવા મળી, બુખારી, મુસ્લિમ, નેસાઇ, તરમીઝી, અબુ દાઉદ અને ઇબ્ન માજાએ તેમની રિવાયત લીધી છે.

૩. મતર તહમાન વરાક : અલી અ.ના મોહિબ અને બસરા નિવાસી હતા. અનસનો જમાનો જોયો હતો. અબુ નઇમ અવલીયામાં ગણે છે. અબુ ઇસા ઝોહદ અને ફીકાહમાં અજોડ કહે છે. ઇબ્ન હજર અને ઇબ્ન હબાને વિશ્વાસુ અને સાચા કહ્યા છે. સૌએ તેમની હદીસ લીધી છે. મનસુરે હી. ૧૪૦માં કતલ કર્યા.

૪. અબુ અબ્દુરરહેમાન બીન શવઝબ. અબુ નઈમ અવલીયામાં ગણે છે. કસીર બીન વલીદ કહે છેઃ જયારે પણ શવઝબને જોઉં છું ત્યારે ફરિશ્તા યાદ આવે છે. જઝરી અને ઇબ્ન હજર હદીસમાં ફકીહી નિષ્ણાત અને વિશ્વાસુ ગણે છે. સુફયાન સુરી વિશ્વાસુ ઉસ્તાદોમાં ગણે છે. ઇબ્ન ખલફુન, ઇબ્ન નમીર, અબુ તાલીમ, અજલી, ઇબ્ન અમાર, ઇબ્ન મઇન – સૌ તેમને વિશ્વાસુ માને છે. હિ. ૮૬માં જન્મ અને હિ. ૧૫૮માં મૃત્યુ પામ્યા. હાકીમ અને ઝેહબી તેમની હદીસને સાચી કહે છે.

૫. ઝમીરહ બીન રબીઅહ કરશી : ઇબ્ન અસાકરે તેમનું વર્ણન કર્યું છે. અહમદ બીન હન્બલ તેમને ઉસ્તાદ, નિખાલસ અને વિશ્વાસુ કહે છે. ઇબ્ન મઇન, ઇબ્ન રાઅદ, ઇબ્ન ફરસ તેમને વિશ્વાસપાત્ર

અને ફકીહ કહે છે. જઝરી અને ઇબ્ન હજરના મત મુજબ અહમદ, નેસાઇ, ઇબ્ન મઇન વિશ્વાસુ કહે છે. ઇબ્ન યુનુસ સાચા અને નિર્મળ કહે છે. સહીહમાં મુસ્લીમ સિવાય સૌએ હદીસ લીધી છે. હાકીમ અને ઝહબી તેમની રિવાયતને સાચી કહે છે.

૬. અબુ નસ્ર અલી બીન સઇદ : મૃત્યુ હી. ૨૧૬ ઝહબીના મત મુજબ વિશ્વાસપાત્ર હતા. રીતભાત અને વ્યવહારમાં સાચા હતા. ઇબ્ન હજરે વિશ્વાસુ કહ્યા છે. ઝહબીએ ખરાઇ કરી છે કે તે વિશ્વાસપાત્ર હતા. પરંતુ તેમને ઝઇફ રાવીઓમાં શા માટે ગણવામાં આવ્યા.

૭. અબુ નસર હબશુન : મૃત્યુ હી. ૩૩૧. ખતીબ બગદાદીએ વિશ્વાસપાત્ર અને દારકતનીએ સાચા કહ્યા છે.

૮. હાફીઝ અલી બીન અમ્ર બગાદાદી : દાર કતની, સાહેબે સોનન, ખતીબ બગદાદીએ એકમાત્ર જમાનાના એક માત્ર ચૂંટી કાઢેલા અને ઇમામ હતા. હદીસકારોના નામ સાથે ઉચ્ચ હદીસોના જાણકાર હતા. સચ્ચાઇ, અમાનત, વિશ્વસનીય, ન્યાયી અને ભરોસાપાત્ર હતા. હદીસની શાન ઉપરાંત તમામ ઇલ્મો ઉપર કાબુ હતો. અબુલ તય્યબના મત મુજબ હદીસમાં શ્રેષ્ઠ હતા. ઇબ્ન ખલકાને પણ ઝહબીના હવાલાથી યાદ દાશ્ત, કિરઅત અને વ્યાકરણમાં તેમના સમયમાં એક માત્ર હતા. ધરતી ઉપર તેમના જેવો કોઇ નથી. તેમના માટે સાહિત્યના ક્ષેત્રે ભરપૂર પ્રશંસા કરવામાં આવી છે.

મે હદીસની સનદોનું એટલા માટે લખાણ કર્યુ કે વાંચકો જાણી શકે કે આ હદીસ કેટલી બધી સાચી છે. અને તેની વ્યક્તિઓ કેટલી વિશ્વાસપાત્ર છે. આ હદીસ ઉપર શંકા કે વિરોધ કરવો યોગ્ય નથી. કારણ કે તેની વ્યક્તિઓના સૌના સહમતિના વિધાનો છે. વધુમાં એ કે તેમાં અકમાલે દીનની આયત ગદીરના દિવસે ઉતરી હોવાની વાત છે. જેને તબરી, ઇબ્ન મરવીયા, અબુ નઇમ, ખતીબ, સજસ્તાની, ઇબ્ન અશકર ને અસાકર અને હસકાની જેવા હાફીઝોએ રિવાયત કરી છે. આ બાબતો સ્પષ્ટ દલીલો કર્યા પછી હવે જરા ઇબ્ન કસીરના તારણો જોઇએ. તે ઝહબીની તકલીદ કરતા કહે છે કે, ''આ હદીસ અજ્ઞાત બલ્કે જુઠી છે. મને જે સનદવાળી રિવાયતો મળી છે તેનાથી જાણવા મળે છે કે અકમાલે

દીનની આયત ઉતરી.' આ માણસની તુંડમીજાજી જુઓ. ખુદ સ્વિકારે છે કે જ્યારે બે હદીસો એક પાયાના મુકાબલામાં હોય તો તે હુજ્જતના કારણે વધુ મજબુત હોય તે અખત્યાર કરવી જોઇએ. અફસોસ! મને ખબર હોત કે તેમની હદીસનું પલ્લું ક્યા કારણે ભારે અને મારી હદીસનું પલ્લુ હલ્કું છે. ખરેખર તો જે હદીસ મેં અખત્યાર કરી છે તેનાથી મહાન બનાવ (અલી. અ.ની વિલાયત) સાબિત થાય છે. અને તેની દુશ્મનીઓ અલી અ.ની વિલાયત ન સ્વિકારી. અરે, ઓછામાં ઓછું સબ્ત જુઝીની જેમ કહી દેતા કે બિસ્મીલ્લાહની જેમ આ આયત બે વખત ઉતરવામાં શંકા છે. ઇબ્ન કસીરે તેના ઇન્કારનું એક બીજું પણ કારણ તેની તારીખમાં લખ્યું છે કે આ હદીસના અર્થમાં એ ખરાબી છે કે ઇદના દિવસો રોઝાનો સવાબ સાંઇઠ મહિનાનો છે. તેનો અર્થ એ છે કે વાજીબ કરતાં મુસ્તહબ વધી જશે. કારણ કે હદીસોમાં માહે સેયામનો સવાબ પણ દસ મહિનાઓનો છે. આ કારણે બાતીલ છે. આ શંકાસ્પદ વિરોધોના બે શક્ય જવાબો છે. એક રદ કરવાનો અને બીજો ખુલાસો કરવાનો ઉકેલ શોધવાનો. રદ કરવાના સંદર્ભમાં હદીસોના ઢગલાઓ છે. માત્ર થોડી નકલ કરીએ છીએ.

૧. હદીસઃ જે માણસ માહે સેયામ પછી માહે શવાલના છ દિવસના રોઝા પણ મેળવી દે તો જાણે તેને આખી જીંદગી રોઝા રાખ્યા. (મુસ્લિમ, અબુ દાઉદ, ઇબ્ન માજા, દારમી, મસનદે અહમદ) ઇબ્ન રબીએ આ હદીસને મુસ્લિમ અને તરમીઝીના હવાલાથી નકલ કરીને શવાલના છ દિવસના રોઝાને મુસ્તહબ કહ્યા છે.
૨. જે માણસ ઇદુલ ફીત્રની પછી છ દિવસના રોઝા રાખે તો જાણે તેણે આખી જિંદગી રોઝા રાખ્યા. સયુતીએ જામેઉલ સફીદમાં તેની ખાત્રી કરી છે. (ઇબ્ન માજા, મસનદે એહમદ નેસાઇ, ઇબ્ન હબાન)
૩. રસુલે ખુદાએ અય્યામુલ બીઝ - દરેક મહિનાની ૧૩-૧૪-૧૫ તારીખે રોઝાનો હુકમ આપ્યો છે. તેનો સવાબ આખી જીંદગી અથવા આખી દુનિયાની બરાબર છે. (ઇબ્ન માઝા દારમી)
૪. ખુદા ઝીલ્હજના પહેલા દસ દિવસ ખુદાને તમામ દિવસો કરતાં વધુ પ્રિય છે. તેના એક દિવસના રોઝાનો સવાબ આખા વરસનો સવાબ છે. તેની રાત શબે કદ્રની બરાબર છે. (સનન ઇબ્ન

માજા, યહ્યા અલ ઓલુમી, આજ હદીસ અનસ બીન માલીકથી પણ છે (તરમીબ વલ તહરીબ). આ રીતે મહીનાના ત્રણ દિવસોના રોઝાનો સવાબ આખી જીંદગીના રોઝા બરાબર છે. (મસ્નદે અહમદ, રાબર ઇબ્ન હબાન વિગેરે) અને તેને કુરઆનનો ટેકો છે, ‘‘જે માણસ એક નેકી લઇને આવે તેને દસ ગણું મળે છે.’ અરફાના દિવસના રોઝાનો સવાબ એક હજાર દિવસોનો અથવા વરસની બરાબર. ૨૭ રજબના દિવસે ૬૦ મહિનાની બરાબર અથવા ત્રણ હજાર વરસનો સવાબ આપવામાં આવશે. આશુરાના દિવસે આખી જીંદગીના રોઝા બરાબર અથવા ૩૦ દિવસો બરાબર સવાબ મળે છે. (તબરાની, નઝહતા, ગનીયા અને અલ તરમીલ વલ તરહીબ વિ.માં જુઓ.)

રદ કરનાર જવાબ પછી હવે સ્પષ્ટતા ખુલાસો કરતો જવાબ : આપણી પાસે એવો કોઇ માપદંડ નથી જેનાથી નિર્ણય કરી શકીએ કે વાજીબ વાજીબાતનો સવાબ મુસ્તહબથી વધુ મળે છે. ખરેખર તો આમાલનાં હકો અને તેની જાહેર અપેક્ષાઓ ઉપર સવાબ એકઠો થાય છે. ન કે તેના વાજીબ અને મુસ્તહબના શિર્ષક હેઠળ. કારણ કે તે તો આમાલના હેતુ મુજબ નક્કી થાય છે. તેથી તે શક્ય છે કે મુસ્તહબ અમલ દરેક પ્રકારની હકીકતો અથવા સાંયોગિક રીતે વાજીબ અમલની સરખામણીમાં વધુ સવાબ ધરાવતા હોય. અહીં એ બાબત દ્રષ્ટિ સમક્ષ રાખવી જોઇએ કે અમલનો સવાબ તેની ઇમાની હાલત, સમજ અને બંદાઓની નફસની મજબુતીથી એકઠો થાય છે. ખુદાએ વાજીબ અને હરામના પ્રકારોમાં જે જવાબદારી બંદાઓને આપી છે તેની સામે મુસ્તહબ અને મકરૂહમાં આ સમજ અને મજબુતી વધુ અપેક્ષીત છે. તેનાથી ખુદાની બારગાહમાં નિર્મળતા અને પ્રેમની લાગણીઓ વધુ અસરકાર હોય છે. વાજીબાતની સામે મુસ્તહબથી અલ્લાહની વધુ મોહબ્બતની દલીલની બુખારીની એક હદીસ છે. અબુ હુરયરહથી હદીસની રિવાયત છેઃ બંદાઓ હંમેશા નોવાફીલ દ્વારા મારી નજદીકી પ્રાપ્ત કરે છે. પછી હું તેની સાથે મોહબ્બત કરવા લાગું છું. અને આ રીતે તેના કાન, હાથ પગને મારી રાજીપાની મોહર બનાવી લઉં છું. બલ્કે એ પણ કહી શકાય કે રોઝીમાં અલ્લાહના ન્યાય મુજબ વાજીબ અને હરામથી જઝા અને સઝા પણ ભેગી ન થવી જોઇએ. કારણ કે તે બંદાઓ ઉપર ખુદાના અકલપ્ય એહસાનો અથવા તંદુરસ્તી

અને રક્ષણના ફાયદાઓના સ્વરૂપમાં છે. બંદાઓના તમામ સદકાર્યો તેની નેઅમતોની સરખામણીમાં ઘણાં ઓછા છે. ખુદાના સવાબના વળતરની બદલે તેની શ્રેષ્ઠતા અને એહસાન કહેવામાં આવે તે વધુ યોગ્ય ગણાશે. આ હકીકત અંગે અસંખ્ય આયતો છે. સુરા દોખાનમાં છે, ઈન્નલ મુત્તકીન ''બેશક પરહેઝગાર લોકો સલામતિની જગ્યા એટલે બગીચાઓ અને ઝરણાઓમાં હશે. રેશમના પાતળા અને મજબુત કપડા પહેરેલા, એક બીજાની સામસામે બેઠા હશે. એમજ થશે. મોટી આંખોવાળી હુરો સાથે જોડી બનાવી દેશે. આ તમારા પરવરદિગારનો ફઝલ છે અને આજ તો મોટી સફળતા છે.' આ રીતે સાબિત થઇ જાય છે કે બંદાઓ માટે જે કાંઇ નેઅમતો અને સવાબ એકઠા થાય છે તે ખુદાની દેન અને અહેસાન છે. ખુદાએ નેઅમતો ગણાવીને કહ્યું છે કે આ ખુદાની મહાનતા છે અને તેજ મોટી સફળતા છે. અમારા અસહાબે એ દલીલ પણ પાકી કરી કે ઉચ્ચ દરજ્જાનો સવાબનો હક અલ્લાહની નજદિક મહાનતા અને અહેસાન છે. પછી મહાનતા અને એહસાનને મોટી સફળતા કહી. જેમકે જો કોઇ બાદશાહ કોઇને વળતર અને કોઇને માનવંતો બાદશાહી પોષાક આપે તો બાદશાહી પોષાકવાળો મહાન બદલાને પાત્ર ગણવામાં આવશે.

ખુદ ઇબ્ને કસીરે આ આયતના સંદર્ભમાં રસુલ સ.ની હદીસ નકલ કરી છે. અમલ કરો અને તમારી જાતને તૈયાર કરો. નિખાલસતાથી આમાલ કરો. સારી રીતે જાણી લોકો કે કોઇનો પણ અમલ તેને જન્નતમાં દાખલ નથી કરી શકતો. લોકોએ અરજ કરી, શું આપના માટે પણ એજ છે? ફરમાવ્યું, હા, પરંતુ અલ્લાની રહેમત અને અહેસાને મને ઘેરી લીધો છે. વધુ સ્પષ્ટતા બુખારીની હદીસથી થાય છે. બંદાઓ ઉપર ખુદાનો હક એ છે કે માત્ર ખુદાની ઇબાદત કરે. અને બીજાને જરાપણ શરીક ન કરે. અને ખુદાનો બંદા ઉપર હક એ છે .........

કે તે આ બંદા ઉપર અઝાબ ન કરે જેણે શીર્ક ન કર્યું હોય. આપ સારી રીતે અનુભૂતિ કરી શકો છો કે તટસ્થ બુદ્ધિ અલ્લાહના આ હકને સાબિત કરે છે. પરંતુ તે વધારાની નેઅમતો અંગે જેના વિષે રસુલે મૌન ધારણ કર્યું તે માત્ર ખુદાવન્દે આલમની મહેરબાની અને એહસાન છે.

આપ સરકારી નોકરોને જવાબદારીઓ અને તેઓને મળતા વેતનની સરખામણી કરતાજ રહો છો કે તેઓ જે સેવાઓ આપે છે તે તેઓની જવાબદારીઓ હોય છે પરંતુ તેઓને જે પ્રમોશન મળે છે. તે તઓની વધારાની

સેવાઓના કારણે હોય છે, જે નક્કી કરેલી સેવાઓથી વધુ છે. શું કોઇ વ્યક્તિ સરકારની આ નીતિ ઉપર ટીકા કરે છે ? તેનો કોઇ પણ વાંધો નથી ઉઠાવતું બિલ્કુલ આવીજ સ્થિતિ માલિક અને ગુલામની વચ્ચે હોય છે. આ બાબત દરેક માણસ જાણતો અને સમજતો હોય છે. ખુદાવન્દે આલમ પોતાના બંદાઓ ઉપર અસીમ વળતર અને સવાબ અર્પણ કરે છે. અહિં આ અર્થને સાબિત કરવા માટે ઇમામ ઝયનુલ આબેદીન (અ.સ.) ના પવિત્ર કથન ઉપર એક દ્રષ્ટિપાત કરીએ. જ્યારે આપને શુકર અદા કરવામાં ઉણપ દેખાતી ત્યારે આ રીતે સ્વિકાર કરતા હતા.

''એ માઅબુદ ! નિઃશંક કોઇ પણ માણસ તારા શુકર કરવાની કોઇ હક સુધી નથી પહોંચતો સિવાય એ કે તેના ઉપર તારો એ (નવો) એહસાન આવી જાય છે જે તેના ઉપર ફરી શુકર કરવાની ફરજ પાડે છે અને ન કોઇ પણ રીતે તારી તાબેદારી સુધી પહોંચે છે, સિવાય કે તે લાચાર બની જાય છે. જેનો તું તારી મહેરબાની કારણે હકદાર છો. તેથી તારા બંદાઓમાં જે સૌથી વધુ શુકર કરનાર પણ તારી તાબેદારીમાં ઉણપ રાખનાર છે. કોઇના માટે પણ એ જરૂરી નથી કે તું તેના હક માગવાના કારણે બક્ષી દે અને એક તેનાથી હકદાર હોવાના કારણે રાજી હો તેથી જેને તું માફ કરી દે તે તારી બક્ષીશના કારણે છે. અને જેનાથી તું રાજી થઇ જા તો તારી મહેરબાનીના કારણે છે. તું થોડા શુકર કરવાને પણ કબુલ કરી લે છે અને થોડીક તાબેદારીના કારણે પણ તું સવાબ આપે છે. ત્યાં સુધી કે તેથી એમ જણાય છે બંદાઓનો શુકર કરવા માટેનો સવાબ આપવાનું તે નક્કી કરી લીધું છે. અને તેના બદલાને તેનાથી ઘણો વધારી દીધો છે. કોઇ એવી વાત છે જેનાથી કે તે આભાર માનવો તેઓની શક્તિ મર્યાદામાં હતો તે કારણથી તેં બદલો આપ્યો અથવા તેનું કારણ તારા હાથમાં ન હતું તેથી તેં તેઓને બદલો આપ્યો. બલ્કે એ મારા મઅબુદ, તું તેઓના સર્વ કાર્યો ઉપર સત્તાવાન તેનાથી પહેલા કે તે તારી ઇબાદતનો માલિક હોય અને તાબેદારી કરવા પહેલા જ તે તના માટે સવાબ તૈયાર કર્યો હોય. તે તેના હક માગવાના કારણ નહિ પરંતુ એટલા માટે કે મહેરબાની કરવી એ તારી રીત છે. અને એહસાન કરવો તારી આદત છે. તારૂં સમગ્ર સર્જન એ સ્વિકારે છે કે જેના ઉપર તું અઝાબ કરે છે તેના ઉપર જુલ્મ નથી કરતો. તારા બધા બંદાઓ એ વાતના સાક્ષી છે કે તુ જેને માફ કરે છે તેના પર મહેરબાની કરે છે. જે ઇબાદત અને તાબેદારીનો તું હકદાર છે. દરેક માણસ તેમાં

પોતાની ઉણપને સ્વિકારે છે. તેથી જો આ વાત ન હતે તો શયતાન તારા બંદાઓને તારી તાબેદારીના મામલમાં ભુલામણીમાંનાખી કોઇ ગુનેહગાર ગુનાહ ન કરતે અને જો આ ન થતે કે તે શયતાન તેઓની સામે જૂઠને સત્યના સ્વરૂપે લાવે છે તો તારા માર્ગમાંથી કોઇ ચલિત ન થતે તેથી પાક છે તારી બખ્શીશ, તારી તાબેદારી અને વિરોધ કરનારાઓના મામલામાં કેવી પાક. તું તાબેદારી કરનારાઓના આ અમલને કબુલ કરે છે. જે તેં ખુદે આપેલી છે અને તારી તાબેદારીનું ઉલ્લંઘન કરનારાઓને તું તક આપે છે જેમાં ઝડપ કરવા માટે ખુદ માલિક છે. તે બન્નેને તેં આપ્યું છે જે તેના માટે જરૂરી ન હતું. અને ન તે બન્નેમાંથી દરેકને તેં આપ્યું છે જેનાથી તેનો અમલ ઓછો હતો અને જો તાબેદારી કરનારને તેનો બદલા આપતે જે તેં તેને આપ્યો છે તો નજદિક હતું કે તે તારો સવાબ ન મેળવતે અને તેનાથી તારી નેઅમતો નાશ પામતી. પરંતુ તે તારી મહેરબાનીથી અને નાશ થનારી મુદ્દતને બદલે હંમેશા અને લાંબી મુદ્દતનો બદલો આપ્યો. નાશ થનારીની સરખામણીમાં લાંબી મુદ્દતનો બદલો આપ્યો. પછી તેં હિસાબ લેવાનો પણ જરૂરી ન ગણ્યો. તેમાં જે તારી રોજી ખાઇને તાબેદારી કરવા માટે શક્તિશાળી થયો છે (તેના ઉપર) તેં હિસાબમાં સખ્તાઇ પણ ન કરી અને તે સાધનો ઉપર જેના ઉપયોગથી તારી બખ્શીશનું કારણ પેદા થયું અને જો કદાચ તું તેની સાથે આ કરતો તો તારૂં આ કામ તમામ તે ચીજો કે જેના માટે તેણે તકલીફ ઉપાડી અને તે બધા અમલો જેમાં તેણે કોશીશ કરી તારી નાની એવી નેઅમત અને એહસાનના બદલામાં લઇ જતો. અને તે તારી નેઅમતોમાં તારી સામે ઘમંડ રહી જતો. તો ક્યારે તે સવાબ મેળવવાને હકદાર થતે ?''

અને ગદીરના આમાલમાં નમાઝ પણ છે જેના માટે અબુ નઝર અય્યાશીએ અને સાબુની મીસરીએ સંપૂર્ણ કિતાબ સંપાદિત કરી છે. તેની તરફ રજુ થવું જોઇએ. આ દિવસે પડવા માટે દોઆઓ પણ છે.

# ગદીરની હદીસના રાવીઓ - સહાબા

અબુ હરીરી દવસી : મૃત્યુઃ હિ. ૫૭, ૫૮, ૫૯ ઉમર ૭૪ વરસ તેણે બયાન કરેલ હદીસો નીચેના કિતાબોમાં મોજુદ છે.

* તારીખે ખતયાબ બગદાદીમાં બે રીતે મતરૂરાક અને શહર ઈબ્ન હવશબ
* તહઝીબુલ કમાલ ફી અસમા અલ રેજાલમાં અબુલ હુજ્જાજ મઝ્ઝીથી
* તહઝીબુલ તહમીલ
* મનાકીબ ખ્વારઝમી
* અસની અલ મતાલીબ જઝરી
* તફસીર દર મન્સુર - સયુતીમાં - ઈબ્ને અસાકાથી
* તારીખુલ ખોલફા - સયુતીમાં - અબુ યઅલી મવસઅલીથી
* ફરાયદ અલ સમતીન હમ્વીનીમાં શહરીબ્ને હવશબથી
* કન્ઝુલ અમાલ મુત્તકી હિન્દીમાં ઈબ્ને અબી શયબા અને અમીરહબ્ને અસઅદથી
* ઈસ્તીઆબ ઈબ્ને અબ્દુલ બર - બદાયા વલ નહાયા ઈબ્ન કસીર દમિશ્કી
* હદીસ અલ વિલાયતા બન અકીદહ - નખસુલ મનાકીબ અબુ બક્ર જઆલી
* નઝલુલ અબરાર

અબુ લયલા અન્સારીઃ કહેવાય છે કે જંગે સિફ્ફીનમાં શહાદત થઈ. તેમની રિવાયતો નીચેની કિતાબોમાં છે :-

* મનાકીબ ખ્વારઝમીમાં મઅ હદીસે ખબીર અને હદીસે ગદીરનું

બયાન

* હદીસુલ વિલાયત અબ્ન અકીદહ

* તારીખુલ ખોલફા - સયુતી

* જવાહરૂલ અહકદીન - સમહુરી

અબુ ઝીનતુલ અનસારી : તેની રિવાયત નીચે દર્શાવેલ કિતાબોમાં છે.

અસદુલ ગાબા - ભાગ ૫ અને ૬માં અઝઅ બીન નબાતાથી અને ભાગ-૪માં ઇબ્ન અકદાના હવાલાથી - સઅદ અસકાફ અને સબઅમાંથી

અબુ ઝીનત એ લોકોમાંથી હતા જેને હઝરત અલી અ.એ રહબા મનાશુદહ નામના સ્થળે ફરમાવ્યું હતું.

અબુ ફઝાલેહ અન્સારી : જંગે બદરમાં સાથે હતા. જંગે સીફફીનમાં શહીદ થયા. મકામે શેહબામાં મોજુદ હતા. તેમણે હદીસે ગદીરની ગવાહી આપી હતી. અસદુલ ગાબામાં ઇબ્ને અકદાના હવાલાથી અને તારીખે આલે મોહમ્મદ કાઝમીમાં તેની રિવાયત છે.

અબુ કદામહ અન્સારીઃ આ પણ મકામે રહબા મનાશુદમાં મૌજુદ હતા. હદીસે ગદીરની ગવાહી આપી હતી. તેમની રિવાયત નીચે દર્શાવેલ પુસ્તકોમાં છેઃ-

અસદુલ ગાબા - હદીસ અલ વિલાયા ઇબ્ને અકદર - જવાહરૂલ અકદયન - સમહુરી - અસાબા

અબુ ઉમર બીન અમરૂ બીન મોહસીન અન્સારીઃ અસદુલ ગાબા ઇબ્ન અસીરના મંતવ્ય મુજબ આ પણ મકામે રહબામાં ગવાહી આપનારાઓમાં હતા.

અબુ હશીમ બીન તયહાનઃ સીફફીનમાં શહીદ થયા. તેની રિવાયત

નીચે દર્શાવેલ પુસ્તકોમાં છેઃ-

હદીસુલ વિલાયતા ઇબ્ને અકદહ, નખબુલ મનાકીબ જઆલી, મકતલ ખાઝરમી, તારીખે આલે મોહમ્મદ

અબુ રાગીબ કુત્બી : (રસુલ સ.ના ગુલામ) તેની રિવાયત નીચે દર્શાવેલ પુસ્તકોમાં છેઃ-

હદીસુલ વિલાયતના ઇબ્ને અકદર - મુત્તકલ ખ્વારઝમી

અબુ ઝવીબ ખવીલદ અથવા ખાલીદ બીન મહરસ હીઝલી અજ્ઞાનતાના અને ઇસ્લામી બંને કાળના શાયર હતા. ખિલાફતે ઉસ્માનીના જમાનામાં મૃત્યુ પામ્યા. રિવાયતો નીચે દર્શાવેલ પુસ્તકોમાં છેઃ-

હદીસુલ વિલાયત : ઇબ્ને ઉકદા - મકતલ ખ્વારઝમી

અબુ બક્ર બીન કહાફહ તીમી : તેની હદીસે ગદીર નીચે દર્શાવેલ પુસ્તકોમાં જોઇ શકાય છેઃ-

હદીસુલ વિલાયત ઇબ્ને અકદહ - નખલ જઆલી, હદીસે ગદીર - મન્સુર રાઝી, અસ્નીયુલ મતાલીબ જઝરી

ઓસામહ બીન ઝયદ બીન હારીસ કલ્બી : મૃત્યુ હિ. ૫૪ ઉમર ૭૫ વરસ. તેની રિવાયત હદીસુલ વિલયાત અને નખબુલ મનાકીબમાં છે.

ઉબી બીન કઅબ અન્સારી : સય્યદુલ કરાઅ હતા. મૃત્યુ હિ. ૩૦-૩૨. તેની રિવાયત અબુ બક્ર જઆલીએ નખબમાં નકલ નોંધી છે.

અસદ બીન ઝરારહ અન્સારીઃ તેની રિવાયતો નીચે દર્શાવેલ પુસ્તકોમાં છેઃ-

હદીસુલ વિલાયત ઇબ્ને અકદહ, નખબુલ મનાકીબ, અબુ બક્ર

બઆલી, કિતાબુલ વિલાયત, અબુ સઇદ મસઉર સજસ્તાની (તેની સનદમાં સનીત પણ છે.) ઇસ્નીયુલ મતાલીબ - શમ્સુદ્દીન જઝરી.

અસ્માઅ બીન અમીસ ખસઅમીયહ : તેની રિવાયત ઇબ્ન અકદાની કિતાબ અલ વિલાયતમાં છે.

ઉમ્મે સલમહ : રસુલ સ.ના પત્નીઃ ઇબ્ને ઉકદાએ અમરૂ બીન સઅદ બીન અમરૂ બીન જઅદહ બીન હબસરહ : તેણે તેના બાપ દાદાની સનદથી ઉમ્મે રલમાએ ફરમાવ્યું કે રસુલે સ. ગદીરે ખુમમાં અલીને એ રીતે ઊંચા કર્યા કે બગલની સફેદી દેખાઇ ગઇ. પછી ફરમાવ્યુંઃ મન કુન્તો મવલાહો ફ અલીય્યુન મવલાહો. તે પછી હદીસે સકલયન બયાન કરી. આ હદીસને હમ્વદીની જવાહરૂલ અકદીન, નયા બેઉલ મોવદ્દત અને સીરતુલ મઆલમાં પણ જોઇ શકાય છે.

ઉમ્મે હાની બિન્તે અબુ તાલીબ : તેમણે ગદીરનું વર્ણન બયાન કર્યું છે, જે બઝાઝે તેની મસ્નદમાં અને તેની પાસેથી સમ્હુરી અને નયાબીઉલ મોવદ્દતની સિવાય ઇબ્ને ઉકદાની હદીસ અલ વિલાયતમાં પણ જોઇ શકાય છે.

અબુ હમઝા અનસ બીન માલીક અન્સારી ખુઝરજીઃ ખાદીમે રસુલ સ. હતા. હિ. ૯૩માં મૃત્યુ પામ્યા. સનન ઇબ્ને માજા તેમાં ઇબ્ને હદીમાનની રિવાયત છે. બરાર કહે છે કે નમાઝે જમાઅત પછી અલી અ.નો હાથ પકડીને ફરમાવ્યુંઃ ‘શું હું મોઅમીનની જાનો ઉપર તેનાથી વધુ અખત્યાર નથી ધરાવતો ?’ સૌએ સંમતિ આપી તો ફરમાવ્યુંઃ ‘આ અલી પણ મો’મીનના વલી છે. જેનો હું વલી છું. એ ખુદા! તું તેના દોસ્તને દોસ્ત અને દુશ્મનને દુશ્મન રાખ.

ખસાએસ નેસાઇ - તારીખે બગદાદી - તફસીરે તબરી - તહઝીબુલ કમાલ - અલ કશ્ફ વલ બયાન સોઅલબી - ઇસ્તઆબ ઇબ્ને

અબ્દુલ બર રીયાઝ નફરહ, તબરી મનાકીબ, ખ્વારઝમી, અલ ફસુલુલ મોહમ્મા ઇબ્ન સબાગ માલેકી, ઝખાએરૂલ અકબી તબરી, કફાયતુલ તાલીબ, તફસીર રાઝી, તફસીર નિશાપૂરી, નઝમ વરલ સમતીન, જામેઅલ સગીર, મીશ્કાતુલ મસાબીહ, શરહ દિવાન અલી મય બન્દી અને ફરામદુલ સમતીનમાં પાંચ સંદર્ભોથી ગદીરની રિવાયત છે. કન્ઝુલ અમાલમાં સનન હાફીઝ ઇબ્ન શયબાના હવાલાથી. અલ બદાયા વલ નહાયા. ઇબ્ને કસીરમાં ઇબ્ન માજા, હાફીઝ અબ્દુલ રઝાક, હાફીઝ અબુ યઅલી મૂસી, હાફીઝ હસન ઇબ્ને સફયાન, અને ઇબ્ને જરીર તબરીની સનદથી આ આગળની રિવાયતમાં મોઅમ્મર ઇબ્ને જરઆન અને અદીની સનદ છે. તે સીધી રિવાયત કરે છે કે અમે રસુલલ્લાહ (સ.અ.વ.)ની સાથે ગદીરે ખુમમાં પહોંચ્યા. તે પછી નમાઝ અને દખલ કર્યા વગર વલીનો ઇકરાર ચાર વખત, તે પછી હદીસે ગદીર અને વિલાયતની દોઆ છે. પછી ઉમરઇબ્ને ખત્તાબે મુબારકબાદ પેશ કરી. હાફીઝ અબુ મોહમ્મદ આસી ઝયનુલ ફતીમા અબુ બક્ર જલ્દબથી રિવાયત કરે છે.

નઝલલ અબરારમાં બતરીક અહમદ અબુ નઇમના સંદર્ભમાં ફઝાએલુલ અસહાબા બરાઇના હવાલાથી રીવાયત છે.

ખતતે મકરીઝી - મનાકીબુલ સલાસા, રૂહુલ મઆની, તફસીરૂલ મનાર અને અસ્તીયુલ મતાલીબ જઝરીમાં હદીસે ગદીરના રાવી બરાઅ છે.

યઝીદ ઇબ્ને હસીબ અબુ સહલ અસ્લમી : મૃત્યુ હિ. ૬૩ તેની રિવાયત નીચેના પુસ્તકોમાં છે :- મુસ્તરીદક હાકેમ, હલીતલ અવલેયા ઇસમઆબ, મકતલ ખ્વારઝમી, તારીખુલ ખોલફાઓ જામેઉલ સગીર, કન્ઝુલ અમાલ, મફતીહુલ ખબા, નઝલુલ અબરાર, તફસીરૂલ

મીનાર.

અબુ સઈદ સાબીત બીન વદીઅહ અનસારી : હઝરત અલી અ.ની ખલીફાની ગવાહી માગવાના (મનાશદહ) મોકા ઉપર તેઓએ પણ ગવાહી આપી હતી. ઈબ્ને અકદહે હદીસુલ વિલાયતા અને અસદુલ ગાબામાં તેની રિવાયત કરી છે. તારીખે આલે મોહમ્મદ અ.માં તેઓની હદીસે ગદીરના રાવીઓમાં ગણતરી કરી છે.

જાબીર બીન સમરહબીન જનાદહ અબુ સુલયમાન સવાઈ : કુનેમાં રહેતા હતા. તેનું મૃત્યુ હિ. ૭૦ અથવા હિ. ૭૪માં થયું. નીચેના પુસ્તકોમાં તેની રિવાયત છે :

હદીસુલ વિલયાત ઈબ્ને ઉકદા, મકતલ ખ્વારઝમી, કન્ઝુલ અમાલ મુત્તકી.

જાબીર બીન અબ્દુલ્લા અન્સારી : તે હિ. ૭૩, ૭૪ અથવા ૭૮માં મદીનામાં મૃત્યુ પામ્યા. ઉંમર ૯૪ વરસની હતી. ઈબ્ને ઉખદાએ હદીસુલ વિલાયતામાં તેમની જે રિવાયતોનો નિર્દેશ કર્યો છે તે તકરીરમાં હદીસ સકલયન અને હદીસે વિલાયતનો નિર્દેશ છે. જઆબીએ નખબમાં, ઈસ્તયાબકમાં ઈબ્ને અબ્દુલ બરે, અસ્માઉલ રેજાલમાં અબી અલ હેજાજે, આ સિવાય તહઝીબુલ તહઝીબ અને કિફાયતુ તાલીબમાં તેની રિવાયત છે. આખરૂલ ઝીક્રના અસ્નાદમાં મશએખમાં તેની રિવાયત હમ્વીનીએ ફરાયદ અને ઈબ્ને કસીરે બદાયામાં કરી છે. કન્ઝુલ અમાલ મુત્તકી, જવાહરૂલ અકદયન સમહુરી, નયાજીઉલ મોવદ્દ કનદુઝી અને અલ ઈકતેફા, વસાબીમાં પણ છે.

હાફીઝ ઈબ્ને મગાઝલીએ અલ ઉમદામાં જે રિવાયત નકલ કરી છે તેમાં છે કે અમે રસુલ સ.ની સાથે ખુમમાં રોકાયા. તો લોકો આપ

સ. થી દૂર જવા લાગ્યા. આપ સ.એ અલી અ.ને હુકમ આપ્યો કે તે લોકોને ભેગા કરે. પછી આપ સ.એ અલી અ.નો હાથ પકડીને અલ્લાહની હમ્દો સના પછી ફરમાવ્યુંઃ- લોકો! તમે મારી પાસેથી એ રીતે દૂર ભાગી રહ્યા છો કે જેમ તમને મારાથી તે ઝાડ વધુ પ્યારૂ છે. પરંતુ અલી અ.નો દરજ્જો ખુદાની પાસે એટલો જ છે જેટલો મારો છે. ખુદા પણ તેની સાથે એજ રીતે રાજી છે જે રીતે હું રાજી છું. કારણ કે મારી નજદીકી અને મોહબ્બતની સરખામણીમાં બીજું કોઇ મેળવી શકતું નથી. તે પછી હદીસે વિલાયત ફરમાવી.

જાબીરનું બયાન છે કે પછી લોકો રડતા રડતા આપ સ.ની પાસે આવ્યા. માફી માગવામાં એકબીજાથી પડાપડી કરતા હતા કે એ રસુલુલ્લાહ અમે માત્ર એટલા માટે દૂર ચાલ્યા ગયા હતા કે આપ સ.ને કોઇ પ્રકારની તકલીફ ન પડે. અમે રસુલ સ.ની નાખુશીથી અલ્લાહની પનાહ માગીએ છીએ. આં હઝરત સ. તેમનાથી રાજી થઇ ગયા. આ રિવાયત તફસીરે સઅલબીમાં પણ છે. મકતલ ખ્વારઝમી, ઇસ્નીયુલ મતાલીબ અને તારીખે આલે મોહમ્મદ સ.માં પણ જાબીરની રિવાયત છે.

જબલહ બીન અમરૂ, ઇબ્ને અકદહે હદીસુલ વિલાયતામાં તેની રિવાયત કરી છે.

જબીર બીન મતઅમહ કરશી નવફલી : હિ. ૫૭, ૫૮ અથવા ૫૦માં મૃત્યુ પામ્યા. તારીખે આલે મોહમ્મદ સ., મોવદ્દતલ કુર્બા અને યનાબુઉલ મોવદ્દતમાં તેની રિવાયતે ગદીર છે.

જરીર બીન અબ્દુલ્લા બીન જાબીર બજલી : હિ. ૫૧ અથવા ૫૪માં મૃત્યું થયું. હાફીઝ હશીમીએ મજમઉલ જવાએદમાં મોતઅજીમ કબીર બશીરના હવાલાથી રિવાયત નકલ કરી છે.

‘‘અમે હજજતુલ વિદાઅ ગદીરે ખુમમાં હાજર હતા. નમાઝ પછી મોહાજેરીન અને અન્સારોની વચ્ચે રસુલ સ.એ ઉભા થઇને પૂછ્યું, તમે કઇ બાબતની ગવાહી આપો છો. જયારે કલેમાનો ઇકરાર લઇ લીધો ત્યારે અલી અ.ના બાવળા પકડીને ઉપાડ્યા. પછી બાવળા છોડીને કોણીઓને પકડી. પછી હદીસે વિલાયત અને દોઆ ફરમાવી. તે પછી ફરમાવ્યુંઃ એ ખુદા! બે પરહેઝગાર બંદાઓ સિવાય મને ધરતી ઉપર કોઇ અમીન નથી મળતો. તું જ આ કામને પૂરૂ કર. બશરનું બયાન છે કે બે પરહેઝગાર બન્દાઓ કોણ ? તેમણે કહ્યું, મને નથી ખબર.’’

સયુતીએ તારીખુલ ખોલફા, ઇબ્ને કસીરે બદાયા, મુત્તકીએ કન્ઝુલ અમાલ, વસાફીએ ઇકતેફા, બદખ્શીએ ગીફતાહુલ નજા અને ખ્વારઝમીએ મકતલમાં પણ તેઓની રિવાયત લખી છે.

અબુઝર જન્દબ બીન ખબાદર ગફફારી : વફાત હિ. ૩૧માં. તેની રિવાયતો નીચે દર્શાવેલ પુસ્તકોમાં છે :

વિલાયતા ઇબ્ને અકદહ, નખબ જઆબી, ફરાયદ ઇસ્મતીન, મકતલ ખ્વારઝમી, ઇસ્નીયુલ મતાલીબ જરઝી.

અબુ જનીદહ જન્દઅ બીન અમરૂ બીન માઝન અન્સારી : ઇબ્ને અસીરે અસ્વાદુલ ગાબામાં અબ્દુલ્લા અલ ઓલા, ઝેહીરી, સઇદ ખબાબ, અલી ગુફવાના અને જન્દઅથી રિવાયત કરે છે કે મેં રસુલ સ.ને કહેતા સાંભળ્યા. ‘‘મને ખોટો ગણનારનું સ્થાન જહન્નમ છે. અને હું કહ્યા વગર ચૂપ નહીં બેસું.’’ આ હઝરત સ.એ હજ્જતુલ વિદાઅથી પાછા ફરતા ગદીરે ખુમના સ્થળે હદીસે વિલાયત ઇરશાદ ફરમાવી.

અબ્દુલ્લા બીન અલાએ ઝહરીને સવાલ કર્યો. ‘‘શામમાં અલી અ.સ.

ઉપર ગાળો ગલોચ થાય છે. ત્યાં આ હદીસ કેમ બયાન નથી કરતાં ?''

અબ્દુલ્લાએ જવાબમાં કહ્યું, ''ખુદાની કસમ! મારી પાસે અલી અ.ના ફઝાએલમાં એવી એવી હદીસો છે કે જો બયાન કરૂં તો મને કતલ કરી નાખવામાં આવે.'' આ રિવાયત મસાએબ સલાસાએ બયાન કરી છે. શયખ મોહમ્મદ સદરૂલ આલમીની મેઅરાજુલ અલી અને તારીખે આલે મોહમ્મદ સ.માં પણ જન્દઅની હદીસે ગદીર મોજુદ છે.

હબ્બહ બીન જવીન અબુ કદામા અરની બજલી : મૃત્યુ હિ. ૭૫ અથવા ૭૬. હશીમીએ તેને વિશ્વાસપાત્ર ગણી છે. લેખકે તેના અનુયાયીના જુથમાં વાત કરીને વિશ્વસનીયતાની ખાત્રી કરી છે. તેની રિવાયત નીચે દર્શાવેલ કિતાબોમાં છે :-

ઇબ્ને ઉકદા હદીસે વિલાયત, દવલાબી, અલ કની વલ અસમાઅ, મગાઝલી, ઇબ્ને અસીર, અસદુલ ગાબામાં યઅકુબની સનદથી તેની હદીસે ગદીર લખી છે. આ હદીસને ઇબ્ને જઅફરે અસાબા અને કન્દુઝીએ નયાબીઅમાં નિર્દેશ કર્યો છે.

હબશી બીન જનાદહ સલવલી : કૂફાના નિવાસી હતા. મનાશદાહ રહબામાં હાજર હતા. તેની રિવાયત આ કિતાબોમાં છેઃ હદીસુલ વિલાયત, ઇબ્ને અકદરહ, અસદુલ ગાબા, ઇબ્ને અસીર, રીયાઝુલ નફરહ તબરી, હમઉની જવામેઅ સયુતી, કન્ઝુલ મઆલ મુત્તકી.

અલ બદાયા વલ નહાયા ઇબ્ન કસીર અને હાફીઝ હતીમીએ મજમઉલ ઝેવાયદમાં તેઓની રિવાયત નકલ કરી છે. સયુતીની તારીખુલ ખોલફા, બદખ્શીની નઝલુલ અબરાર, મફતાહુલ નજા, અલ ઇકતેફા અને અસનીયુલ મતાલીબમાં હબશીને હદીસોની રિવાયત કરનારાઓમાં સાંકળી લેવામાં આવ્યા છે.

હબીબ બીન બદીલ બીન બરકા ખઝાઇ : તેની રિવાયત આ પુસ્તકોમાં છે. ઇબ્ને અકદહ, હદીસુલ વિલાયતા, ઇબ્ને અસીર, અસદુલ ગાબા અને ઇબ્ન હજર અસાબા. હબીબ પણ હદીસવેત્તાઓ પૈકી એક હતા.

હઝીફા બીન અસીદ અબુ સરીહ ગફફારી : અસહાબે બઓતે રીઝવાનમાં હિ. ૪૦ અથવા ૪૧માં મૃત્યુ પામ્યા. ઇબ્ને અકદહની હદીસુલ માવાલાત અને યાબીઉલ મવદદતમાં સમહુદીના હવાલાથી તેમની રિવાયત છે. તેમાં હદીસે ગદીર અને હદીસે સકલયન બયાન છે. તેને ઇબ્ન અકદહે બીજી રીતે પણ બયાન કરી છે. તબરાનીની અલ-કબીર અને ઝિયાની મુખ્તારહ સિવાય સહીહ તરમીઝીએ આ હદીસને લખીને સાચી અને સ્વચ્છ હોવાની ખાત્રી કરી છે.
ઇબ્ને અસીરે અસદુલ ગાબામાં અને હમ્વીનીએ ફરાયદમાં અબુ અમરૂ, અબુ નઇમ, અબુ મુસા જેવા હાફીઝોની સનદ સાથે અને ઇબ્ને સબાગ માલકીએ ફસુલુલ મહમીયામાં અજલીની સનદથી મવજઝફીના હવાલાથી ફઝાએલે ખોલફા અલ અબીયામાં પૂરી હદીસ નકલ કરી છે. મનાકીબે સલાસા, બદાયા વ નહાયા, સવાએક ઇબ્ને હજર, સીરતુલ હલ્બીયા, નવાદરૂલ ઉસુલ, તરમીઝી, તરાની, કબીરે પણ તેની રિવાયત લીધી છે. જેમકે મફતાહુલ નજામાં લખેલી છે.
કરમાનીની અખબારૂલ અવ્વલ, સયુતીની તારીખુલ ખોલફા, ખતીબની મકતલ અને કાઝીની તારીખે આલે મોહમ્મદ સ.માં પણ હઝીફાને હદીસ વેત્તાઓ પૈકી એક ગણવામાં આવે છે.

હોઝયફા બીન યમાન અલ યમાનીઃ મૃત્યુ હિ. ૩૬. તેની રિવાયત નીચેના પુસ્તકોમાં છે :-
હદીસુલ વિલાયતા, ઇબ્ને અખધર, નખબ, જઆબી, દઆતુલ હિદાત,

હિસ્કાની, અસનીયુલ મતાલીબ, જઝરી.

હસાન બીન સાબતઃ હિજરી પહેલી સદીના સતઅરાએ ગદીરમાં તેની સંપૂર્ણ વિગતો લખેલી છે.

ઈમામ હસન મુજતબા અ.સ.: ઇબ્ને ઓહદા, જઆબી અને ખ્વારઝમીએ આપને ગદીરના હદીસવેત્તાઓમાં ગણ્યા છે.

ઈમામ હુસયન અ.સ. શહીદે કરબલાઃ આપની રિવાયત ઇબ્ન અકદરની હદીસુલ વિલાયા અને નખબુલ જઆબી ઉપરાંત ખ્વારઝમીમાં છે. હાફીઝ આસમીએ ઝયનુલ ફતીમા રિવાયત કરી છે. જે હાફીઝ મઆઝલીએ મનાકીબ અને હાફીઝ અબુ નઈમે હલયામાં પણ લખી છે.

ઈમામ હુસયન અ.સ.નો સંઘર્ષ તેના સ્થાન ઉપર આવશે.

અબુ અય્યુબ ખાલીદ ઝયદ અનસારીઃ હિ. ૫૦ અથવા ૫૧માં રોમમાં શહીદ થયા. તેમની રિવાયત નીચે દર્શાવેલ આલીમોએ કરી છે :-

ઇબ્ન અકદહ, જઆબી, મોન તબરી, ઇબ્ને અસીર, ઇબ્ને કસીર, સયુતી, મુત્તકી હિન્દી, ઇબ્ને હજર અસ્કલાની, બદખ્શી, જુઝરી વિગેરે.

અબુ સુલયમાન ખાલીદ બીન વલીદ બીન મગીરહ મખ્ઝુમીઃ મૃત્યુ હિ. ૨૧ અથવા ૨૨. જઆબીએ મનાકીબમાં તેમની રિવાયત લીધી છે.

ખોઝયમા બીન સાબિતુલ અન્સારીઃ ઝવ અલ શહાદતયન હિ. ૩૭માં જંગે સીફફીનમાં શહિદ થયા. તેમની રિવાયત : ઇબ્ને અકદહ, જઆલી, સમ્હુદી, ઇબ્ને અસીર, જુઝરી અને કાઝી.

અબુ શરીહ ખવીલલદ (ઓળખ) ઇબ્ને ઉમર દખઝાઇઃ મદીનામાં

શાંતિથી રહેતા હતા. હિ. ૬૮માં વફાત થઇ. તે મનાશદાહ રહબામાં હાજર હતા.

રફાઅહ બીન અબ્દુલ મન્ઝર અનસારીઃ તેમની રિવાયત ઇબ્ને અકદહ, જઆબી અને મનસુર રાઝીએ તેઓના પુસ્તકોમાં નોંધ કરી છે.

ઝોબયર બીન અલ અવામ કરશીઃ હિ. ૩૬માં માર્યા ગયા. તેમનાથી ઇબ્ન અકદા, જઆબી, મન્સુર રાઝી, ઇબ્ને મગાઝલી, જઝરી આલીમોએ હદીસ લીધી છે.

ઝયદ બીન અરકમ અનસારી ખઝરજીઃ હિ. ૬૬ અથ ૬૭માં મૃત્યુ પામ્યા. અહમદ બીન હમ્બલે મસનદમાં તેમનાથી રિવાયત લીધી છે. ઇબ્ન નમીર, અબ્દુલ મલેક અથયા અવનીએ ઝયદ બીન અરકમને પૂછ્યું, ‘મારો એક જમાઇ છે જે હદીસે ગદીર બયાન કરે છે. તે આપની પાસેથી સાંભળવા માગુ છું.’ ઝયદે કહ્યું, ‘તમે ઇરાકવાળાઓ કીનો રાખો છો.’ મેં કહ્યું, ‘મારા તરફથી કોઇ શક ન રાખો.’ તે ખાત્રી કર્યા પછી તેમણે પૂરી હદીસે ગદીર કહી. અયતાએ પૂછ્યું, ‘આ પ્રસંગે હઝુરે સ. અલ્લાહુમ વાલે મન વાલાહો પણ ફરમાવ્યું હતું.’ ઝયદે જવાબ આપ્યો, ‘હું તમને એ જ રીતે કહું છું. જે રીતે મેં સાંભળ્યું છે.’

આ રીતે ખસાએસમાં કીતબા બીન સઇદ ઇબ્ને અબી અદી, અવફ, અબુ અબ્દુલ્લા મયમુન અને તેઓએ ઝયદ બીન અરકમથી... આ હદીસને દવલાબીએ અલકની વ અલ સનાઅમાં, એહમદ બીન શઇબ, કીતબા બીન સઇદ, ઇબ્ને અબી, અવફ –તેઓએ ઝયદ પાસેથી.

સહીહ મુસ્લિમમાં ઇબ્ન હબાન, યઝીદ ઇબ્ને હબાન –તેઓએ ઝયદ પાસેથી....

હાફીઝ બગવી અને હાફીઝ તરમીઝીએ પણ આ હદીસ લખીને કહ્યું છે કે આ હદીસ સ્પષ્ટ અને સાચી છે.

મુસ્તદર કે હાકીમમાં અબુલ હુસયન મોહમ્મદ બીન અહમદ બીન તમીમ ખઝલી, અબુ કલાબા, અબ્દુલ મલક બીન મોહમ્મદ અલ રકાશી, યહયા બીન હમાદ, અબુ નસ્ર અહમદ બીન સહલ, ફકીયા બુખારી, હાફીઝ બગદાદી, ખલફ બીન સાલમ, અબુ અવાના, સુયલમન બીન અઅમશ, હબીબ બીન સાબિત, અબુ તફીલ, -તેઓએ ઝયદ બીન અરકમ પાસેથી -હાકીમે તેને સાચી કહી છે. આ રિવાયતમાં રસુલ સ.એ ખુદાની હમ્દ અને સનાઅ પછી માશાઅલ્લાહ અંયકુલ ફરમાવ્યું. ત્યાર પછી હદીસે સકલયન અને પોતાની વિલાયતનો ત્રણ વખત ઇકરાર લઇને હદીસે ગદીર ફરમાવી.

મુસ્તદરકમાં મોહમ્મદ બીન અલી શયબાની કુનીની પણ રિવાયત છે. અહમદ બીન હાઝમ ગફારી અબુ નઇમ, કામીલે અબુલ ઓલા, હબીબ બીન અબી સાબિત, યહ્યા બીન જઅદહ દ્વારા ઝયદને રિવાયત કરી છે.

હાફીઝ આસમીની સનદમાં શયખ અહમદ બીન ઇસ્હાક બીન જમઅ, અલી બીન હુસયન બીન અલી, મોહમ્મદ બીન હુસયન બીન કાસીમ, મોહમ્મદ બીન અકરા, અલી બીન ઇસ્હાક, હબીબ બીન હસીબ, અબી ઇસ્હાક હમ્દાની અમરૂ -તેઓએ ઝયદ બીન અકરમ પાસેથી. તેમાં હદીસે ગદીર અને દોઆ પછી અલી. અ.ને ફરમાવ્યુંઃ 'હું તમને થોડાં વાક્યો શીખવાડું, જેનાથી દોઆ કરો તો એક રણની બરાબર પણ ગુનાહ ધોવાય જાય. જોકે તમે પહેલેથી જ બક્ષાએલા છો. તે દોઆ આ છેઃ-અલ્લાહુમ્મ લા એલાહ ઇલ્લા અન્ત તબારકત સુબ્હાનક વ રબ્બીલ અર્શીલ અઝીમ.' આ હદીસ ફરાયદ અને તબરીએ

રીયાઝમાં, યબઝીએ શરહે દિવાન અલી ઝહબીએ તલ ખયઝમાં નકલ કરી કરાવીને સાચી ગણી છે. મીઝાન અલ એઅતેદાલમાં ગન્દરની રિવાયત છે. તેમણે શોઅબા, મયમુન, ઝયદ બીન અકરમ... ઇબ્ને સબાગે સબાકમાં તરમઝી અને ઝહરી દ્વારા તેની રિવાયત કરી છે. આનેજ ઇબ્ને તલ્હાએ મતાલેબલ સઉલમાં તરમીઝી દ્વારા, હાફીઝ અબુ બક્ર હશમીએ મજમુઆમાં, એહમદ તબરાની અને બજાજના તરીકથી. આજ મજમુઆમાં બીજી જગ્યાએ પણ આજ સનદથી બદલાએલા શબ્દોની સાથે આ રિવાયત છે.

ફરાયદની રિવાયતદને હાફીઝ ઝરકાની, માલકી અને ઝીયા મોકદ્દસીએ સાચી માનીને નકલ કરી છે.

ખતીલ ખ્વારઝમીએ મનાકીબમાં, હાફીઝ અબુ બક્ર, એમહદ બીન હુસયન બહીકી, તેઓએ હાફીઝ મોહમ્મદ બીન યઅકુબ, અહમદ બીન સાલેમ, યહ્યા બીન હમાદ, અબુ અવાના, સુલયમાન અઅમશ, હબીબ બીન સાબત,, અબી તફીલ અને તેઓએ ઝયદ બીન અરકમની સનદથી. શબ્દો ખસાએસ નેસાઇના છે. ઇબ્ન અબ્દુલ બરે ઇસ્તયાબમાં, અબુ અલ હજ્જાજે તહઝીબ અલ કમાલમાં, ઇબ્ને કસીર શામીએ અલ બદાયામાં સાચી અને સહ્હ સનદની સાથે રિવાયત કરી છે. બદાયાના સાતમાં ભાગમાં ગન્દરના તરિકથી છે. આ બધી કિતોબમાં અહમદના સંદર્ભથી નકલ કરીને કહ્યું કે આ હદીસને એક મોટા સમૂહે ઝયદથી રિવાયત કરી છે. તેમાં અબુ ઇસ્હાક સબીઇ, હબીબ અલ અસાફ, અતીયા અવફી, અબુ અબ્દુલ્લા શામી અને અબુ તફીલ આમીર બીન વાસેલા છે.

કેફાયતલ મતાલીબમાં હાફીઝ ગન્જીએ પણ અહમદની ત્રણ રીતોથી રિવાયત કરી છે. પછી કહે છે કે હદીસે ગદીરને અહમદ બીન

હન્બલે તેની સનદમાં બયાન કરી છે. જો તે એક જ સનદ ઉપર સંતોષ લેતા તો ચૂંચા કરવાનો અવકાશ નહતો. પછી ભલે આની જેવા ઈમામોએ રિવાયતની બધી રીતો ભેગી કરી લીધી હોય. તે પછી તેના મશાએખે હફાઝે અરબાથી રિવાયત કરી છે તે છેઃ- અબુ મોહમ્મદ અબ્દુલ્લા બીન અબી અલ વફા બાઝા રાઈ. અબ્દુલ કરીમ બીન અબ્દુલ એહમદ અન્સારી. કરજ બીન અબ્દુલ્લા કરતબી, નસરૂલ્લા બીન અબી બક્ર, ઝયદથી વધુ હદીસે ગદીરની રિવાયત નીચેના પુસ્તકોમાં છેઃ- જમઅલ જવામેઅ, તારીખુલ ખોલફા, જામેઉલ સગીર, તહઝીબુલ તહઝીબ, રેયાઝુસ્સાલેહીન, અલ બયાન વલ તઅરીફ, તેની સનદમાં સયુતીનો ફકરો પણ નકલ છે કે આ હદીસ સર્વસંમતિ ધરાવે છે.

મિશ્કાતુલ મસાબીહ : તઝકે ખવાસ અલ અમા અને એમહદની અલ ફઝાએલ, મોહમ્મદ બીન ઈસ્માઈલ યમનીએ અલ રવઝલ નદયા, શરહ તોહફા અલવીયામાં જુદીજુદી રીતે સનદ દર્શાવીને લખી છે કે ગદીરના ખુત્બાને અલ્લામ ફકીય્યુલ હમીદ અલ મહલીએ ખુદ પસંદ ઝયદ બીન અરકમથી મહાસીનુલ ઈઝહારમાં લખી છે. પછી ઝયદે વર્ણન કરેલો ગદીરનો ખુતબો નકલ કર્યો છે.

આ હદીસને શબ્દશઃ મઆઝલીએ મનાકીબમાં લખી છે. તેની સનદમાં અબુ લઈલી અલી બીન અબી અબ્દુલ્લા બીન મોહમ્મદ મહબલી, મુસ્લિમ બીન ઈબ્રાહીમ, નૂર બીન કયસ હદાની, વલીદ બીન સાલેહ, ઝયદ બીન અરકમ.

આ સિવાય બદખશાનીએ નઝલુલ અબરાર અને આલુસીએ રવાહુલ મઆનીમાં પણ હદીસે ગદીરની અરકમથી રિવાયત કરી છે.

અબુ સઈદ ઝયદ બીન સાબિત. વફાત હિ. ૪૮. અમુક હિ. ૫૦ પછી લખ્યું છે. તેનાથી ઈબ્ન અકદહ, અબુ બક્ર જઆબી અને

જઝરીએ રિવાયત કરી છે.

ઝયદ - યઝીદ બીન શરાજીલ અન્સારી : તેમણે પણ મનાશદાહમાં હ. અલી અ.ની સામે ગવાહી આપી હતી. તેણે ઇબ્ન અકદહ, ઇબ્ન અસીર, ઇબ્ન હજર, મકતલ ખ્વારઝમી અને તારીખે આલે મોહમ્મદ સ.માં જોઇ શકાય છે.

ઝયદ બીન અબ્દુલ્લા અન્સારી : તેની હદીસ ઇબ્ન અકદાહે સનદની સાથે ખુદે લખી છે.

અબુ ઇસ્હાક સઇદ બીન અબી વકારા : વફાત હિ. ૫૪, ૫૫, ૫૬ અથવા ૫૮. નેસાઇએ ખસાએસ પાના. ૩માં મોહાજેરીન સમા બીન સલમા, આશર બિન્તે સઅદ, તેઓએ તેમના પિતાથી. તેમાં હદીસે ગદીરના વાક્યો છે :- આ મારા વલી છે. મારૂં કરજ અદા કરશે. હું તેના દોસ્તનો દોસ્ત અને દુશ્મનનો દુશ્મન છું. અને ચોથા પાના ઉપર અબ્દુર રહમાન બીન સાબિતે લખેલું છે કે સઇદે કહ્યુંઃ- ‘‘એક મેહફીલમાં લોકોએ અલીની મઝમ્મત કરી. મેં કહ્યું કે હદીસે રસુલ સ. છે કે અલી અ.ની ત્રણ ખાસીયતો એવી છે કે જો મને તેમાંથી એક પણ મળતી તો મને રતુંબડા ઊંટોથી વધુ પ્રિય હોય. તેમાં પહેલી હદીસે મન્ઝેલત, બીજી ખયબરમાં અલમ મળવો અને ત્રીજી હદીસે ગદીર છે. પાના ૧૮ ઉપર મહાજીર બીન મિસમાહની રિવાયત હદીસે ગદીર છે. તે પછી આમીર બીન સઅદ અને ઇબ્ન અયનયા આએશા બીન્તે સઇદથી આજ હદીસ છે. તેની રિવાયત અબ્દુલ્લા બીન એહમદ બીન હન્બલે અબ્દુલ્લા બીન સકરથી કરી છે. જેમકે અમદરમાં છે ઇબ્ન માજાએ સનનમાં અબ્દુલ રહેમાન બીન સાબીતીથી રિવાયત નકલ કરી છે.

એક વખત મોઆવીય્યા હજ માટે આવ્યો. ત્યાં સઅદ સાથે મુલાકાત

થઇ ગઇ. મોઆવીયાએ અલી અ. માટે અયોગ્ય વાતો કરી. સઅદ રાતા પીળા થઇ ગયા અને કહ્યું, 'તમે એ વ્યક્તિના બારામાં એવી વાતો કરી રહ્યા છે કે જેના માટે રસુલ સ.એ ગદીરમાં વિલાયતનું એલાન કર્યું અને હદીસે મન્ઝેલત ફરમાવી અને ખયબરમાં તેના હાથમાં ખુદે અલમ આપીને મહેબુબે ખુદા હોવાનું એલાન કર્યું.'

મુસ્તદરકે હાકીમમાં અબુ ઝકરીયા યહ્યા બીન મોહમ્મદ બીન મન્ઝર, અબુ ફઝીલ, મુસ્લિમ મલાએ ખસીર ઇબ્ન અબ્દુર રહેમાન, તેઓએ કહ્યું, સઈદે કોઇને સવાલ કર્યો. હઝરત અલી અ. આપને છુપી રીતે કહી દે છે કે આપે તેમની સામે કતરાતા હતા. સઈદે કહ્યું, ખુદાની કસમ! તે મારી સવાબની નજર હતી. પરંતુ આપે તેને ભૂલ ગણી. હઝરત અલીને ત્રણ ફઝીલતો એવી મળી છે કે તેમાની એક પણ મારા માટે દુનિયા અને તેમાં જે કાંઇ છે તેનાથી વધુ સારી છે. ગદીરમાં વિલાયતનું એલાન, ખયબરમાં દુઃખતી આંખોમાં લોઆબે દહન લગાડીને અલમ હવાલે કરવો અને મસ્જિદમાંથી બધાને બહાર કાઢીને અલી અ.ને રોકવાનો હુકમ.

હાફીઝ અબુ નઈમે શોઅબા, અબી લૈલા અને સઇદથી ત્રણ મહત્વની વાતોમાં ખયબરનો અલમ, હદીસે તયર???? અને હદીસે ગદીરની ચર્ચા કરી છે. સઇદથી હદીસે ગદીરની રિવાયત નીચે દર્શાવેલ આલીમોએ નકલ કરી છે.

ઇબ્ન અકદહ :- સઇદ બીન સહીબ, તેમણે સતરથી, આસમીએ ઝયનુલ ફતીમા ઇબ્ન અફાદરની રીતે, તહાવીએ મુશ્કેલુલ આસારમાં મસનબ બીન સઇદ અને શોઅબા બીન અલ હજજાજથી. હમીનીએ ફરાયદમાં આએશા બીન્તે સઅદથી મકતલ ખ્વારઝમી-અસ્નીયુલ મતાલીબ. જઝરી કફાયા ગન્જી શાફઇમાં - બે હાફીઝો યુસુફ ઇબ્ન

ખલીલ દમિશ્કી અને મોહમ્મદ બીન અલી નરસીથી અને તે બંનેએ જદઆનથી. કફાયામાં સનદો છે. અમને ખબર આપી શયખુલ શયખ અબ્દુલ્લા ઉમર હમુયાએ દમિશ્કમાં હાફીઝ અબુલ કાસીમ અલી બીન હુસયન બીન હયતલ્લાહ અબુલ ફઝલ ફઝલી, અહમદ બીન શદ્દાદ તરમીઝી, અલી બીન કાદીમ, ઇસ્રાઇલ, અબ્દુલ્લા બીન શરીક, હારીસ બીન માલીકનું બયાન છે કે હું મક્કા આવ્યો. સઇદની મુલાકાત કરીને એક ફઝીલત સાંભળવાની ફરમાઇશ કરી. તેમણે કહ્યું, 'મેં અલી અ.ની ચાર ફઝીલત મારી આંખે જોઇ છે કે જો મને નસીબ થઇ જાય તો સમગ્ર જગતની નેઅમતો કરતાં વધુ સારી હોત. વિગતની સાથે આ ચાર ફઝીલતો છેઃ-

(૧) સુરએ બરાઅત અબુ બક્ર પાસેથી લઇને ખુદ મક્કા જવું.

(૨) મસ્જીદે રસુલમાંથી સૌને કાઢીને અલી અ.ને રહેવાનો હુકમ આપવો.

(૩) ખયબરના દિવસે અલી અ.ને અલમ આપવો.

(૪) ગદીરે ખુમમાં રસુલ સ.એ સુંદર અને ધારદાર ખુત્બામાં અલી અ.ની વિલાયતનું એલાન કરવું.'

હાફીઝ ગન્જી લખે છે કે આ હદીસ સ્વચ્છ અને સાચી છે. તેને ઇબ્ને માજા અને તરમીઝીએ મોહમ્મદ બીન યતાઅ અને તેમણે મોહમ્મદ બીન જઅફરથી રિવાયત કરી છે.

જલાલુદ્દીન સયુતી, જમઉલ જવામેઅ, તારીખુલ ખોલફા હિજરી ૧૧૪માં તબરાનીની રિવાયત મુજબ, મુત્તકી હિન્દી કન્ઝુલ મઆલમાં ફઝાએ સહાબા અબુ નઇમના હવાલાથી તારીખુલ ખોલફા હિ. ૪૦૫માં જરીર તબરીથી, વસાબીએ અલ ઇક્તેફાદમાં અબી ઇબ્ન આસીમની રિવાયત મુજબ અને સઇદમાં મન્સુર બદખ્શાનીના નઝલુલ

અબરારમાં તબરી અને અબુ નઇમથી. મકતલ ખ્વારઝમી અને ઇબ્ને મગાઝલીએ અન્દીરના દસ રાવીઓમાં સઅદની પણ ગણતરી કરી છે.

સઅદ બીન જનાદહ અવનીઃ પિતા અતયા અવીન, તેમનાથી ઇબ્ન અકદાર જઆબી અને ખ્વારઝમીએ રિવાયત કરી છે.

સઅદ બીન એબાદહ અન્સારી ખઝરજીઃ મૃત્યુ હિ. ૧૪-૧૫ બાર નકીબોમાં એક અબુબક્ર જઆબીએ નખબમાં તેમનાથી રિવાયત કરી છે.

અબુ સઇદઃ સઅદ બીન માલિક અન્સારી ખદ્રીઃ મૃત્યુ ૬૩, ૬૪ અથવા ૬૫. બકીઅમાં દફન છે.

ઇબ્ન અકદાએ સહમ બીન હસીન અસદીથી રિવાયત કરી છે કે હું અને અબ્દુલ્લા બીન અલ્કમા મક્કા ચાલ્યા ગયા. અબ્દુલ્લા અલી અ. ઉપર લાંબા સમયથી ગાળ-ગલોચ કર્યા કરતાં. મેં તેને પૂછ્યું, ‘તમે સઇદ હઝરીને ઓળખો છો?’ તેણે કહ્યું, ‘હા.’ અમે બંનેએ ત્યાં જઇને પૂછ્યું, ‘શું આપની પાસે અલી અ.ની ફઝીલતની કોઇ વાત છે?’ તેમણે કહ્યું, ‘હા, પરંતુ જે કહું તે મોહાજેરીન અને અન્સાર કુરેશીને પૂછી લેજો.’ હઝરત રસુલ સ.એ ગદીરના દિવસે સુંદર અને ધારદાર ખુત્બો ફરમાવ્યોઃ- ‘લોકો! શું હું મોઅમીનોના નફસો ઉપર તેઓથી વધુ અખત્યાર નથી ધરાવતો?’ ત્રણ વખત પૂછ્યું. સૌએ ત્રણ વખત સ્વિકાર કર્યો. પછી અલી અ.સ.ને પાસે બોલાવીને એટલા ઊંચા કર્યા કે બગલની સફેદી દેખાવા લાગી. અને કહ્યું, ‘મન કુન્તો મવલાહો....’ આ તકે ઇબ્ન અલ્કમાએ અબુ સઇદને પૂછ્યું, ‘શું આપે તમારે જાતે ખુદ તમારા કાનોથી સાંભળ્યું છે?’ અબુ સઇદે કાન અને છાતી ઉપર હાથ રાખીને કહ્યું, ‘આ બન્ને કાનોએ સાંભળ્યું છે અને દિલે યાદ રાખ્યું છે.’

અબ્દુલ્લા બીન શરીકે કહ્યું કે આ ઘટના પછી ઇબ્ને અલ્કમા અમારી પાસે આવ્યા. અને ઝોહરની નમાઝ પડીને ઉભા થયા. અને અલી અ. પર ગાળ-ગલોચ કરવા ત્રણ વખત આ રીતે તોબા કરી, 'હું અલીનો દુશ્મની માટે તોબા કરૂં છું. અને ખુદાની માફી માગું છું.' હાફીઝ બીન મરદીયા અને હાફીઝ અબુ નઈમે પણ અબુ સઇદથી રિવાયતે ગદીર કરી છે.

હાફીઝ અબુ સઇદ મઅવવીબ્ને નાસર સજસ્તાનીએ કિતાબુલ વિલાયતામાં હસન બીન અહમદ, અહમદ બીન અબ્દુલ્લા બીન અહમદ, મોહમ્મદીબ્ને અહમદીબ્ને અલી, મોહમ્મદ ઉસ્માન બીન શયબા, યહ્યા હમાની, કયસ બીન રબીઅ, અબુ હારૂન -તેઓએ અબુ સઇદ ખુદરીથી હદીસે ગદીરની રિવાયત કરી છે.

તેમાં ઝાડના કાંટા સાફ કરવા, ઝાડું મારવું, હદીસે રસુલ, આયએ અકમાલ પર રસુલ સ.નો નારો બુલંદ કરવો અને હસ્સાનના નારા નકલ કર્યા છે. કુરયશ વાળાઓ! અલીની સાબિત થયેલી વિલાયતના બારામાં આં હઝરત સ.એ જે ગવાહી આપી તે મારા મુખેથી સાંભળો. પછી શેર કહ્યા. આ ઉપરાંત અબુ સઇદ ખુરદીથી જેમણે રિવાયત કરી તેના નામો આ છેઃ- તફસીરે નિશાપૂરી ભાગ-૬ ફરાયદ હમ્વીની બે સદંર્ભોથી અહદીની રિવાયત-મનાકીબે ખ્વારઝમી-ઇબ્ન સબાગ માલેકી, ફસુલ હમ્મા-હાફીઝ હશીમી-જમઉલ ઝવાયદ-તફસીર દર મનસૂર - જલાલુદ્દીન સયુતી - કન્ઝુલ અમાલ - મલા અલી મન્તીકી - નઝલુલ અબરાર, બદખ્શાની - રૂહુલ મઆની, આલુસી - તફસીરૂલ મિનાર - બદરૂદ્દીન મહમૂદ બીન અયની, અમદતુલ કાદી - અસ્નીયુલ મતાલીબ, જુઝરી.

સઇદ બીન ઝયદ કરશી અદુવીઃ વફાત હિ. ૫૦-૫૧ અશ્રહે

મુબશ્શીરમાં છે - ઇબ્ન મગાઝલીએ ગદીરના રાવીઓના સો અસહાબમાં તેમની પણ ગણતરી કરવામાં આવી છે.

સઈદ ઇબ્ન સઇદ બીન એબાદહુલ અન્સારીઃ ઇબ્ન અખદહે કિતાબુલ વિલાયતમાં તેમની હદીસે ગદીરની રિવાયત કરી છે.

અબુ અબ્દીલ્લાહ સલમાન ફારસીઃ વફાત હિ. ૩૬-૩૭ તેની ઉમર ત્રણસો વરસ દર્શાવવામાં આવી છે. તેમનાથી નીચેના આલીમોએ હદીસની રિવાયત કરી છે. હાફીઝ ઇબ્ન અખદહ, જઆબી, જઝરી, ઇસ્નયુલ મતાલીબ.

અબુ મુસ્લિમ સલમાહ બીન અકવઅ ઇસ્લમીઃ વફાત હિ. ૭૪ ઇબ્ન અકદહે તેની રિવાયત કરી છે.

અબુ સુલયમાન સમરહ બીન જનદબ કરામીદ હલીફ અન્સારઃ બસરામાં મૃત્યુ પામ્યા. હિ. ૫૮, ૫૯, ૬૦. તેમનાથી ઇબ્ન અકદહ, જઆબી અને જુઝરીએ રિવાયત કરી છે.

સહબ બીન હનીફ અન્સારી ઉસીઃ વફાત હિ. ૩૮. હાફીઝ ઇબ્ન અખદહ - જઆબી અને ઇબ્ન અસીરે અસદુલ ગાબામાં રિવાયત કરી છે. આ એ લોકો પૈકી છે જેમણે રહબામાં ગદીરની ગવાહી આપી હતી.

અબુલ અબ્બાસ સહલ બીન સઅદ અનસારી જુઝરમી, સાઅદીઃ સો વરસની ઉમરે હિ. ૯૧માં મૃત્યુ પામ્યા. મનાશદહમાં તેમણે પણ ગવાહી આપી હતી. તેમનાથી હમવરીએ જવાહરૂલ અકદયનમાં ઇબ્ને અકદહની સનદથી રિવાયત કરી છે. નયાબીઉલ મોવદ્દત અને તારીખે આલે મોહમ્મદ અન્વયે હદીસે ગદીરના રાવીઓમાં છે.

૫૭. અબુ ઇમામહ અલ સદી બીન અજલાન બાહલીઃ શામમાં રહેતા હતા. હિ. ૮૬માં મૃત્યુ પામ્યા. તેમનાથી ઇબ્ન અકદહે હદીસે

ગદીરની રિવાયત કરી છે.

૫૮. ઝમીરહ અસદીઃ ઇબ્ને અકદહે હદીસુલ વિલાયતા અને કિતાબુલ ગદીરમાં તેની રિવાયત કરી છે. કિતાબુલ ગદીરમાં ઝમીરહ બીન સદદી લખે છે, જો કે ઝમીરહ બીન જન્દબ અથવા ઝમીરહ બીન હબીબ હોવું જોઇએ.

૫૯. તલહહ બીન અબીદુલ્લાહ તમીમીઃ ૬૩ વરસની ઉમરે હિ. ૩૬માં જંગે જમલમાં માર્યા ગયા. તેમણે જંગે જમલમાં હદીસે ગદીરની ગવાહી આપી. નીચે દર્શાવેલ આલીમોએ તેમનાથી રિવાયત કરી છેઃ-

મસ્ઉદી, મરજુલ ઝહબ -હાકીમ, મુસ્તદરક -ખ્વારઝમી, મનાકીબ - હશીમી, મજમૂઆ-સયુતી, જમઅુલ જવામેઅ-ઇબ્ને હજર, તહઝીબ - હાફીઝ નેસાઇના હવાલાથી -મુત્તકી, કન્ઝુલ અમાલ, ઇબ્ને અસાકીર અને હાકીમના હવાલાથી.

આસમીએ ઝયનુલ ફતામાં હલ અતાની તફસીર કરતાં, મોહમ્મદ બીન ઝકરીયા અબુલ હસન મોહમ્મદ બીન ઇસ્માઇલ અલુવી, મોહમ્મદ બીન ઉમર બઝાઝ, અબ્દુલ્લા બીન ઝીયાદ મકબરી, હફસ બીન અમરૂલ અમરી, ગેયાસ બીન ઇબ્રાહીમ, તલહા બીન યહ્યા, તેમના કાકા ઇસા - તેમણે તહલ, બીન અબ્દુલ્લાથી હદીસે ગદીરની રિવાયત કરી છે.

ઇબ્ને કસીરે બદાયામાં બરારથી રિવાયત કરી છે. લખ્યું છે કે આ હદીસ સઅદ, તલહા, જાબીર, અબુ સઇદ ખુદરી, હબશી બીન જનાદહ, હરીર બીન અબ્દુલ્લા ઉમર બીન ખત્તાબ અને અબુ હુરેરાએ પણ રિવાયત કરી છે. હાફીઝ મગાઝલીએ મનાકીબમાં સો રાવીઓ પૈકી તલ્હાને પણ ગણ્યા છે.

૬૦. આમીર બીન અમીર નમીરીઃ ઇબ્ને અકદહ અને ઇબ્ન હજરે અસાબામાં તેનાથી રિવાયત કરી છે.

૬૧. આમીર બીન લયલી બીન ઝમરહઃ નીચેના આલીમોએ તેનાથી રિવાયતે ગદીર કરી છે. ઇબ્ન અકદહ, હદીસુલ વિલાયતા -ઇબ્ન અસીર, અસદુલ ગાબા -ઇબ્ન સબાક માલકી, કિતાબુલ મવજાુઝ - ઇબ્ન હજર અસાબામાં ઇબ્ન અખદહના હવાલાથી વિગેરે.

ઇબ્ન અસીરે અસદુલ ગાબામાં આમીરની રહબાના સ્થળની ગવાહી આપવાનો સંકેત કર્યો છે.

૬૨ આમીર બીન લયલી ગફારીઃ ઇબ્ન હજરે અસાબામાં આમીરના ઉલ્લેખ પછી આમીલ ગફારીની જુદી ચર્ચા કરી છે. ઇબ્ન મનદાહે પણ જુદી ચર્ચા કરી છે. ઇબ્ન મનદહની સનદમાં ઉમર બીન અબ્દુલ્લા બીન લયલી બીન મરહ, તેણે પોતાના પિતાથી તેઓએ પોતાના દાદાથી હદીસે રહબા કુફામાં સિત્તેર વ્યક્તિઓએ ગવાહી આપી. તેમાં આમીર ગફારી પણ હતા.

અબુ મુસાએ પહેલા આમીરને માન્યા છે. ઇબ્ન અસીરે પણ તેના કોલને સ્વિકાર્યો છે. અને તસ્હીફનો સંકેત કર્યો છે. અને તેમાં લખવામાં તેમાં શંકા નથી કે દરેક ગફારી હમઝાની જ સાથે નિર્દેશ કરે છે. અને ગફારી બીન મલીલ બીન ઝમરહ તેનો સંદર્ભ છે. પરંતુ મારા મત મુજબ આ સંદર્ભનો સ્ત્રોત જુદો જુદો હોવાથી બે આમીર માનવા જ જોઇએ.

૬૩. અબુ તફીલ આમીર બીન વાસેલાઃ વફાત ૧૦૦, ૧૦૨, ૧૦૮ એમહદ બીન હન્બલે મસનદમાં અલી બીન હકીમ, શરીક અઅમશ, હબીબ બીન અબી સાબીત અને તફીલના સનદના સિલસિલાથી ઝયદ બીન અરકમથી હદીસે ગદીરની રિવાયત કરી છે.

ત્રીજા ભાગમાં રહબાના મુનાશદાહની વિગત છે. ખસાએસે નિસાઇમાં અબુ તફીલે સનદના સિલસિલાથી ઝયદ બીન અરકમથી રિવાયત કરી છે. સહીહ તરમીઝીમાં સલમા બીન કહીલથી અબુ તફીલની રિવાયત છે.

આસીફે ઝયન અલફતીમાં ફીતરથી હદીસે મુનાશદહની રિવાયત કરી છે. ઇબ્ન અસીરે અસદુલ ગાબામાં બે જગ્યાએ ભાગ-૩ અને ૫માં, ખ્વારઝીએ મનાકીબમાં, ગન્જીએ કફાયામાં, તબરાનીએ રિયાઝમાં, ઇબ્ન હમઝા દમિશ્કીએ અલ બયાન વલ તઅરીફમાં, ઇબ્ન કસીરે બદાયામાં, ઇબ્ન હજરે અસાબામાં, મીલા અલી મુત્તકીએ કન્ઝુલ અમાલમાં, સહુદીએ જવાહરૂલ અકદયનમાં, કન્દુઝીએ નયાબીઉલ મોવદ્દતમાં હદીસે ગદીરને અબુ તફીલથી નકલ કરી છે.

૬૪. આએશા બિન્તે અબીબક્ર બીન અબી કહાફાઃ (રસુલ સ.ના પત્ની) તેમનાથી ઇબ્ન અકદહે હદીસની રિવાયત કરી છે.

૬૫. અબ્બાસ બીન અબ્દુલ મુત્તલીબ (રસુલ સ.ના કાકા): વફાત હિ. ૩૨. ઇબ્ન અકદહ અને જાુઝરીએ રિવાયત કરી છે.

૬૬. અબ્દુલ રહેમાન બીન અબ્દરબ અનસારીઃ તેમણે પણ રહબામાં ગવાહી આપી હતી. તેમનાથી ઇબ્ન અકદહ અને ઇબ્ન અસીરે અસદુલ ગાબા ભાગ ત્રીજો અને પાંચમો - ઇબ્ન હજરે અસાબા અને અબ્દુરરહેમાને તારીખે આલે મોહમ્મદ સ.માં હદીસે ગદીરની રિવાયત કરી છે.

૬૭. અબુ મોહમ્મદ અબ્દરહેમાન અવફ કરશી રહરીઃ વફાત હિ. ૩૧ - ૩૨. તેમનાથી ઇબ્ને અકદાહે હદીસુલ વિલાયતા, મન્સુર રાઝીએ કિતાબુલ ગદીરમાં રિવાયત કરી છે. આ પણ અશ્રહ મુબશ્શેરહમાં છે.ઇબ્ન મગાઝલીએ ગદીરની રિવાયતના સો અસહાબોમાં

તેમની પણ ગણતરી કરી છે.

૬૮. અબ્દુલ રહેમાન બીન યઅમર અલ દીલીઃ કુફામાં રહેતા હતા. ગદીરની રિવાયત કરી છે.

૬૯. અબ્દુલ્લાહ અબી અબ્દલ અસદ મખઝમીઃ ઇબ્ને અકદહે રિવાયત કરી છે.

૭૦. અબ્દુલ્લા બીન બદીલ બીન વરકાઅઃ ખઝાએમ કબીલાના સરદાર હતા. સિફ્ફીનમાં શહિદ થયા. હદીસે રહબાનમાં આ પણ ગદીરની ગવાહી આપનારાઓમાંથી હતા.

૭૧. અબ્દુલ્લા બીન બશીર માઝનીઃ ઇબ્ન અકદહે તેમનાથી ગદીરની રિવાયત કરી છે.

૭૨. અબ્દુલ્લા બીન સાબત અનસારીઃ મુનાશદહમાં આ પણ ગવાહ હતાં. તારેખે આલે મોહમ્મદ સ.માં તેમને પણ ગદીરની હદીસના રાવીઓમાં ગણવામાં આવ્યા છે.

૭૩. અબ્દુલ્લા બીન જઅફર બીન અબી તાલીબ હાશમીઃ હિ. સ. ૮૦માં મૃત્યુ પામ્યા. ઇબ્ન અકદહે રિવાયત કરી છે. મોઆવીય્યા સાથેનો તેમનો સંઘર્ષ આગળ આવશે.

૭૪. અબ્દુલ્લા બીન હનતબ કરશી મખઝુમીઃ સયુતીએ અહયાઉલ મયતમાં તબરાનીના હવાલાથી હદીસની રિવાયત કરી છે.

૭૫. અબ્દુલ્લા બીન રબીઅહઃ ખ્વારઝમીએ મકતલમાં તેમનાથી રિવાયત કરી છે.

૭૬. અબ્દુલ્લા બીન અબ્બાસઃ હિ. ૬૮માં મૃત્યુ પામ્યા. ખસાએસે નિસામાં મયમુન ઇબ્ને મસની, અબુલ વઝાહ અબુ અવાના, અબુ બિલજ બીન અબી સલીમ, અમરૂ બીન મયમુની, તેઓએ ઇબ્ન અબ્બાસથી રિવાયત કરી છે :

‘‘હું ઇબ્ને અબ્બાસ પાસે બેઠો હતો. આપની પાસે નવ માણસો આવ્યા. તેઓની સાથે જવા અથવા ખાનગીમાં વાત કરવાની ફરમાઇશ કરી. તે સાથે જવા માટે તૈયાર થઇ ગયા. ઇબ્ને અબ્બાસ હજુ નાબીના (અંધ) નહોતા થયા. એક જગ્યાએ ભેગા થઇને વાતો કરી. તેઓની વાતો જાણી શકાય નહીં. ત્યાંથી ઇબ્ને અબ્બાસ કપડાં ખંખેરતા આવ્યા અને બોલ્યા, અફસોસ! એ લોકોએ એવી વ્યક્તિ ઉપર ગાળ-ગલોચ કરી છે કે જેના દસ ફઝાએલ કોઇની પાસે નથી. જેના માટે રસુલ સ.એ ફરમાવ્યુંઃ ‘હું અલમ આપીને એવી વ્યક્તિને રવાના કરીશ જે ખુદાને પ્રિય હોય અને તે ખુદાને દોસ્ત રાખતા હાય.’ કોઇએ લાલચની નજરે હઝુર સ.ની સામે જોયું તો રસુલ સ.એ ફરમાવ્યુંઃ ‘અલી ક્યાં છે?’ કહેવામાં આવ્યું કે તે લોટ દળવામાં લાગેલા છે. આપ અ.એ ફરમાવ્યું, ‘શું તેમના સિવાય લોટ દળનારૂં કોઇ ન હતું?’ એટલામાં અલી અ. આવ્યા તો આંખોના દુઃખાવામાં સપડાયેલા હતા. હઝુર સ.એ લોઆબે દહન (થુંક) લગાડ્યું અને ઝંડાને ત્રણ વખત ઝાટકીને અલી અ.ના હવાલે કર્યો. અલી અ. સફીયા બિન્તે હસીને લઇને પાછા ફર્યા. રસુલ સ.એ ફલાણાને સુરએ તવબા લઇને મોકલ્યા. પછી અકબામાં અલી અ.ને રવાના કર્યા. રસુલ સ.એ ફરમાવ્યું કે, ‘સુરએ તવબાની તબ્લીગનો હક યા તો મને છે અથવા તો મારાથી છે.’ રસુલ સ.એ પોતાના કાકાના દિકરા ભાઇને પૂછ્યુંઃ ‘તમારામાં કોણ છે જે મને દુનિયા અને આખેરતમાં દોસ્ત ગણતા હોય?’ સૌ જવાબ આપવાથી અચકાયા. અલી અ. એ જવાબ આપ્યો. રસુલ સ.એ અલી અ.ના જવાબને ગણકાર્યા વગર ફરી ફરીને સૌને પૂછ્યું. પરંતુ દરેક વખતે અલી અ.નો જવાબ મળ્યો. તો રસુલ સ.એ અલી અ.ને કહ્યું, તમે તો

દુનિયા અને આખેરતમાં મારા પહેલુ છો. અલી અ. જનાબે ખોદયજાની પછી પહેલા અલ ઇસ્લામ હતા. આયએ તતહીર નાઝીલ થઇ. રસુલ સ.ના બિસ્તર ઉપર સુતા. અબુ બક્ર આવ્યા અને રસુલ સ.ને અવાજ દીધો. અલી અ. એ જવાબ આપ્યો. તે તો મયમુનાની તરફ ચાલ્યા ગયા. તેમની પાછળ જાવ. આ રીતે અબુ બક્ર રસુલ સ.ની સાથે ગારમાં દાખલ થઇ ગયા. મુશ્રીકોએ આવીને અલી અ. ઉપર પથ્થર વરસાવવા શરૂ કરી દીધા. જે રીતે રસુલ સ. ઉપર પથ્થર વરસાવતા હતા. અલી અ. બિસ્તર ઉપર પડખા ફેરવતા રહ્યા. સવાર સુધી ચાદર ન સરકાવી. સવારે મુશ્રીકોએ અલી અ.ની અડગતા ઉપર આશ્ચર્ય દર્શાવ્યું. રસુલ સ.એ જંગે તબુકમાં અલી અ.ને સાથે ન લીધાં. અલી અ. રડવા લાગ્યા તો હદીસે મન્ઝેલત ફરમાવી. રસુલ સ. એ અલી અ.ને તમામ મોઅમીનોના આકા કહ્યા. રસુલ સ.એ અલી અ. સિવાય તમામના દરવાજા બંધ કરી દીધા. રસુલે ખુદા સ.એ ગદીરે ખુમમાં ફરમાવ્યુંઃ મન કુન્તો મવલાહો ફ અલીયુન મવલાહો... આ હદીસને જે હદીસવેત્તાઓએ નકલ કરી છે તેના નામો આ છેઃ-

મસ્નદ અહમદ બીન હન્બલ, મુસ્તદરક હાકીમ, મનાકીબ ખ્વારઝમી, હિયાઝ તબરી, ફરાયદ હમ્વીની, અલ બદાયા વલ નહાયા, ઇબ્ન કસીર, મજમુઅલ ઝવાયદ હશીમી, કફાયા હાફીઝ ગન્જી, અસાબા ઇબ્ન હજર, અમીયા હાફીઝ, મહામલી, મહામલીના હવાલાથી કન્જુલ અમાલ મુત્તકી, અરબઇન જમાલુદ્દીન અતાઅલ્લા બીન ફઝલલ્લાહ, તારીખે ખોલફાએ સયઆલી.

શ્મસુલ અખબાર કરશીમાં, અમાલીયા મુરશદ બિલ્લાહના હવાલાથી કિતાબુલ અવલીયા હાકીમ સુબહસ્તાની, તારીખ ઇબ્ન કસીર, તન્ઝીલ મેનલ કુરઆન, ઇબ્ન મરદવીયા અને અબુ બક્ર શિરાઝી, અલ કશફ

વલ બયાન, અબુ ઈસ્હાક સોઅલબી, તફસીરે રાઝી, તફસીરે નિશાપૂરી, રૂહુલ મઆની આલુસી, મીફતાહુલ નજા બદખ્શાની ઉપરાંત હાકીમ હકાની અને ગયાલુદ્દીન મુસલીએ પોત પોતાની રિવાયતોમાં ઇબ્ન અબ્બાસથી ગદીરની હદીસ રિવાયત કરી છે.

૭૭. અબ્દુલ્લા બીન અબી અવફી અસલમીઃ વફાત હિ. ૮૭/૮૮. ઈબ્ન અકદહે રિવાયત કરી છે.

૭૮. અબુ અબ્દુરહેમાન અબ્દુલ્લા બીન ઉમર બીન ખત્તાબ અદવીઃ મૃત્યુ હિ. ૭૨. હાફીઝ હસમીએ મજમૂઆમાં તબરાનીના સિલસિલાથી અબ્દુલ્લા બીન ઉમરે રિવાયત કરી છે. આ રિવાયતને નીચે દર્શાવેલ આલીમોએ નકલ કરી છેઃ-

સનન ઈબ્ન શયબા, ઈકતેફા વસાબી, જમઉલ જવામેઅ અને તારીખે ખોલફા, સયુતી, કન્ઝુલ અમાલ, મુત્તકી નઝલુલ અબરાર, બદખ્શાની - મકતલ, ખ્વારઝમી - ઈસ્નીયુલ મતાલીબ, જઝરી.

૭૯. અબુ અબ્દુલરહેમાન અબ્દુલ્લા બીન મસઉદ હઝલીઃ વફાત હિ. ૩૨/૩૩. બકીઅમાં દફન છે. દર મનસુરના મત મુજબ હાફીઝ બીન મરદવીયાએ તેમનાથી ગદીરની હદીસની રિવાયત કરી છે. આ ઉપરાંત કાઝી શવકાની તફસીરમાં, આલુસીએ રૂહુલ મઆનીમાં, ખ્વારઝમી અને જાુઝરીએ અસનીયુલ મતાલીબમાં. તેમની હદીસે ગદીરના રાવીઓમાં ગણના થઇ છે.

૮૦. અબ્દુલ્લા બીન યામીનઃ ઇબ્ન અકદહે મુફર્રદમાં, ઇબ્રાહીમ બીન મોહમ્મદ, જઅફર બીન મોહમ્મદ -તેઓએ તેમના પિતા અને અમીન બીન કામીલ બીન અબ્દુલ્લા બીન યામીનથી ગદીરની હદીસની રિવાયત કરી છે. આ હદીસમાં ઇબ્ન અસીરે અસદુલ ગાબા અને ઇબ્ન હજરે અસાબા અને કન્દુઝીએ નયાબીઅમાં નકલ કરી છે.

૮૧. ઉસ્માન બીન અફ્ફાનઃ વફાત હિ. ૩૫. ઇબ્ન અકદહે કિતાબુલ વિલાયા, મન્સુરે અલ ગદીરમાં તેમનાથી રિવાયત કરી છે. ઇબ્ન મગાઝલીના મત મુજબ ગદીરના સો રાવીઓમાં આ પણ છે.

૮૨. અબીદ બીન આઝબ અન્સારીઃ (બરા બીન આઝબના ભાઇ) મુનાશદહે રહબામાં આ પણ હાજર હતા.

૮૩. બુતરીફ અદી બીન હાતીમઃ સો વરસની ઉમરે હિ. ૯૮માં મૃત્યુ પામ્યા. મુનાશદહે રહબામાં મોજુદ હતા. હાફીઝ બીન અકદહે હદીસુલ વિલાયતા, કન્દુઝીએ નયાબીઅ અને શયખ એહમદ મક્કીએ વસીલતુલ મઆલમાં તેમનાથી ગદીરની રિવાયત કરી છે. તારીખે આલે મોહમ્મદ મુજબ આ પણ ગદીરના રાવીઓમાં હતા.

૮૪. અતીય બીન બસર મારનીઃ ઇબ્ન અકદહે તેમનાથી ગદીરની રિવાયત કરી છે.

૮૫. અકબહ બીન આમીર જહન્નીઃ મોઆવીય્યા તરફથી ત્રણ વરસ સુધી મીસરના ગવર્નર હતા. હિ. ૬૦માં મૃત્યુ પામ્યા. ઇબ્ન અકહે મનાશદહે રહબામાં તેમની ગવાહીની ચર્ચા કરી છે. અદી બીન હાતીમની ગવાહીની વાત થઇ ચૂકી. તારીખે આલે મોહમ્મદ સ.માં તેમને ગદીરના રાવીઓમાં લીધા છે.

૮૬. હઝરત અમીરૂલ મોઅમેનીન અલી બીન અબી તાલીબઃ હદીસે ગદીરના સિલસિલામાં આપનાં શેરોની આલીમોએ રિવાયત કરી છે. શુરાના દિવસે, જમલના દિવસે અને રહબામાં આપના સંઘર્ષોની વિગત લખવામાં આવશે. અહમદ બીન હન્બલે મસનદમાં હુજ્જાજ શાયરોની રિવાયત નકલ કરી છે. નઇમ બીન હકીમ, અબુ મરયમને એક માણસે કે જે હઝરત અલી અ.નો દોસ્ત હતો, જણાવ્યું કે હઝત અલી અ.એ હદીસે ગદીર બયાન કરી. આ હદીસને ઇબ્ન કસીરે

બાદતુલ નહાયામાં મુસ્તદરીકથી અને હશીમીએ મજમૂઆમાં એહમદના સિલાસિલાથી રિવાયત કરીને ટેકો આપેલ છે. સયુતીએ જમઉલ જવામેઅ અને તારીખુલ ખોલફામાં અહમદના સિલસિલાથી રિવાયત કરી છે. આ ઉપરાંત ઇબ્ન હજરે તહઝીબમાં, બદખ્શાનીએ નઝલુલ અબરારમાં અને મિફતાહુલ નજામીનમાં પણ રિવાયત કરી છે. તહાવીએ મુશ્કેલુલ આસારમાં, યઝીદ બીન કસીર, (સાચું કસીર બીન યઝીદ), મોહમ્મદ બીન ઉમર બીન અલી અમીરૂલ મોઅમેનીન અ., તેઓએ પણ તેઓના પિતા પાસેથી હદીસે સકલયન અને હદીસે વિલાયત ઉપર આધારિત ખુત્બા નકલ કર્યા છે.

તેની રિવાયત ઇબ્ન કસીરે બદાયા વ નહાયા, મુત્તકી હિન્દીએ કન્ઝુલ અમાલમાં નઇમ કબીરના હવાલાથી લખી છે. ઝીયાઅ મકદસીએ ઇબ્ન અલી આસીમ, ઇબ્ન રાહુયા અને ઇબ્ન જરીર ઇબ્ન અબી આસીમ અને મહામલીમાં, અમાલીના હવાલાથી, ત્રણ જગ્યાએ નકલ કરી છે. વસાબીએ અલ ઇક્તેફારમાં સનન ઇબ્ન આસીમ અને સનન સઇદ બીન મનસુર ઇબ્ન શોઅબા નસાઇથી રિવાયત કરી છે. ઝહબીએ મીઝાનુલ એઅતેદાલમાં મખુલ બીન ઇબ્રાહીમ, જાબીર બીન હર, અબુ ઇસ્હાક, અમરૂઝી મરના સિલસિલાથી હજરત અલી અ.થી રિવાયત કરી છે. હમુનીએ ફરાયદમાં, અમરૂઝીમર અને અબુ રાશીદ હરાનીની સનદથી અબુ નઇમ ઇસ્ફહાનીએ હલ્યામાં અબ્દુલ્લા બીન જઅફર, એહમદ બીન યુનુસ ઝબી, અમ્માર બીન નઝસા, ઇબ્રાહીમ બીન યઅ મક્કી અને જઅફર બીન મોહમ્મદથી રિવાયત કરી છે. તેઓએ તેમના પિતા અને દાદાથી રિવાયત કરી છે.

હાફીઝ આસમીએ ગદીરની હદીસના વિષય ઉપર જે હઝરત અલી અ.ના કથનો નોંધ્યા છે તે આગળના પ્રકરણોમાં દર્શાવેલ છે.

૮૭. અબુલ યકઝાન અમ્માર બીન યાસર અસની : હિ. ૩૮માં જંગે સિફફીનમાં શહીદ થયા. સનઈન નસ્ર બીન મઝાહેમ કિતાબમાં તેમનો અમરૂ આસ સાથે ગદીરની હદીસ ઉપર વાદવિવાદ લખ્યો છે. તે ઉપરાંત નહજાલુ બલાગા, અબી અલ હદીદ, ફરાયદ હમ્વીની, ખ્વારઝમી અને જઝરી, ઇસીયુલ મતાલીબમાં પણ છે અને એ કે આ અસહાબોમાં જેમણે હદીસે ગદીરની રિવાયત કરી તેઓએ હદીસે રૂકબાનમાં ગવાહી આપી હતી.

૮૮. અમારહ ખઝરની અનસારીઃ જંગે યમામામાં માર્યા ગયા. હાફીઝ હીશમીએ મજમૂઅલ ઝવાદીયામાં બઝાઝની સનદથી, સયુતીએ તારીખુલ ખોલફાઅ, બદખ્શાનીએ મુફતાહ અને નઝલુલ અબરારમાં બતરીક બઝાઝ અમારહથી રિવાયત કરી છે.

૮૯. ઉમર બીન અબી સલમહ બીન અબ્દુલ અસદ મખઝુમીઃ રસુલ સ.એ પોષણ કરેલ, તેની મા ઉમ્મે સલમા રસુલ સ.ના પત્ની હતા. હિ. ૮૩માં મૃત્યુ પામ્યા. ઇબ્ન અકદહે તેમની હદીસે ગદીરની રિવાયત કરી છે.

૯૦. ઉમર બીન ખત્તાબઃ હિ. ૨૩માં કતલ થયા. ઇબ્ન મગાઝલીએ મનાકીબમાં બે રીતે ઇમરાન બીન મુસ્લિમથી રિવાયત કરી છે. સઇદ બીન અબી સાલેહ, તેણે તેના પિતાથી, અબુ હોરેરાહ, ઉમર બીન ખત્તાબ અને તેની રિવાયત સમઆનીએ ફઝાએલે અલ સહાબામાં અબુ હોરેરહ, તેમણે ઉમર બીન ખત્તાબથી કરી છે.

મોહિબુદ્દીન તબરીએ રેયાઝુલ નફરહમાં, મનાકીબ અહમદ અને ઇબ્ન સમઆન અને ઝખાએરૂલ અકબીમાં મનાકીબ અહમદ અને શોઅબાથી, તેની રિવાયત ખ્વાજા પારસાને ફસલુલ ખતાઅમાં કરી છે.

મકતલ ખ્વારઝમી, બદાયા ઇબ્ન કસીર, ઇસ્નીયુલ મતાલીબ જઝરી,

મવદ્દતલ કુરબા સય્યદ અલી હમદાનીમાં પણ હઝરત ઉમરથી રિવાયત છે. આબેરૂલ ઝીક્રમાં હઝરત ઉમરનું બયાન છે :

મેં આં હઝરત સ.ને અરજ કરી, ‘મારી બાજુમાં એક ખૂબસુરત, મહેકતો યુવાન હાજર હતો. તેણે મને કહ્યુંઃ એ ઉમર! રસુલ સ.નો વાયદો મુનાફિકો સિવાય કોઇ પણ નહિ તોડે. રસુલ સ.એ મારો હાથ પકડીને કહ્યું, તે જીબ્રઇલ હતા. મેં જે કાંઇ અલીના માટે કહ્યું છે તે તેને લોકોમાં મજબુત કરી રહ્યા છે.’ તેની રિવાયત કન્દુઝીએ નયાબીઉલ મોવદ્દતમાં કરી છે. ઇબ્ન કસીરે તારીખમાં ઇબ્ન જરીરની કિતાબ ગદીરે ખુમમાં મહમુદ બીન અવફ તાઇથી રિવાયત કરી છે. તેઓએ અબ્દુલ્લા બીન મુસાથી, તેઓએ ઇસ્માઇલ બીન કશીતથી, તેઓએ જમીલ બીન અમારહથી, તેઓએ સાલીમ બીન અબ્દુલ્લા બીન ઉમરથી.

ઇબ્ન જરીર કહે છે કે મારા મત મુજબ રાવીએ મને અબ્દુલ્લા બીન ઉમરને બદલે ઉમર કહ્યું. પરંતુ મારી કિતાબમાં તેમ નથી. તેઓએ કહ્યું કે મેં રિસાલત મઆબ સ.ને હદીસે ગદીર ફરમાવતા ખુદ સાંભળ્યા.

૯૧. અબુ નજીદ ઇમરાન બીન હસીન ખઝાઇઃ બસરામાં હિ. ૫૨માં મૃત્યુ પામ્યા. તેમનાથી આ રિવાયત કરી છેઃ- ઇબ્ન અકદહ, મોલવી મોહમ્મદ સાલીમ બુખારી, હાફીઝ તરમીઝીએ નકલ કર્યા મુજબ, ખતીબ ખ્વારઝમી, શમ્સુદ્દીન જાુઝરી.

૯૨. અમરૂ બીન હમક ખઝાઇઃ હિ. ૫૦માં વફાત. ઇબ્ન અખદહ અને ખતીબ ખ્વારઝમીએ તેનાથી રિવાયત નકલ કરી છે.

૯૩. અમરૂ બીન શરાહીલઃ મકતુલ ખ્વારઝમીના મુજબ ગદીરની હદીસના રાવીઓમાંથી હતા.

૯૪. અમરૂ બીન આસીઃ પહેલી સદીના ગદીરના કવિઓમાં હતા. તેમની વિગત રજુ કરી છે. તેમણે મોઆવીય્યાને લખેલ પત્રમાં હદીસે ગદીરની રિવાયત કરી છે. મનાકીબ ખ્વારઝમી અને ‘‘અલામતા વલ સયાતા’માં ઇબ્ન કતીબાએ નકલ કરી છે.

૯૫. અબુ તલહા અથવા અબુ મરયમ અમરૂ બીન મર્રહ જોહન્નીઃ અહમદ બીન હમ્બલ અને તબરાનીએ પોતાની સનદથી ઉમર જહનીથી ગદીરની રિવાયત કરી છે. તબરાનીએ કન્ઝુલ અમાલ અને અલ ઇકતેફા વ સાબી નીઝ મઆરેજુલ અલી મોહમ્મદ સદર આલીમ, મફાતેહુલ નજા, બરખશાની અને નઝલુલ અબરારમાં અહમદ અને તબરાનીથી નકલ કરી છે.

૯૬. સિદ્દિકએ કુબ્રા હઝરત ફાતેમહ ઝહરા અ. બિન્તે રસુલ સ. ઇબ્ન અકદહે હદીસુલ વિલાયા, મન્સુર રાઝીએ કિતાબુલ ગદીર, જઝરી અને મકદસીએ આપનો હદીસે ગદીર પર આધારિત સંઘર્ષ નકલ કર્યો છે. અને શહાબુદ્દીન સય્યદ અલી હમદાનીએ મોવદ્દતલ કુરબામાં આપથી હદીસે ગદીર રિવાયત કરી છે.

૯૭. ફાતેમહ બિન્તે હમઝહ અબ્દુલ મુત્તલીબઃ આપથી ઇબ્ન અકદહ અને મન્સુર રાઝીએ હદીસે ગદીરની રિવાયત કરી છે.

૯૮. અબુ બરઝહ ફઝલહ બીન અતબર (અબીદ અથવા અબ્દુલ્લા) અસલમીઃ હિ. ૬૫માં ખુરાસાનમાં મૃત્યુ પામ્યા. ઇબ્ન અકદહે હદીસુલ વિલાયતામાં તેમનાથી રિવાયત કરી છે.

૯૯. કયસ બીન સાબિત બીન શમાસ અનસારીઃ હદીસે રૂકબાનના એક ગવાહ હતા.

ઇબ્ન અકદહ, હદીસે વિલાયતા – ઇબ્ન અસીર, અસદુલ ગાબા –ઇબ્ન હજર, અસાબા અને શયખ મોહમ્મદ સદર આલીમે મઆરેજુલ ઓલામાં

તેમનાથી હદીસે ગદીરની રિવાયત કરી છે.

૧૦૦. કયસ બીન સઅદ બીન એબાદહ અન્સારી ખુઝરજીઃ પહેલી સદીના ગદીરના કવિઓમાં છે. ત્યાંજ તેમની ચર્ચા આવશે. હદીસે રકબાનના એક ગવાહ હતા.

૧૦૧. અબુ મોહમ્મદ કઅબ બીન અજરહ અનસારી મદનીઃ વફાત હિ. ૯૧માં ઇબ્ન અકદહે તેમનાથી રિવાયત કરી છે.

૧૦૨. અબુ સુલયમાન માલિક બીન હવીરસ લીસીઃ મનાકીબે અહમદ અને હદીસુલ વિલાયતા, દબ્ન અકદહ હુસયન માલિક હરીસથી. તેઓએ તેમના બાપ-દાદાથી અને તેઓએ તેમના દાદાથી હદીસે ગદીરની રિવાયત કરી છે. હાફીઝ હશમીએ મજમૂઅમાં તબારનીના સિલસિલાથી, જલાલુદ્દીન સુતીએ તારીખુલ ખોલફાઅ, બદખ્શાનીએ નઝલુલ અબરાર અને શયબ મોહમ્મદ સદર આલીમે મઆરેજુલ ઓલા, વસાબીએ ઇકતેફામાં ફઝાએલુલ સહાબાના હવાલાથી અને ખ્વારઝમીએ મકતલમાં તેઓનાથી રિવાયત કરી છે.

૧૦૩. મિકદાદ બીન અમરૂ કન્દી ઝહરીઃ ૭૦ વરસની વયે હિ. ૩૩માં મૃત્યુ પામ્યા. ઇબ્ન અકદહ અને હમ્વીનીએ ફરાદમાં તેમનાથી હદીસે ગદીરની રિવાયત કરી છે.

૧૦૪. નાજી બીન અમરૂ ખઝાઇઃ તેમણે રોહબામાં ગદીરની ગવાહી આપી હતી. તેમનાથી હાફીઝ ઇબ્ન અકદહે અને હમુમીએ ફરાયદમાં તેમનાથી હદીસે ગદીરની રિવાયત કરી છે. ઇબ્ન અસીરે અસદુલ અસાબામાં અબુ નઇમના હવાલાથી અને ઇબ્ન હજરે ઇબ્ન અખદહના હવાલાથી રિવાયત કરી છે. ખ્વારઝમીએ મકતલમાં તેમની ગણના ગદીરના રાવીઓમાં કરી છે.

૧૦૫. નોઅમાન બીન અજલાન અન્સારીઃ હદીસે મનાશદહના ગવાહ

હતા. કાઝીએ તારીખે આલે મોહમ્મદ સ.માં તેમની ગણના ગદીરના રાવીઓમાં કરી છે.

૧૦૬. અબુ સમહ વહશી બીન હરબ હબશી હમસીઃ ઇબ્ને અકદહ અને ખતીબે ખ્વારઝમીમાં તેમનાથી રિવાયત કરી છે.

૧૦૭. વહબ બીન હમઝહઃ મકતલ ખ્વારઝમી મુજબ હદીસે ગદીરના એક રાવી હતા. અસાબા મુજબ સફરમાં અલી અ.ના ધ્યાન ન રાખવા બદલ તેમણે જ રસુલ સ.ને ફરિયાદ કરી હતી. તો રસુલ સ.એ ફરમાવ્યું, 'અલીના બારામાં આવી વાત ન કરજો. મારા પછી તે તમારા વલી છે.' (હાશીયા)

૧૦૮. અબુ હોજયફા વહબ બીન અબ્દુલ્લા સવાઇઃ તેમને વહબ અલ ખયર પણ કહે છે. વફાત હિ. ૭૪. અબુ અકદરે તેમનાથી હદીસે ગદીરની રિવાયત કરી છે.

૧૦૯. હાશીમ મીરકાલ બીન અતબહ બીન અબી વકાસ ઝહરી મદનીઃ જંગે સિફ્ફિનમાં શહિદ થયા. હદીસે રુકબાનના ગવાહ હતા. ઇબ્ન અકદહે તેમની રિવાયતના હવાલાથી, ઇબ્ન અસીરે અસદુલ ગાબા અને ઇબ્ન હજરે અસાબામાં તેમનાથી રિવાયત કરી છે. ઇબાન હજરે રિવાયતનો શરૂઆતનો ભાગ ઉડાવી દીધો. આ ખયાનત (ચોરી) ના દ્રશ્યો ઇબ્ન હજરની પાસે ઘણાં છે.

૧૧૦. અબુ મરાઝીમ યઅલી બીન મરહ બીન વહન સકફીઃ ઇબ્ન અકદહે હાફીઝ અબુ મુસા અને અબુ નઇમના સિલસિલામાં સિલસિલાથી તેમનાથી રિવાયત કરી છે. અને તેમનાથી ઇબ્ન કસીરે અસદુલ ગાબા અને હજરે અસાબામાં નકલ કરી છે. હદીસે મનાશદામાં પણ નિર્દેશ છે.

આ એકસો દસ રસુલ સ.ના અસહાબના નામ હતા. જેમણે હદીસે

ગદીરની રિવાયત કરી છે. બનવા જોગ છે કે આનાથી પણ વધુ હોય અને મારી નજર તેઓના સુધી ન પહોંચી શકી હોય. કારણ કે એક લાખ લોકોની સામે જેનું એલાન કરવામાં આવ્યું તેના રિવાયત કરનારાઓ આથી પણ વધુ હોવા જોઇએ. માનવ પ્રકૃતિની વાત છે તે લોકોએ ઘરે પાછા ફર્યા પછી મુસાફરીના પ્રસંગોની જેમ આ ઘટનાને પણ જરૂર કહી હશે. સિવાય કે એ થોડી વ્યક્તિઓ જેઓ અમીરૂલ મોઅમેનીન પ્રત્યે દ્વેષભાવ ધરાવતા હતા. પરંતુ અમુક લોકોએ તો ગમે તેમ તેની વાત કરી હશે. અને ગદીરના એલાનનો મોભો રાખ્યો હશે .આ રીતે ક્રમાનુસાર એક પછી એક આ વાત જાહેર થઇ. અમુક લોકો જે રસ્તામાં જ મૃત્યુ પામ્યા અથવા જેમણે અયોગ્ય વાતાવરણમાં વિચારપૂર્વક ચૂપકિદી રાખી હશે. જેવા કે ઝયદ બીન અકરમ વિગેરે - અમુક લોકો જે અરબ પ્રદેશની બહારના હતા તેમનાથી હદીસ ન થઇ શકી.

આમ છતાં પણ ગદીરના રાવીઓની જે સંખ્યા અમે રજૂ કરી તે તેની સર્વસંમતિ સાબિત કરવા માટે પૂરતી છે.

હદીસે ગદીરના રાવીઓ

તાબેઇન : (તે મુસલમાનો જે રસુલ સ.ના અસહાબના સમયકાળ દરમિયાન હતા)

૧.અબુ રાશીદ હિરબાની શામી - જેના સદ્‌ગુણ અને ડહાપણને અજલી અને ઇબ્ન હજરે પ્રમાણિત કરી છે.

૨.અબુ સલમા (અબ્દુલ્લા -ઇસ્માઇલ) તેમના ફીકાહ અને તેજસ્વિતાનો સ્વિકાર ઇબ્ન સઅદ અને ઇબ્ન હજરે કર્યો છે.

૩.અબુ સુલયમાન મોઅઝઝન - તકરીબમાં છે કે મહાન ગુણો ધરાવતા

તાબેઇ હતા.

૪.અબુ સાલેહ સમ્માન - ઝહીદ અને અહમદે વિશ્વાસપાત્ર કહ્યા છે.

૫.અબુ અનફવાના માઝની

૬.અબુ અબ્દુલ રહીમ કન્દી.

૭.અબુલ કાસીમ અસબેગ બીન નબાતા - અજલી અને ઇબ્ન મઇને તેને પણ વિશ્વાસપાત્ર કહ્યા છે.

૮.અબુ લયલી કન્દી - તકરીબ અને મનાકીબે એહમદમાં વિશ્વસનીય કહ્યા છે.

૯.અયાસ બીન નઝીર - ઇબ્ન હબાન વિશ્વાસપાત્ર કહે છે.

૧૦.ઝમીલ બીન અમારહ

૧૧.હારેસા બીન નસ્ર

૧૨.હબીબ બીન સાબિત અસદી કુની

૧૩.હરસ બીન મલેક

૧૪.હુસયન બીન માલિક બીન હવીરસ

૧૫.હકીમ બીન અયતબા કન્દી - ઝહબીએ લખ્યું છે કે વિશ્વાસપાત્ર, ફકીર અને શરીયતના પાબંદ હતા.

૧૬.હમીદ બીન અમારહ ખુઝરજી અન્સારી

૧૭.હમીદ અલ તવીલ - અબુ અબીદહ બીન અબી હમીદ અલ બસરી - ઝહીને તેને વિશ્વાસપાત્ર કહ્યા છે.

૧૮.ખયસમા બીન અબ્દુલ રહેમાન જઅફી કુની - અબુ હજર, ઇબ્ન મઇન અને નેસાઇએ વિશ્વાસપાત્ર કહ્યા છે.

૧૯.રબીઆ ઝરસી - તકરીબ અને દારકતનીમાં મોઅતબર માન્યા છે.

૨૦.અબુલ મસ્ના રબાહ બીન હારીસ નજઇ કૂફી - ઇબ્ન હજર, અજલી અને ઇબ્ન હબાને વિશ્વાસપાત્ર કહ્યા છે.

૨૧.અબુ અમરૂ ઝાઝાન બીન ઉમર કન્દી - મીઝાન અને તહઝીબમાં તેમને મોઅતબર કહ્યા છે.

૨૨.અબુ મરયમ ઝરબન હબશી - ઝહબી અને અબુ નઈમે મહાન ઈજજતદાર ઈમામ  કહ્યા છે.

૨૩.ઝયાદ બીન અલી ઝયાદ - હશીમી અને ઈબ્ન હજરે તેને વિશ્વાસપાત્ર કહ્યા છે.

૨૪.ઝયદ બીન યસ્સીઅ : તકરીબમાં મહાન ઈજજતવાળા અને વિશ્વાસપાત્ર તાબેઈ કહેવામાં આવ્યા છે.

૨૫.સાલિમ બીન અબ્દુલ્લા બીન ઉમર બીન ખતાબ કરશી અદવી - તઝકેરાહ અને તહઝીબમાં ફકીહ આલીમ - અમલની સાથે અને સાત ફકીહોમાં એક માત્ર હુજજત કહેવામાં આવ્યા છે.

૨૬.સઈદ બીન ખબીર અરાદી કૂફી - તઝકેરાહ વ ખુલાસામાં વિશ્વાસુ ઈમામ અને હુજજત કહેવાયા છે.

૨૭.સઈદ બીન અબી ખુદ્દાન - અબી હબાને તેમને વિશ્વાસુ માન્યા છે.

૨૮.સઈદ બીન મોસય્યબ કરશી મખઝુમી - અબુ હુરેયરાહના જમાઈ - અહમદ બીન હન્મબલ મુરસલાત સઈદને સાચા કહે છે.

૨૯.સઈદ બીન વહબ હમદાની કુફી - ઈબ્ન મઈને વિશ્વાસુ કહ્યા છે. ઈમામોની હદીસમાં મોટાભાગે તેનાથી રિવાયત થાય છે.

૩૦.અબુ યહ્યા સલમા બીન કહીલ હઝરમી કુફી - અહમદ અને અજલમીએ વિશ્વાસુ માન્યા છે.

૩૧.અબુ સાદિક સલીમ બીન કયસ હીલાલ - બન્ને પક્ષોએ વિશ્વાસુ તાબેઈ છે.

૩૨.અબુ મોહમ્મદ સુલયમાન બીન મહશન અઅસશ - ઝહબીએ તેની

સચ્ચાઇના ગુણગાન ગાયા છે.

૩૩.સહમ બીન હસન અસદી

૩૪.શહર બીન હુશબ

૩૫.ઝહાક બીન મઝાહમ હેલાલી - અબુલ કાસીમ, અહમદ ઇબ્ને મઇન અને અબુઝરાએ વિશ્વાસુ કહ્યા છે.

૩૬.તાઉસ બીન કયસાન યમાની જન્દી - અબુ નઇમ તેને અવલીયામાં ગણે છે.

૩૭.તલહા બીન મસરફ અયામી કુફી - ઇબ્ન હજર તેમને કારી, વિશ્વાસુ અને સદ્‌ગુણી કહે છે.

૩૮.આમીર બીન સઇદ બીન વકાસ મદની - તકરીબમાં વિશ્વાસુ કહ્યા છે.

૩૯.આયશા બિન્તે સઅદ - ઇબ્ન હજરે વિશ્વાસુ માન્યા છે.

૪૦.અબ્દુલ હમીદ બીન મનઝર બીન જારૂદ અબ્દી - ઇમામ નિસાઇ અને ઇબ્ન હજરે વિશ્વાસુ કહ્યા છે.

૪૧.અબુ અમારહ અબ્દ ખયર બીન યઝીદ હમદાની કુફી મખઝરમી - ઇબ્ન મઇન અને અજલીએ બુઝુર્ગ તાબેઇ માન્યા છે.

૪૨.અબ્દુલ રહેમાન બીન અબી લયલા - કબાહે અઇમ્મા તાબેઇનમાં વિશ્વાસુ હતા. (મીઝાન વ તકરીબ)

૪૩.અબ્દુલ હમાન બીન સાબીત - ઇબ્ન હજર વિશ્વાસુ કહે છે.

૪૪.અબ્દુલ્લા બીન અસદ બીન ઝરારહ

૪૫.અબુ મરયમ અબ્દુલ્લા બીન ઝેયાદ અસદી કુફી - ઇબ્ન હબાન અને ઇબ્ન હજર મોઅતબર માને છે.

૪૬.અબ્દુલ્લા બીન મશરિક આમરી કૂફી - સદુક અને માઇલે અનન્ય કહ્યા છે.

૪૭.અબુ મોહમ્મદ અબ્દુલ્લા બીન મોહમ્મદ બીન અકીલ હાશમી મદની - અહમદ, ઇસ્હાક અને મહીદી તેમની હદીસથી દલીલો કરે છે.

૪૮.અબ્દુલ્લા બીન યઇલી બીન મફહ.

૪૯.અદી બીન સાબત અનસારી કુફી - ઝહબી તેમને સાચા અને આલીમ શીયા અને અજલી અને નેસાઇ વિશ્વાસુ કહે છે.

૫૦.અબુલ હસન અતીયા બીન સઇદ બીન જનાદન અવની કુફી - ઇબ્ન જાુઝી, હશીમી અને ઇબ્ન મઇન વિશ્વાસુ માને છે.

૫૧.અલી બીન ઝયદ બીન જદઆન બસરી - ઇબ્ન અબી શયબા - તરમીઝી અને ઝહબી સાચા અને વિશ્વાસપાત્ર કહે છે.

૫૨.અબુ હારૂન અમારહ બીન જવીન અબદી

૫૩.ખલીફા ઉમર બીન અબ્દુલ અઝીઝ

૫૪.ઉમર બીન અબ્દુલ ગફાર

૫૫.અમ્ર બીન અલી અમીરૂલ મોઅમેનીન - તકરીબમાં તેમને વિશ્વાસુ કહ્યા છે.

૫૬.અમરૂ બીન જઅદહ બીન હબીરહ

૫૭.અમરૂ બીન મર્રહ અબુ અબ્દુલ્લા કુફી હમદાની અઝલી અને ઝેહબીએ તેમને વિશ્વાસુ અને સાચા હોવાનું સ્વિકાર્યુ છે.

૫૮.અબુ ઇસ્હાક અમરૂ બીન અબ્દુલ્લા સબીઇ હમદાની - કુફાના તાબેઇન ઇમામોમાંથી હતા. તઝકેરહ તહઝીબમાં ઘણાં વખાણ છે.

૫૯.અબુ અબ્દુલ્લા અમરૂ બીન મયમુન ઉરી - તઝકેરહ અને તહઝીબમાં વિશ્વાસુ અને આબીદ કહ્યા છે.

૬૦.અમીરહ બીન સઅદ હમદાની કુફી - ઇબ્ન હબાને તેમને મોઅતબર કહ્યા છે.

૬૧.અમીરહ બીન્તે સઇદ બીન માલેક

૬૨.ઇસ્ની બીન તલ્હા બીન અબ્દુલ્લા તમીમી અબુ મોહમ્મદ - મદની ઇબ્ને મઇને તેમને વિશ્વાસુ કહ્યા છે.

૬૩.અબુ બક્ર ફતર બીન ખલીફા મુખરઝમી - તેમને વિશ્વાસુ અને સાચા હોવાનો સ્વિકાર એહમદ બીન મઇન અને ખજલીએ કર્યો છે.

૬૪.કબીસા બીન ઝબઅબ - ઝહબી અને ઇબ્ને હબાને તેમના વિશ્વાસુ હોવાના ગુણ ગાયા છે.

૬૫.અબુ મરયમ કયસ સકફી મદાયની - ઇમામ નેસાઇએ તેમને વિશ્વાસુ કહ્યા છે.

૬૬.મોહમ્મદ બીન ઉમર બીન અલી અ. અમીરૂલ મોઅમેનીન ઇબ્ને હબાન અને ઇબ્ને હજરે તેમને વિશ્વાસુ અને સાચા કહ્યા છે.

૬૭.અબુલ સનહી મુસ્લિમ બીન સબીઅ હમદાની કુફી અતાર - ઇબ્ને મઇને અને અબુઝર તેમને વિશ્વસનીય માને છે.

૬૮.મુસ્લિમ મલઇ

૬૯.અબુ ઝરારહ બીન સઇદ બીન અબી વકાસ ઝહરી મદની - તકરીબમાં વિશ્વાસુ કહ્યા છે.

૭૦.મતલીબ બીન અબ્દુલ્લા - કરશી, મખઝુમી અને વારકતનીએ વિશ્વાસુ કહ્યા છે.

૭૧.મતરૂરાક

૭૨.મઅરૂફ બીન ખુરબુઝ - ઇબ્ને હબાને વિશ્વાસુ કહ્યા છે.

૭૩.મહાજર બીન મીસમાર ઝહરી મદની - ઇબ્ને હબાન વિશ્વાસુ કહે છે.

૭૪.મન્સુર બીન રબઇ

૭૫.મુસા બીન અકતલ બીન અમીર નમીરી

૭૬.અબુ અબ્દુલ્લા મયમુન બસરી - ઇબ્ને હબાન, ઇબ્ને અને

મયમુન વિગેરેએ વિશ્વાસુ અને ચારિત્ર્યવાન કહ્યા છે.

૭૭.નઝીર સનબ્બી કુફી - બુઝુર્ગ તાબેઇ હતા.

૭૮.હાની બીન હાની હમ્દાની કુફી - ઇમામ નેસાઇ તેમનાથી રિવાયત લેવામાં કોઇ વાંધો નહોતા ગણતા.

૭૯.અબુ બલજ યહ્યા બીન સલીમ ફઝારી અને ઇસ્તી - ઇબ્ન મઇન અને નેસાઇએ સમર્થન આપ્યું છે. દાર કતની અને હાફીઝ હશીમીએ પણ વિશ્વાસુ માન્યા છે.

૮૦.યહ્યા બીન જઅદર બીન હબીરહ મખઝુમી - તકરીબમાં તેમના વિશ્વાસુ હોવાનો સ્વિકાર છે.

૮૧.યઝીદ બીન અબી ઝીયાત કુફી - કુફાની જમાતના ઇમામ હતા.

૮૨.યઝીદ બીન હયાન તીમી કુફી - નેસાઇ, ઇબ્ન હજર આસમીએ તેમની વિશ્વસનીયતાનો સ્વિકાર કર્યો.

૮૩.અબુ દાઉદ યઝીદ બીન અબ્દુલ રહેમાન બીન ઉદબી કુફી - ઇબ્ન હબાને મોઅતબર માન્યા.

૮૪.અબુ નઝીર યસાર સકફી - ખુલાસા ખુઝરજી મુજબ ઇબ્ન મઇને તેના વિશ્વાસુ હોવાનો સ્વિકાર કર્યો.

- આપણી અંતિમ પૂકાર-પરવરદિગારની પ્રશંસા -

હદીસના રાવીઓ

સમયાંતરના આલીમો

હદીસે ગદીર ઉપર વિશેષ ધ્યાનનો સિલસિલો સહાબા અને તાબેઇન ઉપર જ પૂરો નથી થઇ જતો. પરંતુ પાછળના આલીમોએ દરેક સદીમાં તેની સાબિતીઓ અને રક્ષિત કરવાના સ્વરૂપે અમૂલ્ય સેવાઓ બજાવી. આ રીતે પાછળનાઓએ આગળનાઓ માટે સમાજના મિનારનું સર્જન કર્યું. આ હદીસના સાતત્યને સ્વિકાર કરનારા આલીમોના નામો

નીચે મુજબ છે.

બીજી સદી

૧.અબુ મોહમ્મદ બીન દીનયાર હમજી મકકી - ખુલાસા જુઝરી મુજબ મસઅર તેને કહેતા હતા સાચી છે, સાચી છે, સાચી છે.

૨.અબુ બક્ર મોહમ્મદ બીન મુસ્લિમ બીન અબ્દુલ્લા કરશી ઝેહરી - હેજાઝ અને શામના મહાન આલીમ હતા. સૌએ પ્રશંસા કરી છે.

૩.અબ્દુલ રહેમાન બીન કાસીમ બીન મોહમ્મદ બીન અબી બક્ર તીમ્મી - અહમદ ઇબ્ન સઅદ અને અબુ હાતીમે મોઅતબર માન્યા છે.

૪.બક્ર બીન સવાદહ બીન તમામા બસરી - ઇબ્ન મઇન, ઇબ્ન સઅદ અને નેસાઇ તેમને સૌથી વધુ બુઝુર્ગ ફકીહ કેહતા હતા.

૫.અબ્દુલ્લા બીન અબી બખીર યસાર સકફી –ખુલાસા અને તકરીબ મુજબ એહમદ તેમને વિશ્વાસુ માનતા હતા.

૬.હાફીઝ મોગીરહ બીન મકસીમ - અબુ હેશામ સનબી કુફી, અઝરમી અને અજલીએ વિશ્વાસુ કહ્યા.

૭.અબુ અબ્દુલ રહીમ ખાલીદ બીન ઝયદ જમહી મીસરી. ફકીર અને મુફતી હતા. અબુ ઝરઆ, અજલી, યઅકુબ અને નેસાઇએ વિશ્વાસુ માન્યા.

૮.હસન બીન હકમ ખફી કુફી - ઇબ્ન મઇને વિશ્વાસુ કહ્યા છે.

૯.ઇદરીસ બીન યઝીદ અબુ અબ્દલ્લા ઉદી કુફી ઇમામ નેસાઇ તેમને વિશ્વાસુ માને છે.

૧૦.યહ્યા બીન સઇદ બીન હયાન તીમી કુફી - અઝલી અને ઇબ્ન હબાન તેમને સાચા અને સદ્‌ગુણી માને છે.

૧૧.હાફીઝ અબ્દુલ મલેક બીન અબી સુલયમાન અઝરમી કુફી -

અહમદ અને નેસાઇ તેમના સાચા હોવાનું સ્વિકારે છે.

૧૨.અવફ બીન અબી જમીલા અબ્દી હજરી બસરી - ઈમામ નેસાઈની સાથે ઘણાં લોકોએ વિશ્વાસુ કહ્યા છે.

૧૩.અબ્દુલ્લા બીન ઉમર બીન હરૂસ બીન આસીમ બીન ઉમર બીન ખતાબ અદવી અમરી મદની, અબુ ઝરઆ અને અબુ હાતીમે સમર્થન આપ્યું છે.

૧૪.નઈમ બીન હકીમ મદાયની - અબુ અવાના કેતાના તેમનાથી રિવાયત કરે છે. ઇબ્ન મઇન અને અજલી વિશ્વાસુ માને છે.

૧૫.તલ્હા બીન યહ્યા બીન અબ્દુલ્લા તીમી કુફી - અજલી, ઇબન મઇન, અબુ ઝરઆ અને નેસાઇ સાચા અને સદગુણી માને છે.

૧૬. અબુ મોહમ્મદ કસીર બીન ઝયદ અસલમી - અબુ ઝરઆ સદુક કહેતા હતા કે બેશુમાર લોકોએ પ્રસંશા કરી છે.

૧૭. હાફીઝ મોહમ્મદ બીન ઇસ્હાક મદની સાહેબુલ સીરતુલ નબવી (સ.અ.વ.) - આગેવાન આલીમોએ તેમની ઈમામત અને ઇલ્મના વખાણ કર્યા છે.

૧૮. હાફીઝ મોઅમર બીન રાશીદ અબુ અરૂહ અઝદી બસરી - અજલી, નેસાઇ અને સમઆનીએ મોઅતબર માન્યા છે.

૧૯.હાફીઝ મસઅર બીન અકરમ ઇબ્ન ઝહીર હિલાલી રવાસી - કેતાન શોઅબા અહમદ અબુ ઝરઆએ વિશ્વાસુ અને અનન્ય હોવાનો સ્વિકાર કર્યો છે.

૨૦. અબુ ઇસા હકમ બીન અબાન હદની - અજલીએ તેમના વિશ્વાસપાત્ર અને શરીઅતના પાબંદ દર્શાવ્યા છે.

૨૧. અબ્દુલ્લા બીન સોઝલ બજલી - તેમની ચર્ચા સોમે ગદીરમાં આવી ગઇ છે. મોટા ખુદાપરસ્ત બુઝુર્ગ હતા.

૨૨. હાફીઝ શોઅબા બીન હજ્જાજ વઅબુ બસતાન વાસતી - ઇબ્ને મઇન, સુરી અને શોઅબાએ - ઇમામુલ મુત્તકીન વ અમીરૂલ મોઅમેનીન ફીલ હદીસ - કહ્યા છે.

૨૩. હાફીઝ અબુ અલાએ કામીલ બીન અલાએ તમીમી કુફી - ઇબ્ન અદી, ઇબ્ન નઇમ અને નેસાઇએ તેમનું સમર્થન કર્યુ છે.

૨૪. હાફીઝ સુફયાન બીન સઇદ સુરી અબુ અબ્દુલ્લા કુફી - ખતીબના મત મુજબ મુસલમાનોના ઇમામ, મહાન બુદ્ધિવાન અને તેમની ઇમામત ઉપર સૌની સંમતિ હતી. તેમનું પ્રખર વકતવ્ય, તીવ્ર યાદશક્તિ, મઅરેફત અને પરહેઝગારીના વર્ણનને સ્થાન નથી.

૨૫. હાફીઝ ઇસરાઇલ બીન યુનુસ બીન અબી ઇસ્હાક સબીઇ અબુ યુસુફ કુફી - ઇબ્ન મઇન તેમની વિશ્વાસનીયતાની પ્રસંશા કરે છે.

૨૬. જઅફર બીન ઝીયાદ કુફી - અબુ દાઉદ વિશ્વાસનીય કહેતા, અબુ ઝરઆ અને નેસાઇ સત્યવાદી કહેતા.

૨૭. મુસ્લિમ બીન સાલેમ હિન્દી અબુ ફરવહ કુફી ઇબ્ન મઇન અને અબુ હાતીમે સદગુણી હદીસવેત્તા હોવાનું સમર્થન આપ્યું છે.

૨૮. હાફીઝ કયસ બીન રબીઅ અબુ મોહમ્મદ અસદી કુફી - અફાન અને યઅકુબ તેમના વિશ્વાસનીય અને સાચા કહેતા હતા.

૨૯. હાફીઝ હમાદ બીન સલમા અબુ સલમા બસરી - ઇબ્ન મઇન ઇબ્ન મઅમુર અને કતાન અબ્દાલ, સરદાર અને મહાન આલીમ કહેતા હતા.

૩૦. હાફીઝ અબ્દુલ્લા બીન લહીઆ અબુ અબ્દુલરહેમાન મીસરી - મીસરના મહાન આલીમ, બુઝુર્ગ ઇમામ અને હદીસવેત્તા હતા. અહમદ બીન હનબલે અનન્ય કહ્યા છે.

૩૧. હાફીઝ અબુ અવાના વઝાહ બીન અબ્દુલ્લા લશ્કરી વાસ્તી

બઝાઝ - તેમના સાચા હોવા માટે સૌ સંમત છે.

૩૨. કાઝી શરીક બીન અબ્દુલ્લા - અબુ અબ્દુલ્લા નજફી કુફી - ઇમામ, ફકીહ અને હદીસવેત્તા હતા. બુખારી અને ઇબ્ને મઇને સમર્થન આપ્યું છે.

૩૩. હાફીઝ અબ્દુલ્લા બની અબ્દુલરહેમાન કુફી - ઇબ્ન મઇન, ઇબ્ન હજર અને ઝહબીએ વિશ્વાસુ માન્યા છે.

૩૪. નુહ બીન કયસ અબુ રૂહ સદાની મીસરી - વર્રાહ અને ઇબ્ન મઇન તેમને વિશ્વાસુ કહેતા હતા.

૩૫. મતલુબ બીન ઝીયાદ બીન અબી ઝહરી અબુ તાલીબ કુફી - અકસર હફાઝે ભરોસો કર્યો છે. ઇબ્ન મઇન અબુ દાઉદ અને ઇબ્ન હજર તેમને સત્યાવાદી, તેજસ્વી હદીસવેત્તા કહે છે.

૩૬. કાઝી હસ્સાન બીન ઇબ્રાહીમ ઇનઝી - અહમદ, અબુ ઝરઆ એહમદ અને ઇબ્ન અદીએ વિશ્વાસુ હોવાનો નિર્દેશ કર્યો છે.

૩૭. હાફીઝ જરીર બીન અબ્દુલ હમીદ અબુ અબ્દુલ્લાહ જહન્ની કુફી - તઝકેરહ ઝહીબી પ્રમાણે હદીસો માટે હદીસવેત્તાઓમાં હાજરી આપતા હતા. તે વિશ્વાસનીય હતા તેથી યાદ કરવામાં અને જાણકારી મેળવવાની વિશાળતામાં અહમ્ર નહોતા રાખતા.

૩૮. ફઝલ બીન મુસા અબુ અબ્દુલ્લા મરૂઝી સીનાની - ઇબ્ન મઇન અને અબુ હાતીમે વિશ્વાસુ અને સાબિત માગ્યા છે.

૩૯. હાફીઝ મોહમ્મદ બીન જઅફર મદની બસરી - અબુ અબ્દુલ્લા ગન્દર, ઇબ્ન મઇને તેમને પ્રખર હાફીઝ કહે છે.

૪૦. હાફીઝ ઇસ્માઇલ બીન અલીયા અબુ બશર બીન ઇબ્રાહીમ અસદી - ઇબ્ન દાઉદ અને ઇબ્ન મઇન તેમને વિશ્વાસુ અને પરહેઝગાર કહે છે. તેમનાથી કદી ભુલ ન થઇ. શોઅબા હદીસવેત્તાઓના સરદાર કહે

છે.

૪૧. હાફીઝ મોહમ્મદ ઈબ્રાહીમ અબુ અમરૂ બીન અબી અદી સલમી બસરી - નેસાઇ અને અબુ હાતીમ વિશ્વાસુ માને છે.

૪૨. હાફીઝ મોહમ્મદ બીન ખાઝીમ અબુ મોઆવીય્યા તમીમી - ઝરીર, અજલી, નેસાઇ, અને ઇબ્ન ખરાશે વિશ્વાસુ માન્યા છે.

૪૩. હાફીઝ મોહમ્મદ બીન ફઝીલ અબુ અબ્દુલ રહેમાન કુફી - ઇબ્ન મઇન, અબુ ઝરઆ અને નેસાઇએ તેમને વિશ્વાસુ, સાચા અને જાણકાર કહે છે.

૪૪. હાફીઝ વાકીઅ બીન જરાહ રવાસી અબુ સુફયાન કુફી - ઇબન મઇન, અજલી અને ઇબ્ન સઅદે સમર્થન આપ્યું છે. અહમદ હન્બલ કહે છે કે યાદશક્તિ, ઇલ્મ અને નિમર્ળતામાં તેમનો જોટો ન હતો.

૪૫. હાફીઝ સુફયાન બીન અયનયા અબુ મોહમ્મદ હિલાલી કુફી - ઝહબી અને ઇબ્ન ખલકાન તેમની યાદશક્તિ, જ્ઞાન અને મહાનતાના ગુણ ગાય છે.

૪૬. હાફીઝ અબ્દુલ્લા બની નમીર અબુ હિશામ હમદાની ખારફી - ઇબ્ન મઇને સમર્થન કર્યું છે. મહાન હદીસવેત્તા હતા.

૪૭. હાફીઝ હનસ બીન હરસ બીન લકીત નજઇ કુફી - અબુ નઇમ, હશીમી અને અબુ હાતીમે સમર્થન આપ્યું છે.

૪૮. અબુ મોહમ્મદ મુસા બીન યઅકુબ ઝમઇ મદાની - ઇબ્ન મઇન વિશ્વાસુ અને અબુ દાઉદ સદગુણી કહે છે.

૪૯. અલાઆ બીન સાલીમ અતાર કુફી - બુઝુર્ગ પેશ્વા અને વિશ્વાસુ હતા.

૫૦. અરઝક બીન અલી બીન મુસ્લિમ હનફી અબુ જહમ કુફી - અબુ હબાને વિશ્વાસુ કહ્યા છે.

૫૧. હાની બીન અય્યબ ખફી કુફી - ઇબ્ન કસીર તેમને સમર્થન આપે છે.

૫૨. ફઝીલ બીન મરર્મક અગરીર કાશી રવાસી કુફી - અબુ અબ્દુલ રહમાન, સુરી ઇબ્ન અયનયા અને ઇબ્ન મઇન વિગેરે વિશ્વાસુ માને છે.

૫૩. અબુ હમઝહ સઇદ બીન અબીદહ કુફી - નિસાઇ અને ઇબ્ને હજરે સમર્થન આપ્યું છે.

૫૪. મુસા બીન મુસ્લિમ હઝામી શયબાની મુસા સગીર - ઇબ્ને ઇબ્ન હબાને વિશ્વાસુ અને ભરોસાપાત્ર કહ્યા છે.

૫૫. યઅકુબ બીન જઅફર બીન ઇબ્ને કસીર અન્સારી મદીન - મુસા બીન જઅફર બીન અબી કસીર અન્સારી મદની - મુસા બીન યઅકુબ અને મોહમ્મદ બીન યહ્યા વિશ્વાસુ માને છે.

૫૬. ઉસ્માન બીન સઇદ બીન મર્રહ કરશી - અઇમ્મએ હદીસની રિવાયત કરી છે. ઇબ્ન હબાન વિશ્વાસુ માને છે.

## ત્રીજી સદી

૫૭. હાફીઝ હમઝાહ બીન રબીઆ કરશી મદની અહેમદ તેમના સૌથી વધુ વિશ્વાસુ ગણતા.

૫૮. હાફીઝ મોહમ્મદ બીન અબ્દુલ્લા ઝબીરી અબુલ અહમદ કુફી - અજલી મોઅતબર માનતા હતા. સૌએ વખાણ કર્યા છે.

૫૯. મોહસબ બીન મકદામ ખશઇ વઅબુ અબ્દુલ્લા કુફી - ઇબ્ન મઇન, દાર કુતબી અને અબુ દાઉદ વિશ્વાસુ માને છે.

૬૦. હાફીઝ યહ્યા બીન આદમ બીન સુલયમાન કરશી અબુ ઝકરીયા કુફી - ઇબ્ન નઇમ, નેસાઇઅને ઇબ્ન શયબા વિશ્વાસુ માને છે.

૬૧. હાફીઝ ઝયન અબુ હુસયન ખુરાસાની - ઇબ્ને મદની, ઇબ્ન મઇન અને દારકતની વિ. એ સમર્થન આપ્યું છે.

૬૨. અબુ અબ્દુલ્લ મોહમ્મદ બીન ઇદરીસ શાફેઇ - શાફીઓના ઇમામ હતા.

૬૩. હાફીઝ અબુ ઉમર મશબાના બીન સવાર ફઝારી મદાયની - ઇબ્ને મઇને સમર્થન કર્યુ છે.

૬૪. મોહમ્મદ બીન ખાલીદ નજફી બસરી - ઇબ્ને હબાન સકા, અબુ હાતીમ અને અબુ ઝરઆ સદગુણી હદીસકાર કહે છે.

૬૫. હાફીઝ ખલીફ બીન તમીમ કુફી બીન શયબા અબુ હાતીમ અને ઇબ્ન હમાને સમર્થન આપ્યું છે. ઇબ્ને હજર સાચા અને આબીદ કહે છે.

૬૬. હાફીઝ અસુદ બીન આમીર શાઝાન શામી - ઇબ્ને મદની, ઇબ્ને હજર વિ. તેમને મોઅતબર માને છે.

૬૭. અબુ અબ્દુલ્લા હુસયન બીન હસન અશ્કર ફરાઝી કુફી - ઇબ્ને હબાન, હાકીમ અને ઝહબી આધારભૂત માને છે.

૬૮. હાફીઝ હફસ બીન અબ્દુલ્લા બીન રાશીદ, અબુ ઉમર અને સલમા કાઝી નિશાપુરી ઇબ્ને હમાન અને નેસાઇ મોઅતબર માને છે.

૬૯. હાફીઝ અબ્દુલ વરઝાક બીન હમામ અબુ બક્ર સનઆની - ઝહબી મુજબ અસંખ્ય લોકોએ તેમનું સમર્થન કર્યું છે.

૭૦. હસન બીન અતીયા બીન નજીહ કરશી કુફી - અબુ અલી બઝાઝ, અબુ હાતીમ સાચા કહે છે. બુખારીએ તેમનાથી રિવાયત કરી છે.

૭૧. અબ્દુલ્લા બીન યઝીદ અદવી - નિસાઇ ઇબ્ન સઅદ અને ઇબ્ન કાનીએ સમર્થન આપ્યું છે. વધુમાં ખલીલી અને ઇબ્ન હબાને પણ.

૭૨. હાફીઝ હુસયન બીન મોહમ્મદ બીન બેરામ અબુ મોહમ્મદ તમીમી મરૂરદઝી - ઇબ્ન સઅદ, ઇબ્ને કાનેઅ અને અજલી વિ. એ સમર્થન આપ્યું છે.

૭૩. હાફીઝ અબુ મોહમ્મદ અબ્દુલ્લા બીન મુસા ઇસા કુફી - ઉચ્ચસ્થાન ધરાવે છે. અબુ હાતીમ, ઇબ્ન મઇન, અને અજલી વિ. એ સમર્થન કર્યું છે.

૭૪. અબુ હસન ગસલી બીન કાદીમ ખઝાઇ કુફી - ઇબ્ને હબાન, ઇબ્ને ખફુન, ઇબ્ને કાનેઅ અને વઅબુ હાતીમ વિ. એ વિશ્વાસુ માન્યા છે.

૭૫. મોહમ્મદ સુલયમાન બીન અબુ દાઉદ હર્રાની - અબુ અવાના અને ઇબ્ને હબાને વિશ્વાસુ માન્યા છે.

૭૬. અબુ અબ્દુલ્લ બીન દાઉદ બીન આમર હમદાની અરફ ખરીબી - ઇબ્ને સઅદ, ઇબ્ને મઇન, અબુ ઝરઆ અને નેસાઇ વિ. એ સમર્થન આપ્યું છે.

૭૭. હાફીઝ અબુ અબ્દુલ રહેમાન, અલી બીન હસન બીનદીનાર અબદી મરૂઝી - ઇમામ બુખારીએ તેમનાથી રિવાયત લીધી છે. અહમદ ઇબ્ન મઇન, ઇબ્ને અબી શયબા અને ઇબ્ન હબાન સર્વોતમ ગુણવાળા અને સૌથી વધુ વિશ્વાસપાત્ર કહે છે.

૭૮. હાફીઝ યહ્યા બીન હમાદ શયબાની બસર - અજલી, અબુ હાતીમ, ઇબ્ને સઅદ અને ઇબ્ન હબાને સમર્થન આપ્યું છે.

૭૯. હાફીઝ હુજ્જાજ બની મીનહાલ સલમી અબુ મોહમ્મદ અનમાતી બસર - અજલી ઇબ્ન કાનેઅ, અબુ હાતીમ, અન નેસાઇએ સમર્થન આપ્યું છે. ફલાસ કહે છે કે તેની જેવા મોહસીન - ગુણોથી ભરપુર દિનદાર મેં નથી જોયા.

૮૦. હાફીઝ ફઝલ બીન વકીન વઅબુ નઇમ કુફી - બીન શયબા, અહમમ, અબુ હાતીમ, ઇબ્ને મદની અને જલી વિ. એ વિશ્વાસપાત્ર અને સાચા કહે છે.

૮૧. હાફીઝ ગફાન બીન મુસ્લિમ અબુ ઉસ્માન સફાર અન્સારી બસર - જલી અન અબુ હાતીમે વિશ્વાસુ, સાચા અને સુન્નતના નિયમોનું પાલન કરનાર કહ્યા છે.

બની અદી, તેમને કિર્તીમાન, સાચા અને વિશ્વાસુ કહ્યા છે ઇબ્ને મઇન, ઇબ્ને અને ઇબ્ને કાલેએ પણ સમર્થન કર્યું છે.

૮૨. હાફીઝ અલી બીન અયાશ બની મુસ્લિમ ઇલ્હાની - નેસાઇ, દારકતની અને અજલીએ વિશ્વાસુ માન્યા છે.

૮૩. હાફીઝ માલિક બની ઇસ્માઇલ બીન દરહમ અબુ અનાન હિન્દી કુફી - વબીન મઇલ બીન શયબા અને નેસાઇએ વિશ્વાસુ માન્યા છે.

૮૪. હાફીઝ કાસીમ બીન મુસલીમ અબુ અબીદ હરવી : રૂહાની, મુત્તકીન અને સુંદર રિવાયત કરનારા હતા. કોઇએ ટીકા નથી કરી.

૮૫. મોહમ્મદ બીન કસીર અબુ અબ્દુલ્લા અબી બસરી : ઇબ્ને હબાન વિદ્વાન અને વિશ્વાસુ હોવાનો સંકેત કરે છે.

૮૬. મુસા બીન ઇસ્માઇલ મુનકરી બસરી : ઇબ્ને મઇમ અને ઇબ્ને હાતીમ વિશ્વાસુ અને સાચા કહે છે.

૮૭. કયસ બીન હફીસ બીન તઅકાઅ અબુ મોહમ્મદ બસરી ઇબ્ને મઇન દારકતની અને ઇબ્ને હબાને વિશ્વાસુ કહ્યા છે. રાવી ખુખારી છે.

૮૮. હાફીઝ સઇદ બની મનસુર બીન શોઅબા નેસાઇ અબુ ઉસ્માન ખુરાસાની : ખઝરજીના કોલ મુજબ ઘણા તેજ હાફીઝ હતા. અબુ હાતીમ અને ઇબ્ને હજરે, પરહેઝગાર, સાચા અને વિશ્વાસુ કહ્યા છે.

૮૯. હાફીઝ યહ્યા બીન અબ્દુલ હમીદ હમાની અબુ ઝકરીયા કુફી : મર્હ્હ બીન મઇન, અહમદ ઇબ્ને નમીર વિ. સાચા કહે છે.